વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
ઓગસ્ટ - ૨૦૧૯
અંક : ૪૯૫

મંગલ મંદિર • ઓગસ્ટ-૨૦૧૯ • ૧
(કુલ પાના : ૮૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## "રાષ્ટ્રીય પર્વ : ૧૫મી ઓગસ્ટ" વિશેષાંક




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથરીવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, વાહાણા મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org




RETAIL AND OFFICE SPACES | EASY ACCESS TO BRTS | BANK LOAN AVAILABLE

gala hub ANX

THE CENTRE OF LIFE

**Site address:** Gala HUB ANX, Next to Basant Bahar Gymkhana, Gala Gymkhana Road, Bopal, Ahmedabad 380058.

**CALL: 8141680000 | 9586134100**

Email: perfection@galainfra.com | www.galainfra.com

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA01015/131217 | gujrera.gujarat.gov.in

DEEP Industries Limited

Oil & Gas Exploration Production & Services




- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com


ALL KIND OF
LADIES PREMIUM
NIGHT WEAR
Alpine : Aline, Plit, Zip
PV : Aline, Plit, Zip
Cotton : Aline, Plit
Fancy, Kaftan,
Mother Nighty,
Two Pcs., Three Pcs.,
Five Pcs, Seven Pcs.
Sukanya
NIGHTWEAR
AUTHO. : ARIHANT ENTERPRISE
G-6/13-15, NAVRANG COMPLEX, SWASTIK CHAR RASTA,
NAVRANGPURA, AHMEDABAD-9. PH.: (079) 4895 1613, 2640 1612

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સમાજમાં કાર્યકર્તાઓની ચૂંટણી ..... ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ..... ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૯

**દીપશીખા**

- સમજણના સૂર ● પ્રાર્થના ..... ૯
- શક્તિદાયી વિચાર : પ્રેમ અને નિઃસ્વાર્થતા ..... **સ્વામિ વિવેકાનંદ** ..... ૧૦

**પર્વાધિરાજ**

- ભગવાન મહાવીર સ્વામી ..... **આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી** ..... ૧૧
- પર્વમાં મહાન છે પર્યુષણ પર્વ ..... **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ** ..... ૧૩
- સૌથી પાવનકારી યાત્રાધામ : સમેત શિખર ..... **નિલેશ શાહ** ..... ૧૫
  **રજૂઆત : હીરાલાલ વી. ઊનડોઠવાલા**
- તપ અને ધર્મ ..... **નીતિન એચ. સંઘવી** ..... ૧૮
- જૈન સમાજની માગણી ..... **દેવાંશુ દેસાઇ** ..... ૧૯
- "જૈનમ જયતિ શાસનમ્"
  વિવિધ સ્થળોના જૈન મંદિરોની તસવીરી ઝલક ..... ૨૦

**રાષ્ટ્રીય પર્વ : ૧૫મી ઓગસ્ટ**

***કચ્છના સ્વાતંત્ર્ય સેનાનીઓ***

- કચ્છના ગાંધી : ગુલાબશંકર ધોળકિયા ..... **હરેશ ધોળકિયા** ..... ૨૩
- કચ્છના અડીખમ પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની : ફૂલશંકર પટ્ટણી ..... **નરેશ અંતાણી** ..... ૨૫
- રાષ્ટ્રવાદી સેવક : યુસુફ મહેરઅલી ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૬
- કચ્છના સરદાર : કાંતિપ્રસાદ અંતાણી ..... **નિરુપમ છાયા** ..... ૨૯
- આદિપુરના સમર્પિત રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્ય સેનાની : દાદા દુખાયલ ..... **પ્રદીપ જોષી** ..... ૩૧
- ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ..... ૩૩
- સારે જહાં સે અચ્છા ● અય મેરે પ્યારે વતન ..... ૩૩
- દિલ દિયા હૈ, જાન ભી દેંગે.. ● ભારત હમકો જાન સે પ્યારા હૈ ● ઝંડા ઊંચા રહે હમારા ..... ૩૪
- કર ચલે હમ ફિદા ● આઓ બચ્ચો તુમ્હેં દિખાયે ● સાબરમતી કે સંત ..... ૩૫

**પ્રાસંગિક**

- ગાંધીજીની સાથે એક અઠવાડિયું – (૧) ..... **લુઇ ફિશર, અમેરિકન પત્રકાર** ..... ૩૬

**જાગૃતિ**

- પાણીનો ઉપયોગ સાચવીને કરો ..... ૪૧

**વિચાર વિમર્શ**

- વ્યક્તિને એના જન્મના ક્રમથી માપી શકાય? ..... **ડૉ. યાસીન દલાલ** ..... ૪૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી
મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આહાર

● વિધેન ડાયટ ........ **કમલ શાંતિલાલ શાહ**.... ૪૫

## કૃષિ વિષયક

● ગુજરાતની આબોહવા, વરસાદ અને જમીનના પ્રકાર ........ **પ્રા.ડૉ. લુબના શેખ**..... ૪૬

## શક્તિ

● ૪૦ લાખનો દાવો ........ **ડૉ. સુધીર ચી. મોદી**.... ૪૮

## YOUTH CLUB

● **Some Golden Rays** ........ ૫૦

## વૈવિધ્ય

● આંજો કાગર ........ ૫૧
● પરિચય : તત્ત્વચિંતક, સી.એ. શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલ ........ ૫૩
● ગેમ્સ ગેલેરી : કહેવતોની દુનિયામાં ડોકિયું ........ **ભાવના એ. ઝવેરી**.... ૫૪
● વિજ્ઞાન જગત ........ ૫૫
● અંગ્રેજી ભાષાનું વળગણ ........ **દોશી મહેન્દ્ર સાકરચંદ**..... ૫૬
● હોસ્પિટલ દર્દીને બંધક ન બનાવી શકે ........ ૫૬
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૭

## મનોરમ્ય

● હાણે વરસી પો : **વિપુલ બી. જોશી** ● પ્રેમ / પાળિયા : **દિલીપ આચાર્ય 'દિલકશ'**....... ૬૦
● ન્યારી ગિન : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ● આ શું? : **'આરસી' શાહ**........ ૬૦
● એ જિંદગી : **સુનિતા એ. શાહ** ● લાગણીશૂન્ય કે તટસ્થ? ........ ૬૧
● હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર** ● માઈક્રો ફિક્શન : અકથ્ય ઓછપ : **શંકર ન. ઠક્કર**.... ૬૧

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૬૨
● *Nano Nine* શબ્દ રમત-૧૫૪ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૧૨) **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૩
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**...... ૬૬
● સંસ્થા સમાચાર ........ ૬૯
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ : નિમંત્રણ ........ ૭૦
● ઊડતી નજરે ........ ૭૬

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# સમાજમાં કાર્યકર્તાઓની ચૂંટણી....

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બંધારણના નિયમોની જોગવાઈ અનુસાર જેમની સમય મર્યાદા પૂરી થતાં ટ્રસ્ટ મંડળની વિવિધ શ્રેણીઓ હેઠળના ટ્રસ્ટીશ્રીઓની તથા કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાની સાથે યોજાઈ ગઈ. કોઈ વર્ષે સર્વ સંમતિ સધાતા ચૂંટણી પ્રક્રિયા વિના સભ્યશ્રીઓની વરણી શક્ય બને છે, જ્યારે કોઈ વર્ષે નોંધાયેલા સમાજ પરિવારજનોના સભ્યો ચૂંટણીમાં ઊભેલા ઉમેદવારો માટે મતદાનના માધ્યમથી સભ્યોની પસંદગી કરે છે. લોકશાહી તંત્રમાં સમાજ, પંચાયત, સુધરાઈ, રાજ્ય કે કેન્દ્રસ્તરે ચૂંટણી પ્રક્રિયા થતી હોય છે.

અહીં આપણે સમાજ કે સંસ્થાને મધ્યબિંદુમાં રાખીને વાત કરીએ...

ગત જુલાઈ ૨૦૧૯માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણીમાં કેટલાક ઉમેદવારો ચૂંટણી લડવા ખાતર બહાર પડ્યા હતા, તેવું નિરીક્ષણ કેટલાક સભ્યોએ કર્યું હતું. સંસ્થામાં **ચૂંટણીના સમયે ઉમેદવારોની માત્ર ગુણવત્તા જોવી જોઈએ.** પરંતુ ચૂંટણી - મતદાનના સમયે જ્યારે નોંધાયેલા સભ્યો - મતદારોના મનનો વિપરીત અંદાજ આવ્યો ત્યારે તેવા ઉમેદવારો અને તેમની પેટા જ્ઞાતિના અગ્રણીઓ આ સમાજની કેટલીક મૂળભૂત, પાયાની ઉચ્ચ પ્રણાલિકાને નજર અંદાજ કરીને માત્ર પોતાના ઉમેદવારોને નજરમાં રાખીને આ સમાજની એકતા અથવા સંગઠનને હાનિ પહોંચે તે રીતે પ્રચાર અને ચર્ચાનો સહારો લીધો હોય તેવી તસવીર સામે આવી હતી. આ પ્રકારની બાબત કેટલા અંશે ઉચિત ગણી શકાય? આપણે આવી રમત રમવામાં એટલા ગળાડૂબ છીએ કે **સંસ્થામાં સંગઠનની ભાવનાને પ્રબળ બનાવવાના બદલે તેને હાનિકારક પ્રવૃત્તિઓને ઉત્તેજન અપાઈ જાય છે.** આપણે આપણી સંસ્થાને મજબૂત બનાવવી હશે અને વિકાસની મંજિલ તરફ લઈ જવી હશે તો વહેલી તકે અલગ અલગ જ્ઞાતિના વાડામાંથી બહાર નીકળવું પડશે. આ સ્થિતિમાં સમાજના પરિવારજનોને એક તાંતણે બાંધવાના કાર્યમાં મુશ્કેલીનું સર્જન થાય છે. સભ્યોએ કોઈપણ જાતના ભેદભાવ વગર સમાજના સંગઠનની ભાવના તેમજ સામાજિક તથા નૈતિક ક્ષેત્રોમાં ઉન્નતિ અને સર્વાંગી ઉત્કર્ષના હિતને નજરમાં રાખીને પોતાની પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ માટે વ્યક્તિએ સમાજમાં નિયમિત રીતે હાજરી આપવી જોઈએ. તે સાથે પોતાનું વર્કકલ્ચર દેખાડવું પણ તેટલું જ જરૂરી છે. ચૂંટણીના સમયે હાર-જીતની વાત ગૌણ છે. વાત માત્ર એટલી જ છે કે, આજે હાર થશે તો કાલે જીતમાં પણ બદલી શકે છે. જીવનમાં હાર-જીત નાના-મોટા સ્વરૂપે પ્રસંગોપાત થતી રહે છે. કોઈ વ્યક્તિ હંમેશાં જીતશે જ તેવો દાવો કરવો ઉચિત નથી. વ્યક્તિએ હાર-જીતમાં સંતુલન જાળવવું જોઈએ. બંને સ્થિતિને સ્વીકારી આગળ વધીને સમાજની કામગીરીમાં કાર્યરત રહેવું જોઈએ.


સમાજની પ્રગતિ, એકતા અને ઉત્કર્ષ માટે સમાજના દરેક સભ્યોએ સંકુચિત ભાવના ત્યજી અને પોતાનાથી શક્ય તેટલું સમાજના કાર્યોમાં સહભાગી થઈ સંસ્થાના વડીલોએ જે ભાવનાથી અને ઉદ્દેશથી આપણી સંસ્થાનું નિર્માણ કર્યું છે **તેને વધારે પ્રગતિના પંથે લઇ જઇને ભાઈચારા અને કૌટુંબિક ભાવનાની ખેવના કરવી જોઈએ. એટલું જ નહીં પરંતુ સમાજ પ્રત્યે પોતાની ફરજ અને ઋણ છે એ ધ્યાનમાં રાખીને સક્રિય થવું જોઈએ.** આ સ્થિતિમાં હારને કોઈપણ પ્રકારના દાવપેચ વિના જીતમાં પરિવર્તિત કરી શકાય છે.

રોબિન શર્માએ કહ્યું હતું : "Life is short, Be of Use" — જિંદગી ટૂંકી છે તેથી (સમાજના માધ્યમથી) બીજાને ઉપયોગી થાવ.

સંસદ અને વિધાનસભામાં રાજકીય પક્ષો ચૂંટણી લડે એ સમજી શકાય તેવી વાત છે. પરંતુ નાના-મોટાં શહેરો અને ગામડાંઓની સુધરાઈઓની ચૂંટણી સામાન્ય રીતે પક્ષના વિવાદ વિના, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર જ લડાવી જોઈએ અથવા તો સર્વસંમતિથી સભ્યોની વરણી થવી જોઈએ, તેવો માહોલ ઉમેદવારોએ જ ઊભો કરવો જોઈએ. આપણે **લોકશાહીના જમાનામાં જીવીએ છીએ ત્યારે સામાજિક સંસ્થા કે સમાજનું મહત્ત્વ સમજ્યા વિના કેમ રહેવાય?** જ્ઞાતિ - પરિવારો સારા હોય તો સમાજ સારો બને અને વિવિધ સમાજો સારા, વ્યવસ્થિત હોય તો જ રાજ્યનું સ્તર સારું રહે અને બધા રાજ્યો સારા હોય તો કેન્દ્ર સરકાર સારી અને મજબૂત બની શકે તે નિર્વિવાદ બાબત છે.

સમાજ અને મહાજન પ્રથાનો વિચાર આપણે ત્યાં નવો નથી. એક સમય હતો જ્યારે મહાજન સામાજિક ક્ષેત્રે સર્વોપરી સત્તા ભોગવતો હતો. જ્ઞાતિના વિવિધ પ્રકારના પ્રશ્નો આસાનપૂર્વક હલ કરવામાં મહાજન પ્રથા મહત્ત્વનો ભાગ ભજવતો હતો. આમ, સમગ્ર સમાજમાં તેની આણ વર્તાતી હતી.

ટૂંકમાં, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સર્વાંગી પ્રગતિ થાય અને કોઈપણ પ્રકારના વાદ-વિવાદથી દૂર રહે તેમ આપણે સૌ ઈચ્છીએ. **સમાજમાં એકમતથી સૌ ચાલે તો સમાજ ઝડપથી વિકાસના પંથે આગળ વધે છે. આ પ્રકારનો માહોલ ઊભો થાય તો સમાજમાં નેતૃત્વ, સહકાર અને કર્તવ્ય પરાયણતા જેવા ઉમદા ગુણો ખીલી શકે છે.** સામાજિક ગુણો દ્વારા જ આપણે આપણી સંસ્થાને મજબૂત અને વ્યવસ્થિત રાખી શકીએ. એટલું જ નહીં પરંતુ તેના થકી લોકશાહીનો પાયો સુદ્રઢ કરી શકીશું. આગામી સ્વાતંત્ર્ય દિનના ઉપલક્ષ્યમાં આપણે આવી ઉચ્ચ ભાવના ભાવીએ.



**આગામી ૧૫મી ઓગસ્ટ, રાષ્ટ્રીય દિન નિમિત્તે**
**"વંદે માતરમ્ – જય હિંદ."**

**પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે**
**સર્વે જીવોને "મિચ્છામિ દુક્કડમ્."**



## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**માસ : ઓગસ્ટ**

૦૧ લોકમાન્ય ટિળકની પુણ્યતિથિ
૦૭ રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ
૦૮ શહીદ દિન (મહાગુજરાત આંદોલન)
૦૯ 'હિંદ છોડો' આંદોલન દિન
૧૫ સ્વાતંત્ર્ય દિન
૨૯ રાષ્ટ્રીય રમત દિન (મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ)

**માસ : સપ્ટેમ્બર**

૦૫ શિક્ષક દિન (ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિન)
૧૧ દેશ ભક્તિ દિન
૧૪ હિંદી દિવસ, અંધજન દિન

## વિશ્વ : અગત્યના દિન

**માસ : ઓગસ્ટ**

૦૧ માસનો પ્રથમ રવિવાર
વિશ્વ મૈત્રી દિન (ફ્રેન્ડશિપ ડે)
૦૯ વિશ્વ આદિવાસી દિન
૧૫ ભારતનો સ્વાતંત્ર દિન

**માસ : સપ્ટેમ્બર**

૦૮ વિશ્વ સાક્ષરતા દિન
૧૬ વિશ્વ ઓઝોન દિન
૨૫ વિશ્વ નૌકા દિન
૨૬ વિશ્વ બધિર દિન
૨૭ વિશ્વ પ્રવાસન દિન

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● ગુરુવાર, તા. ૧૫-૮-૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સમાજ પરિવારજનોની ઉપસ્થિતિમાં તત્ત્વચિંતક, સી.એ. શ્રી નૌતમભાઈ વકીલના હસ્તે ધ્વજવંદન. |
| ● ગુરુવાર, તા. ૧૫-૮-૨૦૧૯ સવારે ૧૦.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | બાળ કલ્યાણ સમિતિ | સમિતિ દ્વારા જાહેર થયેલ 'નિબંધ સ્પર્ધા'ના વિજેતાએનો ઈનામનું વિતરણ. નિબંધ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને જણાવેલ સમયે ઉપસ્થિત રહેવા સમિતિ દ્વારા ખાસ આમંત્રણ છે. |
| ● મંગળવાર, તા. ૨૦-૮-૨૦૧૯ બપોરે ૨.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | પર્યુષણ પર્વની આરાધના કરતા પહેલાં જૈન ધર્મ અને વિજ્ઞાન સંબંધી વિષયના નિષ્ણાત દ્વારા સરળ સમજ |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્નેહમિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | સરસ્વતી સન્માન સમિતિ | બાળ વર્ગ (કે.જી.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ. |
| ● ગુરુવાર, તા. ૧૯-૦૯-૨૦૧૯ બે દિવસ | પ્રસ્થાન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી | વયસ્ક સમિતિ | બે દિવસ માટે યાત્રા કાર્યક્રમ. જેમાં નવા તીર્થ રાજગૃહી, શાશ્વત તીર્થ શત્રુંજય - હસ્તગીરી, મહુવા, તળાજા વગેરે. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## સમજણના સૂર

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક કામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ. જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ જે રીતે માઈકલ એન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, "અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે."

*– માર્ટિન લ્યૂથર કિંગ, જુનિયર*

*કામકાજનો સમય પ્રાર્થનાના*
*સમય કરતાં અલગ છે જ નહિ.*
*રસોડામાં વાસણોના ખખડાટ વચ્ચે,*
*કારખાનામાં મશીનોના ઘોંઘાટ વચ્ચે,*
*એન્જિનોની તીણી ચીસો વચ્ચે,*
*દર્દીઓના ઉંહકારા વચ્ચે,*
*અસીલોની ફરિયાદો અને*
*વકીલોની દલીલો વચ્ચે,*
*ઓજારોની અથડામણ વચ્ચે,*
*પૈડાંઓની કિચુડાટ વચ્ચે,*
*બાળકોના રૂદન વચ્ચે અને*
*પ્રેક્ષકોના ઉન્માદભર્યા ચિત્કારો વચ્ચે પણ*
*જે અંતર્યામી સાથે સંવાદ સાધી શકે છે,*
*તેનું સમગ્ર જીવન એક પ્રાર્થના જ છે.*



*– ભાર્ગવી દોશી*

## શક્તિદાયી વિચાર : પ્રેમ અને નિઃસ્વાર્થતા

★ નિઃસ્વાર્થતા વધુ લાભદાયક છે, પરંતુ તેનું આચરણ કરવા જેટલું ધૈર્ય લોકોમાં હોતું નથી.

★ ઉચ્ચ સ્થાન પર ઊભા રહીને અને હાથમાં થોડાક પૈસા રાખીને ગરીબ માણસને એમ નહીં કહો, "આવ, આ લે ભાઈ." પરંતુ ઉપકાર માનો કે ગરીબ માણસ સામે ખડો છે એટલે તમે તેને દાન આપીને તમારી જાતને જ સહાય કરી શકો છો. લેનાર નહીં પણ દેનાર જ ધન્ય છે. ઉપકાર માનો કે આ જગતમાં તમારી ઉદારતા તથા દયાની શક્તિને પ્રગટ કરવાનો અને એ રીતે શુદ્ધ અને પૂર્ણ બનવાનો તમને અવસર પ્રાપ્ત થયો છે.

★ બીજાનું ભલું કરવાના સતત પ્રયત્નો કરીને આપણે પોતાની જાતને ભૂલી જવા મથીએ છીએ. આ રીતે પોતાની જાતને ભૂલી જવી એ જીવનમાં આપણે શીખવાનો એક મહાન બોધપાઠ છે. માણસ એવું માનવાની મૂર્ખાઈ કરે છે કે પોતે પોતાને સુખી કરી શકશે. પણ વર્ષોના સંઘર્ષ પછી આખરે તેને સમજાય છે કે **સાચું સુખ તો સ્વાર્થ ત્યાગમાં રહેલું છે** અને પોતાના સિવાય અન્ય કોઈ માણસ તેને સુખી કરી શકે નહીં.

★ સ્વાર્થ એટલે અનીતિ અને સ્વાર્થત્યાગ એટલે નીતિ.

★ ખ્યાલ રાખો કે સમગ્ર જીવન એટલે આપતાં રહેવું તે. પ્રકૃતિ જ તમને આપતાં રહેવાની ફરજ પાડશે. એટલે રાજીખુશીથી આપો.... તમે સંગ્રહ કરવા માટે જીવન ધારણ કર્યું છે. મુઠ્ઠી ભરીને તમે બધું લઈ લેવા ઈચ્છો છો પરંતુ પ્રકૃતિનો પંજો તમારા ગળા ઉપર પડે છે અને તમારા હાથની મુઠ્ઠી ઉઘડાવે છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો, તમારે આપવું જ પડશે. જે ક્ષણે તમે કહો છો "હું નહીં આપું" તે જ ક્ષણે ફટકો પડે છે; તમે ઝખ્મી બનો છો. **આ જગતમાં એવું કોઈપણ નથી કે જેને આખરે તો બધું છોડી દેવાની ફરજ ન પડે.**

★ **તમામ પૂજા ઉપાસનાઓનો સાર આ છે — શુદ્ધ થવું અને બીજાનું ભલું કરવું.** જે મનુષ્ય દીન-દુર્બળ અને રોગી લોકોમાં શિવનું દર્શન કરે છે અને એ જ સાચા અર્થમાં શિવનો ઉપાસક છે. પરંતુ જો તે કેવળ મૂર્તિમાં જ શિવનું દર્શન કરતો હોય તો તેની ઉપાસના કેવળ પ્રાથમિક દશાની છે.

★ નિઃસ્વાર્થવૃત્તિ જ ધર્મની કસોટી છે. જે મનુષ્યમાં આવી નિઃસ્વાર્થવૃત્તિ વધારે પ્રમાણમાં હોય તે વધુ આધ્યાત્મિક અને શિવ ભગવાનની વધુ સમીપ છે... જો કોઈ મનુષ્ય સ્વાર્થી હોય, પછી ભલે તે બધાય મંદિરોમાં જતો હોય, ભલે બધા તીર્થધામોની યાત્રા તેણે કરી હોય અને ભલે એક દીપડાની માફક પોતાની જાતને અનેક ટીલાં ટપકાથી શણગારી હોય, તો પણ ભગવાન શિવથી તે ઘણો ઘણો દૂર છે.

★ **હું કેવળ પ્રેમ અને પ્રેમનો જ ઉપદેશ આપું છું** — અને પરબ્રહ્મની એકતા અને સર્વવ્યાપકતાનું વેદાંતનું મહાન સત્ય એ મારા ઉપદેશનો પાયો છે.

★ પહેલાં અન્ન પછી ધર્મ. જ્યારે ગરીબ લોકો ભૂખે મરતા હોય છે ત્યારે આપણે તેના ઉપર વધુ પડતો ધર્મ લાદીએ છીએ. મતવાદોથી કંઈ ભૂખની જ્વાળા શાંત પડે નહીં. તમે ભલે લાખો સિદ્ધાંતોની વાત કરો, તમે ભલે કરોડો સંપ્રદાયો ઊભા કરો, પણ જ્યાં સુધી તમારી પાસે સંવેદનશીલ હૃદય ન હોય, વેદના ઉપદેશ પ્રમાણે જ્યાં સુધી એમના માટે લાગણી ન ધરાવો, જ્યાં સુધી તમને એવું ભાન ન થાય કે તેઓ તમારા શરીરના અંગરૂપ છે, જ્યાં સુધી તમને એવું ભાન ન થાય કે તમે સૌ, રંક અને ધનિક, સંત અને પાપી એ તમામ, જેને તમે બ્રહ્મ કહો છો એવા એક અનંત વિરાટના ભાગરૂપ છો ત્યાં સુધી એ બધું વ્યર્થ છે.

★ **દુઃખી મનુષ્યો માટે લાગણી ધરાવો અને એમને સહાય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરો** - એવી સહાય અવશ્ય આવી મળશે. મારા હૃદય ઉપર આ ભાર રાખીને અને મારા મસ્તકમાં આ ખ્યાલનું સેવન કરીને મેં બાર બાર વર્ષ સુધી ભ્રમણ કર્યું. કહેવાતા ધનિકો અને મોટા માણસોના બારણે હું ગયો. સહાયની શોધમાં લોહી નીંગળતે હૃદયે અડધી દુનિયા ઓળંગીને હું આ અજાણી ભૂમિમાં આવ્યો. પ્રભુ મહાન છે. હું જાણું છું કે એ મને સહાય કરશે. હું આ ભૂમિમાં ઠંડી કે ભૂખથી ભલે મૃત્યુ પામું. પરંતુ હે નવયુવાનો, હું તમને વારસામાં ગરીબ, અજ્ઞાન અને પીડિત લોકો માટે આવી સહાનુભૂતિ, આવો સંઘર્ષ મૂકતો જાઉં છું.

*— સ્વામી વિવેકાનંદ*

*ફૂલ ખીલે વનમાં, ખૂલે મનમાં*
*પતંગિયાની પાંખે ઝૂલી*
*ફોરમ ફોરે કુંજ કુંજ મધુવનમાં,*
*ઝાકળ ઝીલી મટુકી ભરાયે*
*ગોપીના ચિત્તવનમાં.*

પર્વાધિરાજ

# ભગવાન મહાવીર સ્વામી

આચાર્ય
શ્રી વાત્સલ્યદીપસૂરિજી



જૈન ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાચીનતમ ધર્મ છે. સકળ કર્મોથી મુક્ત બનાવીને આત્માને મોક્ષ પમાડનાર આ ધર્મ જૈન ધર્મ તરીકે એટલા માટે ઓળખાય છે કે, તેનો સંબંધ જિન સાથે છે.

જૈન ધર્મ શ્રી અરિહંતદેવને તીર્થંકર કહે છે. તેમાં ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર થયા. ક્ષત્રિય કુંડના રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાના પુત્ર હતા. તેમનું નામ વર્ધમાન હતું. તેમનો જન્મ ચૈત્ર સુદી તેરસ (તા. ૨૭મી માર્ચ, ઇ.સ. પૂર્વે ૫૯૯, સોમવાર)ના રોજ થયો હતો. તેમણે કારતક વદી દશમ (તા. ૨૯મી ડિસેમ્બર, ઇ.સ. પૂર્વે ૫૬૯, સોમવારના) રોજ દીક્ષા લીધી. તેમને વૈશાખ સુદી દશમ (તા. ૨૩મી એપ્રિલ, ઇ.સ. પૂર્વે ૫૫૭, રવિવાર)ના રોજ કેવળજ્ઞાન થયું હતું. તેઓ આસો વદી અમાસ (તા. ૧૫મી ઓક્ટોબર, ઇ.સ. પૂર્વે ૫૨૭, મંગળવાર)ના રોજ પાવાપુરી (બિહાર)માં નિર્વાણ પામ્યા હતા.

૩૦ વર્ષની યુવાન વયે દીક્ષિત બનેલા વર્ધમાન સ્વામીએ ઉગ્ર તપશ્ચર્યા અને કઠિન ઉપસર્ગો સહન કર્યા બાદ **કેવળજ્ઞાન પામીને મોક્ષ માટે જ આચાર અને વિચારનું નિરૂપણ અને પ્રતિપાદન કર્યું તે ધર્મ બની ગયો.** જિને ધર્મ અપનાવ્યો તેથી તે જૈન ધર્મ તરીકે ઓળખાયો. આજે જૈન ધર્મનું જે સ્વરૂપ છે તેનું પ્રરૂપણ અને પ્રતિપાદન શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કર્યું છે.

ભગવાન મહાવીરનું જન્મ કલ્યાણક નજીક આવે છે ત્યારે તેમની અને તેમના પરિવાર વિશેની માહિતી આજે હૃદય સાથે જોડીએ.

| | |
|---|---|
| *પિતા* | : સિદ્ધાર્થ (પહેલા ઋષભદત્ત) |
| *માતા* | : ત્રિશલા (પહેલા દેવનંદા) |
| *લાંછન* | : સિંહ |
| *જન્મ નગરી* | : ક્ષત્રિય કુંડ |
| *જન્મ દેશ* | : વૈશાલી ગણતંત્ર |
| *યક્ષ* | : માતંગ |
| *યક્ષિણી* | : સિદ્ધાયિકા |
| *શારીરિક ઊંચાઈ* | : ૭ હાથ |
| *વર્ણ* | : સુવર્ણ |
| *ચ્યવન કલ્યાણક* | : અષાઢ સુદ-૬ |
| *ચ્યવન નક્ષત્ર* | : ઉત્તર ફાલ્ગુની |
| *કયા દેવલોકથી ચ્યવન* | : પ્રાણત |
| *ભવ સંખ્યા* | : ૨૭ |
| *તીર્થંકર નામકર્મની નિકાચનાનો ભવ* | : નંદન |
| *પૂર્વભવ નગરી* | : અહિછત્રા |
| *પૂર્વ દેવભવનું આયુષ્ય* | : ૨૦ સાગરોપમ |
| *ગર્ભકાળ* | : ૯ માસ ૭ાા દિવસ |
| *જન્મ કલ્યાણક* | : ચૈત્ર સુદ ૧૩ |
| *ચ્યવન, જન્મ, દીક્ષા કેવળજ્ઞાન નક્ષત્ર* | : ઉત્તર ફાલ્ગુની |
| *ચ્યવન, દીક્ષા, કેવળજ્ઞાન રાશિ* | : કન્યા |
| *ગણ* | : માનવ |
| *વંશ* | : ઈક્ષ્વાકુ |
| *ગોત્ર* | : કશ્યપ |
| *યોનિ* | : મહિષ |

*કુમાર અવસ્થા* : ૩૦ વર્ષ
*ગૃહસ્થકાળ* : ૩૦ વર્ષ
*માતાની ગતિ* : માહેન્દ્ર દેવલોક
*પત્નીનું નામ* : યશોદા
*પત્નીની ગતિ* : દેવગતિ
*પુત્રીનું નામ* : પ્રિયદર્શના
*દીક્ષા કલ્યાણક* : કારતક વદ-૧૦
*દીક્ષા નગરી* : ક્ષત્રિયકુંડ
*દીક્ષા ભૂમિ* : જ્ઞાત ખંડવવન
*દીક્ષા વખતે બેઠેલા તે શિબિકાનું નામ* : ચંદ્રપ્રભા
*દીક્ષાનો સમય* : બપોરે
*દીક્ષા તપ* : છઠ્ઠ
*દીક્ષા પછીના પ્રથમ તપના પારણાનું દ્રવ્ય* : પરમાન્ન ખીર
*પ્રથમ પારણાની નગરી* : કોલ્લાગ સન્નિવેશ
*પ્રથમ ભિક્ષાદાતા* : બહુલદ્વિજ
*છદ્મસ્થ કાળ* : બાર વર્ષ ૬ાા માસ
*કેવળજ્ઞાન કલ્યાણક* : વૈશાખ સુદ ૧૦
*કેવળજ્ઞાન નગરી* : જૃંભિકાનગરી બહાર
*કેવળજ્ઞાન ભૂમિ* : ઋજુવાલિકા નદી તટ
*કેવળજ્ઞાન સમયનું તપ* : છઠ્ઠ
*કેવળજ્ઞાન કાળ* : ૧૫ દિવસ ન્યૂન ૧૨ાા વર્ષ
*ઉત્કૃષ્ટ તપ* : ૫ માસ ૨૫ દિવસ
*જેની નીચે કેવળજ્ઞાન થયેલું* : શાલ વૃક્ષ
*શાલ વૃક્ષની ઊંચાઈ* : ૨૧ ધનુષ
*ગણધર સંખ્યા* : ૧૧
*પ્રથમ દેશનાનો વિષય* : યતિધર્મ, ગૃહસ્થ ધર્મ, ગણધરવાદ
*પ્રથમ શિષ્ય* : ઈન્દ્રભૂતિ ગૌતમ
*મુખ્ય ભક્ત રાજા* : શ્રેણિક
*કેવળજ્ઞાની* : ૭૦૦
*મનપર્યવજ્ઞાની* : ૫૦૦
*અવધિજ્ઞાની* : ૧૩૦૦
*ચૌદ પૂર્વધર* : ૩૦૦
*વૈક્રિય લબ્ધિધર* : ૭૦૦
*સાધુની સંખ્યા* : ૧૪૦૦૦
*સાધ્વીની સંખ્યા* : ૩૬૦૦૦
*વાદી મુનિ* : ૪૦૦
*શ્રાવકની સંખ્યા* : ૧,૫૯,૦૦૦
*શ્રાવિકાની સંખ્યા* : ૩,૧૮,૦૦૦
*નિર્વાણ કલ્યાણક* : આસો વદ અમાસ
*નિર્વાણ રાશિ* : તુલા
*નિર્વાણ નક્ષત્ર* : સ્વાતિ
*નિર્વાણાસન* : પર્યાકાસન (પદ્માસન)
*નિર્વાણ સમયનું તપ* : છઠ્ઠ
*કુલ દીક્ષા પર્યાય* : ૪૨ વર્ષ
*આયુષ્ય* : ૭૨ વર્ષ
*નિર્વાણ ભૂમિ* : પાવાપુરી
*નિર્વાણ વેળા* : રાત્રિના પાછલા ભાગે
*અંતરામાન* : ૨૫૦ વર્ષ
*પૂર્વભવ ગુરૂ* : પોટ્ટિલાચાર્ય
*પ્રથમ શ્રાવક નામ* : શંખ
*પ્રથમ શ્રાવિકા* : સુલસા
*જન્મ આરો* : ચોથા આરાના અંત ભાગ
*બીજું નામ* : વર્ધમાન સ્વામી
*તીર્થમાં આશ્ચર્ય ઉત્પત્તિ* : ગર્ભહરણ, ઉપસર્ગ, અભાવિતપર્ષદા, સૂર્ય-ચંદ્રનું મૂળ વિમાને આગમન, ચમરેન્દ્ર ઉત્પત્તિ

## પર્યુષણ પર્વ

આવી અનુપમ ઘડીઓ તપ-સાધના-આરાધનાની,
વીર પ્રભુના વચનોને જીવનમાં અનુસરવાની.

દયા ક્ષમા કરુણા તણો આપ્યો જેણે શુભ સંદેશ,
નહિ કોઈની સાથે રાખશું રાગ ઘણો કે દ્વેષ.

નિત શ્રુત કરશું વીરવાણી શ્રધ્ધા કેરો દીપ પ્રગટાવી,
કર્મતણી નિર્જરા જીવનમાં દેશે ભવના ફેરા ટાળી.

કષાયોનું યુધ્ધ ખેલાતું મનના સમરાંગણમાં,
વિરામ આપશું પુરુષાર્થ થકી જીવનના આંગણમાં.

પર્યુષણ પર્વનો શુભ સંદેશ ઉતારીશું જીવનમાં
આદર એનો રહે સલામત સૌ સાધર્મિકના દિલમાં.

*રોશની ગૌતમ શાહ - ભુજ*

પર્વાધિરાજ

# પર્વોમાં મહાન છે પર્યુષણ પર્વ



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

ભૂખી-સૂકી ધરતી આકાશનાં રડ્યા - ખડ્યા વાદળોને પોકારે છે : "હે મેઘ! જળ આપ! શીતળતા આપ! દાવાગ્નિમાં જલું છું. અંતર મારે હરિયાળી રહી નથી!"

બળ્યો-જળ્યો માનવી બાહ્ય પ્રવૃત્તિઓની ઘટમાળ છોડીને નિવૃત્તિને નિમંત્રણ આપે છે : હે પર્વાધિરાજ! અહીં આવો, શાંતિ આપો! ચેન આપો! વૈરાગ્નિમાં જીવનભર બળ્યો છું. અંતરે લેશ પણ હરિયાળી રહી નથી! આનંદરૂપ જીવન ખુદ બોજારૂપ બન્યું છે. વેર, દ્વેષ અને સ્વાર્થની મારી તલવાર જબ્બર છે, પણ એ અહિરાવણ મહિરાવણ જેવી છે. જેટલા શત્રુ સંહારે છે, એટલા જ સર્જે છે!

શત્રુતાનો સુંદર નિકાલ માંગીએ છીએ, હે પર્વાધિરાજ! તારી પાસે. દ્વેષની વાદળીઓ નિવારી દેવા માંગીએ છીએ, હે તીર્થંકર! તારી સમીપ, સ્વાર્થની વેલ પર હવે પરમાર્થનાં ફળ નિપજાવવા ઇચ્છીએ છીએ.

**આજે ચોતરફ ભય, હિંસા અને આતંકનું પ્રાધાન્ય સ્થપાઇ ગયું છે. સંસારની સમગ્ર શક્તિઓ અને સંપત્તિઓનો મોટો ભાગ ભય ઉપજાવવામાં અને હિંસા કેળવવા પાછળ ખર્ચાઇ રહ્યો છે. એક બોમ્બ લાખો ગરીબોનું એક ટંકનું જમણ જમી જાય છે. એ બંધ થાય તો જ આખી દુનિયા સુખી થાય.** એક ઝનુની માનવી અનેક નિર્દોષોની ક્રૂર હત્યા કરે છે.

આ ભય અને હિંસાની સામે પ્રેમ અને અહિંસા મૂકવાનાં છે, પણ નબળા હાથે એ રજૂ થઈ શકે તેમ નથી કારણકે એ વીરોની વસ્તુઓ છે. દરવાજા હાથીઓ તોડી શકે છે, ઊંટ તો આડા ધરાય છે.

આ સંસારનું ચિત્ર એક ભયંકર આગનું છે. ક્યાંક યુદ્ધની આગ છે, ક્યાંક ભૂખની આગ છે, ક્યાંક મોટાઇની ને સત્તાની આગ છે. **આજ કોઈ દેશ કે માનવી ગમે તેટલો આગળ વધ્યો હોય, તોય શીતળતાનો અનુભવ કરતો નથી.** દરેક સ્થળે ત્રાહિમામ ને ત્રાહિમામ્ સંભળાય છે. એ તમામ હાયકારાઓમાંથી છૂટકારાનો ઉપાય આત્માની ખોજમાં છે, પ્રેયના અને શ્રેયના, નશ્વર અને વિનશ્વરના વિવેકમાં છે.

સંસારનો સંગ્રામ તો સંતાપ આપે તેવો છે. સતત પ્રવૃત્તિ એ જ માનવીનું જીવન બન્યું છે. એને શાંતિ નથી, એને વિરામ નથી, ક્યાંય ચેન નથી. યંત્ર પણ પળ-વિપળ ધમધમતું બંધ થતું હશે, પણ માનવીના મનને કોઇ વિરામ નથી. એ ચાલતું દેખાતું નથી, છતાં સતત ચાલ્યે જ જાય છે. એ ઊભું નજરે પડે છે, છતાં દોડતું હોય છે. **મનને શુદ્ધ કરી વિષયોને જીતવાનો દરેક જૈનનો પ્રયત્ન હોય છે. નિર્મળતા વગર આત્માની સમીપ જઈ શકાતું નથી અને અંતરશુદ્ધિ વિના એનો સંપર્ક સધાતો નથી.**

આ પર્વને અને આત્માના આનંદને પિછાનો! જે આ પર્વાધિરાજને અંતરના ઉમળકાથી ઉપાસશે એને માટે સંસાર કુંભારનો ધગધગતો નિભાડો નહીં, પણ કોઈ શીતલ સમીર લહેરાવતું સરોવર બની રહેશે!

**પર્યુષણનો અર્થ એ છે કે પ્રદૂષણ દૂર કરે તે પર્યુષણ.** જેમ વાતાવરણમાં પ્રદૂષણ થાય છે, હવામાં કે પાણીમાં પ્રદૂષણ થાય છે તે રીતે માનવીના ચિત્તના પ્રદૂષણને દૂર કરવાનું કામ પર્યુષણ પર્વના દિવસોમાં કરવાનું હોય છે. આજે બાહ્ય પ્રદૂષણનો ઘણો વિચાર ચાલે છે. ટોકિયોના અમુક વિસ્તારમાં એટલા બધા ધૂમાડા હોય છે કે માસ્ક પહેરીને ફરવું પડે છે. **બાહ્ય પ્રદૂષણનો સામનો કરવા અંગે વિજ્ઞાન વિચાર કરે છે, પરંતુ માનવીના મનના પ્રદૂષણ વિશે પર્યુષણ વિચારે છે,** આ દિવસોમાં આતમાને ભોજન આપવાનો વિચાર કરવામાં આવે છે. શરીરનો આધાર ભોજન પર છે, પણ આત્માનું ભોજન તો દિવ્ય વિચારો અને ઉમદા ક્ષમાયુક્ત વર્તન છે. પર્યુષણમાં ભૌતિક ભોજન છોડીને આત્માને તુષ્ટિ અને પુષ્ટિ મળે એવા ભોજનનો વિચાર કરવામાં આવે છે.

પર્યુષણનો બીજો અર્થ છે : 'સમસ્ત પ્રાકરે વસવું.' એટલે કે સાધુજનોને ઉદ્દેશીને ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે સ્થિર વસવાટ કરીને ધર્મની આરાધના કરવી. પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે **'આત્માની સમીપ વસવું.'** આત્માને જીતવા માટે એ આત્માને જાણવો જરૂરી બને છે. એ આત્મતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ. બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ.

આત્માની સમીપ રહેવું એટલે શું? અનંતકાળથી આત્મા

મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને અજ્ઞાનમાં જ વસતો આવ્યો છે. પોતાના સ્વ-ભાવને ભૂલીને વિભાવને જ નિજ સ્વરૂપ માની બેઠો છે. પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ, કંકાસ અને કલેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળ તરફ આંધળી દોટ લગાવી રહ્યો છે.

પર્યુષણ વર્ષાઋતુમાં આવે છે. જ્યારે જમીન ચોખ્ખી બની ગઈ હોય છે. નદીમાંથી મલીનતા ઓસરી ગઈ હોય છે. સફર માટે સાગર અનુકૂળ હોય એમ આખી પ્રકૃતિ જ્યારે શુદ્ધ હોય ત્યારે સાધનાનો સમય આવે છે.

આજે તો ચોમેર દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુએ ત્યારે જીવનનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. **એ માનવીને ભૌતિક સમૃદ્ધિની મૂર્છામાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે.**

અજ્ઞાનમાંથી સમ્યક્ જ્ઞાન તરફ, સ્વહિતને બદલે પરહિત તરફ અને વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં લઇ જનારું આ પર્વ છે. જે માનવીને સ્વહિતની સાંકડી મર્યાદામાંથી બહાર કાઢીને પરહિતનો વિચાર કરવા પ્રેરે છે. **આ માટે પહેલું કામ કરવાનું છે ભાવશુદ્ધિનું. જૈન ધર્મ ભાવનાનો ધર્મ છે.** આથી નમસ્કાર મહામંત્ર કોઈ વ્યક્તિને નહીં, પણ અરિહંતને નમસ્કાર કરે છે. અરિહંત એટલે જેણે આંતરશત્રુઓને જીત્યા છે. આ ભાવનાની શુદ્ધિ પર જીવનની વિશુદ્ધિનો આધાર છે. ચિત્તમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવોને આપણે ધારણ કરવાના છે.

જૈન ધર્મના સર્વપ્રથમ આગમ 'શ્રી આચારાંગ સૂત્ર'માં કહ્યું છે, 'જે રીતે કેરીના હૃદયમાં છુપાયેલી ગોટલીમાં એક વિશાળ આંબાનું વૃક્ષ છુપાયું છે, તે રીતે **હે માનવ! તારી કાયામાં પરમાત્મા વસેલો છે, એને તું શોધી લે.'**

પર્વાધિરાજ પર્યુષણ પર્વ એ વ્યક્તિના જીવનમાં સદાકાળ જન્મોજન્મ સુધી રહેનારી ઊર્ધ્વ ભાવનાઓની ખુશ્બૂભરી વસંત સર્જે છે. ભગવાન મહાવીરે પાયાનો વિચાર કર્યો કે માનવી આટલો બધો લાચાર, હતાશ અને નિરાશ કેમ છે? એમણે જોયું કે માનવી બહારના પરિબળોને કારણે નહીં, પરંતુ પોતાને કારણે જ હારેલો છે. એની તૃષ્ણા, લાલસા અને મિથ્યાત્વને પરિણામે પરાજિત છે. આ પરાજયને વિજયમાં પલટાવવા માટે **ભગવાન મહાવીરે સંયમ, અહિંસા અને મૈત્રીનો માર્ગ બતાવ્યો. સતત જીવનશુદ્ધિ કરવાનો સંદેશ આપ્યો અને તેથી પર્યુષણ પર્વ એ કોઈ લાભ કે ભોગનું પર્વ નથી, કિંતુ ત્યાગ અને સત્ત્વનું લોકોત્તર પર્વ છે.**

લૌકિક પર્વોથી માનવીના શરીરનું પોષણ થાય છે, જ્યારે પર્યુષણ પર્વથી માનવીના મનનું પોષણ થાય છે. તપ, જપ, મૈત્રી અને ક્ષમા દ્વારા એ પોતાની ભીતરની ચેતનામય જ્યોતિ સુધી પહોંચે છે. અનંતકાળથી આત્મા મિથ્યાત્વ, કષાય, મોહ અને અજ્ઞાનમાં વસતો રહ્યો છે. માનવીને એનું જીવન કેવું છે અને એનો આત્મા ક્યાં છે એની પણ જાણ નથી. આવે સમયે પર્યુષણ પર્વ એ માનવીને આત્મરત, આત્મસંલગ્ન અને આત્મપ્રિય બનાવતું પર્વ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ વ્યક્તિને બહારની દુનિયાના આનંદને બદલે ભીતરની પ્રસન્નતા જાણવાનો અને જગાડવાનો આદેશ આપે છે. પર્યુષણ પર્વ એટલે આત્માની દિવાળી. જેમ દિવાળીએ વ્યક્તિ પોતાના વેપારના નફા-તોટાનો વિચાર કરે એ રીતે પર્યુષણ પર્વ દરમિયાન એ પોતાના આત્માને ત્રણ પ્રશ્ન પૂછે છે.

એનો પહેલો પ્રશ્ન એ છે કે હું કોણ છું? એનો અર્થ એ નથી કે એનો બાયોડેટા પૂછે છે. પરંતુ એનો મર્મ એ છે કે એણે પોતાનું સ્વરૂપ કેટલું જાણ્યું છે.

એનો બીજો પ્રશ્ન એ છે કે મેં શું મેળવ્યું છે? અર્થાત્ જીવનમાં મર્ત્ય અને અમર્ત્ય અથવા તો ક્ષણભંગુર અને શાશ્વત એવી બે બાબત છે એમાંથી મેં એવી કઈ અમર્ત્ય બાબત મેળવી છે કે જો હું આ ધરતી પર જીવતો ન હોઉં તો પણ જીવતી હોય! અને ત્રીજો પ્રશ્ન એ છે કે મેં મારા જીવનમાં શું મેળવ્યું છે? ધન, સંપત્તિ, પરિવારજનો તો સ્થાયી હોતા નથી પરંતુ મેં કશુંક એવું સાધનાથી મેળવ્યું છે કે જે સદાકાળ મારા આત્મામાં સંચિત છે.

**આ રીતે વ્યક્તિની ભીતરમાં બિરાજમાન આત્મદેવતાની આરાધનાનો આ અવસર છે.** જૈન ધર્મ એ કોઇ કુળ કે જાતિનો ધર્મ નથી, પરંતુ અંતરની તાકાત કેળવવાનો સાધનાપથ દર્શાવનારો અને આત્માને ઓળખવાને સતત યત્ન કરતો ધર્મ છે. **કર્મ-કષાયોને જીતે તે જૈન.** આજે બહારની દુનિયામાં દોડવાનું નથી, પરંતુ કષાયમુક્તિ મેળવવાની છે. કષ એટલે સંસાર અને આય એટલે વૃદ્ધિ. કષાયના કિલ્લામાં કેદ વ્યક્તિ જન્મ-મરણની પરંપરા વધારે છે, ત્યારે પર્યુષણ પર્વ એને કહે છે, 'તારા જૈનત્વને જગાડીને જન્મ-મરણની પરંપરા વધારનારા કષાયના કિલ્લાની કેદમાંથી મુક્ત બન.'

તો કરીશું શું? જૈન ધર્મના આગમ 'શ્રી દશવૈકાલિક સૂત્ર'ને યાદ કરીએ. એના આઠમાં અધ્યાયમાં કહ્યું છે, 'ઉપશમથી ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવ દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

પર્વાધિરાજ

# સૌથી પાવનકારી યાત્રાધામ : સમેત શિખર

નિલેશ શાહ

આજથી લગભગ દોઢસો વર્ષ પહેલાંની વાત છે. **અમદાવાદના નગરશેઠ હેમાભાઇના જમાઇ શેઠ હઠીસિંગ મહાન શાહ સોદાગર હતા.** તેમનાં ત્રીજી વખતનાં લગ્ન ઘોઘાના હરકુંવર શેઠાણી સાથે થયા હતા. હરકુંવર શેઠાણીને પરણ્યા પછી હઠીસિંગની ખૂબ ઉન્નતિ થયેલી. હરકુંવર શેઠાણી સ્વરૂપવાન, ધનવાન અને ગુણવાન તો હતા જ, સાથોસાથ એટલાં જ ધર્મનિષ્ઠ પણ હતા. **ઇ.સ. ૧૮૬૪માં તે સમેત શિખરની યાત્રાએ ગયા હતા.** જિનેશ્વર પ્રત્યેના અનન્ય ભક્તિભાવથી ત્યાં તેમણે સોનાનો દાગીનો ચડાવ્યો અને બીજી કિંમતી ભેટો ધરી હતી. પરંતુ ભગવાનને ધરેલી આ મૂલ્યવાન ભેટ ત્યાંના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ પાસેથી પાલગંજના રાજાએ છીનવી લીધી. જેનાથી ફરીવાર સમેત શિખર તીર્થની માલિકીની તકરાર શરૂ થઈ.

જૈન શાસનની પરંપરા અનુસાર યાત્રિકો, ભક્તો દ્વારા પ્રભુજીને ચઢાવાતાં ફળ, નૈવેદ્ય, દાગીના, રોકડ એ બધું **'દેવદ્રવ્ય' ગણાય. તેનો ઉપયોગ ભગવાનના કામ સિવાય સાધારણ ખાતામાં કરી શકાય નહીં. અથવા કોઇને આપી શકાય નહીં.** પરંતુ પાલગંજના રાજાના માણસો તો બધું પડાવી લેવા માંડ્યા. આથી જગત શેઠના વારસદારો અને રાજા વચ્ચે પણ આ આવક કોણ લે, તે બાબતમાં સંઘર્ષ થયો.

અહીં પ્રશ્ન એ થશે કે જગતશેઠ વળી કોણ? આ પ્રશ્નનો ઉત્તર જાણતાં પહેલાં આપણે સમેત શિખરનો મહિમા અને તેની માલિકી વિશે ટૂંકમાં સમજી લઈએ. તેમાં જ જગત શેઠની વાત આવે છે.

સમેત શિખર અનાદિકાળથી જૈનોનું છે કારણકે જૈનોના કુલ **૨૪માંથી ૨૦ તીર્થંકરો (ભગવાન)** આ પર્વત ઉપર અનશન (ઉપવાસ) કરીને ધ્યાનાવસ્થામાં નિર્વાણ (મોક્ષ) પામ્યા છે.

આ તીર્થનો મહિમા અપાર હોવાથી જૈનાચાર્ય શ્રી પાદલિપ્ત સૂરિજી આકાશગામિની વિદ્યા વડે દરરોજ પાદલિપ્ત સ્થાન (પાલીતાણા)થી સમેત શિખર આકાશમાર્ગે જતા આવતા હોવાનો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ છે. મોગલ સામ્રાજ્યના વખતમાં સમ્રાટ અકબરે વિ.સં. ૧૬૪૯ (ઇ.સ. ૧૫૯૩)માં જૈનાચાર્ય શ્રી હીરવિજય સૂરીજીને સમેતશિખર સહિત પાંચ તીર્થો ભેટ ધર્યા હતા અને અકબર બાદશાહે પૂ. સૂરિજીને જગદ્ગુરુનું બિરૂદ પણ આપ્યું હતું. બાદશાહ અકબરે મોગલ સલ્તનતની અંદર આવેલાં સિધ્ધાચલ, ગિરનાર, શિખરજી વગેરે જૈન તીર્થો ઉપર જૈનોની સ્વતંત્રતાનો યાવચ્ચંદ્ર દિવાકરો અબાધિત કબજા ભોગવટાનો ખરિતો (દસ્તાવેજ) કરી આપ્યો. અને આ ફરમાનો પોતાના તાબાના સૂબાઓને મોકલી આપ્યા હતા. તેમજ તે ધર્મ સ્થાનોમાં પશુઓની કતલ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો.

ઇતિહાસ ગવાહ છે કે જ્યારે જ્યારે તે જે સ્થળે અને કાળે સત્તા પરિવર્તન થયું છે ત્યારે ત્યારે માલિકી હક્ક બાબતની તકરારો ઊભી થઈ છે. આવું જ સમેતશિખર તીર્થ બાબતે પણ થતું રહ્યું છે. અકબર બાદશાહે આ તીર્થે માલિકી આપવા છતાં તે પછીના સમયમાં **ઘણી વખત સમેત શિખર જૈનો પાસેથી ઝૂંટવી લેવાયું તથા પાછું સોંપાયું એવું બનતું રહ્યું હતું.** તે દરમિયાન દિલ્હીના ૧૮મા બાદશાહ અહમદ શાહે મુર્શિદાબાદના શેઠ મહેતાબરાયને ઇ.સ. ૧૭૪૯ના જેઠ મહિનામાં 'જગત શેઠ'નું બિરૂદ આપ્યું. ત્યારબાદ ઇ.સ. ૧૭૫૩માં મધુવન કોઠી, જયપાર નાળુ, પ્રાચીન નાળુ, જલદત્ત કુંડ, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન અને પારસનાથ પહાડ જગત શેઠને ભેટ આપ્યા હતા. એ પછી ઇ.સ. ૧૭૫૬માં આલમશાહે પહાડને કરમુક્ત જાહેર કર્યો અને વેઠ, વેરો, લાગો, જકાત, મુંડકાવેરો, રખાયો વગેરે માફ કર્યા હતા. આમ પરાપૂર્વથી માંડીને મુસલમાન બાદશાહોના વખત સુધીમાં કેટલાક અપવાદો બાદ કરતાં સમેત શિખર જૈનોનું, શ્વેતાંબર જૈનોની માલિકીનું રહ્યું. પરંતુ ભારતીય સંસ્કૃતિને અપવિત્ર કરનારા, 'ભાગલા પાડો અને રાજ કરો'ની કપટી નીતિ આચરનારા અંગ્રેજોએ સમેત શિખરને પોતાની અંગત મિલકત ગણીને ઇ.સ. ૧૭૬૦માં પાલગંજના રાજા સુખરામસિંહના નામે ચઢાવી દીધું અને સરકારી દસ્તાવેજો પણ તૈયાર કરી દીધા. તેથી જ આપણે આ લેખની શરૂઆતમાં જોયું તેમ પાલગંજનો રાજા સમેતશિખર તીર્થમાં થતી આવક પડાવી લેતો હતો. અલબત્ત તેને અટકાવવા માટે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોએ તે વખતે કોર્ટમાં કેસ પણ કર્યો હતો. પરંતુ વાઇસરૉયે કહ્યું કે તીર્થની માલિકી રાજા પાસે છે. માટે સમાધાન કરો. અંતે શ્વેતાંબર જૈનોએ રાજા સાથે ઇ.સ. ૧૮૭૨માં સમજૂતી કરી અને કરાર થયો. ઇ.સ. ૧૮૭૬માં

નક્કી કર્યા મુજબ રાજાને દર વર્ષે રૂપિયા ૧૫૦૦ આપવાના અને બાકીની રકમ ઉપર મૂર્તિપૂજક શ્વેતાંબરોનો હક્ક રહેશે. આ રીતની સમજૂતી કેટલાંક વર્ષો ચાલી. એવામાં ઈ.સ. ૧૯૦૫ પછી પાલગંજનો રાજા આર્થિક ભીંસમાં આવ્યો. આથી તેણે પારસનાથ પહાડ ગીરવે મૂકવા અથવા વેચી દેવાનું નક્કી કર્યું. રાજાને ખાતરી હતી કે જૈનો સિવાય મારી મુશ્કેલી કોઈ દૂર કરી શકશે નહીં. એવામાં આ બાબતની જાણ કલકત્તાના શેઠ શ્રી બદ્રીદાસજી (તે સમયના વાઈસરૉયના ઝવેરી)ને પણ થતાં તેઓ સક્રિય બન્યા. **તેમણે અમદાવાદમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી કસ્તુરભાઈ મણિભાઈને હકીકત જણાવી.** તેથી શેઠ શ્રી કસ્તુરભાઈએ પાલગંજના રાજા પાસે પહાડ ખરીદી લેવાની માંગણી મૂકી.

તે વખતે અંગ્રેજોનું રાજ હતું અને અંગ્રેજો સારી રીતે જાણતા હતા કે સમ્રાટ અકબરના વખતથી અને તે પછી પણ જગત શેઠ પાસે એટલે કે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો પાસે સમેતશિખરની માલિકી, કબજો તથા વહીવટ છે. આ બાબતે ઐતિહાસિક પુરાવા છે. તેથી રાજ્ય સરકારના બોર્ડ ઑફ રેવન્યુના સેક્રેટરી શ્રી એસ. બ્રિસકોએ **તા. ૧૪-૫-૧૯૧૭ના રોજ સરકારને ભલામણ કરી કે સમેતશિખર પહાડ શ્વેતાંબર સિવાય બીજા કોઇને આપી શકાય નહીં.** તેમજ બિહાર ગવર્નરના સેક્રેટરી શ્રી એમ. કુપલેન્ડ (આઈ.સી.એસ.) બોર્ડ ઓફ રેવન્યુએ પણ ભલામણ કરી કે શ્રી બ્રિસકોએ જે ભલામણ કરી છે તે બરાબર છે. આખરે તા. ૧૬-૩-૧૯૧૮ના રોજ રાજ્યના બોર્ડ ઑફ રેવન્યુએ પારસનાથ પહાડના વેચાણને કબૂલ રાખતો ઠરાવ કર્યો. **આમ, તા. ૯-૪-૧૯૧૮ના રોજ પાલગંજના રાજા વતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને રૂપિયા ત્રણ લાખ પચાસ હજારની કિંમતે સમેતશિખર પહાડ વેચવામાં આવ્યો.** આમ થયા પછી દિગંબર જૈનોએ સમેતશિખર તીર્થ પર પોતાના હક્કો માટે કોર્ટમાં કેસ કર્યો. આ કેસના અનુસંધાને **ઇ.સ. ૧૯૩૩માં**

*બિહારમાં એક કહેવત છે કે 'જે પારસનાથ ગયો નથી તે માતાના પેટે જન્મ્યો નથી.' પૂર્વ બિહારમાં અને અત્યારે ઝારખંડ રાજ્યમાં આવેલા સમેતશિખર તીર્થની યાત્રાએ જવાનું સ્વપ્ન દરેક જૈન સેવે છે. અહીં રેલમાર્ગે પારસનાથ સ્ટેશને ઊતરી સડકમાર્ગે યાત્રિકો મધુબન પહોંચે છે. બ્રિટિશકાળે જાત્રાળુ ગીરડીહ રેલવે સ્ટેશને ઊતરતા હતા. ત્યાંથી મધુવન ૨૯ કિ.મી. દૂર છે. ગીરડીહ કોલસાની ખાણો માટે જાણીતું છે. ગીરડીહ સમેતશિખર (મધુવન) તરફ જતા માર્ગમાં ઋજુવાલિકા નદી આવે છે.*

*ભગવાન મહાવીરને અહીં કેવળજ્ઞાન (ત્રણેય કાળનું જ્ઞાન) ઊપજ્યું હતું. અહીંથી પાંચેક કિ.મી. દૂર જમક (જાંભક) ગામ છે. ત્યાં શાલવૃક્ષોનું ગાઢ વન છે. ઋજુવાલિકાથી મધુબન જતાં રસ્તામાં ચોતરફ જંગલ છે. નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર મધુબન સમેતશિખરની તળેટી છે. __અહીં તીર્થરક્ષક શ્રી ભોમિયાજીનું મંદિર આવેલું છે.__ યાત્રિકોને ઉતારા માટે અહીં ઘણી બધી ધર્મશાળાઓ છે.*

*પારસનાથ પહાડ તરીકે જાણીતો સમેતશિખર પર્વત મધુબનથી એક ફર્લાંગ (૬૬૦ ફૂટ) દૂર છે. તે સમુદ્રની સપાટીથી ૪૮૮ ફૂટ ઊંચાઈ ધરાવે છે. પૂર્વે અહીં ગાઢ જંગલ હતું. ગેંડા, સાબર, રીંછ, વાઘ, હાથી, વાનર વગેરે જંગલી જાનવરો અહીં વસતા હતા. આજે પણ આ પહાડ પર ક્યારેક ઘણી જાતનાં જંગલી જાનવર જોવા મળે છે. તેમજ વિવિધ પ્રકારની જડીબુટ્ટીઓ (ઔષધિઓ) અહિયાં પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે.*

*પહાડ પર સુમારે છ માઈલ (લગભગ ૧૦ કિ.મી.) ચઢવાનું છે. રસ્તો સારો છે. વચમાં શાસન રક્ષક દેવની દેરીઓ, સીતાનાળું, ગાંધર્વ નાળું તથા ગૌતમ સ્વામિની દેરી આવે છે. સમેતશિખર પર કુલ ૩૧ દેરીઓ તથા જલમંદિર આવેલાં છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૩૧મી સૌથી ઊંચી ટૂંકને 'મેઘાડંબર ટૂંક' કહેવામાં આવે છે.*

*આ પર્વત પર ૨૦ તીર્થંકરોના નિર્વાણ કલ્યાણક થયા છે તેમજ કરોડો મુનિવરો પણ અહીં મોક્ષ પામ્યા છે. આ પવિત્ર પહાડ પરથી છેલ્લા ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ (પારસનાથ) ૩૩ મુનિઓ સાથે એક મહિનાના ઉપવાસ કરીને ખડગ્ આસને કાઉસ્સગ્ગ (ધ્યાન) મુદ્રામાં શ્રાવણ સુદ-૮ ના દિવસે રાત્રિના પૂર્વ ભાગમાં મોક્ષે ગયા હતા. એટલે કે મહાવીર પહેલાં ૨૫૦ વર્ષે, ઈ.સ. પૂર્વે ૭૧૭ વર્ષે અર્થાત્ આજથી ૨૭૧૩ વર્ષે પાર્શ્વનાથ પ્રભુ સમેતશિખર પર નિર્વાણ (મોક્ષ) પામ્યા હતા.*

*અહીં ઉલ્લેખનીય છે કે જેમના નામ પરથી આ પર્વતનું નામ પારસનાથ પહાડ પડ્યું છે તે પાર્શ્વનાથ બનારસના રાજા અશ્વસેનના પુત્ર હતા. તેમની માતાનું નામ વામાદેવી હતું. જૈન માન્યતાનુસાર ૧૬૦૦૦ સાધુઓ, ૩૮૦૦૦ સાધ્વીઓ અને ૧,૬૪,૦૦૦ શ્રાવકો (જૈન પુરુષો) તથા ૩,૨૭,૦૦૦ શ્રાવિકાઓ (જૈન મહિલાઓ) તેમનાં અનુયાયીઓ હતા.*

*ભગવાન મહાવીરનાં માતા-પિતા પણ પાર્શ્વનાથના પૂજક અને શ્રમણોનાં અનુયાયી હતાં.*

**લંડનની પ્રિવી કાઉન્સિલે ચુકાદો આપ્યો કે 'સમેતશિખરની માલિકી માત્ર શ્વેતાંબરોની છે અને દિગંબરોને માત્ર પૂજા કરવા સિવાય બીજો કોઈ અધિકાર નથી.'** અલબત્ત પ્રિવી કાઉન્સિલે ફક્ત ૧૯૧૮ના પાલગંજના રાજાના સમેતશિખરના વેચાણના દસ્તાવેજના આધારે જ ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો. સમેતશિખર પરાપૂર્વથી જૈનોનું છે. એ તીર્થભૂમિ છે તેમજ અકબર બાદશાહે આ તીર્થ શ્વેતાંબર જૈનાચાર્ય શ્રી હીરવિજય સૂરીને અર્પણ કર્યું હતું. એ બધી બાબતોને પ્રિવી કાઉન્સિલે માન્ય રાખી ન હતી.

ત્યારપછી ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થયું. અંગ્રેજો ગયા પરંતુ પદચિહ્નો છોડી ગયા. અંગ્રેજોની જેમ જ **બિહાર સરકારે સમેતશિખરને સામાન્ય જમીન, જાગીર અને જંગલ ગણી લીધું અને તા. ૨-૪-૧૯૬૪ના રોજ વિધિવત્ પારસનાથ પહાડનો કબજો લઈ લીધો.** ત્યારબાદ ૧૯૬૫માં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોએ સુપ્રીમ કોર્ટમાં 'રીટ' કરી તેથી સરકારે ધાર્મિક લાગણીને ઠેસ ન પહોંચે તેવો રસ્તો કાઢવાનું આશ્વાસન આપતા શ્વેતાંબર જૈનોએ રીટ પાછી ખેંચી. જો કે ત્યાર પછી એક દ્વિપક્ષી કરાર મુજબ સમેતશિખરના વહીવટી અધિકારો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોને સોંપવામાં આવ્યા. જો કે બિહાર સરકારે યુક્તિપૂર્વક પારસનાથ પહાડની માલિકી તો બિહાર સરકારની જ રાખી.

અત્યારે પારસનાથ પહાડ ઝારખંડમાં આવે છે. **ઝારખંડ સરકાર તથા શ્વેતાંબર - દિગંબર જૈનો આ તીર્થની માલિકીના મુદ્દે કોર્ટમાં કેસ લડી રહ્યા છે,** ત્યારે બીજી બાજુ મૂળ પાલનપુરના વતની અને અમદાવાદ વસતાં શ્રીમતી દર્શનાબેન નયનભાઈ શાહ નામનાં ૫૮ વર્ષનાં શ્રાવિકા, શ્રી યુગભૂષણ વિજયજી તથા શ્રી મોહજિતવિજયજી મહારાજ (નાના પંડિત - મોટા પંડિત)ની પ્રેરણાથી તા. ૧૭-૭-૧૯૯૪થી અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને હવે તો અઠ્ઠમના પારણે આયંબીલ એટલે કે સળંગ ત્રણ ઉપવાસ (જેમાં માત્ર ઉકાળીને ઠારેલું પાણી જ દિવસ દરમિયાન પીવાનું), એ પછી ચોથા દિવસે તેલ, મસાલા વગરનું લૂખું ભોજન એક ટાઈમ કરવાનું (આયંબિલ) અને ફરીને પાંચમા દિવસથી ત્રણ દિવસના સળંગ ઉપવાસ — આ રીતે છેલ્લા ૧૩ વર્ષથી તપશ્ચર્યા કરી રહ્યા છે. દર્શનાબેને એવો અભિગ્રહ લીધો છે કે, 'જ્યાં સુધી સમેતશિખર તીર્થનું હકારાત્મક પરિણામ નહીં આવે ત્યાં સુધી હું આ રીતનું તપ ચાલુ રાખીશ.'

આ રીતે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો તીર્થરક્ષા માટે જુદી જુદી આરાધના કરીને લડત અભિયાન ચલાવી રહ્યા છે અને કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો છે.

*રજૂઆત : હીરાલાલ વી. ઊનડોઠવાલા*

## પર્વોમાં મહાન છે પર્યુષણ પર્વ

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

પર્વાધિરાજ પર્યુષણમાં આત્મજાગૃતિ, આત્મઓળખ અને આત્મઆનંદ સાથે ક્ષમાયાચના કરીએ.

**પર્યુષણ પર્વનો મુખ્ય આદેશ જગતમાત્રના જીવો સાથે મૈત્રી સાધવાનો છે.** મૈત્રી વ્યવહારશુદ્ધિ અને મનશુદ્ધિ વગર પ્રાપ્ત થતી નથી. એટલા માટે જ પર્યુષણ પર્વને આધ્યાત્મિક પર્વ કહ્યું છે.

સારી રીતે અને સાચી રીતે આરાધેલા આ પર્વને ભગવાન મહાવીરે અતિ મહાન કહ્યું છે. ઉપમા આપતાં તેઓ કહે છે, "નમસ્કારમાં જેન નવકાર મંત્ર મોટો છે, તીર્થમાં જેમ શત્રુંજય તીર્થ મહાન છે, દાનમાં અભયદાન મહાન છે, ધ્યાનમાં શુક્લધ્યાન મહાન છે, રત્નમાં ચિંતામણિ રત્ન મહાન છે, એમ **પર્વોમાં પર્યુષણ પર્વ મહાન છે.**"

**પર્યુષણ એ બાહ્ય ઉત્સવનું પર્વ નથી પણ આંતર અવસરનું પર્વ છે.** પર્યુષણ એ બાહ્ય યાત્રાનું પર્વ નથી પરંતુ અંતર્યાત્રાનો પ્રવાસ છે. પર્યુષણ એ બાહ્ય જીવનના વૈભવો માટેનું પર્વ નથી પરંતુ આંતર જીવનની ક્રમિક શુદ્ધિ-સાધના માટેનો સમય છે. જે એ સમયને પારખે છે એ જ સાચું જીવન અને પરમ આનંદ પામે છે.

***kumarpalad1@gmail.com***

## તપ અને ધર્મ

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

મનુષ્ય દેહ આપણને આ પ્રથમ વખત નથી મળ્યો, અનેક વખત મળ્યો પરંતુ સાચી સમજણના અભાવે બધું ગુમાવી બેઠા અને હજુ પણ ગુમાવી રહ્યા છીએ.

કહે છે કે 'ઘડપણમાં ગોવિંદ ગાશું'. અરે, ઘડપણ કોણે દીઠું છે? બચપણ કે જવાનીમાં જો પ્રભુને પ્યારા થઈ ગયા તો? અને ઘડપણમાં ગોવિંદ ક્યારે સાંભળે કે જો બચપણ કે જવાનીમાં ગોવિંદને યાદ કર્યા હોય તો! નહિંતર ઘડપણ હાય-હોય અને અસમતામાં જ જાય અને છેવટે મરણની પણ સમાધિ ન મળે.

કોઈપણ ધર્મ કે સુકૃત કર્યું હશે તો મરતા પહેલા તેનો આનંદ હશે નહિતર દાન કરવાની ભાવના હશે તો પણ દીકરો-દીકરી ના પાડશે ત્યારે શું કરીશું? કહે છે, જે હાથે તે સાથે.

ધર્મ એવો કરો કે જ્યાં મનની શાંતિ હણાય નહીં, એક આનંદની અનુભૂતિ થાય. જે જીવનભર યાદ રહે.

*પ્લોટ નં. ૭૪૬/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર.*
*મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

પર્વાધિરાજ

# તપ અને ધર્મ

નીતિન એચ. સંઘવી

તીર્થંકર પરમાત્માએ ધર્મના ચાર પ્રકાર દર્શાવ્યા છે : દાન, શીલ, તપ અને ભાવ. આ ચારમાંથી ભાવ ધર્મ ચઢી જાય. કારણ જો ભાવ બદલાય તો ભવ બદલાય અને ભવ બદલાય તો મુક્તિ થાય.

ભાવ બદલાવા, ભાવ પ્રગટ થવા, ભાવની ધારામાં ઉત્તરોત્તર પ્રગતિ કરવી ખૂબ જ દુષ્કર કામ છે. એટલે જ તો બાકીના ત્રણ ધર્મો છે જેમાં પણ આપણે આગળ વધી આરાધના કરી મુક્તિપદને પ્રાપ્ત કરી શકીએ.

હવે પર્યુષણ આવશે અને એટલે તપનો મહિમા પણ ગવાશે. આમેય ચાતુર્માસ દરમિયાન શરીરની પાચન શક્તિ મંદ પડતી હોઈ, **નાનું-મોટું તપ કરીએ તો તન અને મન બંને પ્રફુલ્લિત રહે.**

તપના તો ઘણા પ્રકાર વર્ણવવામાં આવ્યા છે. આપણે એની ચર્ચા નથી કરવી પરંતુ સાવ સાદી ભાષામાં કહીએ કે સ્વેચ્છાએ કરેલો તપ એ તપ કહી શકાય. તપ કરવાથી શરીરને કષ્ટ પડે છે એવું આપણે માનીએ છીએ પરંતુ બીમાર હોય અને બે-ત્રણ દિવસ સુધી ખાવાનું ખાઈ શકાય જ નહીં એ પણ ઉપવાસ કહેવાય અને એ તપ (અઠ્ઠમ) નથી. અને આમેય કહે છે કે ઉંઘ અને આહાર જેટલા વધારો એટલા વધે. જો તમે તપ કરો અને બીમાર પડો તો તપને દોષ આપશો. પરંતુ તપ કર્યા વગર જ બીમાર પડાય અને દિવસો સુધી કોમામાં સરી જવાય અને ત્યારે અન્ન ન લેવાય તો શું એને દેહદમન કહીશું?

સોનું પણ તપ્યા પછી જ દાગીનામાં આકાર પામે છે. લોખંડ પણ તપ્યા પછી ઘાટ ઘડી શકાય. કેસર-સુખડ પણ ઘસ્યા પછી જ માથે તિલક રૂપે પ્રગટે છે. પાણીની પણ વરાળ, વાદળ બન્યા પછી વરસાદ પડે છે. તેમાં પણ પાણીને તપવું જ પડે છે. ધૂપસળી પણ સળગીને સુવાસ આપે છે.

★ જેમ ભીખારીને ભોજન ન મળે અને ઉપવાસ કરે તેને તપ ન કહેવાય.

★ બસની રાહ માટે તડકામાં ઊભા રહેવું એને તપ ન કહેવાય પરંતુ છાંયડો હોવા છતાં સૂર્યના કિરણોનો આતાપ લેવો તે તપ કહી શકાય.

★ માઈનસ તાપમાનમાં કામ કરવું એ તપ ન કહેવાય, તે તેની ફરજ છે અને એના માટે એને મહેનતાણું મળે છે.

★ 'ન મળે નારી તો બ્રહ્મચારી' — તે તપ ન ગણાય. પત્ની હોય અને બ્રહ્મચારી રહેવું એ તપ છે.

★ સુખ, સામગ્રી, સંજોગો વિપરીત કે પ્રતિકૂળ હોય અને છોડવા પડે એ તપ નથી પરંતુ બધું જ અનુકૂળ હોય અને છોડવું એને જરૂર તપ કહી શકાય.

★ **પરિવારની સેવા, મા-બાપની સેવા, પશુ સેવા, સારા કાર્યો — આ બધા ધર્મો છે, તપ નથી.**

તપ માત્ર શરીરને કષ્ટ આપવો એટલા પૂરતું સીમિત નથી અને શરીરને ગમે તેટલું સાચવો સારસંભાળ, શણગાર કરો પરંતુ એની તો એક દિવસ રાખ થવાની જ છે અને ગમે તેટલું સારૂં ભોજન આરોગ્યું હોય અને બીજે દિવસે એ બધું બહાર આવે ત્યારે જ ખબર પડે.

તપના કારણે ભૂખ્યા રહેવાથી ભૂખનો અહેસાસ થાય છે. એનાથી કરૂણા ઉત્પન્ન થાય છે.

તપના કારણે શરીર પણ સારૂં રહેતું હોય છે. મોટાભાગના તપસ્વીઓ (તપ જેને કોઠે પડી ગયું છે) તંદુરસ્ત અને સ્ફુર્તિમય જોવા મળે છે.

તપના કારણે આપણી ખાવાની લાલસા ઘટે છે અને ફાવશે, ચાલશે એવા સહજ શબ્દો સરી પડે છે.

**તપ જો ત્યાગ અને સમજણપૂર્વક કરવામાં આવે તો ધીમે ધીમે અંદરના મલીન ભાવો ઓગળતા જશે અને એક દિવ્ય આનંદ પ્રાપ્ત થશે.**

મળ્યું છે અને ભોગવવું એમાં મહાનતા નથી. ભાણામાં ૪ મીઠાઈ હોય અને તેમાંથી માત્ર એક જ મીઠાઈ વાપરવાનું મન થાય અને બાકીની ૩ છોડવાનું મન થાય એ તપ ધર્મ કહેવાય.

એટલે જ બાળકો નાના હોય ત્યારથી જ નાના મોટા તપની જો આદત પાડવામાં નહીં આવે અને પછી જવાની અને ઘડપણમાં તો એની પાસે સમતા ક્યાંથી આવશે? કારણ ઘડપણમાં જ ખાવાની લાલસા વધતી જાય છે અને એ ન મળવાથી મન વ્યાકુળ બની જાય છે. પરંતુ જો પહેલેથી છોડવાની આદત રાખી હોય તો આવા સમયે કામ લાગે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)

# જૈન સમાજની માગણી....

*– દેવાંશુ દેસાઈ*

ભારતભરમાં જૈનોની સૌથી વધુ વસતિ મુંબઈમાં છે. દેશભરમાં વેપાર-ધંધા પર મજબૂત પકડ દરાવતી જૈન કોમ પોતાના ધર્મના પાલન વિશે પણ એટલી જ સભાન છે. અમુક કિસ્સામાં કટ્ટર લાગે એટલી હદે જૈનો ધર્મની બાબતમાં સંવેદનશીલ હોય છે.

**અહિંસા અને કરુણાના પાયા પર ઊભેલા જૈન ધર્મનાં ખાન-પાનના નિયમો વિશ્વભરના અજૈનોને પણ આકર્ષે છે.** જૈનો ધર્મના ચુસ્ત પાલન માટે કેટલા સંવેદનશીલ હોય, એનો એક કિસ્સો જાણવા જેવો છે.

ભારત સરકારના રેલવે મંત્રી પીયૂષ ગોયલ લોકસભાના ચૂંટણી પરિણામ પહેલાં મુંબઈમાં જૈન સંઘના અગ્રણીઓને મળ્યા. અધ્યાત્મ પરિવારના અધ્યક્ષ અને જૈન અગ્રણી હિતેશભાઈ મોતાના નેપિયન્સી રોડના નિવાસસ્થાને આ મીટિંગ હતી. હિતેશભાઈ અને એમના પરિવારજનો ચોવિહાર કરી લે. મતલબ, સૂર્યાસ્ત પછી પાણી પીતા નથી. **સંધ્યાકાળ પહેલાં બધા બોજન કરી લે. ઘરના નોકર-ચાકરો પણ આ નિયમ ચુસ્તતાથી પાળે.** મીટિંગ શરૂ થયા બાદ પીયૂષ ગોયલે ચા માંગી તો હિતેશભાઈએ કહ્યું : સૉરી સાહેબ, ચા-પાણી કંઈ નહીં મળે. પીયૂષ ગોયલે કહ્યું : ત્રણ-ચાર કલાકથી બોલી બોલીને મારો અવાજ બેસી ગયો છે. લીંબુ પાણી મળશે? નમ્રતાથી એની પણ ના પાડવામાં આવી. અંતે એમને હળદર સાથે ગરમ પાણી આપવામાં આવ્યું.

હિતેશભાઈ મોતાએ કહ્યું, 'શું કામ આપણે આપણા ધર્મને ચુસ્તતાથી પાળી ન શકીએ? મારા ઘરે આવતા સામાન્ય મહેમાન હોય કે વીઆઈપી મહેમાનોને આ નિયમની ખબર હોય છે કે સાંજે સાત પછી અહીં પાણી પણ નહીં મળે. ચુસ્તપણે જૈન ધર્મ પાળતા દરેક શ્રાવકો આવા નિયમોનું બરાબર પાલન કરતા જ હોય છે.'

હિતેશભાઈના ઘરે મળેલી મીટિંગમાં મુંબઈના જૈન શ્રેષ્ઠીઓએ રેલવેમંત્રીને આવકાર્યા ને ખાસ ગયા પાંચ વરસમાં એન.ડી.એ. સરકારનો જૈન સમાજોપયોગી કાર્યો માટે આભાર પણ માન્યો. મુંબઈથી જૈન યાત્રિકો માટે **ડાયરેક્ટ પાલિતાણાની** ટ્રેન શરૂ થઈ. એ ઉપરાંત, શિખરજીની યાત્રાએ જનારાને અગાઉના પારસનાથ સ્ટેશને ઊતરીને બાય રોડ જવું પડતું. હવે ૯૧૫ કરોડ રૂપિયાના ખર્ચે **શિખરજી સુધી રેલવેટ્રેક બની રહ્યા છે.** કામ પૂર્ણ થતાં જ ટ્રેન હવેથી ડાયરેક્ટ શિખરજી સુધી જશે. જૈન અગ્રણીઓ ભાજપ અને સાથી પક્ષોની એન.ડી.એ. સરકાર પાસે આગામી પાંચ વરસ માટે જૈન સમાજ શું શું અપેક્ષા રાખે છે એની વિગતવાર રજૂઆત જાણવા જેવી છે.

હિતેશભાઈ કહે છે કે અમે સાતથી આઠ જેટલી માંગણી કરી એમાં પ્રમુખ હતી જૈન મુમુક્ષુ અને પીપીએફ એકાઉન્ટને લગતી. કોઈ પણ જૈન વ્યક્તિ દીક્ષા લઈને સાધુ બને કે સમગ્ર પરિવાર સાધુજીવન સ્વીકારે ત્યારબાદ એમનો કોઈ વારસદાર હોતો નથી. દીક્ષા લે એ પહેલાં મોટાભાગના લોકોના પીપીએફમાં પૈસા હોય છે, જે પંદર વરસની મુદતે મળે. એકવાર જૈન વ્યક્તિ સાધુ બને પછી પૈસાને હાથ લગાવે નહીં. આવા જૈનોનો કરોડો રૂપિયા પીપીએફ એકાઉન્ટમાં જમા હશે અને છે. **જૈન શ્રેષ્ઠીઓએ સમાજ વતી માંગણી કરી કે આ રૂપિયા જૈન ટ્રસ્ટ કે જે-તે સંઘ કે ટ્રસ્ટના નામે આપોઆપ ટ્રાન્સફર થવા જોઈએ.** પીપીએફ ઉપરાંત પોસ્ટ ઑફિસમાં રોકાયેલા રૂપિયા માટે પણ આવી જોગવાઈ થવી જોઈએ.

જૈન સમાજે પુરાતત્ત્વ વિભાગ પાસે પણ એક માંગણી રજૂ કરી છે. મોગલકાળમાં મુસ્લિમ આક્રમણખોરો જૈન મંદિરોમાં લૂંટફાટ અને મૂર્તિઓની તોડફોડ કે એને વિકૃત કરી દેતા હતા. મૂર્તિઓને અકબંધ રાખવા જે-તે મંદિરના ટ્રસ્ટી કે મહાજનો આસપાસની જમીન ખોદીને એમાં મૂર્તિઓ સંતાડી દેતા. **આજકાલ ઘણાં પ્રાચીન જૈન તીર્થ કે મંદિરોની આસપાસ ખોદકામ દરમિયાન જૈન મૂર્તિઓ મળી આવે છે. એને પુરાતત્ત્વ ખાતા દ્વારા જપ્ત કરી લેવામાં આવે છે.** જૈન અગ્રણીઓએ માંગણી કરી કે આ તમામ જૈન મૂર્તિ જે-તે જૈન ટ્રસ્ટને સંચાલન માટે સુપરત કરવામાં આવે. **એ જ પ્રમાણે જૈન દેરાસર, ધર્મશાળા તેમજ ભોજનાલયો વગેરે ડોનેશન પર ચાલે છે, જે લેબર યુનિયન (મજૂર સંગઠન) હેઠળ આવવા જોઈએ નહીં...**

આ બધા વચ્ચે જૈનોએ મોટી માંગણી એ કરી કે ભાજપ તો હિંદુતરફી પક્ષ કહેવાય, પરંતુ ભાજપ-એન.ડી.એ.ના શાસનકાળમાં ગયા પાંચ વરસમાં સૌથી વધુ માંસ અને જીવંત પશુઓની નિકાસ થઈ. **ગયા ૬૦ વરસમાં નહીં થયું એટલું માંસનું એક્સપોર્ટ ગત પાંચ વરસમાં થયું. એની પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જરૂરી છે.** આપણું જીવંત પશુધન બહાર જતું અટકવું જ જોઈએ.

બજારમાં મળતા કેટલાય ખાદ્ય પદાર્થ કે અન્ય ચીજવસ્તુની બનાવટમાં ડાયરેક્ટ કે ઇનડાયરેક્ટ પશુજન્ય પદાર્થોનો ઉપયોગ થાય છે. આવા ખાદ્ય પદાર્થોનાં વેચાણ દરમિયાન એ વસ્તુ પર નૉન-વેજ સંબંધી માર્કા કે નિશાની લગાડવી સરકારી નિયમાનુસાર જરૂરી છે. આમ છતાં ઘણા ઉત્પાદકો આંખ આડા કાન કરે છે. એની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પર્યુષણ દરમિયાન ભારતભરમાં કતલખાના બંધ રહે છે એ જ પ્રમાણે મહાવીર જયંતી દરમિયાન પણ આવાં સ્લોટર હાઉસ બંધ રાખવાની માંગણી કરવામાં આવી.

હિતેશભાઈ કહે છે કે એનડીએની સરકારે ગત પાંચ વરસ દરમિયાન જૈન સમાજ માટે જે જે મહત્ત્વના કાર્ય કર્યા છે એમાં બાળવિકાસ પ્રધાન મેનકા ગાંધીએ જૈનોની **બાળદીક્ષા**ને સંબંધિત મંત્રાલયમાંથી કાયદેસર સ્પષ્ટીકરણ કર્યું.

રેલવેમંત્રી સાથેની આ મીટિંગમાં જૈન અગ્રણી નિમેષ કંપાણી, મંગલ પ્રભાત લોઢા, પૃથ્વીરાજ કોઠારી સહિતના લોકો હાજર રહ્યા હતા.

*પ્રેષક : હસમુખ બી. ખાંડવાલા*

## “જૈનમ જયતિ શાસનમ્” : વિવિધ સ્થળોના જૈન મંદિરોની તસવીરી ઝલક





















# “જૈનમ જયતિ શાસનમ્” : વિવિધ સ્થળોના જૈન મંદિરોની તસવીરી ઝલક


JAPAN


CHICAGO



PAKISTAN


KENYA


DUBAI


CALIFORNIA


BELGIUM



# ગૌરક્ષક ગીતાબેન રાંભિયા



***અમદાવાદ સ્થિત ગૌરક્ષક ગીતાબેન રાંભિયા અબોલજીવોને કતલખાને જતા બચાવીને તેમને અભયદાન અપાવવાનું ઘણાં વર્ષોથી ઉમદા કાર્ય કરતા હતા.***

- ઉપરોક્ત જીવદયાની કામગીરી કરતાં તા. ૨૭-૦૮-૧૯૯૩ના રોજ કસાઈઓ દ્વારા તેમની ક્રૂર હત્યા કરવામાં આવી હતી.
- તેમની મહાન શહીદીએ ગત વર્ષે ૨૫ વર્ષ પૂરા કર્યા હતા. તેમની શહીદીની આગામી કીર્તિમાન તિથિના અવસરે પરિવારજનો, સમાજ, સગાસંબંધીઓ તથા મિત્રવર્ગ ભાવમય રીતે શ્રદ્ધાસુમન અર્પિત કરે છે.
- અત્રે નોંધનીય છે કે તેમણે પોતાના જીવનકાળ દરમિયાન દોઢ લાખથી વધુ અબોલ જીવોને કતલખાને જતા બચાવીને અભયદાન અપાવ્યું હતું.
- સમગ્ર રાજ્યમાં તેઓ પ્રથમ ગૌરક્ષક શહીદ મહિલા છે.
- તેમની શહીદીના સમયે સમગ્ર રાજ્યમાં સ્વયંભુ બંધ પાળીને લોકોએ તેમના પ્રત્યે પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી.
- તેમની શહીદી બાદ રાજ્યમાં સંપૂર્ણ ગૌવંશ હત્યા પર પ્રતિબંધનો ખરડો ગુજરાત સરકારે પાસ કર્યો હતો.
- ગૌરક્ષક ગીતાબેન પોતાના જીવનકાળ દરમિયાન જીવદયા પ્રત્યેની અજોડ અને ઉમદા કામગીરી કરતા હતા. તેઓ ૧૬૫થી વધારે પ્રકારના માન-સન્માન એવોર્ડ મેળવનાર કચ્છના પ્રથમ મહિલા છે.

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ
## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ

*ગૌરક્ષક ગીતાબેનની સ્મૃતિમાં તેમના પરિવારજનો દ્વારા અમદાવાદ ખાતે ઉપર મુજબની ચેરિટેબલ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.*

- આ સંસ્થા દ્વારા ગીતાબેનના અધૂરા સ્વપ્નોને પૂરા કરવાના તમામ પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે.
- સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૮૮,૦૦૦થી વધુ અબોલ જીવોને કતલખાને જતા બચાવીને અભયદાન અપાવેલ છે.
- સંસ્થા દ્વારા નિરાધાર, મૂંગા, બીમાર તથા ઘવાયેલા પશુ-પક્ષીઓને નિઃશુલ્ક રીતે સ્થળ પર સારવાર આપવા મોબાઈલ વાન, પશુ ચિકિત્સાલય "એનિમલ હેલ્પલાઈન" સતત કાર્યરત છે.
- રેલવેના પાટા ઉપર કે રોડ અકસ્માતમાં ઘવાયેલ ગાયોને તાત્કાલિક સારવાર આપવા સંસ્થાના સેવાભાવી કાર્યકરો ૨૪ કલાક પોતાની ફરજ બજાવે છે.
- સંસ્થા દ્વારા માનવસેવાના કાર્યો પણ કરવામાં આવે છે. જેમાં કચ્છ જિલ્લામાંથી અમદાવાદ સારવાર અર્થે આવતા દર્દીઓની સાથે રહીને તબીબી સારવારમાં મદદરૂપ બને છે.
- તેવી રીતે કચ્છથી મુંબઈ જતા અને મુંબઈથી કચ્છ જતા યાત્રિકોને મુસાફરી દરમિયાન શારીરિક તકલીફમાં ડૉક્ટર દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આ સંસ્થા મદદરૂપ બને છે.
- સંસ્થા દ્વારા જીવદયા - માનવસેવાના વિશાળ ક્ષેત્રે ઉમદા કાર્યો કરવામાં આવે છે.
- ગરમીની મોસમમાં મસાલાવાળી ઠંડી છાશનું વિનામૂલ્યે જાહેર વિતરણ કરવામાં આવે છે.
- પક્ષીઓ માટે પાણી તથા ચણ માટે યોગ્ય કૂંડાની વ્યવસ્થા કરવામાં આવે છે.
- પશુઓ માટે પાણીના હવાડા બનાવવામાં આવે છે.
- જીવદયા તથા માનવસેવાના કાર્યો માટે આમ પ્રજામાં લોક જાગૃતિ આવે તેવા તમામ પ્રયાસો કરવામાં આવે છે.
- કચ્છ જિલ્લામાં દુષ્કાળના સમયે સંસ્થા દ્વારા મુંદ્રા તાલુકાના ગામોમાં ગાયો માટે ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે છે.

**૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેક ચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**

**Ph. : (079) 22141197, 22149550, 22111467 ■ Facebook : gitabenrambhiyatrust**

**E-mail : gitabenrambhiyatrust@gmail.com ■ Website : www.gitabenrambhiyatrust.org**

*સંસ્થાના ઉપરોક્ત સદ્‌ભાવના, સામાજિક તથા ધાર્મિક પ્રકારની કામગીરી માટે આપશ્રી આપનો અમૂલ્ય ફાળો આપીને પુણ્ય કમાઈ શકો છો.*

***સંસ્થાને અપાતું દાન ૮૦જી(૫) હેઠળ કરમુક્તિને પાત્ર છે.***

**"સર્વે જીવોને મિચ્છામિ દુક્કડં."**

કચ્છના સ્વાતંત્ર્ય વીરો

# કચ્છના ગાંધી : ગુલાબશંકર ધોળકિયા



હરેશ ધોળકિયા



ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં કચ્છમાં પણ રાજાશાહી સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડાયો હતો. તેમાં ગાંધીયુગે જે પ્રથમ સેનાનીઓ હતા, તેમાં કચ્છના વડીલ સમાન શ્રી ગુલાબશંકરભાઈ ધોળકિયા હતા. તેઓ સમગ્ર જીવન સંપૂર્ણ રીતે ગાંધીમય થઈ જીવ્યા, તે જોતાં તેમને કચ્છના રાજકીય જીવનના ભીષ્મ પિતામહ એમ યોગ્ય નામ અપાયું. આજે જ્યારે તેમના જન્મને એકસો પચ્ચીસ વર્ષ પૂરા થયા છે, ત્યારે તેમનું પ્રેરક જીવન નવી પેઢી સામે મૂકાય તે યોગ્ય છે. તેમણે પોતાના જીવનમાં અનેક કાર્યો કર્યા હતા, પણ અહીં કેવળ સ્વાતંત્ર્ય સેનાની તરીકે જ તેમના જીવનને જોવાનો પ્રયાસ કરીશું.

ગુલાબભાઈનો જન્મ ૨૫ ડિસેમ્બર, ૧૮૯૩માં મુંદ્રામાં થયો હતો. તેમના પિતા અમૃતલાલ કચ્છના પોલીસ કમિશનર હતા. માતાનું નામ ગૌરીબહેન હતું. અમલદારને ઘેર જન્મ્યા હતા તેથી ચાંદીના ઘૂઘરે ઉછર્યા હતા.

શાળાએ જવાની ઉંમર થઈ ત્યારે તેમને શાળાએ જવાનું પસંદ નહોતું. તેથી તેમના માટે ઘેર ભણાવવા આવે તેવા શિક્ષકની નિમણૂંક થઈ હતી. સદ્ભાગ્યે તેમની શીખવવાની પધ્ધતિ એવી સારી હતી કે નાનકડા ગુલાબને ભણવાની હોંશ થતી હતી. આ શિક્ષકે તેમનું ઘડતર કર્યું. માધ્યમિક શિક્ષણ તેમણે ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લીધું. ક્યાં સુધી અભ્યાસ કર્યો તેનો ખ્યાલ આવતો નથી, પણ શાળા શિક્ષણ દરમિયાન તે સક્રિય હતા. અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં તેમને ખૂબ રસ હતો. કાવ્યો રચતા. મિત્રો સાથે મળી **'સાક્ષર મંડળ'** ચલાવતા અને **'નાગર ચકલો'** નામે હસ્તલિખિત સામાયિક પણ ચલાવતા.

ચૌદમા વર્ષે તેમના લગ્ન વસંતબહેન સાથે થયા.

૧૯૦૫માં 'બંગભંગ ચળવળ' થઇ તેનો પ્રભાવ ગુલાબશંકરભાઈ પર પડ્યો અને તેમણે દેશદાઝનાં કાવ્યો લખ્યા. આ સમાચાર કચ્છના અમલદારોને મળ્યા. તેમણે તેમને ધમકી મોકલી, પણ તે ડર્યા ન હતા. તેમણે પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી.

અભ્યાસ પૂરો કર્યા પછી તે વ્યવસાય માટે મુંબઈ આવ્યા અને એક સંસ્થામાં સેક્રેટરી તરીકે કામ શરૂ કર્યું. આ દરમિયાન તે ખૂબ વાંચતા. ત્યારના નેતાઓને પણ સાંભળવા જતા. ૧૯૨૧માં ગાંધી પ્રવૃત્તિ તરફ આકર્ષાયા અને કોંગ્રેસમાં જોડાયા. રાષ્ટ્રવાદી લોકોના સંપર્કમાં આવ્યા. આ દરમિયાન તેમણે નોકરી છોડી દીધી અને એક પ્રિન્ટિંગ પ્રેસમાં જોડાયા. **ગાંધીજીની સ્વદેશીની ચળવળ શરૂ થઇ તેમાં તેમણે પણ પોતાનાં વિદેશી વસ્ત્રોની હોળી કરી અને ખાદી અપનાવી.**

ધીમે ધીમે તેમની પ્રવૃત્તિઓ વધતી ગઈ. તેમના પ્રેસમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય સાહિત્ય છપાતું હતું. તેથી પોલીસની નજરમાં આવી ગયા. તેમના પ્રેસ પર દરોડો પડ્યો. આ બનાવથી ગુલાબભાઈનું મન ઉઠી ગયું અને હવે વતનમાં જઇ આ સંદર્ભમાં કામ કરવાનું નક્કી કર્યું. મુંબઈ છોડી દીધું.

**૧૯૨૫માં મહાત્મા ગાંધી કચ્છ આવ્યા. ત્યારે જે પાંચ યુવાનો તેમની સાથે પ્રવાસમાં રહ્યા, તેમાં ગુલાબભાઈ પણ હતા.** ગાંધીજી તો સભાઓમાં હરિજનો સાથે બેસતા. તો આ યુવાનો પણ તેમની સાથે બેસતા. પરિણામે નાગર જ્ઞાતિ ગુસ્સે થઇ અને તે બધાને નાત બહાર કર્યા. પણ આ બધા પર તેની કોઈ અસર ન થઈ. ઉલટાનું હરિજન સેવાનો સંકલ્પ દૃઢ થયો.

ત્યારે રાજકીય પ્રવૃત્તિનું કેન્દ્ર અંજાર હતું. પણ ધીમે ધીમે ભુજમાં કેન્દ્રિત થવા લાગી. ગુલાબભાઈ હવે મિત્ર કાંતિપ્રસાદ સાથે ગામડે ગામડે ફરવા લાગ્યા અને પ્રજા જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવા લાગ્યા. રાજાશાહીના અમલદારો બધાને ડરાવતા હતા, પણ આ મિત્રો જરા પણ ડરતા ન હતા અને પોતાની પ્રવૃત્તિ ખુલ્લેઆમ કરતા હતા. તેમની નીડરતાથી પ્રજા જાગૃત થવી શરૂ થઈ. ગુલાબભાઈ એવા તો લોકપ્રિય બનવા લાગ્યા કે ભુજમાંનું તેમનું ઘર જાહેર બનવા લાગ્યું. **કોઈ પણ કચ્છી ત્રસ્ત થતો, તો તેમના ઘરે આવતો. તે તેને આશ્વાસન આપતા.** તેમના વતી અમલદારોને મળતા અને ગરીબોને ન્યાય અપાવતા.

આ દરમિયાન કચ્છમાં હરિજન સેવક સંઘની સ્થાપના થઇ. ગુલાબભાઈ પણ તેમાં સક્રિય રહેવા લાગ્યા.

આ બધી પ્રવૃત્તિઓના પરિણામે તેઓ કોઈ જ વ્યવસાય કરી શકતા ન હતા. તેમણે સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી અને કચ્છ માટે પોતે અકિંચન રહી ગરીબોની સેવાનું વ્રત લીધું. આજીવન ગરીબ જ રહ્યા.

આ દરમિયાન મુંબઈમાં **"કચ્છી પ્રજાકીય પરિષદ"** સ્થપાઈ. પહેલું અધિવેશન મુંબઈમાં ભરાયું. પણ પછી બીજું અધિવેશન માંડવીમાં ભરાયું. આ પરિષદમાં કચ્છી કારીગરીનું પ્રદર્શન યોજવાનું નક્કી થયું. આ કામ ગુલાબભાઈને સોંપાયું. તેમણે ખૂબ જ સુંદર રીતે કામ કર્યું અને પ્રશંસા મેળવી.

ગાંધીજીના પ્રવાસ પછી કોંગ્રેસના સેવકોએ ખેડૂત મંડળ રચ્યું અને ખેડૂતોના સવાલો ઉપાડ્યા. તે માટે તેમણે કચ્છનો પ્રવાસ કર્યો. **ભુજપુર ગામમાં "કચ્છ પ્રજામંડળ"ની શરૂઆત કરી.** ગુલાબભાઈના તંત્રીપદ હેઠળ "કચ્છી પ્રજા મંડળ પત્રિકા" પણ શરૂ કરવામાં આવી. ૧૯૩૪માં ભુજમાં પરિષદની બેઠક બોલાવવામાં આવી. તેમાં ગુલાબભાઈ મંત્રી બન્યા. તેમણે અનેક પ્રવૃત્તિઓ સાથે કચ્છના યુવાનોને ખૂબ પ્રેરણા આપી.

આ યુવાનોએ ત્યારે **"ચિતા સત્યાગ્રહ"** યોજ્યો. યુવાનો બંદૂકો લઈ નીકળી પડ્યા. પણ ગુલાબભાઈએ સુલેહ કરાવી અને સત્યાગ્રહને સફળ બનાવ્યો.

ત્યાર પછી **"રખાલ સત્યાગ્રહ"** કરવામાં આવ્યો. તે કરવા કચ્છના યુવાનોએ 'નવયુવાન સંઘ'ની સ્થાપના કરી. તેમણે સીધી લડત કરવાનો નિશ્ચય કર્યો. તેમણે રખાલનો સવાલ જ હાથમાં લીધો. રાજ્યને નોટિસ આપી. પત્રિકાઓ બહાર પાડી. ભુજમાં જાહેર સભા ભરી. સત્યાગ્રહનું એલાન કરવામાં આવ્યું. લોકોમાં ચેતના પ્રસરી ગઈ. સભા પૂરી થતાં જ દસેક હજારનું સરઘસ ઉમેદ ભવન તરફ આગળ વધ્યું. ત્યારે યુવરાજ વિજયરાજજી સત્તા પર હતા. તેમણે આ નવયુવાનોને ચર્ચા માટે આમંત્રણ આપ્યું. ત્યારે યુવાનોએ માંગણી કરી કે જો ગુલાબભાઈને સાથે બોલાવવામાં આવે તો જ તેઓ યુવરાજને મળશે. તરત યુવરાજે મોટર મોકલી અને ઘેરથી ગુલાબભાઈને બોલાવ્યા. તેમણે ગુલાબભાઈ અને યુવાનો સાથે ચર્ચા કરી અને સુખદ સમાધાન થયું. આમ ગુલાબભાઈની દોરવણીથી નવયુવાન સંઘને ઝળહળતી ફતેહ મળી અને પ્રશ્નનો ઉકેલ પણ આવ્યો.

આ દરમિયાન રાજ્યે દેશદ્રોહના ગુના માટે ૫૭એ ની કલમ ઉમેરી. તેનો વિરોધ કરવા ભુજમાં પરિષદની મીટિંગ મળી. સભાઓ ભરવાનું નક્કી થયું. ભુજની નાગર વંડીમાં સભા ભરવાનું નક્કી થયું. સાંજે લોકોનાં ટોળાં વંડી તરફ જવા લાગ્યા. પણ ત્યાં પહોંચતા જોયું કે વંડીની બારી બહાર તાળા હતા. નાગરના પટેલો રાજ્યના નોકર હતા. તેમણે રાજ્યને ખુશ કરવા આમ કર્યું. હવે શું કરવું? ગુલાબભાઈને આ વાત ન ગમી. તેમણે જાહેર કર્યું કે તે તાળા તોડી નાખશે અને વંડીમાં જ સભા ભરાશે. બધા સાથે મળી વંડી પહોંચ્યા અને તાળા તોડી નાખ્યા. સભા ત્યાં જ યોજાઈ. બધા ૫૭એ ની વિરુધ્ધ બોલ્યા. ગુલાબભાઈએ તેના વિરુધ્ધ ઠરાવ મૂક્યો, જે પસાર થયો.

આ દરમિયાન અનેક નાના કામો પણ કરતા રહ્યા. એક વાર દિવાને પ્રાણલાલ શાહને બંગલે બોલાવી માર્યા. ગુલાબભાઈએ આ પ્રશ્ન ઉપાડી લીધો. દિવાનની જાહેરમાં માફી મંગાવી. બીજી વાર પ્રાણલાલ શાહે એક રાજ્ય વિરુધ્ધ પુસ્તિકા લખેલ. તેથી તેમને જેલમાં પૂરી દેવાયા. ત્યારે વિદાય લેતા દિવાનનો વિદાય સમારંભ હતો. જેમાં ગુલાબભાઈને આમંત્રણ હતું. પણ તેમણે કહ્યું કે જ્યાં સુધી પ્રાણલાલ શાહ મુક્ત નહીં થાય ત્યાં સુધી તે પ્રસંગમાં હાજર નહીં રહે. તરત મહારાવે તેમને મુક્ત કર્યા. પછી જ તે પ્રસંગમાં હાજર રહ્યા.

**સ્વતંત્રતા પછી લોકસભાની ચૂંટણી થઈ. તેમાં બે વખત ચૂંટાઈને ગયા અને કચ્છના સવાલો મૂક્યા. ત્યાર પછી વિધાનસભામાં પણ બે વાર ચૂંટાયા અને ધારાસભ્ય તરીકે સેવાઓ આપી. આમ, છેલ્લે સુધી તે કચ્છની યથાશક્તિ સેવા કરતા રહ્યા.**

ગુલાબભાઈના વ્યક્તિત્વનો વિચાર કરીએ છીએ ત્યારે નવાઈ લાગે છે. અમલદારને ઘેર જન્મેલ ગુલાબભાઈએ જીવનભર ગરીબી સ્વીકારી. સદા અકિંચન રહ્યા. સાંસદ કે ધારાસભ્ય હોવા છતાં ક્યારેય પૈસા એકઠા ન કર્યા. ઉલટું ગયા ત્યારે તેમના પર દેવું હતું. કમાણી કરવાનું ક્યારેય ન વિચાર્યું. તેમણે પોતાના જીવનની પળેપળ કચ્છ માટે જ વાપરી. તે પોતાને સમગ્ર કચ્છના પ્રતિનિધિ માનતા. કચ્છ અને કચ્છીઓ માટે જ કામ કરવાનું છે એમ માનતા. તેમનું ઘર કચ્છીઓ માટે વાત્સલ્ય ધામ બની ગયું હતું.

તેમનો પહેરવેશ પણ આજીવન એક જ રહ્યો : ખાદીનું ધોતીયું, પહેલાં પાઘડી, પછી ટોપી અને લાંબો કોટ. લગભગ તો તે ફાટેલ કે થીગડાંવાળો જ હોય. ઘરનું ફર્નિચર પણ જૂનું જ રાખતા. ક્યારેય ઘરમાં ઠઠારો ન કર્યો.

રાજકારણમાં પણ તે સંપૂર્ણ સદ્‌ગૃહસ્થ રહ્યા હતા. તેમના કટ્ટર વિરોધીઓ પણ તેમને માન આપતા.

તે માનતા કે કચ્છને લગતી કોઈ પણ સભા કે મીટિંગ હોય તેમાં તેમણે જવું જ જોઈએ. એટલે લગભગ બધી જ સભાઓમાં હાજરી આપતા. છેલ્લે કોમર્સ કૉલેજની મીટિંગમાં ગયા ત્યારે સખત ઠંડી હતી. તેમને ઠંડી લાગી ગઈ અને ન્યુમોનિયા થયો. તે તેમના માટે જીવલેણ નીકળ્યો અને ૨૯ જાન્યુઆરી, ૧૯૭૨ના તેમણે દેહ ત્યાગ્યો.

**તેમના જીવનનું સૂત્ર હતું ગાંધીજીનું વાક્ય : "જગત આપણું લેણદાર છે. આપણે તેના દેવાદાર છીએ.** જગત


**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)**

કચ્છના સ્વાતંત્ર્ય વીરો

# કચ્છના અડીખમ પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની : ફૂલશંકર પટ્ટણી



નરેશ અંતાણી



કચ્છના પત્રકાર જગતમાં ભેખધારી પત્રકાર તરીકે જાણીતા સ્વાતંત્ર્ય સેનાની અને કચ્છના અગ્રણી ફૂલશંકરભાઈ પટ્ટણી પણ આઝાદીની ચળવળ દરમિયાન કચ્છના જાહેર જીવનના અગ્રણી તરીકે સક્રિય રહ્યા હતા. તેમનો જન્મ ભુજના નાગર પરિવારમાં ૫મી ઓગસ્ટ, ૧૯૦૬ના ભુજ ખાતે થયો હતો. જન્મ પછી ટૂંક સમયમાં જ માતાના અવસાનને કારણે માસી માસાને ત્યાં એમનો ઉછેર થયો. અંજાર અને ભુજમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી મુંબઈ ખાતે જી.ટી. હાઈસ્કૂલમાં દાખલ થયા. એ દરમિયાન દેશની સાથે મુંબઈમાં પણ ચાલતી આઝાદીની ચળવળની અસર તેમનામાં થઈ અને ચાલુ અભ્યાસ છોડી મહાત્મા ગાંધીથી પ્રભાવિત થયા અને આગળ અભ્યાસ માટે રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ગુજરાત વિદ્યાપીઠની વિનીત સુધીની હિંદી પરીક્ષાઓ પાસ કરી. અભ્યાસ દરમિયાન અસહકારની લડતમાં જોડાયા. એ સમયે રેંટિયા ઝુંબેશ, પત્રિકાઓ વહેંચવી વગેરે જેવી પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. એ દરમિયાન પોલીસની સોટીઓ પણ ખમવી પડી.

ઈ.સ. ૧૯૨૫માં કચ્છ આવ્યા અને જિલ્લાના વિવિધ ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરી વિદ્યાર્થીઓને પણ બ્રિટિશરોની ગુલામીમાંથી દેશને આઝાદ કરવાના વિચારો આપ્યા.

પણ ગાંધીજીના વિચારોથી રંગાયેલા હોવાને કારણે શિક્ષણ કાર્ય છોડી પત્રકારનો વ્યવસાય અપનાવ્યો અને એ દ્વારા જનચેતનાનું કાર્ય આરંભ્યું. શરૂઆતમાં મુંબઈના 'સ્વદેશ' અને અમદાવાદના 'નૂતન ગુજરાત' સાપ્તાહિકમાં લખવાનું શરૂ કર્યું.

કચ્છમાં એ સમયે ચાલતી બેવડી લડત — એક તો બ્રિટિશરોની ગુલામીમાંથી દેશને છોડાવવાની લડત અને બીજી કચ્છના રાજવીઓના શાસનમાંથી કચ્છને મુક્ત કરી સ્વાયત્ત શાસન માટેની લડત માટે રચાયેલી કચ્છ પ્રજાકીય પરિષદ સાથે સક્રિય રીતે જોડાયા. ઈ.સ. ૧૯૩૦માં અંજાર ખાતે ભરાયેલા કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશનને સફળ બનાવવા તેના પ્રચારક તરીકે જોડાયા. કચ્છના પત્રકાર છગનલાલ ભવાનીશંકર મહેતાના **વર્તમાનપત્ર 'કચ્છ વર્તમાન'માં તેના સહતંત્રી તરીકે ૧૯૩૦માં જોડાયા.** એ પછી ૧૯૩૨-૩૪ના ગાળામાં કચ્છ પ્રજા મંડળના સમાચાર પત્ર **'વતન'**માં પણ જોડાયા. પણ **આખરે સ્વતંત્ર મિજાજ ધરાવતા ફૂલશંકરભાઈએ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ના દિવસથી મુંબઈ ખાતેથી પોતાનું અખબાર 'જયકચ્છ' શરૂ કર્યું.** તેમના 'જયકચ્છ'માં પ્રકાશિત થતાં તેજાબી લખાણોથી કચ્છ રાજ્યનો ખોફ વહોરી લીધો. અનેક પ્રકારના પ્રલોભનો, બદનક્ષીના કેસોનો તેમણે સામનો કર્યો. જયકચ્છને તેમણે અનેક મુશ્કેલીઓ, આર્થિક ખેંચ વગેરે જેવા અનેક પ્રશ્નો હોવા છતાં એકલપંડે આજીવન તેને ચાલુ રાખ્યું અને હાલે પણ તેમના પૌત્ર **તેજસ પટ્ટણી** તેને ચલાવી રહ્યા છે.


૧૯૩૫-૩૬ના વર્ષમાં રાપરના એક પોલીસ અમલદારે બદનક્ષીનો કેસ છેક સિંધની નગર પારકર કોર્ટમાં કેસ કરતાં તે લડવા ઊંટ પર કચ્છના રણની કપરી મુસાફરી કરી જતા. જો કે સાક્ષીઓ રજૂ ન કરી શકવાને કારણે કેસ હારી ગયા અને દંડની સજા થઈ હતી. આવા તો અનેક બદનક્ષીના કેસોનો તેમણે હિંમતભેર સામનો કર્યો. આમ છતાં ક્યારેય તેઓ ઝુક્યા નહોતા. કોઈની પણ શેહશરમ રાખ્યા વગર કચ્છ રાજ્યની બદીઓ સામે લાવવાનું કાર્ય નિર્ભિક રીતે તેમણે ચાલુ રાખ્યું હતું.

૧૯૩૯માં કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી તરીકેની જવાબદારી પણ નિભાવી કચ્છ રાજ્યતંત્ર સામેની લડતમાં જુસ્સાભેર ભાગ લીધો. **પરિણામે કચ્છ રાજ્યે ૧૯૪૦ના વર્ષમાં 'જય કચ્છ' પર પ્રતિબંધ નાખ્યો.** આથી જરાય મચક આપ્યા સિવાય ફૂલશંકરભાઈએ **'વિજય કચ્છ'**ના નામે વર્તમાનપત્ર શરૂ કર્યું. તો કચ્છ રાજ્યે તે પણ બંધ કરાવ્યું. આથી કચ્છ પત્રિકા, જાગૃત કચ્છ અને કચ્છ સમાચાર નામે પણ વર્તમાનપત્રો શરૂ કર્યા. તે તમામ પર કચ્છ રાજ્યનો કોરડો વિંઝાતો આવ્યો. છેવટે એમણે **'જીએરા'** નામનું મુખપત્ર શરૂ કર્યું. તેના પર પ્રતિબંધ ન લદાયો. કોઈપણ સત્તાધીશ અમલદાર હોય, રાજવી પરિવાર હોય કે ગમે તેવો ચમરબંધી હોય — **ફૂલશંકરભાઈ બેધડક રીતે પ્રજાને કનડગત કરનારાના કારનામા બહાર લાવતા.**

પત્રકાર તરીકેની લાંબી કારકિર્દી દરમિયાન તેમણે ક્યારેય સિદ્ધાંતો સાથે બાંધછોડ નથી કરી. પછી ઘરની આર્થિક સ્થિતિ ગમે તેવી કેમ ન હોય!

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૨ ઉપર)**

કચ્છના સ્વાતંત્ર્ય વીરો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

## મુંબઈમાં મુક્તિ સંગ્રામના કચ્છી સેનાની
# રાષ્ટ્રવાદી સેવક : યુસુફ મહેરઅલી



*જન્મ :*
*તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૦૩*

*નિધન :*
*તા. ૨જી જુલાઈ, ૧૯૫૦*

કચ્છે જે સ્વાતંત્ર્યવીરો દેશને આપ્યા છે તેમાં બિરાદર યુસુફ મહેરઅલી વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આઝાદી આંદોલન સમયે કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ તરીકે **એમણે કચ્છમાં લોકસ્વરાજની લડતને આગેવાની પૂરી પાડી હતી.** મુંબઈના રાજકારણમાં પણ તેઓ એટલા જ સક્રિય હતા અને મુંબઈ મહાનગરપાલિકાના પ્રથમ કચ્છી મેયર બન્યા હતા.

વર્તમાન પેઢીએ કદાચ એમનું નામ પણ નહીં સાંભળ્યું હોય. પરંતુ આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાં એમનું નામ દેશભરમાં જાણીતું હતું. મહેરઅલી યુવાવર્ગના અત્યંત પ્રિય નેતા અને ચુસ્ત રાષ્ટ્રવાદી સેવક હતા. એમની વ્યવસ્થા શક્તિ, વિષયના ઊંડાણમાં જવાની ક્ષમતા, લોકમિજાજને પારખવાની દૃષ્ટિ અને સંગઠન કૌશલ્ય ગજબના હતા.

- **જાહેર જીવનમાં પ્રવેશ**

મૂળે ભદ્રેશ્વર (તા. મુંદ્રા, જિ. કચ્છ)ના વતની અને વર્ષોથી મુંબઈ વસતા શ્રીમંત ખોજા પરિવારમાં પિતા જાફર મહેરઅલીને ત્યાં એમનો જન્મ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૦૩ના થયો હતો. ૧૯૨૫માં અર્થશાસ્ત્ર સાથે સ્નાતક થયા અને ૧૯૨૯માં કાયદાની ઉપાધિ મેળવી. પોતાની અટક 'મર્ચન્ટ'નો એમણે પ્રારંભથી જ ત્યાગ કર્યો હતો. વિદ્યાર્થીકાળથી વાંચનના રસિયા હોવાથી બહુવિધ વિષયોના જાણકાર થયા. જગતના ક્રાંતિકારી નેતાઓનાં ચરિત્રોમાંથી જીવનભર પ્રેરણા પામ્યા હતા. કૉલેજમાં કાળા કપડાધારી બાર સભ્યમિત્રોની **'રાસ્પુટન ક્લબે'** ત્યારે ભારે રહસ્ય અને વિસ્મય સર્જ્યાં હતા. ગાંધીજીના અસહકાર આંદોલન (૧૯૨૦)થી એમણે રાષ્ટ્રીય પ્રશ્નોમાં રસ લેવા માંડેલો. કૉલેજકાળથી જ **'યંગ ઇન્ડિયા સોસાયટી'** સ્થાપીને મુંબઈની વિદ્યાર્થી આલમની નેતાગીરી એમણે લઈ લીધી હતી.

ચૌરીચોરા હત્યાકાંડના પગલે અસહકાર લડત થંભાવી દેવાતાં સર્વત્ર નિરાશા વ્યાપી હતી. પણ યુસુફ અને એમના સાથીઓને લાગ્યું કે દેશમાં સફળ ક્રાંતિ અર્થે આત્મસમર્પણની ભાવનાવાળા ચુનંદા યુવકોને તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. પરિણામે ૧૯૨૫ના અરસામાં **'બોમ્બે પ્રોવિન્શિયલ યુથ લીગ'** અને **'બોમ્બે સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ'** જેવા મંડળો રચ્યા. આનાથી તેમનો જાહેર જીવનમાં પ્રવેશ થયો. એમની પ્રેરણાના પૂર એટલા પ્રબળ હતા કે તેઓ 'યુવા હૃદયના સમ્રાટ' બની ગયા!

- **'સાયમન — પાછા જાવ' :**

તે અરસામાં સ્વાતંત્ર્ય આપવાની બાબત ચકાસવા સર જોહ્ન સાયમન (૧૮૭૩-૧૯૫૪)ની આગેવાની હેઠળ એક તપાસપંચ ભારત આવી રહ્યું હતું. દેશભરમાં આ 'સાયમન કમિશન'નો ભારે વિરોધ થયો, પણ મુંબઈમાં તેને જલદ બનાવવાની પહેલ યુવાન યુસુફ અને તેના સાથીઓએ કરી.

પીઢ નેતાઓની મનાઈ છતાં ૩જી ફેબ્રુઆરી, ૧૯૨૮ના મુંબઈ બંદર પર તરુણ મહેરઅલીની સરદારી નીચે ચારસો નવયુવકોની ટુકડી કૂચ કરી ગઈ અને 'સાયમન — પાછા જાવ'ના પોકારો સાથે ઉગ્ર દેખાવો યોજાયા. ત્યારથી એમની વિદ્રોહી પ્રતિભા ઝળકી ઉઠી અને એમનું નામ કરોડો હિંદવાસીઓની જીભે ચડી ગયું. મહેરઅલીને દેશના ધૂંધવાતા વિરોધને મુંબઈના મુખવાટે 'બોલતો' કર્યો.

૧૯૩૦-૩૨ની લડતો દરમિયાન સભા-સરઘસો પર પ્રતિબંધ હતો ત્યારે જનતાના ઓસરતા જુવાળને એમની સ્થાપેલી 'નેશનલ મિલિશિયા' એ જ ચેતન પૂરું પાડ્યું હતું. યુથ લીગના મંત્રી તરીકે એમણે વિશ્વ શાંતિ તરુણ કોંગ્રેસ (હોલેન્ડ)માં પણ ભાગ લીધો. મહેસૂલી સત્યાગ્રહ (બારડોલી), ખેડૂત સંમેલન (ગોધરા), દેશી રજવાડાઓનું વિલીનીકરણ (ભાવનગર) જેવા પ્રસંગોએ તેઓ ગુજરાત આવી ગયેલા.

- **સમાજવાદી પક્ષની સ્થાપના :**

૧૯૩૨-૩૪ના નાસિક કારાવાસમાં પોતાના જેવી ઉદ્દામ વિચારસરણીવાળા અનેક યુવાનોના સંપર્કમાં આવ્યા. એ સૌને વિશ્વ રાજકારણના પ્રવાહોના વાંચન અને ચર્ચા કરવાની તક

મળી. પરિણામે આઝાદીની લડતમાં પ્રજાની આકાંક્ષાઓને મોખરાનું સ્થાન આપવાની જરૂર લાગતાં ૧૯૩૪માં મુંબઈ ખાતે **'કોંગ્રેસ સમાજવાદી પક્ષ'**ની સ્થાપના થઈ.

યુસુફ મહેરઅલીએ વર્ષો સુધી તેનું મહામંત્રીપદ સંભાળ્યું. દેશની તરુણ શક્તિને સમાજવાદી ચિંતન અને આંદોલન સાથે જોડવામાં મહેરઅલીનું પ્રદાન મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. મુંબઈના ગુમાસ્તાઓ, ભાડૂતો અને કામદારોની અનેક લડતોનો દિશાદોર સંભાળ્યો. એમણે સ્થાપેલું **'ગુમાસ્તા મંડળ'** દેશભરમાં નોકરિયાત વર્ગનું પહેલું ટ્રેડ યુનિયન હતું.

સમાજવાદી સમાજરચના માટે સમર્પિત કેપ્ટન મહેરઅલીએ પક્ષીય પ્રચાર માટે ૧૯૩૫-૩૬માં આખા દેશનો પ્રવાસ ખેડ્યો. જેમાં દરરોજ ચાર-પાંચ સભાઓને સંબોધતા. ૧૯૩૮માં તેઓ વિશ્વ યુવક પરિષદ (ન્યુયોર્ક) અને વિશ્વ સાંસ્કૃતિક સંમેલન (મેક્સિકો) માટે યુરોપ - અમેરિકાની સફર કરી આવ્યા. તો, અખિલ ભારત વિદ્યાર્થી પરિષદના પટણા અધિવેશન (૧૯૪૧)ના તેઓ કર્ણધાર હતા.

● **કચ્છના રાજકીય સુકાની :**

**કચ્છી પ્રજાકીય પરિષદના પાંચમા અધિવેશન (ભચાઉ, ૧૯૩૭)માં મુંબઈથી બિરાદર મહેરઅલી પ્રથમવાર હાજર રહી કચ્છની સ્વાતંત્ર્ય સંઘર્ષની પ્રવૃત્તિમાં સંકળાયા હતા. ૧૯૩૮માં 'સ્વદેશી ચળવળ' માટે કચ્છનો પ્રવાસ ખેડ્યો હતો.** તે પછી ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર, ૧૯૩૮ના પરિષદના છઠ્ઠા અધિવેશન (મુંદ્રા)ના પ્રમુખ બનીને મહેરઅલી જેવી રાષ્ટ્રીય પ્રતિભાસંપન્ન વ્યક્તિ ટૂંકાગાળા માટે કચ્છના રાજકીય સુકાની પણ બન્યા હતા.

આ સંમેલનમાં એમણે જોશીલી વાણીમાં કચ્છના યુવા શક્તિને ઢંઢોળી હતી અને 'જવાબદાર રાજતંત્ર'ની માંગણી સાથે પ્રજાને સીધી લડતની તૈયારી માટે આહ્વાન અપાયું હતું. મહેરઅલીએ કચ્છરાજને ૩૧મી માર્ચ, ૧૯૩૯ સુધી કચ્છમાં પ્રજાકીય શાસન સ્થાપવાની તાકીદ કરી હતી અને તે માટે દોઢેક માસના ગાળામાં એમણે કચ્છનાં મુખ્ય સ્થળોએ સભા - સરઘસો યોજી કચ્છી પ્રજાને સજ્જ કરેલી.

તે પછી ૧૯૩૯માં પડઘારૂપ અનેક બનાવો બન્યા. ૧૬મી જાન્યુઆરીના મહારાવ — મહેરઅલી મિલન નિષ્ફળ રહ્યું. પ્રજાનો જુસ્સો ટકાવી રાખવા ૨૦મીના મહેરઅલીના નેતૃત્વ હેઠળ ભુજમાં વિરાટ **'અખિલ કચ્છ કિસાન સંમેલન' યોજાયું. જે કચ્છની પ્રજાજાગૃતિ કાળનો મહત્ત્વનો પ્રસંગ લેખાય છે.** તે પછી ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૯ના કચ્છમાં પ્રથમવાર પરિષદ પ્રમુખ મહેરઅલીની હાજરીમાં 'જવાબદાર રાજતંત્ર દિવસ'ની મોટા પાયે ઉજવણી થઈ. કચ્છમાં વ્યાપક સ્વરૂપનો એ પ્રથમ રાજકીય બનાવ હતો.



*સ્વદેશી ચળવળ (૧૯૩૮)ની જાગૃતિ અર્થે કચ્છના પ્રવાસ દરમિયાન બિરાદર મહેરઅલી કોઠારા (તા. અબડાસા) પધારેલા ત્યારની આ વિરલ તસવીરમાં ગામના સેનાનીઓ પૈકી ડાબેથી પં. વિઠ્ઠલજી જેઠાભાઈ જોશી, ડાડા ખત્રી, યુસુફ મહેરઅલી, ડૉ. અલી મહંમદ તથા ગ્રામજનો.*

આ રાજકીય લડતના ભાગરૂપે ૨૪/૨૫મી માર્ચે ભુજમાં 'કચ્છ મહિલા સંમેલન' અને ૨૮/૨૯મી માર્ચે માંડવીમાં 'કચ્છ યુવક પરિષદ' પણ આયોજાયા. જો કે ગાંધીજીની સૂચનાથી કચ્છમાં પણ જવાબદાર રાજતંત્રની લડત પાછી ખેંચાઈ. છતાં પરિષદનાં આંદોલનોએ કચ્છની પ્રજામાં રાજકીય જાગૃતિ આણવાનું કામ તો કર્યું જ હતું. તે પછી ૧૯૪૦માં પ્રમુખપદેથી રાજીનામું આપી, મહેરઅલી રાષ્ટ્રીય કક્ષાએ સત્યાગ્રહમાં જોડાવા ગયા.

સુરેન્દ્રભાઈ પુરુષોત્તમ શેઠ (૧૯૩૨-૨૦૦૩) નોંધે છે તેમ મહેરઅલીના પ્રમુખપદેથી કચ્છના જાહેર જીવનને ગતિ, વ્યાપ અને આદર્શ પ્રાપ્ત થયા હતા તેમજ કચ્છની પ્રજાકીય ચળવળને દેશના આઝાદી આંદોલનના એક ભાગ તરીકે આકાર મળ્યો તે એમના નેતૃત્વનું એક અગત્યનું પરિણામ છે.

● **લેખન અને પ્રકાશન :**

રાજકારણના ઝંઝાવાતમાં આટલા રમમાણ રહેતા હોવા છતાં એમનો સંસ્કાર-સંસ્પર્શ જરા પણ ઊણો ન હતો. પુસ્તકોના તો એ જાણે પાગલપ્રેમી હતા! સાહિત્ય અને કલા પ્રત્યેની રસિકતા એટલી ઊંડી હતી કે એમની ચોમેર અદ્યતન પ્રકાશનોના ઢગ વિખરાયેલા પડ્યા હોય.

૧૯૨૯માં મહેરઅલીએ **'વેન્ગાર્ડ'** નામે અંગ્રેજી સાપ્તાહિક શરૂ કરેલું. એના નિર્ભિક અને નિખાલસ લખાણોથી આ પત્રે સારી ચાહના મેળવેલી. પરંતુ ૧૯૩૦માં દાંડીકૂચ દરમિયાન યુસુફજીએ લીધેલી ગાંધીજીની મુલાકાત તેમાં છપાયા બાદ સત્તાવાળાઓએ તેને દબાવી દીધેલું. વિવિધ પુસ્તકોની ટૂંકી સમીક્ષા સહિતની યાદી ધરાવતી 'વૉટ ટુ રીડ' લખીને એમણે પુસ્તિકા પ્રકાશન ક્ષેત્રે નવી કેડી કંડારેલી. સમાજવાદી પક્ષના મુખપત્ર 'જનતા' સાપ્તાહિક માટે પણ તેઓ નિયમિત લખતા.

લાહોર કારાવાસ દરમિયાન એમણે પંજાબના રાજકારણ અને સમાજજીવન પર માર્મિક દૃષ્ટિપાત કરાવતું 'ટ્રીપ ટુ પાકિસ્તાન' (૧૯૪૨) નામક પુસ્તક લખ્યું. તો, બે ભાગમાં પ્રકાશિત 'લીડર્સ ઑફ ઇન્ડિયા' (૧૯૪૦)માં એમનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અને ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં વ્યક્તિચિત્રો ઉપસાવવાની દૃષ્ટિ અનુભવાય છે.

● **મુંબઇના સક્રિય આગેવાન :**

રાષ્ટ્ર સાથે મુંબઈ શહેરના પણ તેઓ એટલા જ સક્રિય રાજકીય નેતા હતા. ૧૯૩૫માં તેઓ પહેલીવાર મુંબઈ મહાનગર પાલિકાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. તે પછી ૧૯૪૨માં લાહોર જેલવાસ દરમિયાન જ તેઓ મુંબઈ મહાનગર નિગમની ચૂંટણીમાં ભુલેશ્વર જેવી ચુસ્ત કોંગ્રેસવાદી બેઠક પરથી પુનઃ ચૂંટાઈ આવ્યા. ૨જી એપ્રિલ, **૧૯૪૨ના તેઓ મુંબઇના પ્રથમ કચ્છી મેયર બન્યા** અને આમ એક કેદી શાસક બની ગયા! આ પદની તવારીખમાં તેઓ સંભવતઃ 'સૌથી નાની વયના નગરપતિ' હોવાનો વિક્રમ ધરાવે છે. **૧૯૪૬માં તેઓ મુંબઈ ધારાસભામાં ચૂંટાઈ આવ્યા હતા.** રાજકારણમાં તેઓ અજાતશત્રુ અને ઉદ્દામ-વિનીત બંને પક્ષના વિશ્વાસુ હતા. એટલે જ કોંગ્રેસમાંથી છૂટા પડ્યા છતાં એમના સૌજન્યશીલ અને કાર્યરત સ્વભાવના કારણે કોંગ્રેસે પોતાનો ઉમેદવાર ખેંચીને મુંબઇ વિધાનસભામાં એમના માટે માનભેર સ્થાન કરી આપ્યું હતું! ભારતની સ્વાતંત્ર્ય તવારીખમાં સીમાચિહ્ન ગણાતી અને મુંબઇના ગોવાલિયા ટેંક ખાતે યોજાયેલી 'હિંદ છોડો ચળવળ' (ઓગસ્ટ ક્રાંતિ, ૧૯૪૨)માં દેશના ટોચના નેતાઓ સાથે મહેરઅલીએ પણ ભાગ લીધેલો. **'ભારત છોડો' (ક્વિટ ઇન્ડિયા) જેવું આકર્ષક અને પ્રભાવક સૂત્ર યુસુફ મહેરઅલીએ આપેલું એ બાબત કદાચ ઓછા લોકો જાણતા હશે.**

જેલમાં ધકેલાયા પછી એમની તબિયત પર હૃદયરોગનો પહેલો ફટકો પડ્યો. ૧૯૪૭-૪૮માં એના ઉપચાર માટે અમેરિકા પણ રહી આવ્યા. પણ એમના વ્યસ્ત અને વેગીલા જીવનને લીધે હૃદય પરની આ ચોટે તીવ્ર અસર કરી અને ૨જી જુલાઈ, ૧૯૫૦ના માત્ર ૪૭ વર્ષની વયે અંતિમ વિદાય લીધી. એમની સ્મૃતિમાં **મુંબઈમાં કચ્છી વેપારીઓથી ધમધમતા મસ્જિદ બંદર રોડ (મુંબઈ-૯)ને 'યુસુફ મહેરઅલી માર્ગ' નામ અપાયું છે.**

● **યુસુફ મહેરઅલી સેન્ટર :**

મહેરઅલીની સ્મૃતિને ચિરંજીવ રાખવા અને એમને પ્રિય એવી લોકસેવાની પ્રવૃત્તિ આગળ ધપાવવા એમના અંતરંગ મિત્રોએ ૧લી મે, ૧૯૬૧ના મુંબઈ ખાતે **'યુસુફ મહેરઅલી સેન્ટર'**ની સ્થાપના કરી. જેનું ઉદ્‌ઘાટન ડૉ. ઝાકિર હુસેને (૧૮૯૭-૧૯૬૯) કરેલું. તેના પ્રથમ પ્રમુખ વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા (૧૮૯૧-૧૯૬૪) હતા.

કેન્દ્રે પોતાની નક્કર કામગીરીનો પ્રારંભ ૧૯૬૭માં મુંબઇ-ગોવા માર્ગ આવેલ ગામ 'તારા' (તા. પનવેલ, જિ. રાયગઢ) ખાતે ચિકિત્સાલય સ્થાપીને કર્યો. આજે તેણે મોટું સ્વરુપ ધારણ કરી લીધું છે. આસપાસનાં વીસ ગામોની પછાત વસતિના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ સાકાર થઇ છે. નિદર્શન કેતર, કૃષિસેવા કેન્દ્ર, દુગ્ધાલય, ગૃહોદ્યોગ તાલીમ, આરોગ્ય શિક્ષણ, સાક્ષરતા અભિયાન, કુટુંબ કલ્યાણ, વનીકરણ, ૩૫ પથારીની ઇસ્પિતાલ, ૧૭૫ મહિલા મંડળો, મરાઠી - ઉર્દૂ માધ્યમની બે હાઈસ્કૂલો વગેરેનું સંસ્થા સંચાલન કરે છે.

તે પછી પણ તેની પ્રવૃત્તિઓ ખૂબ વિસ્તરતી ગઈ અને આજે મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, ગુજરાતમાં તેની શાખાઓ કાર્યરત છે. ખાસ કરીને શોષિતો - વંચિતોના સામાજિક - આર્થિક ઉત્થાન માટે તે કાર્ય કરે છે. સંસ્થાની સામાજિક સેવાની કદર રૂપે યંગ મેન્સ ગાંધીઅન એસોસિએશન (રાજકોટ) દ્વારા વર્ષ ૨૦૦૩નો 'અશોક ગોંધિયા ઍવોર્ડ' (માનવસેવા ક્ષેત્ર) આ સંસ્થાને એનાયત થયો હતો.

૧૯૯૪થી મહેરઅલીના પૈતૃક વતનના ગામ ભદ્રેશ્વરને કેન્દ્રમાં રાખીને સારસ્વતમ્ સંસ્થા સાથે કચ્છમાં આરોગ્ય - શિક્ષણલક્ષી પ્રવૃત્તિઓ કરે છે. ૨૦૦૧ના ધરતીકંપ પછી સેન્ટરે મુંદ્રા તાલુકાનાં કાંઠાળ પટ્ટી પરનાં છ ગામો (ભદ્રેશ્વર, હટડી, પાવડિયારા, કુકડસર, હમીરમોરા, કુવાય)માં રાહત સહાય - પુનર્વસન કામગીરી અને બાળકો માટેનાં 'બાલઘરો' શરૂ કર્યા છે. રાજ્યકક્ષાની બાળ નાટ્ય સ્પર્ધા (૨૦૦૬)માં ભદ્રેશ્વર કેન્દ્રનું નાટક 'બલિદાન' પ્રથમ ક્રમે આવ્યું હતું.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કચ્છના ગાંધી : ગુલાબશંકર ધોળકિયા

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

એ લેણું માગે કે નહીં, પણ આપણે તો આપણું દેવું સતત ચૂકવ્યે રાખવું જ જોઈએ.'' ગુલાબભાઈએ સતત દેવું ચૂકવ્યે જ રાખ્યું. તે માટે તેમણે ઘર, કુટુંબ, સગાં કોઈ તરફ ન જોયું. પોતાની પણ પરવા ન કરી. શારીરિક તકલીફો છતાં તનતોડ મહેનત કરી. કચ્છ ખાતર પોતાનાં હાડકાં ગાળી નાખ્યા.

**તેમને અંજલિ આપતાં એક નેતાએ તેમને ''કચ્છના ગાંધી'' કહ્યા તો એક હરિજને તેમને ''કચ્છના ઠક્કર બાપા'' કહ્યા. કોઇએ તેમની સાદગીની તુલના લાલબહાદુર શાસ્ત્રી સાથે કરી.**

આવા કચ્છના એક અનન્ય સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા આજે પણ આદરપાત્ર છે. ■

કચ્છના સ્વાતંત્ર્ય વીરો

# કચ્છના સરદાર : કાંતિપ્રસાદ અંતાણી

નિરુપમ છાયા



ભગવાન સૂર્યનારાયણનાં કિરણોથી પૃથ્વી પ્રકાશમય અને ચેતનવંતી થઈ છે. સૌ પોતપોતાનાં કાર્યોમાં પરોવાઇ ગયા છે. એ સમયે કચ્છનાં પાટનગર ભુજ નગરના રાજમાર્ગો પર એક સુશોભિત રથ પસાર તઇ રહ્યો છે. કચ્છના પ્રતાપી મહારાઓ દેશળજીની ગૌરવપૂર્ણ આભાથી રથ તેજસ્વી ભાસે છે. આસપાસ છત્ર ધરીને બે પરિચારકો, આગળ સજ્જ અંગરક્ષકો જાણે મહારાઓ પસાર થઇ રહ્યાની છડી પોકારી રહ્યા છે. આસપાસ પસાર થઇ રહેલા સૌ નગરજનો અદબપૂર્વક એક બાજુએ ખસી જાય છે અને લળીને સલામ પણ કરે છે. એ જ સમયે અચાનક એક બાજુથી એક સ્ત્રી ધસી આવે છે અને મહારાઓ સાહેબ એમ કહી આગળ આવે છે, પણ રથ તો ગતિમાં જ રહે છે. એટલે એ દોડીને તરત જ રથને પકડી લે છે અને મહારાઓશ્રી સમક્ષ પોતાની પીડા વર્ણવે છે. એ સ્ત્રીને એના પતિએ ઘરમાંથી કાઢી મૂકી હતી અને ભરણપોષણ માટે કશું જ આપતા નહોતા. બધા સ્તબ્ધ છે. પણ રાઓ દેશળજી બધું સમજી ગયા અને છેવટે એ સ્ત્રીને ન્યાય મળે છે. આ પ્રસંગમાં બે બાબતો ધ્યાન ખેંચે છે, એક તો મહિલા સ્વાતંત્ર્ય, સશક્તિકરણ કે એવા કોઇ આંદોલનો નહોતા ત્યારે એક સ્ત્રી હિંમતપૂર્વક આગળ આવે છે અને બીજી રીતે જોઈએ તો આ સત્યાગ્રહ પણ કહી શકાય. આવા માતૃકુળમાં એક બાળકનો જન્મ થાય છે અને એ જ્યારે ૨૩ વર્ષનો યુવાન થાય છે ત્યારે, આખોય દેશ જેને મહાત્મા તરીકે પૂજતો એવા મહાત્મા ગાંધીજીને મુખેથી, એમની કચ્છ મુલાકાત વખતે એની માતા, "**મા, તમારો આ પુત્ર તો હીરો છે હીરો. તમે તમારી કૂખે હીરાને જન્મ આપ્યો છે.**" એ શબ્દો સાંભળીને કેટલી ગદ્‌ગદિત થઈ ઊઠી હશે!

ઓજસ્વી માતૃપિતૃ કુળમાં જન્મ લઇ, એ કુળને પોતાના કર્મયોગથી ઉજાળનાર એ બાળક એટલે કાંતિપ્રસાદ અંતાણી. ગાંધીમાર્ગે ચાલીને, કચ્છમાં રચનાત્મક કાર્યોની કેડી કંડારનાર અને વિસ્તારનાર આ કર્મયોગી કાંતિપ્રસાદ કચ્છમાં જાણે સરદારરૂપ બની રહ્યા.

કાંતિપ્રસાદનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૯૦૨માં થયો. એમના દાદા શ્રી દયારામ અંતાણીએ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કચ્છ વતી ભાગ લીધો હતો. એવો જ વારસો એમના પિતાએ જાળવ્યો. એક કડક, સિદ્ધાંતનિષ્ઠ વહીવટદાર તરીકે રાજા કે જાગીરદારો સામે ઝઘડવું પડતું ત્યારે નીડરતાપૂર્વક અડીખમ રહેતા. એમના માતા પણ એવા નીડર અને સ્પષ્ટ વિચારો ધરાવતા. ગાંધીજીને મળ્યા અને ચરણસ્પર્શ કર્યા ત્યારે ગાંધીજીએ રમૂજમાં કહ્યું, "હું તો હરિજનનો દાસ છું. હવે તમે ન્હાશો?" ત્યારે તેમણે જવાબ આપ્યો, "હા, અંદર જઇને માથાબોળ ન્હાઇશ. આપ જેવા પૂજ્ય સંતના ચરણ સ્પર્શથી હું ખૂબ પાવન થઈ ગઈ છું. પણ સાથે સાથે મારો વૈદિક ધર્મ પણ પાળવો રહ્યો. એટલે (તમારા ચરણસ્પર્શ અને ન્હાવાનું) બંને હું કરીશ." **કેટલી સ્પષ્ટતા અને નીડરતા?** ગાંધીજીએ પણ આ ઉત્તર આદરપૂર્વક સ્વીકારેલો.

પિતા જાગીરદાર હતા અને એમની બદલી વારંવાર થતી. આમ, તેમનું બાળપણ વિવિધ ગામડાંઓમાં વીત્યું. પ્રાથમિક શિક્ષણ પણ આ જ રીતે થયું. એ વખતે ગામડાંઓમાં જાગીરદારી વ્યવસ્થાનો પૂરો પ્રભાવ હતો. જાગીરો અને જાગીરદારોનો ઠઠારો, અમલદારોનો તોર, વસતીનું માનસિક પછાતપણું, આ બધાની છાપ કાંતિપ્રસાદના મન પર ઝીલાતી રહી. વહીવટની દશા, જાગીરદારોની ખટપટ, એમાં પિતાની થતી કસોટી, આ બધું તેમણે જોયું. વાંઢીયા ગામે પ્રાથમિક શિક્ષણ પૂરું કરી, અંગ્રેજી શિક્ષણ માટે ભુજ આવ્યા. દાદાના મૃત્યુ પછી કાકા સાથે રહ્યા અને કાકાની બદલી થતાં માંડવી પણ ગયા. ત્યાં જી.ટી. હાઈસ્કૂલમાં દાખલ થયા. અહીંથી જ એમની જાહેર જીવનમાં ભાગ લેવાની શરૂઆત થઈ. અહીં તેમણે વિદ્યાર્થી એસોસિએશન સ્થાપ્યું. કચ્છના ઇતિહાસમાં આ પહેલી ઘટના હતી. પરિણામે શાળાના આચાર્ય સાથે સંઘર્ષ થયો અને કાંતિભાઈ હંમેશ માટે શાળા છોડી, ઉશ્કેરાટમાં ને ઉશ્કેરાટમાં

**માંડવીથી ભુજ ૫૭ કિ.મી. પગે ચાલીને આવ્યા.** આ સમયે તેમની ઉંમર હતી, ૧૭ વર્ષ!

૧૯૧૯ની એ સાલ. ભારતમાં ગાંધીજી આવી ગયા હતા અને એમનો પૂરો પ્રભાવ લોકો અને સ્વાતંત્ર્ય આંદોલન પર પડી રહ્યો હતો. કાંતિભાઈ પણ એનાથી અલિપ્ત શાના રહે? એ પણ સ્વાતંત્ર્ય આંદોલન પ્રત્યે આકર્ષાયા. તેમણે શિક્ષકની નોકરી સ્વીકારી. પણ સાથે સાથે જ લોકસંપર્ક વધાર્યો. લોક જાગૃતિનાં કાર્યો શરૂ કર્યા. કચ્છમાં થતા વિવિધ મેળાઓમાં જઇ, તત્કાલીન નેતાઓની છબીઓ વહેંચવાનું કાર્ય પણ કરતા.

આમ કાર્ય કરતાં કરતાં ૧૯૨૧માં કોંગ્રેસની પ્રવૃત્તિ શરૂ કરી. કોંગ્રેસના આજીવન સભ્ય પણ બન્યા. નેતાઓ સાથે પરિચય પણ કર્યો. જિલ્લાને સિંધને બદલે ગુજરાત કોંગ્રેસમાં મૂકાય તે માટે પ્રયત્ન કર્યા. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં પણ ભાગ લીધો. એની સાથે વિવિધ નોકરીઓ પણ ચાલુ હતી. તુણામાં પાછા શિક્ષક તરીકે જોડાયા. પણ એ તો ફક્ત ભરણપોષણ પૂરતી. જ્યારે સ્વમાનભંગનો પ્રશ્ન ઊભો થાય ત્યારે એક ઝાટકે છોડી દેતા.

કોંગ્રેસની પ્રવૃત્તિઓને કારણે વિસ્તૃત પ્રવાસો પણ થતા અને વલ્લભભાઈ સાથે પણ નિકટનો પરિચય થયો. તેમણે સરદાર સમક્ષ ચાર જીવનવ્રતો લીધા : (૧) પ્રલોભન કે મુશ્કેલીમાં કચ્છ ન છોડવું. (૨) સરકારી કે રાજ્યની નોકરીમાં ન રહેવું. (૩) યોગક્ષેમ માટે નોકરી કરવી. (૪) કોંગ્રેસને વફાદાર રહેવું. **માત્ર ૧૯ વર્ષની સ્વપ્ના જોવાની ઉંમરે, આ અસિધારા વ્રત અપનાવ્યા.**

હવે કાંતિપ્રસાદ કચ્છમાં એક નેતા તરીકે ઉભરી ચૂક્યા હતા. રાજ્યને ચિંતા થાય એ સ્વાભાવિક છે. એટલે તે શાંત થાય અને **રાજ્યને તેમની શક્તિઓનો લાભ મળે એ હેતુસર મહારાવે કહેણ મોકલ્યું.** પણ કાંતિભાઈએ તેમને પોતાનાં વ્રત કહ્યાં એટલે મહારાવે એ સ્વીકાર્યું અને **"રાજ્ય પ્રત્યે ઇમાનદારીથી વર્તજો"** એવું ચોથું વ્રત અપનાવવા કહ્યું. કાંતિપ્રસાદે વિનયથી તે સ્વીકાર્યું.

કચ્છ હવે જાગૃત થતું હતું. મહાત્મા ગાંધી દેશના લોકોના હૈયામાં સ્થાન મેળવી ચૂક્યા હતા. અંગ્રેજો સામે લડત સાથે સમાજ જાગૃતિનાં અનેક પાયાનાં અને રચનાત્મક કાર્યો માટે તેઓ સક્રિય હતા. તેને કચ્છમાં આમંત્રણ આપવું તેવું વિચારાયું. મહારાઓ ખેંગારજી છેવટે સહમત થયા. ગાંધીજીને રૂબરૂ આમંત્રણ આપવા જઇને કોઈ મહારાઓનો કોફ વહોરવા તૈયાર નહીં. છેવટે કાંતિપ્રસાદ તૈયાર થયા. તેઓ મુંબઈ ગયા, ત્યાં મળ્યા અને પછી બિહાર જઇ આમંત્રણ આપ્યું. ગાંધીજીએ તે સ્વીકાર્યું.

ગાંધીજીની કચ્છની મુલાકાત એક અલગ જ પ્રકરણ છે. મૂળ ઘાલી ગયેલી અસ્પૃશ્યતાએ ગાંધીજીને ઘણી પીડા આપી. પણ સમગ્ર પ્રવાસમાં કાંતિપ્રસાદ સાથે જ રહ્યા અને છેવટે ઈશ્વર તમારું ભલું કરો એવા આશીર્વાદ પણ આપ્યા. ગાંધીજી સાથે આટલી નીકટતા રાખી, એ રૂઢીચુસ્ત જ્ઞાતિથી સહન ન થયું અને તેમને નાતબહાર કર્યા. પણ કાંતિપ્રસાદે હસતે મોઢે એક સત્યાગ્રહીને છાજે એ રીતે સહન કરી લીધું. એ પછી પ્લેગ, અતિવૃષ્ટિ જેવી આપદાઓ આવી પડી પણ કાંતિપ્રસાદ અવિરામ તે સમયના ટાંચા સાધનો સાથે થકવી દેનારા પ્રવાસ થકી કચ્છને ખૂણે ખૂણે પહોંચ્યા અને કર્મઠતા અને સેવાનું અપ્રતિમ ઉદાહરણ પૂરું પાડ્યું. તેની વચ્ચે જ કચ્છી પ્રજાકીય પરિષદનું સંમેલન, ગાંધીજીએ સૂચવ્યાનુસાર કચ્છની સમસ્યાઓની યાદી તૈયાર કરી. નાની પુસ્તિકાનું પ્રકાશન, **ખેડૂતના પ્રશ્નો માટે આંદોલન અને સંમેલન, કચ્છી ખેડૂત મંડળ જેવા વ્યાપક કાર્યો ઉપરાંત હરિજનસેવા, હિંદુ મુસ્લિમ એકતા, રાજ્યો સામેના પ્રશ્નો વગેરે અનેક કાર્યો તેમણે પૂરી સુઝબુઝથી કર્યા.** આને કારણે રાજ્યની નજર ખફા થઈ અને તેમને બળાત્કાર, ખૂન જેવા કેસોમાં ફસાવી, પાશવી અત્યાચારો પણ ગુજારાયા. એક સત્યાગ્રહીને છાજે તેવી નિર્ભયતાથી એ બધું સહન કર્યું અને એમાંથી અણિશુધ્ધ બહાર આવ્યા. જેલમાંથી બહાર નીકળી, પળના પણ વિરામ વિના કચ્છ જે દુકાળનો સામનો કરી રહ્યું હતું તેના માટે રાહત કાર્યોમાં જોડાઈ ગયા.

છેવટે સ્વતંત્રતા મળી. ભારતના અન્ય રજવાડાઓની જેમ કચ્છને પણ જવાબદાર રાજતંત્ર મળે એ માટે કાંતિભાઈ સક્રિય રહ્યા. **સિંધમાંથી વિસ્થાપિતો કચ્છ આવ્યા, તેમને વસાવવાનું કપરું કાર્ય તેમણે પાર પાડ્યું.**

કાંતિભાઈ એક અદના ગાંધીજન જ બની રહ્યા. રાષ્ટ્રીય હિત માટે કચ્છી પ્રજાકીય પરિષદ વિસર્જિત થાય તે માટે તેમણે આગ્રહ રાખ્યો. (ગાંધીજીએ કોંગ્રેસના વિસર્જનની વાત કરી હતી...) જિંદગીભર શાસકીય તંત્રનો ભાગ ન બન્યા. સત્તાથી દૂર જ રહ્યા. વિધાનસભા કે લોકસભાનાં પદથી અંતર જ જાળવ્યું. કચ્છના પ્રશ્નો માટે લડત કરી અને એ સાથે જ, ગાંધીજી સહિતના રાષ્ટ્રીય નેતાઓ સાથે સંબંધ રાખી, **ગાંધીજીને પણ કચ્છ લાવી, કચ્છને રાષ્ટ્રીય પ્રવાહ સાથે જોડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.** એટલું જ નહીં, સ્વાતંત્ર્યસેનાની તરીકેના કોઈ હક્ક પણ ન સ્વીકાર્યા. એક સત્યાગ્રહી તરીકેની કેવી ખુમારી!

સ્વતંત્રતા બાદ પણ ૧૯૫૬નો ધરતીકંપ, ૧૯૭૪માં દુષ્કાળ રાહત કાર્ય માટે ગાડામાં કચ્છનો પ્રવાસ, કચ્છના તાલુકાઓ વિશેની પુસ્તિકા દ્વારા ગામેગામની તલસ્પર્શી અને વ્યાપક માહિતી, વગેરે કાર્યો દ્વારા તાદાત્મ્ય જાળવી રાખ્યું.


તેઓ કહેતા કે મને આંખે પાટો બાંધીને કચ્છને કોઈપણ ખૂણે લઈ જાઓ તો ત્યાંની માટી સુંઘીને હું કહી શકું કે આ કયું ગામ છે! આવી રીતે કચ્છ જેમનામાં ધબકતું અને કચ્છના હૃદયમાં જેઓ ધબકતા, એવા કાંતિભાઈ માટે કહેવું પડે કે કચ્છના સરદાર એટલે સરદાર... ■

કચ્છના સ્વાતંત્ર્ય વીરો

# આદિપુરના સમર્પિત રાષ્ટ્રવાદી સ્વાતંત્ર્ય સેનાની : દાદા દુખાયલ



પ્રદીપ જોશી



કચ્છના સ્વાતંત્ર્ય સેનાનીઓની વાત આવે એટલે આદિપુરને કર્મભૂમિ બનાવનાર પદ્મશ્રી દાદા દુખાયલ (હુંદરાજ લીલારામ માણિક. જન્મ : તા. ૧૬-૧-૧૯૧૦, સ્વર્ગવાસ : તા. ૨૧-૧૧-૨૦૦૩)ને પણ યાદ કરવા જ પડે. સિંધના લારખાન વિસ્તારમાં લોહાણા જ્ઞાતિમાં જન્મેલા દુખાયલજીના પૂર્વજો મુન્શી તરીકે ઓળખાતા. તે પોતાના પિતાનું એકમાત્ર સંતાન હતા.

સિંધમાં બાળપણમાં અંગ્રેજી માધ્યમમાં ધોરણ-૩ સુધી અભ્યાસ કરી ૧૯૨૧થી ગાંધીજી પ્રેરિત 'અસહકાર'ની ઝુંબેશમાં જોડાઈ અંગ્રેજી માધ્યમની શાળાનો બહિષ્કાર કર્યો... ને બે વર્ષ પછી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. જે ૧૯૨૪માં બંધ થઇ જતાં માધ્યમિક શાળાનો અભ્યાસ ન થઈ શક્યો. બે વર્ષ હકીમનું કામ કર્યું. તેમના પિતા વૈદ્યનું કામ કરતા. જમીનદારી વ્યવસાય મૂળ ધંધો. ને સાથે સાથે નવરા પડે ત્યારે ફૂલોમાંથી અર્ક કાઢતા. રમતગમત અને અખાડા સાથે નાનપણથી જ પ્રેમ હોવાથી તેમનું શરીર કસરતી રહ્યું. ગીતો ગાવા અને નાટકોમાં ભાગ લેવાનો શોખ પણ કેળવ્યા હતા. ને **આ ગાવાના શોખે તો તેમને કેદખાનામાંથી પણ છોડાવ્યા હતા.**

નાનપણથી જ ગાંધી વિચારના રંગે રંગાયેલા દુખાયલજીએ ૧૯૨૧થી ખાદી પહેરવી શરૂ કરી, વર્ષો સુધી ચરખો ચલાવ્યો અને ઘેર ઘેર ફરી ખાદીનો પ્રચાર પણ કરતા રહ્યા. ૩૫થી ૪૦ જેટલા સ્વરચિત ગીતો ખાદી પર લખી તે ગાતા રહેતા. ગાવા સાથે ખંજરી તેમનું પ્રિય વાદ્ય. ખાદી સાથે દારૂબંધીના પ્રચારમાં પણ જોડાયા ને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા.

૧૯૨૪માં આર્ય સમાજના સક્રિય સભ્ય બન્યા બાદ ૧૯૨૮માં સાયમન કમિશન આવ્યું ત્યારે કોંગ્રેસમાં જોડાયા અને ૧૯૨૯માં ગાંધીજી સિંધ પહોંચ્યા ત્યારે તેમની સાથે ટ્રેનમાં આખા સિંધનો પ્રવાસ કર્યો. ૧૯૩૮માં સિંધ કોંગ્રેસની રચનાત્મક સમિતિના મંત્રી પણ બન્યા હતા. ૧૯૪૦માં સેવાગ્રામમાં એક દિવસ બાપુએ કહ્યું કે **પવનારમાં વિનોબાજી આવ્યા છે, તેમને મળી આવ... ને તેમની સાથેની મુલાકાત પરિવર્તનકારી બની ગઈ.** ત્યાંથી તેમની સાથે સુરત, ત્રિપુરા, વર્ધા, નાગપુર વગેરે સ્થળોએ ફર્યા પછી ૧૯૪૯થી વિનોબાજી સાથે ૧૯૬૪ સુધી સક્રિય સંપર્કમાં રહ્યા અને તેમની ભૂદાન ચળવળમાં અનેક સર્વોદયવાદીઓ સાથે જોડાયા. લગભગ ૫૦ હજાર કિ.મી. પદયાત્રા કરી. એ જ્યાં જતા ત્યાં ગીતો ગાતા ને લોકોને તેમાં જોડાવા માટે પ્રેરિત કરતા રહ્યા.

જેના પરિપાકરૂપે બગાવતના એક કેસમાં પકડાયા બાદ 'કરાંચી કોંગ્રેસ ઈન્કલાબ'ના આગેવાનોએ તેમના મામલે દરમિયાનગીરી કરી. તે આ સંમેલનમાં ગાવાના હોઈ તેમને છોડી મૂકવા જોઈએ તેવી માંગણીના કારણે તેમનો છુટકારો થયો. પણ તે દરમિયાન સરકાર વિરુધ્ધની ચળવળમાં સક્રિય હોઈ ૧૯૩૨માં ફરી ધરપકડ થઈ. ત્રણ મહિના નજરબંધી હેઠળ રાખવામાં આવ્યા. પછી લોર્ડ વિલિંગ્ડનની મુલાકાત દરમિયાન ૬૦થી ૭૦ કાર્યકરોની આગેવાની લઈ ધરપકડ વહોરી. જેમાં લોકોને સરકાર વિરુધ્ધ ઉશ્કેરવાની પ્રવૃત્તિ માટે સવા બે વર્ષની જેલની સજા થઈ. ૧૯૩૪માં પુનઃ છુટકારો થયો. જેલમાં કેદીઓ માટે કપડાં સીવવાની કામગીરી કરતા. પ્રેરણાસ્રોત એવા મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવેની વિચારધારાને કારણે સ્વદેશી અને દેશ ભક્તિની ભાવના તેમની રગેરગમાં વણાઈ ચૂકી હતી.

અને એ દેશભક્તિ માટે પોતાના જીવનમાં આઝાદી પૂર્વે ૧૯૩૧માં એક વાર, ૧૯૩૨માં બે વાર, ૧૯૪૨માં બે વાર તથા ૧૯૪૫માં એક વાર એમ કુલ છ વાર જેલ ભોગવી હતી. આઝાદી બાદ સિંધમાં ઓક્ટોબર ૧૯૪૮માં પાકિસ્તાન સરકારે તેમને પકડ્યા અને ડિસેમ્બરમાં મુક્ત કર્યા. તેમનો આશ્રમ પણ જપ્ત કર્યો ને પછી તે ભારત આવ્યા.

૧૯૫૧માં આદિપુર આવ્યા બાદ, ખાદીની પ્રવૃત્તિને વેગવંતી બનાવવા **"મૈત્રી મંડળ"**ની સ્થાપના સાથે ચરખા કેન્દ્ર પણ શરૂ કર્યું. ચકાર ખાતેનો આશ્રમ, કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ વગેરે અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા

આપી. **ભાઈ પ્રતાપ સાથે તેમનો સંબંધ ૧૯૪૦થી હતો.**

**ગ્રામ વિકાસ માટે છેવાડાના માનવી સુધી પહોંચવું પડશે એવું એ દૃઢપણે માનતા** અને આ લખનારને રૂબરૂ મુલાકાતો દરમિયાન એવી લાગણી પણ વ્યક્ત કરી હતી.

આદિપુરની મૈત્રીમંડળની સ્થાપના બાદ, લોકોને પુનઃ વસાવવાની ભગીરથ કામગીરી પણ તેમણે આદરીને સિંધથી હિજરત કરી આવેલા લોકોના તૂટી ગયેલા વિશ્વાસને પુનઃ જાગૃત - મજબૂત કરવા, મોડે સુધી સંગીત - ગીત સભાઓ અને કાર્યક્રમો યોજતા હતા. ૧૯૫૪માં મૈત્રી મંડળને શૈક્ષણિક સંસ્થા બનાવ્યા પછી પણ સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહેતા. તેમના લખાયેલા ઘણાં ગીતોની પુસ્તિકાઓ પ્રકટ થઈ છે ને વેચાઈ પણ છે. **તેમના ૩૦૦ જેટલા સિંધી ગીતોનું રેકોર્ડિંગ પણ થયું છે.**

ધોરણ-૧ થી ધોરણ-૧૨ સુધીના સિંધી ભાષાના પાઠ્ય પુસ્તકોમાં તેમની રચનાઓ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેમાં અભ્યાસક્રમમાં પણ ચાલે છે. તેમને ૧૯૮૨માં રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંઘના હસ્તે પદ્મશ્રીનો ઍવોર્ડ પણ એનાયત કરાયો હતો. જે મેળવનાર, આ સંકુલની તેઓ પ્રથમ વ્યક્તિ હતા.

વર્ષ ૨૦૦૦માં દિલ્હી સિંધી સાહિત્ય અકાદમી દ્વારા તેમને મિલેનિયમ ઍવોર્ડથી રૂપિયા ૧૧ લાખની માતબર રકમ સાથે નવાજવામાં આવ્યા. તેમના પ્રતિનિધિઓએ અહીં આવીને ઍવોર્ડ - ચેક અર્પણ કર્યા. ૨૦૦૩માં તેમણે નશ્વર દેહનો ત્યાગ કર્યો.

મૈત્રી મંડળના હાલના મહામંત્રી હીરૂબેન ઈસરાનીના જણાવ્યા પ્રમાણે દાદાના વસિયતનામા પ્રમાણે તેમનું નિવાસ સ્થાન મૈત્રી મંડળને અર્પણ કરવાનું લખેલું, તે મુજબ હવે ત્યાં મૈત્રી મંડળની કચેરી ચાલે છે. આ ભવનના પ્રાંગણમાં દાદાની અસ્થિ સમાધિ છે અને ત્યાં જ, વર્ષો સુધી તેની સાથે રહી, મહિલા શિક્ષણ માટે જીવન પર્યંત સેવા આપનાર, ખાદીધારી મહિલા અગ્રણી સ્વ. ક્રિષ્નાબેન ભંભાણીની પણ અસ્થિ સમાધિ છે. દાદા દુખાયલની પ્રતિમા પણ શહેરની મધ્યમાં મૂકાઈ છે. ૨૦૦૨માં મલેલી ૧૧ લાખની રકમ તેમણે મૈત્રી મંડળને અર્પણ કર્યા બાદ, તેમની સ્મૃતિમાં એક બી.એડ. કૉલેજ **"દાદા દુખાયલ કોલેજ ઓફ એજ્યુકેશન"** પણ કાર્યરત છે. સ્વ. કૃષ્ણાબેન વિશે પણ અલગથી લખી શકાય તેમ છે.

સંકુલ અને આસપાસની દીકરીઓને બી.એડ.ના અભ્યાસ માટે દૂર દૂર ન જવું પડે એટલે તેમની ઈચ્છા અનુસાર અહીં બી.એડ. કૉલેજ શરૂ કરાઈ છે.

આમ નાનપણથી જ સ્વદેશી, સ્વાભિમાનતા, સમર્પણ અને દેશભક્તિને વરેલા દાદા દુખાયલ, આ સંકુલનું એક આભૂષણ હતા, ગૌરવ હતા. તેમને આ માધ્યમથી આપણે યાદ કરીને અંજલિ આપીએ છીએ ને તેમના જીવનની અનેક હકારાત્મક બાબતો આપણને સદ્‌ગૃહસ્થ - રાષ્ટ્રવાદી બનાવવા પ્રેરતી રહેશે.

*૩૪૯, ગોલ્ડન સિટી, મેઘપર (કુંભારડી),*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫. મો. ૯૩૨૮૯ ૩૩૨૧૩*

## કચ્છના અડીખમ પત્રકાર : ફૂલશંકર પટ્ટણી

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

૧૯૪૫થી ૧૯૪૮ દરમિયાન ફરી કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી તરીકે વરાયા. એ સમયે સત્યાગ્રહ, લડતના તમામ કાર્યક્રમોમાં તેઓ અગ્રેસર રહ્યા.

આઝાદી પછી કચ્છના વિલીનીકરણ અને કચ્છને કેન્દ્રશાસિત રાજ્યનો દરજ્જો મળે તેવી રજૂઆત કરવા નવી દિલ્હી ગયેલા પ્રતિનિધિ મંડળમાં તેઓ પણ જોડાયા હતા.

**૧૯૪૯માં 'જય કચ્છ'ને મુંબઈથી પ્રથમ કચ્છમાં માંડવી લાવ્યા અને એ પછી ભુજ લાવ્યા ત્યારથી આજપર્યંત તે પ્રકાશિત થઈ રહ્યું છે.** આઝાદી પછી કોંગ્રેસે જયકચ્છને ખરીદવા પ્રયાસ કર્યો હતો ત્યારે જયકચ્છ તેમનું એક સંતાન સમાન છે અને પિતા ક્યારેય પોતાના સંતાનને વેચે નહીં એવું સ્પષ્ટ જણાવી ઊંચી નાણાંકીય દરખાસ્તને પણ ફગાવી દીધી હતી.

આઝાદી પછી પણ ફૂલશંકરભાઈ જાહેર જીવનમાં જોડાયેલા રહ્યા હતા. ૧૯૫૭માં ભુજ નગર પાલિકામાં સભ્ય તરીકે ચૂંટાયા અને ઉપપ્રમુખ તરીકે વરાયા હતા. ભુજ નગરપાલિકા ઉપરાંત તેઓ સંસ્થા કોંગ્રેસ, શિક્ષક સંઘ, ભારત સેવક સમાજ, રેલવે સલાહકાર સમિતિ, કચ્છ પ્રેસ ક્લબ, લઘુ અખબાર સંઘ જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમના સિદ્ધાંતોની યોગ્ય કદર કરવા મુંબઈ તથા વડોદરામાં તેમના જાહેર સન્માન પણ કરવામાં આવ્યા હતા.

કચ્છના પત્રકાર જગતના ભીષ્મ પિતામહ સમાન અને આઝાદીના લડવૈયા અને સાચા લોકસેવક ફૂલશંકરભાઈનું અવસાન ૮મી ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસે ૮૭ વર્ષની વયે ભુજ ખાતે થયું હતું.


તેમની સ્મૃતિમાં **'ફૂલશંકર પટ્ટણી સ્મારક સમિતિ'**ની રચના કરવામાં આવી હતી. જેના દ્વારા પત્રકારત્વ ક્ષેત્રના વિદ્યાર્થીઓ, સંશોધક, પત્રકાર તથા લેખકને સન્માનવામાં આવતા હતા. તો તેમની સ્મૃતિને કાયમી જાળવી રાખવા છઠ્ઠીબારી પાસે મોડર્ન ટોકીઝ તરફ જતા માર્ગને ફૂલશંકર પટ્ટણી માર્ગ એવું નામકરણ પણ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું.


*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

# ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭


*ભારતના સમગ્ર ઈતિહાસનો એક સોનેરી દિવસ એટલે પંદરમી ઓગસ્ટ, ૧૯૪૭. આ તારીખે રાત્રે બાર વાગે ભારતની આઝાદીની લડતનો અંત આવ્યો. અંગ્રેજી શાસને વિદાય લીધી અને ભારતનું તંત્ર સંપૂર્ણતઃ ભારતીયોના હાથમાં આવ્યું. આ તારીખે રાત્રે બાર વાગે તે વખતના અને અંગ્રેજી શાસનના છેલ્લા વાઈસરૉય લોર્ડ માઉન્ટબેટન તેમજ અન્ય નેતાઓ જેવા કે સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરેની ઉપસ્થિતિમાં દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રને સંબોધન કર્યું હતું અને એક નવા યુગનો આરંભ થયો હતો. કરોડો ભારતવાસીઓની મનોકામના, સ્વપ્ના સાકાર થયા હતા અને આઝાદી પ્રાપ્ત થયાના આનંદથી પ્રત્યેક ભારતવાસીનું હૃદય ઝૂમતું હતું.*

*આઝાદી મેળવવાનો આ દિવસ દર વર્ષે સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવાય છે. ધ્વજવંદનો થાય છે. દેશના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરે છે. સ્વાતંત્ર્ય ગીતો ગવાય છે અને નાગરિકો એકબીજાને અભિનંદન આપે છે. તેમજ જે નેતાઓ તથા સ્વાતંત્ર્યવીરો પોતાના યોગદાન દ્વારા તથા શહીદી દ્વારા સ્વાતંત્ર્ય મેળવવાનું શક્ય બનાવ્યું તે સૌને અંજલિ અપાય છે અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા અન્ય નેતાઓની સમાધિએ જઈને શ્રદ્ધાસુમન અર્પણ કરાય છે.*


*મહાત્મા ગાંધીજી*


*સરદાર વલ્લભભાઈ પટેલ*


*સુભાષચંદ્ર બોઝ*


*દાદાભાઈ નવરોજી*


*બાળ ગંગાધર ટીળક*


*ગોપાલકૃષ્ણ ગોખલે*

## સારે જહાં સે અચ્છા

*(ગીતની પ્રથમ લાઈન મુખ્ય ગાયકની તથા બીજી લાઈન કોરસ સ્વરૂપે છે.)*

સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા
સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલે હૈ ઈસકી, યે ગુલફિઝા હમારા
હમ બુલબુલે હૈ ઈસકી, યે ગુલફિઝા હમારા

પરબત હૈ ઈસકે ઉંચે, પ્યારી હૈ ઈસકી નદીયાં
પરબત હૈ ઈસકે ઉંચે, પ્યારી હૈ ઈસકી નદીયાં
આકાશમેં ઈસીકે ગુજરી હજારો સદીયાં
આકાશમેં ઈસીકે ગુજરી હજારો સદીયાં
હસતા હૈ બીજલીયોં પર, યે આશિયાં હમારા
હમ બુલબુલે હૈ ઈસકી, યે ગુલફિઝા હમારા
સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા

વીરાન કર દિયા થા, આંધીને ઈસ ચમન કો
વીરાન કર દિયા થા, આંધીને ઈસ ચમન કો
દેકર લહુ બચાયા, ગાંધીને ઈસ ચમન કો
દેકર લહુ બચાયા, ગાંધીને ઈસ ચમન કો
રક્ષા કરેગા ઈસકી, હર નવજવાં હમારા
હમ બુલબુલે હૈ ઈસકી, યે ગુલફિઝા હમારા
સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા

## અય મેરે પ્યારે વતન

અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન
અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન

તેરે દામનસે જો આયે, ઉન હવાઓં કો સલામ (૨)
ચુમ લું મૈં ઉસ જુબાં કો, જીસપે આયે તેરા નામ
સબસે પ્યારી સુબહા તેરી, સબસે રંગી તેરી શામ.
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

મા કા દિન બનકે કભી સીને સે લગ જાતા હૈ તુ (૨)
ઔર કભી નન્હીં સી બેટી બનકે યાદ આતા હૈ તુ
જીતના યાદ આતા હૈ ઉતના મુઝકો તડપાતા હૈ તુ
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

છોડ કર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈ હમ (૨)
ફિર ભી હય યહી તમન્ના, તેરે દરરો કી કસમ
હમ જહાં પેદા હુએ થે ઉસ જગા હી નિકલે દમ
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન.

## દિલ દિયા હૈ, જાન ભી દેંગે....

મેરા ધરમા તુ, મેરા કરમા તુ, તેરા સબ કુછ મૈં, મેરા સબ કુછ તુ
હું...હું...હું...
આ...આ...આ...આ...

હર કરમ અપના કરેંગે, હર કરમ અપના કરેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે

હર કરમ અપના કરેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે

હર કરમ અપના કરેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે

તુ મેરા કરમા, તુ મેરા ધરમા, તુ મેરા અભિમાન હૈ
અય વતન મહેબુબ મેરે, તુઝપે દિલ કુરબાન હૈ
અય વતન મહેબુબ મેરે, તુઝપે દિલ કુરબાન હૈ

હમ જિયેંગે ઔર મરેંગે અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે

હિન્દુ મુસ્લિમ શીખ ઇસાઇ હમ વતન હમનામ હૈ
હિન્દુ મુસ્લિમ શીખ ઇસાઇ હમ વતન હમનામ હૈ

જો કરે ઇસકો જુદા મજહબ નહીં ઇલઝામ હૈ
હમ જિયેંગે ઔર મરેંગે અય વતન તેરે લિયે

દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે
આ... આ... આ...
આ... આ... આ...
આ... આ... આ...

## ભારત હમકો જાન સે પ્યારા હૈ

ભારત હમકો જાનસે પ્યારા હૈ, સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ
ભારત હમકો જાનસે પ્યારા હૈ, સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ
સદીઓસે ભારતભૂમિ દુનિયાકી શાન હૈ
ભારતમાતાકી રક્ષામેં જીવન કુરબાન હૈ
ભારત હમકો જાનસે પ્યારા હૈ
સબસે ન્યારા ગુલિસ્તાં હમારા હૈ

ઉજડે નહીં અપના ચમન
તૂટે નહીં અપના વતન
ગુમરાહ ના કર દે કોઈ
બરબાદ ના કર દે કોઈ
મંદિર યહાં, મસ્જિદ યહાં
હિન્દુ યહાં, મુસ્લિમ યહાં
ફિરતે રહે હમ પ્યાર સે
જાગો...

હિન્દુસ્તાની નામ હમારા હૈ
સબસે પ્યારા દેશ હમારા હૈ
હિન્દુસ્તાની નામ હમારા હૈ
સબસે ન્યારા દેશ હમારા હૈ
જન્મભૂમિ હૈ હમારી શાનસે કહેંગે હમ
સબ હી તો ભાઈ-ભાઈ પ્યારસે રહેંગે હમ
હિન્દુસ્તાન નામ હમારા હૈ... સબસે પ્યારા દેશ હમારા હૈ

આસામસે ગુજરાત તક
બંગાલસે મહારાષ્ટ્ર તક
જાતિ કઇ, ધૂન એક હૈ
ભાષા કઇ, સૂર એક હૈ
કશ્મીર સે મદ્રાસ તક
કહ દો સભી હમ એક હૈ
આવાઝ દો... હમ એક હૈ

## ઝંડા ઊંચા રહે હમારા

વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા!

સદા શક્તિ બરસાને વાલા,
પ્રેમ સુધા સરસાને વાલા,
વીરોં કો હરસાને વાલા,
માતૃભૂમિકા તન મન સારા,
ઝંડા ઊંચા રહે હમારા!

શાન ન ઇસકી જાને પાયે,
ચાહે જાન ભલે હી જાયે,
વિશ્વ વિજય કરકે દિખલાયે,
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

## કર ચલે હમ ફિદા

કર ચલે હમ ફિદા જાને તન સાથીઓ,
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ.

સાંસ ધમતી ગઈ લબ્જ જમતી ગઈ,
ફિર ભી બઢતે કદમ કો ન રૂકને દિયા
કટ ગયે સર હમારે તો કુછ ગમ નહીં
સર હિમાલય કા ન હમને ઝુકને દિયા
મરતે મરતે રહા બાંકપન સાથીઓ,
અબ તુમ્હારે...

જિંદા રહને કે મૌસમ બહુત હૈ મગર,
જાન દેને કી ઋત રોજ આતી નહીં;
હુસ્ન ઔર ઈશ્ક દોનોં કો રૂસાવા કરે
વો જવાની જો ખૂનમેં નહાતી નહીં,
આજ ધરતી બની હૈ દુલ્હન સાથીઓ, અબ તુમ્હારે...
રાહ કુરબાનિયોં કિ ન વેરાન હો,
તુમ સજાતે હી રહના નયે કાફલે
ફતેહ કા જશ્ન; ઈસ જશ્ન કે બાદ હૈ,
જિંદગી મૌત સે મિલ રહી હૈ ગલે,
બાંધ લો અપને સિર સે કફન સાથીઓ, અબ તુમ્હારે...

ખેંચ દો અપને ખૂન સે જમીં પે લકીરે,
ઈસ તરહ આને ન પાયે રાવણ કોઈ,
તોડ દો હાથ અગર હાથ ઉઠાને લગે,
છૂ ન પાયે સીતા કા દામન કોઈ,
રામ હી તુમ, તુમ હી લક્ષ્મણ સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ,
કર ચલે...

## આઓ બચ્ચો તુમ્હેં દિખાયે

આઓ બચ્ચો! તુમ્હેં દિખાયે ઝાંકી હિંદુસ્તાન કી,
ઈસ મિટ્ટીસે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી.
...વંદે માતરમ્ (૪)
યે હૈ અપના રાજપુતાના નાઝ ઈસે તલવારોં પે,
ઈસને સારા જીવન કાટા બરછી તીર કટારોં પે;
યે પ્રતાપ કા વતન પલા હૈ, આઝાદી કે નારોં પે,
કૂદ પડી થી યહાં હજારો પદમીનિયાં અંગારો પે;
બોલ રહી હૈ કણ કણ મેં કુરબાની રાજસ્થાન કી
ઈસ મિટ્ટી સે... વંદે માતરમ્ (૪)

દેખો મુલ્ક મરાઠો કા યે યહાં શિવાજી ડોલા થા,
મુગલોંકી તાકાત કો જીસને તલવારોં પે તોલા થા;
હર પર્વતમેં આગ લગી થી હર પથ્થર એક શોલા થા,
બોલી હરહર મહાદેવકી બચ્ચા બચ્ચા બોલા થા
યહાં શિવાજીને રખ્ખી થી લાજ હમારી શાન કી
ઈસ મિટ્ટી સે... વંદે માતરમ્ (૪)
જલિયાંવાલા બાગ યે દેખો યહાં ચલી થી ગોલિયાં
યે મત પૂછો કિસને ખેલી યહાં ખૂનકી હોલિયાં
એક તરફ બંદૂકે ધન ધન એક તરફ થી ગોલિયાં
મરનેવાલે બોલ રહે થે ઈન્કલાબ કી બોલિયાં
યહાં લગા દી બહનોંને ભી બાજી અપની જાનકી
ઈસ મિટ્ટી સે... વંદે માતરમ્ (૪)

## સાબરમતી કે સંત

દે દી હમેં આઝાદી, બિના ખડગ બિના ઢાલ
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ,
આંધી મેં ભી જલતી રહી ગાંધી! તેરી મશાલ,
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજા રામ...
ધરતી પે લડી તુને અજબ ઢંગ કી લડાઈ,
દાગી ન કહીં તોપ ન બંદૂક ચલાઈ,
દુશ્મન કે કિલે પર ભી ન કી તુને ચઢાઈ,
વાહ રે ફકીર ખૂબ કરામત દિખાઈ,
ચૂટકીમેં દુશ્મનો કો કિયા દેશ સે નિકાલ,
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજા રામ.
શતરંજ બિછાકર યહાં બૈઠા થા જમાના!
લગતા થા કિ મુશ્કિલ હૈ ફિરંગી કો હરાના,
ટક્કર થી બડે જોર કી દુશ્મન ભી થા દાના,
પરંતુ તુ ભી થા બાપુ બડા ઉસ્તાદ પુરાના.
મારા વો કસકે દાવ કિ ઉલ્ટી સભી કી ચાલ,
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજા રામ.
જબ જબ તેરા બિગુલ બજા, જવાન ચલ પડે,
મજદુર ચલ પડે વ કિસાન ચલ પડે,
હિંદુ ઔર મુસલમાન, શીખ, પઠાન ચલ પડે,
કદમોં પે તેરે કોટિ કોટિ પ્રાણ ચલ પડે,
ફૂલોં કી સેજ છોડ કે દૌડે જવાહરલાલ
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજા રામ.
મનમેં થી અહિંસા કી લગન તન પે લંગોટી
લાખો મેં ઘૂમતા થા લિએ સત્ય કી કસોટી,
વૈસે તો દેખનેમેં થી હસ્તી તેરી છોટી,
લેકિન તુઝપે ઝુકતી થી હિમાલય કી ચોટી,
દુનિયામેં તું બેજોડ થા ઈન્સાન બેમિસાલ,
સાબરમતી કે સંત! તૂને કર દિયા કમાલ.
રઘુપતિ રાઘવ રાજા રામ.

પ્રાસંગિક

# ગાંધીજીની સાથે એક અઠવાડિયું – (૧)

લુઇ ફિશર,
અમેરિકન પત્રકાર

*જે પુસ્તકમાંથી આ લખાણ લેવામાં આવ્યું છે તેના લેખક સુપ્રસિધ્ધ અમેરિકન પત્રકાર લુઈ ફિશર છે.*

*ગાંધીજીના અવસાન બાદ ખાસ કરીને પશ્ચિમના વાચકો માટે ગાંધીજીનું જીવન ચરિત્ર લખાવું જોઈએ એવા ખ્યાલથી તેમણે ગાંધીજી વિશેનું પુષ્કળ સાહિત્ય એકત્ર કરી લગભગ અઢી વર્ષ એકાંતવાસ સ્વિકારી, લગાતાર પરિશ્રમ બાદ વિશ્વને પુસ્તક મળ્યું, 'THE LIFE OF MAHATMA GANDHI" ૧૯૫૧માં આ પુસ્તક પ્રસિધ્ધ થયું.*

*આ દળદાર પુસ્તકનો સંક્ષિપ્ત હિંદી અનુવાદ ૧૯૫૪માં પ્રસિધ્ધ થયો અને એ હિંદી ઉપરથી ગુજરાતી અનુવાદ (જેમાંથી આ પ્રકરણ લેવામાં આવ્યું છે) વર્ષ ૧૯૫૭માં શ્રી સોમાભાઈ પટેલ અને શ્રી મગનભાઈ નાયકે કરેલ છે.*

*વર્ષોથી મૂળ પુસ્તકો અપ્રાપ્ય હતા. તેને પ્રયત્નપૂર્વક મેળવી નવા રંગરૂપે – "ગાંધીજીની કહાણી" નામે આપણી સમક્ષ મૂકવાનું શ્રેય અક્ષર ભારતી - ભુજના શ્રી રમેશભાઈ સંઘવીને ફાળે જાય છે. ઉપરાંત ચંદુ મેમોરિયલ ટ્રસ્ટની સહાયથી એ પુસ્તક માત્ર રૂા. ૫૦/-માં ઉપલબ્ધ છે.*

*લેખક લુઈ ફિશર આમ તો ગાંધીજીના સતત સંપર્કમાં રહેતા હતા અને મળતા રહેતા હતા. પણ આ પુસ્તકના ૨૦મા પ્રકરણમાં વર્ધા આશ્રમમાં આશ્રમવાસી તરીકે રહેવાના તેમના અનુભવોનું રોચક વર્ણન છે અને સાથે તે સમયના રાજકારણની પણ ઝલક છે.*

*– તંત્રી મંડળ*

કેટલો ઉદાસ દેશ! ૧૯૪૨ના મે માં ભારત વિશે મારા મન પર પહેલી છાપ એ પડી ને બે મહિનાના મારા નિવાસથી એ છાપ વધારે ઘેરી બનવા પામી. પૈસાદાર હિંદી ઉદાસ હતા, ગરીબ ભારતવાસી ઉદાસ હતા, અંગ્રેજો ઉદાસ હતા.

ભારતમાં નિર્ધનતાનું કેવું નરક છે એનો અનુભવ કરવા ત્યાં કોઇને વધારે રહેવાની જરૂર પણ પડતી નથી. મુંબઇમાં ડૉ. આંબેડકર સાથે મેં જે ગંદી ઝૂંપડપટ્ટીઓ જોઈ તે ઠેકાણે તો અમેરિકા ને યુરોપના લોકો પોતાનાં કામનાં જાનવરોને પણ રાખવાં ઠીક ન માને. ગામડાંઓમાં કિસાનો પાસે વસ્ત્રોનો જે અભાવ દેખાય છે તેની સરખામણીમાં તો ગાંધીજી પૂરાં કપડાંવાળા લેખાય. હિંદીઓની ખૂબ મોટી સંખ્યા કાયમનો – સાચેસાચ કાયમનો – ભૂખમરો વેઠે છે.

બ્રિટિશ લોકોના આંકડા પ્રમાણે દર વર્ષે દોઢ કરોડ હિંદીઓ મેલેરિયાનો ભોગ બને છે, ને તેમાંય ગણ્યાગાંઠ્યા લોકોને નામની પણ ક્વિનાઈન મળવા પામે છે. દર વર્ષે પાંચ લાખ હિંદીઓ ક્ષયથી મરણ પામે છે.

બીમારી અને મરણ છતાં ભારતની વસ્તી દર વર્ષે પચાસ લાખ જેટલી વધતી રહે છે. રાષ્ટ્રની સામે સહુથી મહત્ત્વનો પ્રશ્ન એ છે. ૧૯૨૧માં હિંદની વસ્તી ૩૦ કરોડ ૮૦ લાખની હતી. ૧૯૩૧માં ૩૩ કરોડ ૮૦ લાખની, ૧૯૪૧માં ૩૮ કરોડ ૮૦ લાખની. આ વીસ વર્ષમાં ખેડાઉ જમીનનો વિસ્તાર લગભગ તેનો તે જ રહ્યો. ઉદ્યોગોમાં પણ કંઈ ઉલ્લેખપાત્ર વધારો થવા ન પામ્યો. દેશમાં જેટલી વધારે જનસંખ્યા તેટલો જ દેશ વધારે ગરીબ હોય.

ભારતમાં રહેનારા અંગ્રેજો પોતાની સિદ્ધિઓનાં બણગાં ફૂંકતા હતા. પરંતુ તેઓ વિનાશક અસરની પણ ના પાડતા નો'તા. આને માટે તેઓ હિંદુ ધર્મને અને મુસ્લિમોના પછાતપણાને જવાબદાર લેખાવતા હતા. હિંદીઓ ઇંગ્લેન્ડને માથે દોષ ઓઢાડતા હતા. આવા વાતાવરણમાં કામ કરવાનું ને જીવવાનું અંગ્રેજો માટે ઉત્તરોત્તર કઠણ બનતું જતું હતું.

જે અંગ્રેજોનાં કુટુંબોએ ભારતમાં સો વર્ષ સુધી જીવનની ધન્યતા માણી હતી તેમને હવે અહીંનું ભાવિ પોતાને માટે નિર્માયું ન હતું એની ખબર પડી ગઈ હતી. ભારતનું એમના ઉપર હેત ઊભરાઈ નો'તું જતું તેનું એમને ભાન હતું ને તેઓ પણ ઉદાસ રહેતા હતા. વાઈસરૉયના અંગત મંત્રી સર ગિલ્બર્ટ લેથવેટ અને સર સેનાપતિ વેવેલના સહકાર્યકર મેજર જનરલ

મોલ્સવર્થ પેટ્રોલ બચાવવા સારુ, એમની મોટરગાડીઓ અને હાંકનારાઓ હોવા છતાં, સાઇકલ પર ઑફિસે આવતા હતા.

ઘણા અંગ્રેજો ભલા હતા, પરંતુ હિંદીઓને તો બૂરા પણ હિંદીઓનું રાજ જોઈતું હતું. એટલે એમની મરજી વિરુદ્ધ ભારત પર રાજ્ય કરવું એ મશ્કરી કરવા જેટલું સહેલું ન હતું. ભારત જેટલો અંગ્રેજ અમલદારોથી અકળાઈ ઊઠ્યો હતો, તેટલા અંગ્રેજ અમલદારો ભારતથી અકળાઈ ઊઠ્યા હતા. ગાંધીજીની વીસ વર્ષની અહિંસક લડતોએ સામ્રાજ્ય વિશેનો ભારતવાસીનો વિશ્વાસ ડગાવી દીધો હતો.

સામ્યવાદીઓ સિવાય ભારતનો કોઈ પણ પક્ષ યુદ્ધનું સમર્થન કરનારો ન હતો. ૧૯૪૧ના જૂનમાં હિટલરે રશિયા ઉપર હુમલો કર્યો તે પછી સામ્યવાદીઓ બ્રિટનના પક્ષે થઈ ગયા હતા, ને તેથી હિંદમાંના સામ્રાજ્યવાદી અંગ્રેજો એમને સહાય આપવા લાગ્યા હતા. પણ આ અકુદરતી સંબંધ એમને પણ ગમતો ન હતો.

મેં મુંબઈમાં નેહરુને એક લાખની મેદની સામે ભાષણ કરતા સાંભળ્યા. બદામી ચહેરાના ને સફેદ વસ્ત્રોનો એ સાગરમાં સામ્યવાદીઓએ હુમલો મચાવવાની એક યોજના કરી રાખી હતી. એમણે એક સાદે પોકાર કર્યો : 'આ જનતાનું યુદ્ધ છે.'

નેહરુએ ઊંચે સાદે જવાબ આપ્યો : 'આને તમે જનતાનું યુદ્ધ સમજતા હો તો જનતા પાસે જાઓ ને પૂછી જુઓ.' આ વાક્યે ને જનતા ઉપર થયેલા એના પ્રત્યાઘાતે પેલાઓને શાંત કરી દીધા. નેહરુનું કહેવું સાચું હતું તેની એમને ખબર હતી. અંગ્રેજોને પણ હતી.

નેહરુએ ઘોષણા કરી : 'હું જાપાન સામે તલવાર ઉપાડું, પરંતુ એ તો હું સ્વતંત્ર હોઉં તો જ બની શકે.'

વાઇસરૉયની કાઉન્સિલના હોમ મેમ્બર (ગૃહમંત્રી) રેજિનાલ્ડ મેક્સવેલે મને કહ્યું હતું : 'યુદ્ધ પૂરું થતાં બે વર્ષમાં અમે અહીંથી ચાલ્યા જઈશું.' પોલીસ અને આંતરિક વ્યવસ્થા મેક્સવેલના હાથમાં હતી. હિંદીઓ એમના ઉપર ખૂબ રોષે ભરાયા હતા, પરંતુ તેઓ ભ્રાંતિમાં રહેતા ન હતા. એમને સારુ સામ્રાજ્ય એ તો કાયમની ચક્કી હતી, ચર્ચિલને સારુ એ એક કલ્પનાની વાત હતી.

વાઇસરૉયે મને કહ્યું હતું : 'અમે ભારતમાં રહેવાના નથી. અલબત્ત, કોંગ્રેસને એ વાત પર વિશ્વાસ નથી આવતો. પણ અમે અહીં નહીં રહીએ. અમે અહીંથી ઊપડવાની તૈયારી કરી રહ્યા છીએ.'

મેં હિંદીઓને એ વાત કરી. પણ એમણે એ વાતનો વિશ્વાસ ન કર્યો. ઉલટું એમણે કડવાશથી દલીલો કરી. એમણે કહ્યું : 'ચર્ચિલ અને નવી દિલ્હી તથા પ્રાંતોમાં પડેલા 'છોટા ચર્ચિલ' કાં તો સ્વાધીનતાના માર્ગમાં અંતરાય નાખતા રહેશે કાં તો દેશનો અંગવિચ્છેદ કરીને દેશને નષ્ટ કરી દેશે.

સ્વતંત્રતા હાથવેંતમાં હતી પણ વર્તમાન એટલો અંધકારમય હતો કે ભાવિની કોઈને ઝાંખી થઈ શકતી ન હતી. ભારતનો ઇતિહાસ એટલા લાંબા કાળથી સ્થિર થઈ ગયો હતો કે ઇતિહાસ કેટલી ઝડપે આગળ વધશે એની કોઈ કલ્પના પણ કરી શકતું ન હતું. એ ગતિહીનતા હિંદીઓને પજવી રહી હતી. અને એમનામાં નિરાશાવાદ આવતી જતી હતી.

ભારતમાં કામગીરી પર મૂકવામાં આવેલા એક અમેરિકન સેનાપતિએ કહ્યું હતું, 'અંગ્રેજો તો ભરેલી બાલદીના પાણીમાં તેલના એક ટીપા જેવા છે.'

ગાંધીજી વિશેની વાતમાં વાઇસરૉયે કહ્યું હતું : 'આ ડોસો હિંદમાં સહુથી મહત્ત્વની વસ્તુ છે એ બાબતમાં ભ્રમમાં ન રહેશો... એ મારી સાથે ખૂબ સલુકાઈથી વર્ત્યો છે... ભ્રમમાં ન રહેશો. એનો ખૂબ જ પ્રભાવ છે.'

લૉર્ડ લિનલિથગોએ કહ્યું : 'ગાંધીજી કોઈક પ્રકારના સવિનય કાનૂનભંગનો વિચાર કરી રહ્યા છે. મને અહીં છ વર્ષ થઈ ગયાં છે. હું કાબૂમાં રહેતાં શીખી ગયો છું. રોજ સાંજે બેસીને ક્યાંય સુધી અહેવાલોનો અભ્યાસ કર્યા કરું છું અને તેને સાવધાનીપૂર્વક મનમાં ઉતારું છું. હું ઉતાવળમાં કોઈ પગલું ભરવાનો નથી. પણ મને લાગશે કે ગાંધીજી યુદ્ધપ્રયત્નોમાં દખલ કરે છે તો મારે એમને કાબૂમાં રાખવા પડશે.'

મેં કહ્યું, 'ગાંધીજી જેલમાં જ મરી ગયા તો બહુ ખરાબ થશે.'

વાઇસરૉયે સંમતિ દર્શાવતાં કહ્યું : 'હું જાણું છું કે એ વૃદ્ધ છે. એ ડોસાને હું જબરદસ્તીથી ખવડાવી શકું તેમ પણ નથી. પણ મને આશા છે કે એવી જરૂર પણ નહીં પડે. પરંતુ મારી જવાબદારી ભારે છે.'

સૂચવવામાં આવેલા સત્યાગ્રહ અંગે નેહરુ ગાંધીજી સાથે મંત્રણા કરવા સેવાગ્રામ જઈ રહ્યા હતા. મેં એમને મારી મુલાકાત ગોઠવી આપવા વિનંતી કરી. મને તરત જ તાર મળ્યો. એમાં લખ્યું હતું : 'ભલે પધારો, મહાદેવ દેસાઈ.'

હું વર્ધા સ્ટેશને ગાડીમાંથી ઊતર્યો. ત્યાં મને ગાંધીજીનો સંદેશ લાવનાર ભાઈ મળ્યા. રાતે હું કોંગ્રેસના મહેમાનો માટેના નિવાસની અગાસીમાં સૂતો. સવારમાં ગાંધીજીના દંતચિકિત્સકની સાથે સેવાગ્રામ જવા સારુ ટાંગો કર્યો.

ટાંગો ગામની નજીક અટકી ગયો. ગાંધીજી ત્યાં જ ઊભા હતા. એમણે અંગ્રેજી ઢબે કહ્યું, 'મિસ્ટર ફિશર!' અમે બંનેએ હાથ મિલાવ્યા. તેઓ મને એક પાટલી પાસે લઈ ગયા. એમણે

પાટલી પર બેસીને એમની હથેળી પાટલી પર ટેકવી દીધી. પછી મને કહ્યું : 'બેસો.' તેઓ જે રીતે પાટલી પર બેસી ગયા, એમણે જે રીતે મને પાટલી પર બેસવા ઇશારો કર્યો તેથી મને થયું જાણે એ કહી નહીં રહ્યા હોય : 'આ મારું ઘર છે. આવી જાઓ!' મને તરત જ ઘર જેવું લાગવા માંડ્યું.

ગાંધીજી સાથે મારે રોજ એક કલાકની મુલાકાત થતી હતી. ભોજન કરતી વખતે પણ વાતચીત કરવાની તક મળતી હતી. તે સિવાય દિવસમાં એકાદ વાર એમની સાથે ફરવા પણ નીકળતો.

એમનું શરીર સુદૃઢ હતું. છાતીની પાંસળી વિશાળ, કેડ પાતળી, પગ પાતળા ને મજબૂત, ચંપલથી ધોતી સુધી ઉઘાડા. ઘૂંટણોની ગાંઠ બહાર નીકળતી હતી. એમનાં હાડ મજબૂત અને વિશાળ હતાં. એમના હાથ લાંબાલાંબા હતા. આંગળીઓ લાંબી અને મજબૂત હતી. એમની ચામડી મુલાયમ અને સ્નિગ્ધ હતી. એમની આંગળીઓના નખ, હાથપગ તથા શરીર ચોખ્ખાં હતાં. એમનું ધોતિયું, તાપમાં પહેરવાની ટોપી તથા માથે રાખેલો ભીનો કટકો એ સહુ ઊજળાં ફગ હતાં.

એમનું શરીર ઘરડું નો'તું લાગતું. એમને જોઈને એ ઘરડા હોય એવું નો'તું લાગતું. એમનો બુઢાપો એમના માથા ઉપરથી વરતાઈ આવતો હતો.

એમની શાંત, વિશ્વસ્ત આંખો સિવાય એમના ચહેરાની આકૃતિ આકર્ષક નો'તી. આરામ લેતા હોય ત્યારે એમનો ચહેરો બેડોળ લાગતો. પણ એ ક્યારેય આરામ લેતા હોય એવું લાગતું જ નહીં. તેઓ વાત કરતા હોય, સાંભળતા હોય ગમે તે અવસ્થામાં એમના ચહેરા પર તરવરાટ દેખાતો રહેતો હતો. એના ઉપર ઝડપથી ફેરફારો થયા કરતા હતા. વાત કરતી વખતે તેઓ પ્રભાવ પડે એ રીતે હાથ વડે ભાવો વ્યક્ત કરતા હતા. એમના હાથ ખૂબ સુંદર હતા.

લૉઇડ જ્યોર્જ મહાપુરુષ જેવા દેખાતા હતા. ચર્ચિલ અને ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટની મોટાઇ અને લાક્ષણિકતા પણ વરતાઇ આવ્યા વિના નો'તી રહેતી. ગાંધીજીનું (ને લેનિનનું) એવું ન હતું. બહારથી એમનામાં કોઈ જાતનું નિરાશાપણું દેખાતું નહીં. એમનું વ્યક્તિત્વ હતું એ જે કંઈ હતા તેમાં, એમણે જે કંઈ કર્યું હતું તેમાં, એમણે જે કહ્યું હતું તેમાં. ગાંધીજીની સામે મને ન થયો કશો સંકોચ કે ન લાગ્યો કશો ભય. હું ખૂબ જ માયાળુ, સૌમ્ય, અદુર્ઘર્ષ, સરળ, પ્રફુલ્લ, બુદ્ધિમાન અને અત્યંત નમ્ર વ્યક્તિની સામે છું એવું મને લાગ્યું. મને એમના વ્યક્તિત્વના પ્રભાવનો પણ ખ્યાલ આવ્યો. પોતાના વ્યક્તિત્વના બળે જ એમણે કોઈ પણ પ્રકારના સંગઠિત પ્રયત્ન વિના, સરકારની સહાય વિના, એક છિન્નભિન્ન થઈ ગયેલા દેશના ખૂણેખૂણામાં — ખરું કહીએ તો વેરવિખેર જગતના ખૂણેખૂણામાં — કર્તવ્યપરાયણતા દ્વારા, ઉદાહરણો દ્વારા, આખી દુનિયામાં ઉપેક્ષિત થયેલા એવા કેટલાક સિદ્ધાંતો પ્રત્યેની નિષ્ઠા દ્વારા તેઓ જનતા પાસે પહોંચી જતા હતા. એમના સિદ્ધાંત હતા અહિંસા, સત્ય, સાધ્ય કરતાં સાધનની શુદ્ધિનો આગ્રહ.

ચર્ચિલ, રૂઝવેલ્ટ, લૉઇડ જ્યોર્જ, સ્ટાલિન, હિટલર, વુડરો વિલ્સન, કૈસર, લિંકન, નેપોલિયન, મેટરનિક, તાલેરાં વગેરે આજના ઇતિહાસની નામાંકિત વ્યક્તિઓના હાથમાં રાજ્યોની સત્તા હતી. રાજસત્તા વિના લોકમાનસને સ્પર્શ કરી શકી હોય એવી ગાંધીજીની કોટિમાં મૂકી શકાય એવી બીજી વ્યક્તિઓમાં કાર્લ માર્ક્સને મૂકી શકાય. વ્યક્તિઓના અંતરને ગાંધીજી જેટલા જબરદસ્ત પ્રભાવથી ભરી દેતી વ્યક્તિઓની શોધમાં તો આપણે સદીઓ પહેલાંના જમાનામાં પહોંચી જવું પડે. પહેલાંના જમાનામાં એમના જેવા પુરુષો પયગંબરો કહેવાતા, ધર્માત્મા કહેવાતા. ગાંધીજીએ બતાવી આપ્યું છે કે ઈસુના, ઇસાઇ સંતોના, બુદ્ધના, હિબ્રૂ પયગંબરોના, ગ્રીક ફિલસૂફોના આધ્યાત્મવાદી સિદ્ધાંતો આજના યુગમાં ને આજની રાજનીતિમાં પણ વ્યવહારમાં લાવી શકાય છે. ગાંધીજી ઈશ્વર અને ધર્મ વિશેનો ઉપદેશ નો'તા કરતા. એ તો વ્યવહારનો ધર્મ ઉપદેશતા હતા. જે જમાનામાં સત્તા, ધન અને અહંના વિધ્વંસક પ્રભાવની સામે ટકી રહેનારા નહિવત્ છે; તે જમાનામાં ગાંધીજી મહાન પુરુષ થઈ ગયા. વીજળી, રેડિયો, નળ કે ટેલિફોન વિનાના હિંદના એક નાનકડાશા ગામની ઝૂંપડીમાં એ અર્ધથીય વધારે નગ્ન અવસ્થામાં બેઠા હતા. એ અવસ્થા શ્રદ્ધાજનિત ભય પ્રેરે એવી, એમને ચમત્કારી પુરુષ માનવા મન થાય એવી તો ન જ હતી. એ હતા આ પૃથ્વી પરના પાર્થિવ માનવી. તેઓ જાણતા હતા કે જીવનની નાનીનાની બાબતોમાં જ જીવનનું રહસ્ય સમાયેલું હોય છે.

'તમારાં બૂટ અને હેટ પહેરી લો,' ગાંધીજીએ કહ્યું, 'એ બંને વસ્તુ વગર અહીં નહિ ચાલે. જોજો લૂ ન લાગી જાય.' ઉષ્ણતામાન ૧૧૦° થતું જતું હતું, ભઠ્ઠી જેવી ધખી રહેતી ઝૂંપડીઓ સિવાય છાંયડો શોધ્યો મળે તેમ ન હતું. 'ચાલો', ગાંધીજીએ આજ્ઞા આપતા હોય તેવા દેખાતા મૈત્રીના સ્વરે કહ્યું. હું તેમની સાથે ત્રણ બાજુએ કંતાનથી બંધ કરી લીધેલા ભોજનના સ્થાનમાં ગયો. ચોથી બાજુ ખુલ્લી હતી. ત્યાંથી એમાં પેસાતું હતું.

ગાંધીજી બારણા પાસેની એક ગાદી પર બેસી ગયા. એમની ડાબી બાજુ કસ્તૂરબા હતાં, જમણી બાજુ આચાર્ય નરેન્દ્ર દેવ. જમનારાઓની સંખ્યા ત્રીસેક જેટલી હતી. બહેનો જુદી બેઠી હતી. મારી સામે ત્રણથી આઠ વર્ષનાં થોડાં બાળકો બેઠાં હતાં. દરેકને બેસવા એકએક આસન હતું. સામે જમવાની પિત્તળની એક-એક થાળી ભોંય પર મૂકેલી હતી. આશ્રમના

ભાઈબહેનો ધોયેલા ખુલ્લા પગે અવાજ કર્યા વિના થાળીઓમાં રસોઈ પીરસતાં હતાં. ગાંધીજીની પલાંઠી પાસે થોડાં વાસણ ને વાટકીઓ મૂકેલાં હતાં. તેમણે મને બાફેલી ભાજીનો ભરેલો કાંસાનો વાટકો આપ્યો. એમાં કાપેલી પાલખના ને કચુંબરના થોડા ટુકડા હોય એવું લાગ્યું. એક બહેને મારી થાળીમાં મીઠું પીરસ્યું. બીજી બહેને ગરમ પાણીનો ને દૂધનો ગ્લાસ આપ્યો. પછી એ બહેન બે બાફેલા બટાટા અને થોડી રોટલી લઈ આવ્યાં. ગાંધીજીએ પોતાની સામે મૂકેલી થાળીમાંથી મને એક પાતળી ને કડક જોઈને રોટલી આપી.

ઘંટ વાગ્યો. સફેદ જાંઘિયો પહેરેલા ભરાવદાર શરીરવાળા એક ભાઈએ પીરસવાનું બંધ કરીને આંખો અડધી મીંચીને ઊંચે સાદે ગાવા માંડ્યું. ગાંધીજી અને બીજા લોકોએ એમાં સાથ પુરાવ્યો. પ્રાર્થના 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ'થી પૂરી થઈ. સહુએ બાફેલી ભાજીમાં બોળીને રોટલી ખાવા માંડી. મને એક નાનો ચમચો આપવામાં આવ્યો ને રોટીને સારુ માખણ આપવામાં આવ્યું.

'તમે રશિયામાં ચૌદ વર્ષ રહ્યા છો,' ગાંધીજીએ મારી સાથેની સહુથી પહેલી રાજકીય વાતની શરૂઆત કરી. 'સ્ટાલિન વિશે તમારો શો મત છે?'

ખૂબ બફારો થઈ રહ્યો હતો. મારા હાથમાં ખાલી ચડી હતી. મારા પગ પણ સૂન મારી ગયા હતા. એટલે મેં ટૂંકમાં જ પતાવ્યું : 'ખૂબ કાબેલ ને ખૂબ ક્રૂર.'

'હિટલર જેટલા ક્રૂર?' એમણે પૂછ્યું.

'એનાથી ઊતરતો નહીં.'

થોડીવાર રહીને તેઓ મારી તરફ ફરીને બોલ્યા, 'વાઈસરૉયને મળ્યા?'

મેં કહ્યું, 'મળ્યો.'

પણ ગાંધીજીએ વાત એટલેથી જ અટકાવી.

બપોરનું જમણ અગિયાર વાગે થતું ને સાંજનું ભોજન સૂર્યાસ્ત પહેલાં થતું. સવારમાં ખુરશેદબહેન મારો નાસ્તો લઈ આવતાં — ચા, બિસ્કિટ અથવા મધ ને માખણ સાથે ડબલ રોટી ને કેરી.

બીજે દિવસે બપોરે જમતી વખતે ગાંધીજીએ મને એક મોટો ચમચો ભાજી ખાવા માટે આપ્યો. પોતાના વાસણમાંથી એક બાફેલી ડુંગળી મને આપવા કાઢી. મેં બદલામાં કાચી ડુંગળી માંગી. ભોજનની સ્વાદ વિનાની ચીજો સાથે એ ખાવી ગમી.

ત્રીજે દિવસે બપોરે ભોજન વખતે ગાંધીજી કહે, 'મિ. ફિશર, તમારો વાટકો મને આપો. હું તમને થોડી ભાજી આપું.'

મેં કહ્યું, 'પાલખ અને કચૂંબર બે દહાડામાં ચાર વાર ખાઈ ચૂક્યો છું. હવે વધારે ખાવાની ઈચ્છા નથી.'

'તમને ભાજી નથી ભાવતી?' એમણે મારી ભૂલ કાઢતા હોય એ રીતે પૂછ્યું.

'એક સામટા ત્રણ દિવસ એક જ ભાજીનો સ્વાદ મને નથી ગમતો.'

'ઓ, એમ કરો, એમાં ખૂબ મીઠું ને ખૂબ લીંબુ નાખો.'

'તમે એવું કહેવા માંગતા હશો કે હું સ્વાદને મારી નાખું!' મેં એમની વાતનો અર્થ કર્યો.

'ના.' એમણે હસીને જવાબ આપ્યો, 'સ્વાદ વધારી લો.'

'આપની અહિંસા સ્વાદને ન મારવા સુધી પહોંચે છે?' મેં પૂછ્યું.

'લોક એને મારી નાખે તો મને દુઃખ નહીં થાય.' એમણે કહ્યું.

મેં મોં અને બોચી પરનો પરસેવો લૂછ્યો. 'હું બીજી વાર ભારત આવું...' ગાંધીજીનું મોં હાલતું હતું ને મારી વાત સાંભળતા ન હોય એવું લાગ્યું એટલે હું બોલતો અટકી ગયો.

'હા,' ગાંધીજીએ કહ્યું, 'બીજી વાર તમે ભારત આવો ત્યારે...'

'કાં તમે સેવાગ્રામને વાતાનુકૂલિત બનાવી લો અથવા વાઈસરૉય ભુવનમાં રહેવા જાઓ.'

'બહુ સારું.' ગાંધીજીએ જાણે સ્વીકાર કરી લીધો.

ગાંધીજીને મજાક ગમતી. એક દિવસ બપોર પછી હું તેમની મુલાકાત કુટિએ ગયો તો તેઓ ત્યાં ન હતા. થોડી વારમાં આવતાંની વારમાં એ પથારીમાં પડ્યા ને પ્રશ્ન પૂછવાનો સંકેત કરતાં કહેવા લાગ્યા, 'હું સૂતો સૂતો જ તમારા પ્રહારો ઝીલીશ.' એક મુસ્લિમ બહેને એમના પેટ પર માટીનું પોતું મૂક્યું. 'આનાથી ભાવિ સાથે મારો સંપર્ક થાય છે.' એમણે કહ્યું. મેં કશો જવાબ આપ્યો નહીં.

'મને લાગે છે કે આનો અર્થ તમને ન સમજાયો.' એમણે કહ્યું.

મેં કહ્યું, 'અર્થ તો હું સમજ્યો પણ મને લાગે છે કે માટી સાથે મળી જવાનો વિચાર કરવો પડે એટલા વૃદ્ધ તો તમે નથી જ થઈ ગયા.'

'કેમ નહીં? છેવટે તમારે ને મારે ને સહુને, કોઈને આજે તો કોઈને સો વર્ષે — ગમે ત્યારે તો માટીમાં મળવાનું છે જ.'

એક બીજે પ્રસંગે એમણે લંડનમાં લૉર્ડ સેન્કીને કહેલી વાત ઉપાડી : 'જો મેં મારી સંભાળ લીધી ન હોત તો, શું

આપને એમ લાગે છે કે, હું આ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો હોત? પણ એ મારો દોષ છે.'

મેં હિંમત કરીને કહી નાખ્યું : 'હું તો સમજતો હતો કે આપ નિર્દોષ છો.'

તેઓ હસવા લાગ્યા. મુલાકાતને વખતે પાસે બેઠેલા લગભગ આઠ દસ આશ્રમવાસીઓ પણ હસી પડ્યા.

'નહીં,' ગાંધીજીએ ભારપૂર્વક કહ્યું, 'મારામાં ખૂબ દોષો છે. અહીંથી જતાં પહેલાં તમને મારા સેંકડો અવગુણોની ખબર પડી જશે. નહીં તો એ શોધવામાં હું તમને મદદ કરીશ.'

એક કલાકની મુલાકાત શરૂ થાય તે પહેલાં ગાંધીજી ઝૂંપડીમાં મારે સારુ સાધારણ ઠંડકવાળી જગા શોધી કાઢતા, પછી કહેતા 'ભલે.' એનો અર્થ થતો, 'શરૂ કરો.' સમયનો એમને એટલો સરસ આશરો આવી જતો હતો કે એક કલાક પૂરો થવા આવતો ત્યારે જ તેઓ ઘડિયાળ પર નજર નાખતા ને કહેતા, 'તમારો કલાક પૂરો થયો.'

એક દહાડો વાતચીત પતાવીને હું ઝૂંપડીમાંથી રવાના થતો હતો ત્યાં તેઓ કહેવા લાગ્યો, 'જાઓ, ટબમાં બેસી જાઓ.' તાપમાં અતિથિનિવાસ સુધી જતાં મારું મગજ તપી ઊઠ્યું. મને થયું, 'ટબમાં બેસવાની વાત સાચી છે.'

તે દિવસની ગાંધીજી સાથેની, આશ્રમમાંના બીજા લોકો સાથેની બે દિવસ માટે ત્યાં આવેલા પંડિત નેહરુની સાથે થયેલી વાતચીતનો પૂરો હેવાલ છાપવાનું કામ કપરી કસોટી જેવું થાય એમ હતું. પાંચ મિનિટમાં તો હું થાકીને લોથ થઈ ગયો. હું પસીને ગળતો થઈ ગયો. ગાંધીજીએ ટબમાં બેસવાની સૂચના કરી હતી તેનાથી પ્રેરાઈને મેં પાણી ભરેલી કૂંડીમાં લાકડાનું નાનું ખોખું મૂક્યું. તે ઉપર ગડી વાળીને ટુવાલ મૂક્યો. બીજું મોટું ખોખું બહાર મૂક્યું. ને તે ઉપર મારું નાનું ટાઈપ રાઈટર મૂક્યું. આ યુક્તિ કરીને હું ટબવાળા ખોખા ઉપર બેસી ગયો ને ટાઈપ કરવા લાગ્યો. થોડી થોડી વારે પરસેવો થતો એટલે કૂંડીમાંથી પ્યાલે પ્યાલે પાણી શરીર પર રેડી લેતો. આ યુક્તિથી હું થાક લાગ્યા સિવાય કલાકો સુધી ટાઈપ કરતો રહી શક્યો. આ નવી શોધથી આખા આશ્રમમાં મજાની વાતો ચાલવા લાગી. આશ્રમના લોકો દીવેલીયા સૂરત લઈને ફરનારા તો નો'તા જ. ગાંધીજી એ વાતનું ખૂબ ધ્યાન રાખતા. એ છોકરાંઓને જોઈને આંખો મીંચકારતા, મોટાઓને હસાવતા, આવનારાઓની મજાક ઉડાવતા.

મેં ગાંધીજીને મારી સાથે છબી પડાવવાનું કહ્યું. ગાંધીજીએ કહ્યું, 'સંજોગવશાત્ કોઈ ફોટોગ્રાફર અહીં આવી પહોંચે ને તમારી સાથે મારી છબી પાડી લે તો મને કંઈ વાંધો નથી.'

'આ તો તમે મારી ભારે પ્રશંસા કરી નાખી.'

'શું તમને પ્રશંસા ગમે છે?' એમણે પૂછ્યું.

'શું આપણને બધાંને પ્રશંસા નથી ગમતી?'

ગાંધીજીએ સંમતિ દર્શાવી, 'હા, પરંતુ ક્યારેક ક્યારેક આપણે એની વધારે પડતી કિંમત ચૂકવવી પડે છે.'

મેં કહ્યું, 'મને કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ મોટા મોટા વેપારીઓના હાથમાં છે ને આપને પણ મુંબઈના મિલમાલિકો મદદ કરે છે, એ હકીકતમાં સત્ય કેટલું?'

'કમનસીબે એ વાત સાચી છે,' ગાંધીજીએ વાતનો સ્વીકાર કરતાં કહ્યું. 'કોંગ્રેસ પાસે પોતાનું કામ ચલાવવા જેટલા પૈસા નથી. શરૂઆતમાં મારો ખ્યાલ એવો હતો કે દરેક સભાસદ પાસે વાર્ષિક ચાર આના લઈને કામ ચલાવીએ પણ એટલાથી ચાલ્યું નહીં.'

મેં પૂછ્યું, 'કોંગ્રેસના નિધિનો કેટલો ભાગ ધનવાન હિંદીઓ પાસેથી મળે છે?'

'લગભગ બધો જ' એમણે કહ્યું. 'દાખલા તરીકે આ આશ્રમમાં પણ અમે આનાથી વધારે સાદાઈથી રહી શકીએ એમ છીએ ને ખર્ચ ઘટાડી શકીએ એમ છીએ. પરંતુ એમ થઈ શકતું નથી ને પૈસા ધનવાન ભારતવાસીઓ પાસેથી જ આવે છે.'

***(ક્રમશઃ)***

***પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ***

## રાગ દ્વેષની ગાંઠો તોડીએ

અંગ્રેજીમાં એક સુંદર વાક્ય છે : "A great conquerar never fights on small issues" — તદ્દન નાખી દેવા જેવી નાની નાની બાબતોમાં રજનું ગજ કરીને અનેક લોકો ગામ આખા સાથે જીવનભર (માત્ર જીવનભર નહીં પણ જનમોજનમ) ચાલે તેવી વેરની — દ્વેષની ગાંઠો ઊભી કરી દે છે. ભવ અટવીમાં ભમતા ભમતા માંડ માંડ હાથ લાગેલ દુર્લભ એવા આ મનુષ્ય જન્મનો આનાથી મોટો વેડફાટ શું હોઈ શકે? શાસ્ત્રકારો કહે છે : "ખણે દુલ્લહે." આવી વિરલ તકનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ છે, આંતરશત્રુઓ સામે જંગે ચઢીને તેમાંથી બને તેટલાનો સફાયો બોલાવી દેવો તે! ફ્રન્ટિયર મેઈલ ફ્લેગ સ્ટેશને ઊભો નથી રહેતો. "ઈચ્છા વિચ્છેદ"ની મંઝિલ તરફ પૂરપાટ દોડતી ગાડીએ (કર્મસત્તા જેમને નિમિત્ત બનાવી, એ દોડતી ગાડીને પાટા ઉપરથી ઉથલાવવા કોશિશ કરે છે તે) નિમિત્તો સામે નજર પણ ન કરાય. કરોડોના ટર્નઓવરવાળો પરચૂરણ સોદામાં મોં ન ઘાલે. આપણે આત્માના અનંત ઐશ્વર્યને પ્રાપ્ત કરવા આવ્યા છીએ.

માન-અપમાનના પરચૂરણ સોદાઓમાં સમય ન વેડફીએ તો ક્ષમાપના - અવૈર સહજ બની જાય.

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

જાગૃતિ

# પાણીનો ઉપયોગ સાચવીને કરો

*'રહિમન પાની રાખીએ બિના પાની સબ સૂન,*
*પાની ગએ ન ઉબરે મોતી માનુષ ચૂન.'*

ભાગ્યે જ કોઈ એવું હશે જેણે આ લીટીઓ વાંચી ન હોય. આ લીટીઓના ભાવાર્થને પાછળ છોડીને **આપણે આજે ખરેખર એવા કિનારા ઉપર આવી પહોંચ્યા છીએ જ્યાં આપણે એના ભાવાર્થને સમજીને પાણીની મહત્તા સમજવી જ પડશે.**

ઉનાળામાં જ્યારે નળમાં પાણી આવતું બંધ થઈ જાય અને લાંબી લાંબી લાઈનો લગાવીને વોટર ટેન્કરોની કલાકો સુધી રાહ જોવી પડે ત્યારે પાણીનું મહત્ત્વ સમજાય છે. આ સ્થિતિમાં પાણીની એક એક ડોલ માટે લોકોને લડતાં ઝઘડતાં જોઈ શકાય છે. આ તંગી માત્ર બે રાજ્યો જ નહીં, બે દેશો વચ્ચે પણ જોવા મળે છે. કદાચ એ જોઈને જ યુ.એન.ઓ.ના ભૂતપૂર્વ મહાસચિવ કોફી અન્નાને જણાવ્યું હતું કે **ત્રીજું વિશ્વયુદ્ધ પેટ્રોલ માટે નહીં પણ પાણી માટે થશે.**

ચેરાપુંજી આખી દુનિયામાં ભારે વરસાદ માટે પ્રસિદ્ધ હતું. જ્યાં લગભગ ૧૧,૦૦૦ મિલીમીટર વર્ષા પ્રતિવર્ષ થાય છે. એ સ્થળ પણ આજે જળસંકટની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિમાં રાજસ્થાન અથવા અન્ય સ્થાનોની તો કલ્પના જ કરી શકાય, જ્યાં અવારનવાર ખેતી અને સિંચાઈ માટે પાણીના અભાવે ખેડૂતો આત્મહત્યા કરવા માટે લાચાર બની જાય છે. **માત્ર ભારત જ નહીં સમગ્ર વિશ્વ આજે જળસંકટની સમસ્યાનો સામનો કરી રહ્યું છે.**

પૃથ્વીનો ૩/૪ ભાગ પાણીથી ભરપૂર છે. જેમાં ૨.૫ ટકા ફ્રેશ વોટર છે, જે નદીઓ, અંડરગ્રાઉન્ડ સંપત્તિ સ્નોફોલ અને બરફ સ્વરૂપે છે. ૨.૫ ટકા ફ્રેશ વોટરનો ૬૦.૫ ટકા ભાગ આર્કટિક અને એન્ટાર્કટિક ક્ષેત્રોમાં બરફ સ્વરૂપે છે. બાકીનો ૩૦.૫ ટકા જમીનની સપાટી નીચે, એક્વિફર્સ ભીની માટી વગેરેમાં છે. ફ્રેશ વોટરની કુલ આપૂર્તિ સામાન્ય જીવ સમુદાય અને જનસમૂહને નદીઓ, નહેરો, સરોવરો, ભીની માટી અને ગ્રાઉન્ડ વોટરથી થાય છે, જે ફ્રેશ વોટરના એક ટકાથી પણ ઓછું છે અને ડબલ્યુ.એચ.ઓ.ના જણાવ્યાનુસાર સંપૂર્ણ જળના ૦.૦૦૭૫ ટકા છે.

જળસંકટ ઊભું થવાનાં ઘણાં કારણો છે. ક્યાંક પાણીનો જરૂરિયાત કરતાં વધારે ઉપયોગ થઈ રહ્યો છે. ઘણી જગ્યાએ લોકો પાણીનાં એક એક ટીપાં માટે તરસી રહ્યા છે.

- ★ સંયુક્ત રાજ્ય અમેરિકામાં પાણીનો અતિ વ્યય થઈ રહ્યો છે. ત્યાં દરેક વ્યક્તિ ૧,૦૦૦ લિટર પાણીનો દરરોજ ઉપયોગ કરે છે. જ્યારે અન્ય દેશોમાં ૩/૪ લોકો દરરોજ ૫૦ લિટર પ્રતિ વ્યક્તિના હિસાબે પાણીનો ઉપયોગ કરે છે. કેન્યામાં તો પાંચ લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિદિનના હિસાબે પાણીનો ઉપયોગ કરે છે.
- ★ ઇજિપ્તમાં વસ્તી વધારાના કારણે નીલ નદીનું પાણી ઘટતું જાય છે. ત્યાં હવે જળની ઉપલબ્ધતા ૧/૩ જેટલી જ રહી ગઈ છે.
- ★ મિડલ ઈસ્ટમાં પાણીના સંકટનાં કારણે અંદરોઅંદર લડાઈ છે. ત્યાં જોર્ડન અને ઇઝરાયલની વસ્તીમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જ્યારે બંને દેશો વચ્ચે એક નદી જ એકમાત્ર જળસ્રોત છે.
- ★ વસ્તી વધારાના કારણે જ ચીનનું વોટરલેવલ પણ ઝડપથી ઘટતું જાય છે.
- ★ ભારતમાં હજારો ગામડાંઓ એવા છે જ્યાં દૂર દૂર સુધી પાણી નથી. ગામડાંના લોકો પાણી લેવા માટે પાંચથી છ કિ.મી. પગે ચાલીને જાય છે. સરકાર દ્વારા એ ગામડાંઓમાં પાણી પૂરું પાડવાના મોટાભાગના પ્રયાસો નિષ્ફળ જ રહે છે. મહાનગરોમાં ઊંચા ઊંચા મકાનોમાં પાણી પહોંચાડવા માટે બોરવેલની જરૂર પડે છે, જે પછાત ક્ષેત્રોમાં ખોદવામાં આવેલા કૂવાનું બધું પાણી ખેંચી લે છે. પરિણામે કૂવા સૂકાઈ જાય છે.

**આમ તો ભારત વિશ્વનું બીજું સૌથી ભેજવાળું રાષ્ટ્ર છે. અહીં જોઈએ તો પાણીની સ્થિતિ ઘણી ખરાબ નથી. અહીં સમસ્યા પાણીના ઉપયોગ અને એના સંરક્ષણની છે.**

વધતાં ઔદ્યોગિકીકરણના કારણે જ્યાં એક બાજુ જળ સંરક્ષણના સાધનો સમાપ્ત થઈ રહ્યા છે, ત્યાં નદીઓનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. એનાથી નદીઓ રાસાયણિક

કચરાના નાળામાં બદલાતી જાય છે. આ પરિસ્થિતિમાં પીવાનું સ્વચ્છ પાણી ઘણી મુશ્કેલીથી મળે છે. દેશમાં મોટાભાગનું પાણી ખેતી અને સીવરમાં જઈને દૂષિત થઈ જાય છે. **સ્વચ્છ પાણી ઉપલબ્ધ ન હોવાના કારણે દેશમાં પ્રતિદિન ૧૬૦૦ વ્યક્તિના મૃત્યુ માત્ર ડાયેરિયાથી થઈ રહ્યાં છે.** મોટાભાગના લોકો એવી બીમારીઓનો ભોગ બની જાય છે, જેની અસર એમના જીવનની દરેક બાબત સ્વાસ્થ્ય, શિક્ષણ, જીવન જીવવાની રીત, સમાજ એટલે સુધી કે રાષ્ટ્ર પર પણ પડે છે. **સ્વચ્છ પાણી ન હોવાની સમસ્યા માત્ર પછાત વિસ્તારોમાં જ નહીં, પરંતુ મહાનગરોમાં પણ જોવા મળે છે.**

મોટા મોટા બંધોમાં પાણી ભરીને ખુલ્લી નહેરોમાં પ્રવાહિત કરવું એ પાણીનો બગાડ છે. એમાં ૫૦ ટકા પાણી તો બાષ્પીભવન અને બગાડ થવામાં જ સમાપ્ત થઈ જાય છે. **માટે પાણીનો જમીનમાં સંગ્રહ કરી પાઇપ દ્વારા પુરવઠો પૂરો પાડવાની બાબત પર ભાર મૂકવો જોઈએ.**

ખેડૂતોને માટીનો ભેજ તપાસવાની રીત શીખવાડવી જોઈએ. જેનાથી એ યોગ્ય પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરી શકે.

સુમદ્રનાં પાણીને ક્ષારમુક્ત કરવા તથા એકવાર ઉપયોગમાં લેવાયેલા પાણીને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જળ સંરક્ષણના પારંપરિક ઉપાયો પર ધ્યાન આપવું જોઈએ.

જળ વ્યવસ્થા અને નદીઓને પ્રદૂષણ મુક્ત કરવાનાં કાર્યોનો વ્યવસ્થિત અમલ કરવો જોઈએ.

બે રાજ્યો વચ્ચે ચાલતા નદીઓના વિવાદ જનહિતને ધ્યાનમાં રાખી ઉકેલી લેવા જોઈએ અને રાજકીય દૃષ્ટિકોણથી લંબાવવા ન જોઈએ.

## આપણી જવાબદારીઓ

★ જળ સંરક્ષણ માટે સરકાર શું કરી રહી છે, એ વિચારવાના બદલે આજે એવી જરૂર છે કે આપણે ભેગાં મળીને આ સમસ્યાનો સામનો કરીએ. **નહિતર એ દિવસ દૂર નથી જ્યારે પાણી દૂધના નહીં, ઘી ના ભાવે ખરીદવું પડશે.**

★ **વાસણ સાફ કરતી વખતે :** જો તમે દરરોજ ખુલ્લા નળ નીચે ત્રણવાર વાસણ સાફ કરતા હો તો લગભગ ૯૦ લિટર પાણી એક દિવસમાં વાપરો છો. જો તમે ટબમાં પાણી લઈ વાસણ ધુઓ તો દરરોજ માત્ર ૧૫ લિટર પાણી જ ખર્ચાશે. આ રીતે તમે ૪૫ લિટર પાણીની પ્રતિદિન બચત કરી શકશો.

★ **શાકભાજી ફળો ધોતી વખતે :** શાકભાજી અને ફળ નળની નીચે ન ધુઓ પરંતુ કોઈ વાસણમાં પાણી લઈને ડુબાડીને ધુઓ. આ રીતે પાણીની બચત થશે. એટલું જ નહીં, વધેલું પાણી તમે બગીચામાં નાખવાના કામમાં વાપરી શકશો.

★ **કપડાં ધોતી વખતે :** કપડાં ધોતી વખતે સતત નળ ખુલ્લો ન રાખો. કપડાં તારવ્યા પછી વધેલું પાણી ફર્શ સાફ કરવા અથવા ગાડી ધોવા માટે ઉપયોગમાં લઈ શકશો.

★ **બ્રશ અને શેવિંગ કરતી વખતે :** નળ ખુલ્લો રાખીને બ્રશ કે શેવ કરવાથી લગભગ ૧૬ લિટર પાણી વ્યક્તિદીઠ ખર્ચાય છે. માટે પાણી બાઉલમાં લઈ બ્રશ અથવા શેવ કરો.

★ **સ્નાન કરતી વખતે :** સતત પાંચ મિનિટ શાવર ચાલે તો ૬૦ લિટર પાણી ખર્ચાય છે, પરંતુ ડોલમાં અથવા ટબમાં પાણી લઈને સ્નાન કરવામાં આવે તો પ્રતિદિન ૨૦થી ૩૦ લિટર પાણી બચાવી શકાય છે.

★ **ફ્લશ કરતી વખતે :** એક સરેરાશ સાઈઝનું ફ્લશ અથવા ટાંકી ૧૫ લિટરની હોય છે. જ્યારે ફ્લશ કરવા માટે ૧૦ લિટર પાણી પૂરતું હોય છે. માટે પાણીની બચત કરવા માટે ડોલનો ઉપયોગ પણ કરી શકો છો અથવા તમારા ફ્લશની ટાંકીમાં બે લિટર પાણીની જગ્યાએ બે ઈંટો મૂકી કવર કરી શકો છો.

★ **બાંધકામ કરતી વખતે :** ઘર કે ઑફિસ બનાવતી વખતે વોટર હાર્વેસ્ટિંગનું ખાસ ધ્યાન રાખો.

★ **લોકોમાં જાગૃતિ :** ઘરમાં બાળકો અને સમગ્ર પરિવારજનોને પાણીના ઉપયોગની ગંભીરતા સમજાવો. તમારી આસપાસ જ્યાં પણ પાણીનો બગાડ થતો જુઓ ત્યાં પાણીની ઉપયોગિતા અને જળસંકટ વિશે સમજાવો.

## "કહેવતોની દુનિયામાં ડોકિયું"ના જવાબો

(૧) એક તીર દો નિશાન, (૨) હાથના કર્યા હૈયે વાગ્યા, (૩) ડુંગર દૂરથી રળિયામણા, (૪) હસે તેનું ઘર વસે, (૫) આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય, (૬) એક કાંકરે બે બક્ષી મારવા, (૭) અંગૂઠો દેખાડવો, (૮) કીધે કુંભાર ગધેડે ન ચડે, (૯) ઘર કી મુરગી દાલ બરાબર, (૧૦) દૂધ પાઈને સાપ ઉછેરવો, (૧૧) દીવાલને પણ કાન હોય, (૧૨) બાંધી મુઠ્ઠી લાખની, (૧૩) હાથી જીવતો લાખનો, મરે તો સવા લાખનો (૧૪) મોરનાં ઈંડાં ચીતરવા ન પડે, (૧૫) આંખ આડા કાન કરવા, (૧૬) બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે, (૧૭) લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય, (૧૮) ગાજ્યા મેહ વરસે નહીં, (૧૯) ઘોડે ચડીને આવવું.

વિચાર વિમર્શ

# વ્યક્તિને એના જન્મના ક્રમથી માપી શકાય?



ડૉ. યાસીન દલાલ

હમણાં એક પુસ્તક બહાર પડ્યું : 'બોર્ન ટુ રીબેલ.' મતલબ ક્રાંતિ માટે સર્જાયેલા બાળકો. એના લેખક ફ્રેન્ક સુલોવે દર્શાવે છે કે ઐતિહાસિક પરિવર્તનો ધર્મ, રાજ્ય કે અર્થતંત્ર દ્વારા નહીં પણ કુટુંબના માળખા ઉપર આધાર રાખે છે. લેખક માને છે કે પ્રથમ જન્મેલા બાળકો પછી તેની વય, લિંગ, વર્ગ અને રાષ્ટ્રીયતા ગમે તે હોય આવા બાળકો યથાવત સ્થિતિને જાળવી રાખવાના પ્રયત્ન કરે છે. પરંપરાને વળગી રહે છે અને તેનું જતન કરે છે. જ્યારે પાછળથી જન્મેલા બાળકો પરંપરાને તોડે છે. આપણા બાળકોનો ક્રમ તેમની માનસિક સ્થિતિ ઘડવામાં અને તેમના વ્યક્તિત્વના વિકાસમાં અને સ્વભાવમાં મહત્ત્વની ભૂમિકા ભજવતો જોવા મળે છે. **જુદા જુદા કુટુંબમાં જન્મેલા એક જ ક્રમના બાળકો વચ્ચે જેટલી સામ્યતા દેખાય છે તેટલી એક જ મા-બાપના બાળકો વચ્ચે દેખાતી નથી.** આજના સમાજશાસ્ત્રીઓ સુલોવેની વાતોને બહુ ગંભીરતાથી લેતા નથી. જન્મના ક્રમ વિશે હજી બહુ ગંભીર સંશોધન થયું નથી. ૧૯૮૩માં ૨૦૦૦ જેટલા અને ૧૯૪૦ના શરૂ થયેલા કેસીઝનો સ્વીસ મનોવૈજ્ઞાનિકોએ અભ્યાસ હાથ ધર્યો. મોટાભાગના અભ્યાસોમાં સામાજિક વર્ગો અને કુટુંબના કદની ઉપેક્ષા કરી હોવાથી એમને ગંભીરતાથી લઈ શકાય નહીં. સુલોવે કબૂલ કરે છે કે એમની સંશોધન પદ્ધતિ ખામી ભરેલી હતી અને મારી પાકી છે. ડાર્વિન છ બાળકોમાં પાંચમા નંબરે હતો ત્યારે અગાસીઝ પ્રથમ સંતાન હતું. સુલોવેએ આવા હજારો બાળકોનો અભ્યાસ કર્યો છે. જેમાં કોપરનિક્સથી માંડીને અનેક સુધારાવાદી પ્રોટેસ્ટન્ટ સંકળાયેલા હતા. સુલોવેએ આની અલગ અલગ યાદીઓ તૈયાર કરી હતી. ક્રાંતિકારીઓ અને પ્રતિકારવાદીઓની યાદી અલગ હતી.

રાજીવ ગાંધી કરતા સંજય વધુ તેજ હતો. વધુ બાળકો હોય ત્યાં ત્રીજા, ચોથા, પાંચમા, છટ્ઠા, સાતમા કે આઠમા બાળકની તાસીર બદલાતી રહે છે. રવિન્દ્રનાથ ટાગોર સંતાનોમાં પાછળ હતા. 'બર્થ ઓર્ડર બુક'ના લેખક કેવિન લેમેન કહે છે કે, "એવો પણ લાઈબ્રેરિયન બતાવો કે જેના મા-બાપનું પ્રથમ બાળક ન હોય." પ્રથમ બાળકો વિશે કહેવાય છે કે એ લોકો હિસાબ-કિતાબ અને વાસ્તુપણામાં નિષ્ણાત હોય છે. એ સારા પાઈલોટ બની શકે. બીલ ક્લિન્ટન અને દેવગૌડા પ્રથમ સંતાન જેવી ખાસિયતો ધરાવે છે જ્યારે નાના પાટેકર પાછલા સંતાન હતા. ફ્રોઈડનો નારાજ થઈને અળગો પડલો શિષ્ટ આલ્ફ્રેડ એડલર એવો આક્ષેપ મૂકે છે કે પ્રથમ બાળક પોતાનું જીવન નાના ભાઈ બહેનોએ છીનવી લીધું એનો બદલો લેવામાં જ પસાર કરે છે. પરંતુ આ મંતવ્ય સાથે સંમત થવું મુશ્કેલ છે. એ એવું કહે છે કે જે છેલ્લા જન્મેલા હોય છે તે બગડેલા અને આળસુ હોય છે. તેમનાથી નાના ભાઈ-બહેનો ન હોવાથી તેમની સામે કોઈ પડકારો નથી. આ છેલ્લાઓ પોતાનાથી મોટાઓ સાથે હરીફાઈ કરીને સખત બની જતા હોય છે. જો કે આ વાત સાથે પણ સંમત થવાય તેમ નથી.

સુલોવે ડાર્વિનની સિબલીંગ કમ્પિટીશન એટલે કે ભાઈ-બહેનો વચ્ચેની સ્પર્ધા અને એકબીજા ઉપર થતાં માનસિક દબાણો અને સંઘર્ષનો વિચાર કરે છે. સૌથી નાના બાળકો માટે મા-બાપનો સહારો ટકી રહેવાનો આ એકમાત્ર ઉપાય છે. ભાઈ-બહેનો બાળક માટે સૌથી મોટો પડકાર ઉભા કરે છે. ખોરાકની તંગી હોય ત્યારે માળામાં રહેતા બચ્ચા સૌથી નાના બચ્ચાને મારી નાખે છે. માણસમાં પણ આવું જોવા મળે છે. ઘણાખરા સમાજમાં મોટાભાઈનો મોભો નાના કરતા ઓછો હોય છે. આજે આધુનિક યુગમાં પણ ખોરાકની અછત હોય કે જીવનની હાડમારી વધી જાય ત્યારે મોટાને જીવાડવા માટે નાનાને મારી નાખવામાં આવે છે. **સમૃદ્ધ સમાજમાં ભાઈ-બહેનો વચ્ચેની સ્પર્ધાના વિવિધ પ્રકારો જોવા મળે છે.** ખેડૂતોમાં આ સ્પર્ધા અલગ પ્રકારની હોય છે. એક વાત નક્કી કે ફર્સ્ટ બોર્ન અને લેઈટ બોર્ન વચ્ચેના પ્રેસર અલગ અલગ હોય છે. **બાળકનો જન્મક્રમ તેના ચારિત્ર્ય ઘડતરમાં ઘણી અગત્યની ભૂમિકા ભજવે છે.**

પ્રથમ જન્મેલા બાળકો કદમાં મોટા, મજબૂત અને ચપળ હોય છે. પોતાનો કક્કો સાચો કરવાની એમને ટેવ હોય છે. એ વધુ અદેખા અને દરજ્જાનું ભાન રાખનારા હોય છે. શરૂઆતમાં એકલાને જ લાડ પ્યાર ભોગવ્યા હોય તેમાં ભાગ પડાવનારા આવે છે અને એમને ઈર્ષ્યા થાય છે. મા-બાપના એકના એક સંતાન તરીકે ભોગવ્યા હોય એ બધો પ્યાર વહેંચાઈ જાય છે. પ્રથમ બાળક પછી જન્મેલા બાળકો દાદાગીરીથી કશું મેળવી નહીં શકે તે વાત એ લોકો જાણે છે. એટલે એ લોકો મળતાવડા થઈ જાય છે. તેમની જવાબદારી ઓછી હોવાથી તેઓ નવા વિચારો માટે તત્પર રહે છે. અર્નેસ્ટ અને એગસ્ટે

૧૯૮૩માં બે હજાર બાળકોનો અધૂરો અભ્યાસ છોડ્યો હતો. એ પૂરો કરીને અને આ લોકોનો સામાજિક દરજ્જો અને કુટુંબના કદનો જન્મના ક્રમ પહેલા વિચાર કર્યા પછી નીચેની પાંચ ધારણાઓ બહાર આવી છે : (૧) જન્મનો ક્રમ વ્યક્તિ બહિર્મુખ બનશે કે નહીં એ નક્કી ન કરી શકે. (૨) પ્રથમ બાળક ચંચળ અને વિચિત્ર સ્વભાવવાળું હોય છે. પોતાની જાત વિશે એ વધુ સભાન હોય છે. (૩) પાછળથી જન્મેલા બાળકો વધુ નરમ અને નવા અનુભવો મેળવવા માટે આતુર હોય છે. (૪) એકલા બાળકો પ્રથમ અથવા પછી જન્મેલા બાળકોના ગુણોમાંથી ગમે તે ગુણ ધરાવી શકે છે. આ બાળકો બાહ્ય જગતમાં કેવી રીતે વર્તશે એ કહી શકાય નહીં. આ પ્રશ્નનો જવાબ મેળવવા પાંસઠસો લોકોની પૂછપરછ કરવામાં આવી.

મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગ પાછળથી જન્મેલા બાળકો હતા. એ જ રીતે ટ્રોટસ્કી અને ફિડેલ કાસ્ટ્રો ઉપરાંત યાસર અરાફત અને હો ચી મિન્હ પણ પાછળથી જન્મેલા બાળકો હતા. મોડા જન્મેલા બાળકો કોપરનિક્સ કે ડાર્વિનના વિચારો તરફ વધુ ઢળતા હતા. જ્યોર્જ હોલેસ, જવાહરલાલ નહેરુ અને ગાગારીચ પ્રથમ જન્મેલા બાળકો હતા. માનવીની ખોપરી ઉપરથી એના વ્યક્તિત્વ વિશેના અનુમાનોમાં જલ્દી શ્રદ્ધા બેસી જાય છે. એટલી શ્રદ્ધા પ્રથમ બાળકોમાં બેસતી નથી. જો કે જન્મનો ક્રમ બધી વાતો નક્કી કરે છે એવું પણ નથી. બધા નિયમોના અપવાદો હોય છે. આઈઝેક ન્યૂટન પ્રથમ બાળક હતો પણ હિટલર પ્રથમ ન હતો. સુલોવે એક વાત કબૂલે છે કે જન્મના ક્રમની અસરને ઉલટાવી શકાય છે તેમ વૃદ્ધિ પણ કરી શકાય છે. એમાં બીજા પરિબળો પણ અસર કરે છે. વ્યક્તિત્વ ઉપર જાતિની ઘણી અસર હોય છે.

પ્રથમ જન્મેલી છોકરીઓમાં વધુ આત્મવિશ્વાસ હોય છે. તેઓ આક્રમક અને શાબ્દિક યુદ્ધ કરવાના સ્વભાવવાળા હોય છે. **જેમ ઉંમર વધે તેમ માનવી વધુ સંકુચિત બનતો જાય છે.** ૩૦ વરસનો પ્રથમ જન્મેલો બાળક કરતા ૮૦ વરસના માણસો વધુ ખુલ્લા દિલના હોય છે. વ્યક્તિના જન્મગત લક્ષણો એના જન્મક્રમના લક્ષણોને દબાવી શકે છે. કુમારી ટોનો ફેબલો આ વાતનો વિરોધ કરતા જણાવે છે કે સુલોવેએ માત્ર કેટલાક કેસ જ લીધા છે અને આ વિશિષ્ટ કેસોમાંથી ગમે તેવા તારણ કાઢ્યા છે. ઈતિહાસ તો વિશિષ્ટ ઉદાહરણની હારમાળા છે.

મેડોના રૂઢિચુસ્ત જૂનવાણી કુટુંબનું છમાંથી ત્રીજા નંબરનું સંતાન છે કે કુદરતી રીતે નિયમોનો ભંગ કરનારી છે. એના નવજાત બાળક વિશે કહી શકાય કે પ્રથમ હોવાથી મા-બાપના ગુણોને અનુસરે છે. બીલ ગેટ્સ પાછળથી જન્મેલા અને ક્રાંતિકારી વિચારોને વધુ પસંદ કરનારા છે. ટેકનો રીવોલ્યુશનરી માઈક્રોસોફ્ટ પાછળનું ક્રાંતિકારી ભેજુ એમનું જ છે. એ જ રીતે ગ્લોરીયા સ્ટોઈનેમ સ્ત્રીઓના હક્કો માટે લડે છે અને પછીથી જન્મેલું બાળક હોવાથી તેને સામાજિક સુધારામાં તેને રસ છે. માર્ટિન લ્યુથર કિંગ અને માલખમ એક્સની જેમ તેને કશુંક કરી છૂટવાની તમન્ના છે. માઈકલ જોર્ડન પાછળથી જન્મેલા હોવાથી એને વિવિધ ક્ષેત્રોમાં રસ છે. તેણે અનેક ગોલ્ડ મેડલ પણ જીતેલા છે. યાસર અરાફત સાતમાનું છઠ્ઠું બાળક હોવાથી ક્રાંતિકારી થયા. પિતાને માતા સાથે બનતું નહોતું. માતાનું વહેલું મૃત્યુ થયું. રાજકુમારી સ્ટીફન મોનાકોનિ રાજકુમારી છે અને પ્રિન્સ હેઈનરની ત્રીજી પુત્રી છે. તેણે છૂટાછેડા લીધા છે અને લગ્ન વગર મા બની છે. રશિયાના ભૂતપૂર્વ પ્રમુખ પ્રથમ જન્મેલા હતા અને એમની અંદર આધિપત્યની ભાવના પ્રબળ બની ગઈ છે. આકરા સમયનો સામનો કરી તેઓ સખત બની ગયા. તેઓ કહે છે કે હું છ વરસનો હતો ત્યારથી મારા માથે ઘરની અને નાના ભાઈ-બહેનોની જવાબદારી સોંપવામાં આવી.

રાજકુમાર ચાર્લ્સ પ્રથમ બાળક હોવાથી અર્લ સ્પેન્સરની ત્રીજા નંબરની પુત્રી ડાયના સાથેતેનો સ્વભાવ મેળ ખાધો નહીં. ઈરાકના સદ્દામ હુસેન પ્રથમ બાળક હોવાથી ખૂબ આક્રમક અને સત્તાના શોખીન તથા વેરભાવવાળા હતા. પ્રથમ જન્મેલા બાળકો બીજા બાળકો સાથે પ્રેમથી ભળી શકતા નથી પણ તેઓ ઉત્તમ સરમુખત્યાર બની શકે છે. નેલ્સન મંડેલા મોટા રાજપુરુષ અને ક્રાંતિકારી હતા. તેઓ માતૃપક્ષે સૌથી મોટા અને પિતૃપક્ષે ચાર દીકરામાંથી છેલ્લું સંતાન હતા. તેમના પિતાને ચાર પત્નીઓ હતી. ક્લિન્ટ ઈસ્ટવુડ ફિલ્મોમાં બધાને ગોળીથી ઉડાવી દેતા હતા. આ પ્રથમ બાળકના લક્ષણો છે. સેલવા સ્ટેબોન અને બ્રુસ વિવિલ પણ પ્રથમ બાળકો છે. જહોન વેઈન પણ પ્રથમ બાળક હતો. હિલેરી ક્લિન્ટન ક્લાસિક ફર્સ્ટ બોર્ન છે. એને શું જોઈએ છે તે તેને ખબર છે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## પૂર્વ મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતાનાં ધર્મપત્નીનું નિધન

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી, મૂળ કચ્છ - માંડવીના સુરેશચંદ્ર મહેતાના ધર્મપત્નીનું તા. ૧૯-૭-૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે નિધન થયું હતું. સ્વ. ઈન્દિરાબેનની ઈચ્છા અનુસાર તેમના પાર્થિવ દેહને વતન કચ્છ - માંડવી લઈ જવાયો હતો. બીજા દિવસે સવારે પૂર્વ મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી. જેમાં રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ તેમજ સમાજના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સદ્‌ગતશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ સદ્‌ગતશ્રીની પ્રાર્થનાસભા માંડવી તેમજ ગાંધીનગર ખાતે અલગ - અલગ દિવસોએ રાખવામાં આવી હતી. તેમાં પણ મંત્રીશ્રીઓ, રાજકીય આગેવાનો, મીડિયા જગત તથા સમાજના અગ્રણીઓ, સરકારી અધિકારીઓ વગેરે બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આહાર

# વિધેન ડાયટ



કમલ શાંતિલાલ શાહ

વૈશ્વિક સ્તરે તા. ૧ નવેમ્બરના રોજ વર્લ્ડ વેધન ડે ની ઉજવણી કરવામાં આવે છે. વેધન ડાયટનો મતલબ કે ડેરી પ્રોડક્ટનો ત્યાગ કરવો. પ્રથમ દૃષ્ટિએ જોતાં આ વાત મારા, તમારા અને આપણા સૌની કલ્પના બહારની વાત છે. દૂધ, દહીં, છાશ, માખણ અને ઘી વગરના જીવનની આપણે કલ્પના પણ ન કરી શકીએ. દૂધ, ઘી થી જ શરીરનો બાંધો બંધાય છે. **કચ્છ જિલ્લામાં તો ઠંડી છાશ વગરના ખોરાકની કલ્પના પણ ન થાય. છાશ પીએ તો હાશ થાય.**

પરંતુ આ માન્યતાની ભીતરમાં આપણે ડોકિયું કરીએ તો કંઈક અવનવું આપણે જાણી શકીશું. શહેરમાં આપણે ગાયોને રખડતી મૂકી દઈએ છીએ. તેના આહારપાણીની પણ ચિંતા કરતા નથી. હકીકતમાં દૂધ થકી થતી ઉત્પાદનની ચીજવસ્તુઓ જેમ કે દહીં, છાશ, મીઠાઇ, ચીઝ, બટર વગેરે શાને આભારી છે, તેનો આપણે કદી વિચાર કર્યો છે ખરો?

સામાન્ય રીતે ગાય રોજનું છ થી સાત લીટર દૂધ આપે છે. **પરંતુ વધારે પ્રમાણમાં દૂધ મેળવવાની લાલચમાં ગાયને અમુક પ્રકારના ઇન્જેક્શન આપવામાં આવે છે.** જેથી એ દસ લીટર કે તેથી વધારે દૂધ આપે છે. પરંતુ આ ઇન્જેક્શનના કારણે ગાયને કેટલી પીડા સહન કરવી પડે છે તેનો કોઇ વિચાર કરતું નથી. ઇ.સ. ૨૦૧૭માં ભારતે ૧૭૬ મિલિયન ટન દૂધનું ઉત્પાદન કર્યું હતું.

ગાયમાં પણ અગર મેલ કાઉ (બળદ) જન્મે તો તેને મારી નાખવામાં આવે છે કારણકે ખેતરોમાં હવે ટ્રેક્ટરથી ખેતી કરવામાં આવે છે. મેલ કાઉને મારી નાખીને ત્યાં જ સામે જ બાંધી દે છે. તેને જોઈ જોઈને ગાય વધારે દૂધ આપે છે. તેના તાજા દૂધમાંથી ઉચ્ચ કક્ષાની મીઠાઈ બને છે. તેવી રીતે તાજા જન્મેલા વાછરડાનું ચામડું એકદમ સોફ્ટ હોય છે. તેને Veal (વાછરડાનું માંસ) કહે છે અને તેમાંથી બ્રાન્ડેડ પર્સ બને છે. **ઇન્ડિયા આ પ્રકારના લેધરનું ખૂબ મોટી માત્રામાં નિકાસ કરે છે.**

વધારે ને વધારે દૂધ મેળવવા ગાયને વારંવાર કૃત્રિમ રીતે ગાભણી કરવામાં આવે છે. બચ્ચાને જન્મ આપ્યા પછી ત્રણ જ મહિનામાં તેને ફરી ગાભણી કરવામાં આવે છે. સામાન્ય રીતે ગાયનું આયુષ્ય ૧૮થી ૨૧ વર્ષનું હોય છે. પરંતુ આ રીતે કષ્ટ આપવાથી તે સાત-આઠ વર્ષમાં જ મૃત્યુ પામે છે. દૂધ ઉત્પાદક યંત્ર તરીકે તેનો ઉપયોગ થાય છે.

બીજું, ઘણા કિસ્સામાં બહુ જ નાની જગ્યામાં ઘણી બધી ગાયોને એકસાથે બાંધવામાં આવે છે. એટલે તે હલનચલન પણ કરી શકતી નથી. તેને વ્યાયામ પણ મળતો નથી. એટલે તે ખૂબ જ ગભરામણ અનુભવે છે. આ રીતે તેની જિંદગી ખૂબ જ દયાજનક બની જાય છે. ત્યાં જ મળમૂત્રનો ત્યાગ કરવાથી તેને ઇન્ફેક્શન પણ થાય છે. તેની ટ્રીટમેન્ટ પણ યોગ્ય રીતે થતી નથી અને તેને સ્લોટર હાઉસમાં વેચી દેવામાં આવે છે. ઘણી જગ્યાએ ગાયને એક-બે મહિના સુધી ખાવાપીવાનું આપ્યા વગર બાંધી રાખવામાં આવે છે. જ્યારે તે મૃત્યુ પામે, ત્યારે તેના ચામડામાંથી પર્સ, શુઝ, બેલ્ટ જેવી ચીજવસ્તુઓ બનાવી વેચવામાં આવે છે.

મોટા મોટા તબેલાઓમાં ગાયના પગ બાંધી મશીનથી દૂધ કાઢવામાં આવે છે. દૂધ આપવાની માત્રા પૂરી થાય તો પણ મશીન ચાલુ રાખવામાં આવે તો તે સમયે લોહી અને પસ પણ નીકળતા હોય છે. એટલે **દૂધમાં બ્લિચ નાખી દૂધને સફેદ કરવામાં આવે છે. દૂધમાં ભેળસેળ સાથે પ્રોસેસ કરી વેચવામાં આવે છે.** આ સમાચાર પણ આપણે વારંવાર સમાચાર પત્રોમાં વાંચીએ જ છીએ. ગુજરાતમાં ગાયો ઓછી હોવા છતાં ગાયનું ઘી પ્રમાણમાં વધુ બને છે. વધારામાં ગુજરાતના બજારમાં ઓર્ગેનિક દેશી ગાયનું ઘી મોટા પ્રમાણમાં વેચાઈ રહ્યું છે. ગાયનું ઘી ૫૦૦ રૂપિયાના ભાવે પ્રતિ કિલો વેચાય છે તો ઓર્ગેનિક દેશી ગાયનું ઘી ૧૬૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાઇ રહ્યું છે. વળી દિવાળી જેવા ઉત્સવોના સમયમાં માવામાં ભેળસેળ થવાથી કંદોઇને ત્યાં પડતા દરોડા વિશે પણ આપણે જાણીએ છીએ.

દૂધ પ્રાણીજન્ય પ્રોડક્ટ ગણવાથી જ વિધેન ડાયટ ફૉલો કરનારા માને છે કે દૂધની અવેજીમાં શાકભાજી, ફ્રૂટ, દાળ - કઠોળ વાપરવામાં આવે તો એમાંથી ઘણું પ્રોટિન મળી રહે છે. **દૂધની અવેજીમાં સોયામિલ્ક ઉત્તમ છે.** તે સોયાબીન પલાળીને ઘેર પણ બનાવી શકાય છે. સુપર મૉલમાં તો વિધેન ડાયટના અલગ કાઉન્ટર પણ હોય છે. સોયા મિલ્કમાંથી દહીં, છાશ, કઢી વગેરે બનાવી શકાય છે. તે સુપર માર્કેટમાં સોયા મિલ્ક, સોયા યોગર્ટ, કોટેજ ચીઝના બદલામાં ટોફુ, પીનટ બટર તેમજ દરેક જાતના બટર મળી રહે છે. તે ઉપરાંત ૧૦૦ ગ્રામ બદામ રાત્રે પલાળી, તેમાં સાકર, વેનિલા, ખજૂર સાથે ગ્રાઇન્ડ કર્યા બાદ તેને ગાળી લેવાથી પણ દૂધ તૈયાર થાય છે. કાજુનું દૂધ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

કૃષિ વિષયક

# ગુજરાતની આબોહવા, વરસાદ અને જમીનનાં પ્રકાર



પ્રા. ડૉ. લુબના શેખ

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. ભારતના મોટાભાગનાં ખેતીપ્રધાન રાજ્યોમાં આપણું ગુજરાત રાજ્ય પણ ખેતીપ્રધાન રાજ્ય ગણાય છે. ગુજરાતની ખેતી મોટેભાગે વરસાદ પર જ આધાર રાખે છે. ગુજરાતની ખેતી ગ્રામીણ પ્રજા માટે જીવન નિર્વાહનો એક સાધન છે. અતિ આધુનિકતા ધરાવતા ઔદ્યોગિક વિકાસની વચ્ચે પણ ખેતીએ પોતાનું અસ્તિત્વ આજે પણ ટકાવી રાખેલ છે. **ઔદ્યોગિકીકરણને કારણે ખેતી ક્ષેત્રની અવગણના કરવામાં આવે છે.** તેથી ગુજરાતમાં ખેતીનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઘટાડો થયેલો જોવા મળે છે.

ગુજરાત 'સ્વતંત્ર રાજ્ય' તરીકે વર્ષ ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલ છે. ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેક્ટર છે. તેમાંથી ૧૮૮ લાખ હેક્ટર ખેતીલાયક જમીન છે. ભારતમાં ૫૦ ટકા જેટલી જમીનનો ઉપયોગ ખેતી ક્ષેત્રે કરનાર રાજ્યોમાં ગુજરાતને ૧૧મું સ્થાન પ્રાપ્ત થયેલ છે. ગુજરાતની ૨/૩ વસ્તી ખેતી પર આધારિત છે. અત્યાર સુધી ૫૫ ટકા જમીન ખેતી હેઠળ ઉપયોગમાં લાવવામાં આવી છે. તેથી વધારે જમીન ખેતી હેઠળ લાવી શકાય તેમ નથી.

ગુજરાતની આબોહવા, વરસાદનું પ્રમાણ અને જમીનનો પ્રકાર ખેતી પર અસર કરે છે. અહીં તેની ટૂંકી માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

- **ગુજરાતની આબોહવા :**

ગુજરાતની આબોહવા સંપૂર્ણ વર્ષ દરમિયાન મુખ્યત્વે ગરમ હોય છે. ગુજરાતના પશ્ચિમ કિનારે અરબી સમુદ્ર અને ખંભાતનો અખાત આવેલો હોવાથી ત્યાંની આબોહવા આહ્લાદક અને ઓછા પ્રમાણમાં ગરમ હોય છે. **ગુજરાતમાં મુખ્ય ચાર ઋતુઓ જોવા મળે છે :** શિયાળો, ઉનાળો, ચોમાસુ અને શરદ ઋતુ. ગુજરાતમાં સામાન્યપણે વરસાદનું પ્રમાણ સપ્ટેમ્બર માસથી ઘટતું જાય છે. **વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટે છે. તેથી ઓક્ટોબર અને નવેમ્બર માસને શરદ ઋતુ તરીકે ઓળખવામાં આવે છે.** આ સમય દરમિયાન મોસમી પવનો પાછા ફરતા હોવાથી તે પાછા ફરતા મોસમી પવનોની ઋતુ તરીકે પણ ઓળખાય છે. જ્યારે ગુજરાતમાં શિયાળો સામાન્યપણે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન જોવા મળે છે. જ્યારે મે મહિનામાં તાપમાન ૪૨° સેન્ટિગ્રેડથી પણ વધારે જોવા મળે છે.

જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ વિસ્તારમાં વાતાવરણ ખૂબ જ સૂકું જોવા મળે છે. તાપમાનનું પ્રમાણ ૧૮૦ સેન્ટિગ્રેડ અને વરસાદ ૫૦ સે.મી. કરતાં પણ ઓછો છે. વડોદરા, સુરત, ભરૂચ, ડાંગ, વલસાડ જિલ્લામાં ઉષ્ણતામાન ૨૨° સેન્ટિગ્રેડની આસપાસ અને વરસાદ ૧૦૦ સે.મી.થી પણ વધારે હોય છે. અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ, સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં વાતાવરણ ૨૨° સેન્ટિગ્રેડ અને વરસાદ ૫૦થી ૬૦ સે.મી.ની નજીકમાં જોવા મળે છે.

- **ગુજરાતની જમીન અને વરસાદનું પ્રમાણ :**

ગુજરાતમાં ખેતીક્ષેત્રે આવેલી લગભગ ૩૦ ટકા જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થયેલી છે. જ્યારે મોટાભાગની ખેતી વરસાદ પર આધારિત છે. જમીન અને વરસાદની દૃષ્ટિએ ગુજરાતમાં વિવિધ વિસ્તારોને આઠ (૮) વિભાગોમાં વહેંચવામાં આવેલ છે :

૧. **દક્ષિણ ગુજરાતનો સૌથી વધુ વરસાદવાળો વિસ્તારઃ** આ વિસ્તારમાં સંપૂર્ણ વર્ષ દરમિયાન ૧૫૦૦ મિ.મિ.થી વધુ વરસાદ પડે છે. ત્યાંની જમીન ઊંડી, કાળી અને કાંપવાળી હોવાથી ખૂબ જ ફળદ્રુપ છે. તેમાં સમગ્ર ડાંગ જિલ્લો અને સુરત જિલ્લાનાં સોનગઢ, વ્યારા, વાલોડ તાલુકાના વિસ્તારોનો સમાવેશ થાય છે.

૨. **દક્ષિણ ગુજરાતનો અંબિકા અને નર્મદા નદી વચ્ચેનો વિસ્તાર :** આ વિસ્તારમાં વર્ષ દરમિયાન સરેરાશ ૧૦૦૦થી ૧૫૦૦ મિ.મિ. જેટલો વરસાદ પડે છે. ત્યાંની જમીન કાળી માટીવાળી અને ફળદ્રુપ છે. તેમાં વલસાડ જિલ્લાનાં નવસારી અને ગણદેવી તાલુકાની સાથે સુરતના વાલોડ, સોનગઢ અને વ્યારા તાલુકા સિવાયના બાકીના તાલુકાઓ તેમજ ભરૂચ જિલ્લાના વાલિયા, અંકલેશ્વર, નાંદોદ, ઝઘડિયા, ડેડિયાપાડા અને સાગબારા તાલુકાઓનો સમાવેશ થાય છે.

૩. **મધ્ય ગુજરાતનો નર્મદા અને વિશ્વામિત્રી નદી વચ્ચેનો વિસ્તાર :** સમગ્ર વર્ષ દરમિયાન આ વિસ્તારમાં ૮૫૦થી ૧૦૦૦ મિ.મિ. જેટલો વરસાદ થાય છે. જમીન મધ્યમ કાળી, ગોરાડુ અને થોડી ડુંગરાળ પણ છે. તેમાં સમગ્ર પંચમહાલ અને ભરૂચ જિલ્લાના જંબુસર, શિનોર, કરજણ, ડભોઈ, સંખેડા, નસવાડી તેમજ જેતપુર અને જેતપુર-પાવી તાલુકાના વિસ્તારોનો પણ સમાવેશ થાય છે.

૪. **ઉત્તર ગુજરાતનો વિશ્વામિત્રી અને સાબરમતી નદી વચ્ચેનો તેમજ સાબરમતીનો ઉત્તર બાજુનો વિસ્તાર :** આ વિસ્તારમાં સરેરાશ વાર્ષિક ૬૦૦ મિ.મિ.થી ૮૫૦ મિ.મિ. જેટલો વરસાદ જોવા મળે છે. અહીંની જમીન ગોરાડુ અને રેતાળ છે. આ વિસ્તારમાં વડોદરા જિલ્લાના વાઘોડિયા, પાદરા અને સાવલી તાલુકા તેમજ ખંભાત સિવાયનો સમગ્ર ખેડા જિલ્લો, સમગ્ર ગાંધીનગર જિલ્લો, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને બનાસકાંઠાના કેટલાક વિસ્તારનો સમાવેશ થાય છે.

૫. **ભાલ કાંઠાનો વિસ્તાર :** ખંભાતના અખાતની આસપાસના પ્રદેશોમાં વાર્ષિક સરેરાશ ૬૦૦થી ૧૦૦૦ મિ.મિ. જેટલો વરસાદ થાય છે. આ વિસ્તારની જમીન કાળી અને ક્ષારવાળી જોવા મળે છે. તેમાં ભરૂચનાં હાંસોટ અને વાગરા તાલુકા, ખેડા જિલ્લાનો ખંભાત તાલુકો, અમદાવાદ જિલ્લાનો ધોળકા અને ધંધુકા, ભાવનગરનો વલ્લભીપુર અને ભાવનગર તેમજ સુરેન્દ્રનગરના લીંબડીનો સમાવેશ થાય છે.

૬. **દક્ષિણ સૌરાષ્ટ્રનો વિસ્તાર :** સૌરાષ્ટ્રના પ્રદેશમાં વર્ષ દરમિયાન સરેરાશ ૬૦૦ મિ.મિ.થી વધારે પણ ૭૫૦ મિ.મિ. કરતા ઓછો વરસાદ થાય છે. ત્યાંની જમીન મધ્યમ કાળી, છીછરી અને ચૂનાના વધારે પ્રભાવવાળી જોવા મળે છે. આ વિસ્તારમાં સંપૂર્ણ જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લો, ભાવનગરના શિહોર, ઘોઘા, ગારિયાધાર, તળાજા, પાલિતાણા, મહુવા અને સાવરકુંડલા તાલુકાના વિસ્તાર તેમજ રાજકોટ જિલ્લાના ગોંડલ, ધોરાજી અને ઉપલેટા તાલુકાનો સમાવેશ થાય છે.

૭. **ઉત્તર સૌરાષ્ટ્રનો વિસ્તાર :** આ વિસ્તારમાં વર્ષ દરમિયાન ૪૦૦ મિ.મિ.થી ૭૦૦ મિ.મિ. વરસાદ નોંધાય છે. જમીન છીછરી, મધ્યમ કાળી અને રેતાળ જોવા મળે છે. તેમાં સમગ્ર જામનગર અને રાજકોટ જિલ્લાના પડધરી, જસદણ, રાજકોટ, લોધિકા, વાંકાનેર અને મોરબી, સુરેન્દ્રનગરના વઢવાણ, મૂળી અને સાયલા તેમજ ભાવનગરનાં ગઢડા, બોટાદ અને ઉમરાળાનો સમાવેશ થાય છે.

૮. **ઉત્તર-પશ્ચિમ વિસ્તાર :** આ વિસ્તારમાં ૫૦૦ મિ.મિ.થી પણ ઓછો સરેરાશ વરસાદ નોંધાય છે. ઓછા સરેરાશ વરસાદવાળા વિસ્તારમાં સમગ્ર કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે. તેની સાથે રાજકોટ જિલ્લાનો માળિયા, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા, હળવદ અને દસાડા, મહેસાણા જિલ્લાના હારીજ, સમી-પાટણ અને ચાણસ્મા, બનાસકાંઠાના સંતરામપુર, રાધનપુર, દિયોદર, કાંકરેજ, વાવ અને થરાદ તેમજ અમદાવાદ જિલ્લાનાં વીરમગામ તાલુકાનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વિભાગોમાંથી ત્રણ વિભાગોના વિસ્તાર સિવાયનાં બાકીના રાજ્યની જમીન ફળદ્રુપ ગણાવી શકાય નહીં. ગુજરાતમાં ૧૨ લાખ હેક્ટર જમીન ક્ષારયુક્ત છે. આવી જમીનમાં ખેતીનો પ્રશ્ન ઘણો વિકટ બને છે. જ્યારે ગુજરાતના પશ્ચિમ કિનારાની જમીન દરિયાનાં ઘસારાથી ક્ષારવાળી બની ગયેલ છે. ઉત્તર ગુજરાતની રણ પ્રદેશની નજીકની અને કચ્છની જમીન ઓછા વરસાદને કારણે ક્ષારવાળી થઈ ગયેલ છે. અમદાવાદ અને ખેડાની કેટલીક જમીન ભૂતળનાં પાણીની સપાટી ઊંચી આવવાને કારણે ક્ષારવાળી બની છે. જૂનાગઢ જિલ્લાની ઘેડ વિસ્તારની જમીન નીચાણવાળી હોવાથી પાણીનાં જામવાથી ખારી થઈ ગયેલ છે. આવી જમીનોને ખેતી માટે નવસાધ્ય કરવાનાં પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. ઉપરાંત મહી, વાત્રક, બનાસ, મેશ્વો અને સાબરમતી વગેરે નદીઓના કાંઠાના કોતરોથી પણ જે જમીન નકામી બની છે તેને પણ નવસાધ્ય કરવાના સફળ પ્રયોગો ગુજરાત રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

● **ગુજરાતમાં જમીનનો વપરાશ :**

ગુજરાત રાજ્ય ભારતના બીજા રાજ્યો કરતાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેનું કુલ ક્ષેત્રફળ ૧૯૪૦૨૪ ચો.કિ.મી. છે. રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી ખેતીક્ષેત્રે રોકાયેલ છે. **ખેતીક્ષેત્રનો વિકાસ પાકની તરાહમાં આવતા પરિવર્તનો અને વિવિધ પાકોની ઉત્પાદકતાના સ્તર પર રહેલો છે. તેની સાથે જમીન અને તેના પ્રકાર પણ પાકની ઉત્પાદકતાને અસર કરે છે.** તેથી ગુજરાતમાં કયા પ્રકારની જમીન કેટલા વિસ્તારમાં પથરાયેલ છે તે જાણવું જરૂરી છે. ગુજરાત રાજ્યમાં આવેલ જમીનના કુલ પાંચ પ્રકાર પાડવામાં આવેલ છે :

૧. કાળી જમીન જે ઘઉં, ડાંગર, કપાસ, જુવાર અને બગીચાની પેદાશ માટે અનુકૂળ છે.
૨. મધ્યમ કાળી જમીન જે મકાઇ માટે વધુ અનુકૂળ છે.
૩. ગોરાડુ જમીન જે કોઈપણ પાક માટે લાભકારક છે.
૪. નદી કાંઠાની છીછરી જમીન
૫. દરિયાકાંઠાની જમીન

ઉપરોક્ત પાંચેય પ્રકારની જમીનોને તેમના જમીન વિસ્તારને આધારે કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છે:


૧. ઉત્તર ગુજરાતનો વિસ્તાર
૨. દક્ષિણ ગુજરાતનો વિસ્તાર
૩. મધ્ય ગુજરાતનો વિસ્તાર
૪. સૌરાષ્ટ્ર - કચ્છનો વિસ્તાર.

**ગુજરાત રાજ્યની આબોહવા, વરસાદ અને જમીન વિસ્તાર પર ઘણું સંશોધન કરી શકાય.** પરંતુ અહીં ટૂંકી માહિતી આપવાનો પ્રયાસ કરેલ છે, કે જે ખેતીક્ષેત્રે રસ ધરાવનારાઓ માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે.

*કાલુપુર, અમદાવાદ.*
*મો. ૯૬૮૭૫ ૩૩૦૯૧*

શક્તિ

# ૪૦ લાખનો દાવો



ડૉ. સુધીર ચી. મોદી

**ડૉ. સુધીર ચી. મોદીને**
**'ધરતી રત્ન એવોર્ડ' એનાયત થયો**

*અમદાવાદમાં નારણપુરા સ્થિત, આશીર્વાદ ફાઉન્ડેશન દર વર્ષે ગુજરાત રાજ્યમાં વિવિધ ક્ષેત્રે સમાજસેવા કરતા સેવાભાવીઓને 'ધરતી રત્ન એવોર્ડ'થી સન્માનિત કરે છે. આ વર્ષે જુદાજુદા ક્ષેત્રોમાં સેવા કરતા કુલ ૧૧ સેવાભાવીઓની 'ધરતી રત્ન એવોર્ડ' માટે પસંદગી કરવામાં આવી છે. જેમાં મેડિકલ ક્ષેત્રમાંથી ડૉ. સુધીર ચી. મોદીની પસંદગી કરવામાં આવી છે.*

*ડૉ. મોદી લાંબા સમયથી અમદાવાદમાં મેડિકલ પ્રેક્ટિસ કરે છે. દર્દી સાથે તેમની આત્મિયતા એક અગત્યનું પાસું છે. દર્દીના જીવનની રગને પારખનાર ડૉક્ટરના તેમના અનુભવોને વાચા આપતા લેખો 'અખંડ આનંદ' અને 'મંગલ મંદિર' જેવા પ્રખ્યાત મેગેઝિનોમાં પ્રકાશિત થતા હોય છે.*

*'બારી દવાખાનાની : ૧-૨', 'કુટુંબના સ્મૃતિ ચિત્રો' અને 'ડૉક્ટરની સ્મરણયાત્રા' ઉપરાંત 'શાંત કિનારે' જેવા કાવ્ય સંગ્રહના ગ્રંથો પણ ડૉ. સુધીર મોદીએ સાહિત્ય જગતને આપ્યા છે.*

મારા દવાખાનામાં જ્યારે બહુ પેશન્ટોની ભીડ ના હોય ત્યારે મને પેશન્ટ જોડે સામાજિક કે બીજી વાતો કરવાનું ગમે. તેમાંથી મને કોઈ રસપ્રદ વાત કે જીવનની તડકી છાંયડીની કે આનંદપ્રદ અથવા સંસારના વ્યવહારોની વાતો સાંભળવા મળે. આવી જ એક વાત રામસુખભાઈના કુટુંબની.

રામસુખભાઈનું કુટુંબ ઘણા વર્ષોથી મારે ત્યાં સારવાર માટે આવે. અત્યારે તો તેમની ચોથી પેઢી આવતી થઈ ગઈ છે. મૂળ તો તેઓ ઉત્તર પ્રદેશના કોઈ ગામના. પરંતુ વર્ષો પહેલાં તેઓ નવરંગપુરામાં કોઈ કૉલેજમાં માળી તરીકે જોડાયેલા. તેઓ એટલા ભલા અને વિનમ્ર આદમી, મને થાય કે આ માનવી કોઈ દિવસ જિંદગીમાં ઊંચા સાદે બોલ્યો જ નહીં હોય. તેમજ તેમનામાં દેહાતી સંસ્કાર અને રીતભાત પણ જળવાઈ રહ્યા હતા. હજુ સુધી મોટા શહેરની કાવાદાવાભરી કે રઘવાટભરી અસર આવી ન હતી. શરૂઆતમાં તબિયત અંગેની તકલીફ હિંદીમાં કહેતા, પરંતુ ધીમે ધીમે હિંદી ગુજરાતી ભેગું બોલતા થઈ ગયા. ભાષાની વાત નીકળી તો મને ઘણી વખત આશ્ચર્ય થાય છે કે આપણે ગુજરાતીઓ રેસ્ટોરન્ટમાં વાનગીઓનો ઓર્ડર હિંદીમાં જ બોલીને આપતા હોઈએ છીએ, ભલેને ઓર્ડર લેનાર ગુજરાતી હોય તો પણ! રામસુખભાઈનું કુટુંબ હવે તો ગુજરાતી જ બની ગયેલું લાગે.

રામસુખભાઈને બે દીકરા. મોટો દીકરો પૂરણસિંગ અમદાવાદમાં જ કૉલેજમાં ભણીને ગવર્નમેન્ટ સર્વિસમાં જોડાયો. હોંશિયાર અને મહેનતુ હોવાથી ધીમે ધીમે ક્લાસ વનની પોસ્ટ પર પહોંચેલો. પૂરણસિંગને પણ એક દીકરો અને દીકરી. ભલે તેઓ ઉત્તર પ્રદેશના ગામડાંના હતા પરંતુ હવે તો પૂરા અમદાવાદના થઈ ગયા હતા. એટલે દીકરાનું નામ પણ મનોજ પાડેલું. મનોજ ગ્રેજ્યુએટ થયો. ત્યારબાદ તેનું લગ્ન સુનિતા સાથે કરાવેલું.

આમ, આ કુટુંબના બધા સભ્યોની અને બધી વાતોની મને જાણકારી હોય. તે ઉપરાંત આટલા ૪૫ વર્ષમાં થોડી આત્મીયતા પણ બંધાઈ જાય. તેઓ પણ તેમના સુખદુઃખની વાતો મને કહેતા હોય.

થોડા મહિનાઓ પહેલા પૂરણસિંગ આવ્યા ત્યારે ભારેખમ મોઢું લઈને કેબિનમાં દાખલ થયા. **માનવીના મનની સ્થિતિનું તેમનો ચહેરો અને આંખો પ્રતિબિંબ પાડે છે.** જો કે ઘણા સોગીયું મોઢું લઈને પણ ફરતા હોય છે. તેમને જોઈને થાય કે સવારના પહોરમાં આ ભાઈ ક્યાં મળી ગયા? જ્યારે ઘણા લોકો મુશ્કેલીમાં હોવા છતાં શાંત, સ્વસ્થ અને હસતા જોવા મળે છે. તેમને બધા આગળ રોદણા રડવાની આદત નથી હોતી. તેમજ ઘણા લોકો મળે ત્યારે 'કેમ છો?' પૂછીએ ત્યારે મજાની વાત કરતા હોય છે. મને ખૂબ ગમતા સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટની પંક્તિઓ યાદ આવે છે :

**"ઓચિંતુ કોઈ મને રસ્તે મળે ને કદી ધીરેથી પૂછે કે કેમ છો?**

**આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં ને ઉપરથી કુદરતની રહેમ છે."**

આ ઉપરાંત ક્રોધ કે ગુસ્સો પણ માણસનો ચહેરો તંગ અને બિહામણો બનાવી દે છે.

પૂરણસિંગ કેબિનમાં આવીને બેઠા બાદ બોલ્યા, 'માથું બહુ દુખ્યા કરે છે.'

મેં કહ્યું, 'ચાલો, પહેલા તો બ્લડ પ્રેશર માપી લઉં. બ્લડ

પ્રેશર થોડું વધારે આવ્યું.'

મેં પૂછ્યું, 'કેમ પૂરણસિંગભાઈ, શું બહુ ટેન્શનમાં છો? થાડા દિવસ પહેલા તો તમારું બ્લડ પ્રેશર નોર્મલ હતું.'

પૂરણસિંગ બોલ્યા, 'મગજમાં એટલો બધો ભાર અને ટેન્શન છે કે ઊંઘ પણ આવતી નથી. ઘરમાં અમે બંને અને મનોજ ખૂબ જ ટેન્શનમાં છીએ.'

મેં કહ્યું, 'એવું તો શું થયું છે?'

**મનોજની પત્ની સુનિતા રીસાઇને નાની પૌત્રી શ્રેયાને લઇને છ મહિનાથી પીયર જતી રહી છે અને હવે છૂટાછેડા માટે ૪૦ લાખનો દાવો મૂક્યો છે.**

હું પણ એકદમ આશ્ચર્યમાં પડી ગયો. કારણકે મારા અનુભવ પ્રમાણે સુનિતા આનંદી અને સરળ સ્વભાવની હતી. જ્યારે પણ દવાખાને આવે ત્યારે હસતો ચહેરો જ હોય અને સારી રીતે વાત કરે. તેની નાની દીકરી શ્રેયા પણ રમાડવાનું મન થાય તેવી, મજાની લાગે. આવું સરસ કુટુંબ કોઈ વિખવાદમાં સપડાઇને દુઃખી જાણીને મને પણ નવાઇ જેવું લાગ્યું.

કહેવાય છે ને કે સંબંધોમાં ક્યારે તિરાડ પડી જાય તે કલ્પી શકતા નથી. ઘણી વખત જોવા મળે છે કે બે ભાઇઓના કુટુંબ એટલા સંપથી રહેતા હોય પરંતુ કોઈક કારણોસર સંબંધ એવા ખરાબ થઈ જાય કે બોલવાનો પણ વ્યવહાર રહેતો નથી. આ જ તો સંસાર કહેવાય ને!

મેં પૂછ્યું : 'પીયર રીસામણે જવાનું કારણ?'

મનોજ બોલ્યો, 'સુનિતાને અલગ રહેવું છે પરંતુ મારે મા-બાપથી અલગ રહેવા જવું નથી. **મા-બાપે મને તકલીફો વેઠી મોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો અને હવે તેમની પાછલી જિંદગીમાં અલગ રહેવા જાઉં તે મને સ્વીકાર્ય નથી.** બસ, આ વાત પર મામલો બગડ્યો છે.' તે સ્પષ્ટતાથી સ્થિર અવાજે બોલ્યો ત્યારે મને પણ થયું કે આ બાબતમાં તે ખૂબ જ મક્કમ છે.

મેં જરા વાતમાં હળવાશ લાવવા કહ્યું, 'અરે! તમારા ઘરમાં પૌત્રી શ્રેયા કેટલી સરસ અને મજાની છે. આવી સરસ હસતી કૂદતી શ્રેયા ઘરમાં હોય તો ઘરમાં આનંદ જ આનંદ હોય.'

પૂરણસિંગ બોલ્યા, 'હા, અમને તો ઘરમાં તેનાથી એટલા બધા આનંદ અને ખુશ હતા કે ના પૂછો વાત. તેની સાથે સમય પણ મજાથી પસાર થઈ જતો હતો.'

મનોજ બોલ્યો, 'હવે હું કેમનો અલગ રહેવા જાઉં?'

તે સમયે તો આ વાતનો પડદો પડી ગયો. તેમના ગયા બાદ હું પણ જરા વિચારમાં પડી ગયો. કે આવા સારા કુટુંબમાં આવું કેમ થયું? કહેવાય છે ને કે કોઈ વાંક વગર ઝઘડો કે વાંધો ના પડે. એક પક્ષનો કાંઇક વાંક હોય તો સામે બીજા પક્ષનો પણ થોડો ઘણો કાંઈક વાંક હોય જ. જે હોય તે, સંસારમાં આવા ને બીજી જાતના બનાવો જોવા મળતા જ હોય છે.

આ વાતને લગભગ બીજા છ મહિના પસાર થઈ ગયા. પૂરણસિંગ તેમની પત્ની સાથે પૌત્રી શ્રેયાને લઈને સારવાર માટે આવ્યા. હસતા ચહેરે કેબિનમાં દાખલ થયા. છ મહિના પર તેમના મુખ પર જોયેલું ટેન્શન કે ભાર ગાયબ થઈ ગયા હતા. મેં કહ્યું, 'કેમ પૂરણસિંગભાઈ, તમે તો ઘણા ખુશ લાગો છો?'

પૂરણસિંગ બોલ્યા, 'હા, હવે તો બધું ટેન્શન જતું રહ્યું છે. શ્રેયા અને સુનિતા ઘરે આવી ગયા છે. ૪૦ લાખનો દાવો પણ પાછો ખેંચી લીધો છે. બધા સાથે આનંદથી રહીએ છીએ અને ઘર કિલ્લોલભર્યું બની ગયું છે.'

મેં પૂછ્યું, 'કેમ શું જાદુ થયો?'

પૂરણસિંગ બોલ્યા, 'સાહેબ, સમાધાન થઈ ગયું. મનદુઃખ જતા રહ્યા.' ચાર મહિના પહેલા મારા પત્નીને પગમાં ફ્રેક્ચર થયું. મહિનાની પથારી આવી ગઈ. સુનિતા વગર ઘરની દશા બગડી ગઈ. ઘરની બધી વ્યવસ્થા, રસોઇ, શાકભાજીની ખરીદી કે નાની મોટી રસોઈની જરૂરી વસ્તુઓની વ્યવસ્થા વગેરે ખોરવાઈ ગયા તેમજ શ્રેયા વગર અમને ગમતું પણ ન હતું.

બીજી બાજુ સુનિતાને પીયરમાં ભાઈ-ભાભી સાથે બાળકોની નાની બાબતમાં જરા ચડભડ થઈ. સુનિતાને લાગ્યું કે ભાઈ-ભાભી ગમે તેટલા સારા છે પરંતુ મારે થોડા ઓસિયાળા થઈને રહેવું પડે છે. મારું પોતાનું ઘર શું ખોટું?

આમ બંને પક્ષોને સમજણ મળી ગઈ. **સમય અને સંજોગો માનવીને સમજ અને ડહાપણ આપે છે તે વાત સાચી છે.**

બે પેઢી વચ્ચે થોડો વિચારોનો અને થોડો રહેણી કરણીનો ફેર હોવાનો જ. નવી પેઢી અઠવાડિયે એકાદવાર હોટલમાં જવામાં માનતી હોય કે નવા પિક્ચર જોવાનું મન થાય કે નવા ડ્રેસમાં ફરવા માંગતી હોય વગેરે. જ્યારે જૂની પેઢી થોડી કરકસરમાં માનતી હોય, પોતે જીવ્યા તે જ પ્રમાણે દીકરો-વહુ જીવે, ઘરમાં બધો વ્યવહાર પોતાના જ હાથમાં રાખવા માંગતી હોય, થોડી સ્વતંત્રતા ના આપે ત્યારે તકલીફો શરૂ થઈ જાય.

મને પણ એક સરસ કુટુંબ તૂટવાને આરે આવીને ઊભું હતું, તેના બદલે હવે આનંદભર્યું બની ગયું તેનો ખૂબ આનંદ થયો.

આ સાથે ચીનની એક વાત યાદ આવે છે. એક સંયુક્ત કુટુંબમાં ૪૦ કુટુંબીઓ સાથે રહેતા હતા. દાદા-દાદી, તેમના પાંચ પુત્રો, તેમના સંતાનો સાથે અને પૌત્રો-પૌત્રીઓ સાથે. સમાજમાં બધાને આશ્ચર્ય થતું કે આટલા બધા લોકો એક સાથે કેવી રીતે રહી શકે? આ વાત રાજા સુધી પહોંચી. તેમને પણ આશ્ચર્ય થયું. તેનું રહસ્ય જાણવા માટે દાદાને દરબારમાં બોલાવવામાં આવ્યા. દાદાને કુટુંબમાં બધા સાથે રહી શકો છો તેનું રહસ્ય જણાવવા કહ્યું. દાદા એક જ વાક્ય બોલ્યા : 'સહનશીલતા! સહનશીલતા! સહનશીલતા!'

*(પ્રસંગમાં નામો બદલાવેલ છે.)*

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

# YOUTH CLUB

## *SOME GOLDEN RAYS....*

"A great relationship is
about two things.
First, find out the similarities,
Second, respect the differences."

I love Gujaratis
because only two type of discussion
happen in their mind.
"How to loose weight"
and "What to eat."

Life has many great options,
but you don't have to pick
what seems to be the best.
Just pick, what makes you happy
and it will be the best...

The only lesson,
history has taught us is that
man has not yet learned
anything from history.

When we are wrong
and we surrender,
it means we are honest.
When we are in doubt
and we surrender,
it means we are wise.

Happiness is not about getting
all you want,
it is about enjoying all you have.

Success also hurts when you don't
have a loved one to congratulate you.
Failure also looks beautiful
when you have a loved one
to support you.

## *HINDI MOVIES....*

- 1974 : ROTI
- 1982 : ANGOOR
- 1982 : NAMKEEN
- 1987 : MIRCH MASALA
- 2005 : GARAM MASALA
- 2005 : CHOCOLATE
- 2006 : SANDWICH
- 2007 : CHEENI KUM
- 2007 : BHEJA FRY
- 2009 : ALOO CHAT
- 2010 : KHICHDI
- 2012 : COCKTAIL
- 2012 : BARFI
- 2013 : MURABA
- 2014 : PIZZA
- 2014 : LUNCH BOX
- 2017 : TOILET

## વિધેન ડાયટ

**(અનુસંધાન : પાના નં.-૪૫ ઉપરથી ચાલુ)**

બનાવવા માટે તેને પલાળીને ગ્રાઈન્ડ કરવાથી દૂધ બને છે. તેને ગાળવાની જરૂર નથી. તેવી રીતે અખરોટ, નાળિયેર અને ઓટનું પણ દૂધ બને છે. સૌથી સસ્તું અને સહેલાઈથી મળતું સોયા મિલ્ક અને ઓટનું મિલ્ક સારું હોય છે.

**વેધન ફૂડમાં ફાઈબર વધારે હોય છે. તેમાં વિટામિન સી, ઇ, ફોલિક એસિડ અને લો કેલેરી સેચ્યુરેટેડ ફેટ હોય છે.** જે કોલેસ્ટેરોલ, ઓબેસિટી અને બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખે છે. વેધન ડાયટ કેન્સરનું જોખમ ઘટાડે છે.

વિશ્વની બેસ્ટ ટેનિસ પ્લેયર સેરેના વિલિયમ્સ ગેમ રમવાના બે મહિના પહેલા વિધેન ડાયટને અનુસરે છે. ફિલ્મ સ્ટાર કંગના રાણાવત સંપૂર્ણ વિધેન છે. વિરાટ કોહલી પણ વિધેન ડાયટને અનુસરે છે. **યુરોપમાં વિધેન ડાયટ ફોલો કરવાવાળાનો બહુ મોટો વર્ગ છે.** ત્યાં અનેક સ્થળે વિધેન રેસ્ટોરન્ટ જોવા મળે છે. તે ઉપરાંત યુ.એસ., કેનેડા, ઑસ્ટ્રેલિયા અને વિશ્વમાં લાખો લોકો વિધેન ફૉલો કરે છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે વિદેશમાં સેંકડો લોકો સંપૂર્ણ શાકાહારી બનતા જાય છે જ્યારે બીજી તરફ સ્વદેશમાં ૪૦ ટકા લોકો ઈંડાને શાકાહારીમાં સ્થાન આપે છે.

*૭૧, યુગાન્ડા સોસાયટી, મેમનગર, અમદાવાદ.*
*મો. ૭૨૨૭૯ ૭૧૫૦૦*

# આંજો કાગર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**ચૂંટણી અંગેના વિચારો...**

- **જુલાઇ-૨૦૧૯ની શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદની ચૂંટણી પ્રક્રિયા**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની જુલાઈ-૨૦૧૯ની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન થયેલ બાબતે સૌએ મનન કરવાની જરૂરત છે. મારા વિચારો નીચે મુજબ રજૂ કરું છું.

- **કચ્છી ઘટક સમાજો**

અમદાવાદમાં ૩૧થી પણ વધુની સંખ્યામાં કચ્છી જ્ઞાતિઓના સમાજ કાર્યરત રહેલ છે કે જે વર્ષભર પોતાની જ્ઞાતિની સામાજિક, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક કાર્યવાહી કરતા રહે છે. આ જ્ઞાતિ સમાજોમાં કોઈ સમાજ જ્ઞાતિના ધોરણે દા.ત. શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, શ્રી કચ્છી લોહાણા સમાજ વગેરે કાર્ય કરે છે. જ્યારે કેટલાક જ્ઞાતિ સમાજો પોતાના એરિયા (વિસ્તાર)ના પ્રમાણમાં ગઠન થયેલા જોવા મળે છે. દા.ત. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિર, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડા વગેરે.

- **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

ઉપરોક્ત ઘટક સમાજો સિવાય અમદાવાદમાં "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ" પણ વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે કે જ્યાં કોઇ જ્ઞાતિ કે વિસ્તારનો ભેદ રાખવામાં આવેલ નથી. અહીં દરેક કચ્છી પરિવાર 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ'ના છત્ર નીચે એકત્રિત થઈ, જ્ઞાતિના વાડા ભૂલી જઈ પોતાની રીતે સામાજિક કાર્યો કરતા આવે છે.

- **શ્રી કચ્છી જૈન જ્ઞાતિના ઘટક સમાજો**

સાથે સાથે અમદાવાદમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ, શ્રી કચ્છી વીસા ઓસવાળ - શ્રીમાળી ગૂર્જર જૈન સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાળ ગૂર્જર જૈન સમાજ, કચ્છ વાગડ સાત ચોવીસી જૈન સમાજ, કચ્છ વાગડ બે ચોવીસી જૈન સમાજ પોતાના ફીરકા પૂરતી ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક વગેરે પ્રવૃત્તિઓ વર્ષભર કરતા રહે છે અને આ રીતે દરેક ફીરકાના પરિવારો પોતાના જ્ઞાતિ સમાજના પરિવારો સાથે નજદીકી નાતો અનુભવે છે.

- **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" પણ વર્ષ ૧૯૭૦થી કાર્યરત છે કે જ્યાં કોઈ પણ કચ્છી જૈન પરિવાર પોતાના ફીરકા અથવા પોતાની પેટા જ્ઞાતિને ભૂલી જઈ, માત્ર કચ્છી જૈન સમાજના સભ્ય તરીકે કાર્ય કરે છે. અહીં કોઈ પણ ફીરકાનો બાધ રહેતો નથી અને માત્ર કાર્યકરની યથાશક્તિ પ્રમાણે કામની વહેંચણી કરવામાં આવે છે. અહીં દરેક સભ્ય ઉલ્લાસ અને ઉમંગના વાતાવરણમાં કાર્યરત રહેતો હોવાથી આ સમાજે સારી એવી પ્રગતિ હાંસલ કરેલ છે અને અમદાવાદમાં આજ સુધી ૪ જેટલી સંખ્યામાં મોટા પ્રોજેક્ટો હાંસલ કરી શકેલ છે. આ સમાજની મેડિકલ પ્રવૃત્તિ પણ ઉચ્ચત્તમ રહેવા પામેલ છે. આ સમાજે મુંબઈમાં પણ એક પ્રોજેક્ટ હાથ પર લીધેલ છે. સર્વગ્રાહી દૃષ્ટિએ આજ દિન સુધી 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ની પ્રવૃત્તિઓ સૌથી અવ્વલ દરજ્જાની રહેવા પામેલ છે.

- **જુલાઇ-૨૦૧૯ની ચૂંટણી**

ઉપરોક્ત વાતાવરણ અને પરિસ્થિતિ હોવા છતાં જુલાઈ-૨૦૧૯ની ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની ચૂંટણીમાં કેટલાક ઘટક સમાજો અને કેટલીક વ્યક્તિઓ દ્વારા પોતાના ઉમેદવારની લાયકાત અને યોગ્યતાને કોરાણે મૂકી, માત્ર અને માત્ર જ્ઞાતિના ધોરણે પ્રચાર કરવામાં આવ્યો કે જે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બંધારણ અને હાર્દ પર જનોઇવઢ ઘા સમાન ગણી શકાય. ચૂંટણી કાર્યવાહી દરમિયાન પણ કેટલીક વ્યક્તિઓ દ્વારા પ્રચારની અયોગ્ય રીત-રસમ વાપરવામાં આવી કે જેમાં લાંબાગાળે આપણને નુકસાન થઈ શકવાની શક્યતા રહેલ છે. એ આપણું સદ્ભાગ્ય છે કે અનેક લોકોએ આ પ્રકારના પ્રચારને વખોડી કાઢેલ છે અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ભાવનાને બરકરાર રાખેલ છે.

આપણે ઇચ્છીએ કે ભવિષ્યમાં જેઓને પોતાની જ્ઞાતિ કે ઘટક સમાજના ધોરણે પ્રવૃત્તિઓ કરવી હોય તો તેમના માટે તેમની જ્ઞાતિના દ્વાર ખુલ્લા છે પરંતુ જ્યારે દરેક કચ્છીજૈન પરિવારની એકાત્મતાની ભાવનાને ઉજાગર કરતી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જેવી સંસ્થામાં જ્ઞાતિના ધોરણે હથિયાર ના ઉગામે તે વધુ ઇચ્છનીય રહેશે.

સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આગેવાનોએ પણ મોટું મન રાખી કોઈની લાગણી તથા ભાવનાની વિગતો જાણી તેને સંતોષ થાય એ રીતે પ્રશ્નોને હલ કરવાની દીર્ઘદૃષ્ટિ પણ રાખવી જોઈશે.

*અશોક મહેતા - અમદાવાદ*

★

*ઉત્સાહ એ સફળતાની ચાવી, નિરાશા એ નિષ્ફળતાની ચાવી.*

## સમાજમાં થયેલ ચૂંટણીના સંદર્ભમાં પ્રતિભાવ

વર્ષ ૨૦૧૯ના મે-જૂન-જુલાઇ મહિનામાં સમાજમાં અલગ અલગ કેટેગરીમાં થતી ચૂંટણીના પડઘમ તારીખ ૧૪મી જુલાઇના સમી ગયા. ચૂંટાયેલા તમામ સભ્યોને અભિનંદન સાથે વિનંતી કે સમાજ દ્વારા ચાલતા અલગ અલગ કાર્યોની જાણકારી મેળવી, તેમાં પોતાની જાતને ઓતપ્રોત કરવા અનુરોધ કરું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એટલે સૌનો સાથ, સૌનો વિકાસ — એ મુદ્દા પર આપણે સૌ આપણા ઘટક સમાજના લેબલ ભૂલી, માત્ર ને માત્ર કચ્છી જૈનના સભ્ય તરીકે સાથ અને સહકાર મેળવી સમાજની પ્રગતિમાં ભાગીદાર બનીએ છીએ. પરંતુ આ વખતની ચૂંટણીમાં એક વરવી વાસ્તવિક્તા સામે આવી કે ઘટક સમાજના સભ્ય તરીકે જુથવાદની હવામાં ચૂંટણી લડ્યા. હાર અને જીતની ચર્ચા બાજુએ મૂકતાં એવી લાગણી અનુભવીએ છીએ કે સંસ્થાએ કશુંક ગુમાવ્યું છે.

આ વખતે સમાજની ચૂંટણીમાં ઊભો થયેલ જૂથવાદ ફાયદો તેમજ ગેરફાયદો કરાવી ગયો. વર્ષોથી કાર્યરત, સેવા કરવા આવનાર કોરાણે મૂકાઈ ગયા. કામ કરનાર લોકોને આવકાર્યા પણ ચૂંટાયેલ સભ્યોને વિનંતી કે ફક્ત મીટિંગોમાં હાજરી નહીં પુરાવી, સમાજના કાર્યોમાં ઓતપ્રોત થવાનું વલણ રાખજો. જો બની શકે તો રોજ-બરોજ બે કલાક અથવા તો અઠવાડિયામાં ત્રણ દિવસ સમાજમાં આવી, આપને સોંપેલ કામને યોગ્ય રીતે પૂરું કરવા તેમજ તેને ન્યાય આપવા પ્રયત્ન કરશો.

પરિણામ જોતાં એવું જણાઇ આવ્યું કે ઘટક સમાજોમાં ભરપૂર પ્રચાર થયો હોવા છતાં તેમના ઉમેદવાર ચૂંટાઈ ન આવવા બદલ રંજ જરૂર થતો હશે. પરંતુ ઘટક સમાજના જૂથવાદથી સમાજમાં ખોટો ચીલો પડ્યો. તેના પડઘમ આવતા સમયમાં જરૂર જોવા મળશે. જે વિચાર માંગી લે છે. પરંતુ આ વખતે ચૂંટણી ટાળવાના પ્રયત્નો કરવામાં આવ્યા હોત, તો આ ચૂંટણીની તેમજ જૂથવાદની નોબત ન આવી હોત.

સમાજના મોભીઓએ કાર્ય કરનાર લોકોને સમાજની માહિતી આપી, તેમની ક્ષમતાનો લાભ ઉઠાવી સમાજ ઉત્કર્ષ કાર્યમાં આવકારવા જોઈએ.

મંગલ મંદિર જુલાઈ-૨૦૧૭ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં શ્રી કે.ડી. શાહે રજૂ કરેલ વિચાર એકદમ યોગ્ય છે. તેમણે કહ્યું હતું કે અમુક વ્યક્તિઓ ફક્ત મીટિંગ સમયે જ હાજર રહે છે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટાયેલ સભ્યો પણ તેમને ઓળખતા નથી. તેમણે એ પણ રજૂઆત કરેલ કે ચૂંટાયેલ સભ્યો સમાજમાં સમયોચિત હાજરી આપે અને તેઓ સમાજ કાર્યમાં કાર્યરત રહેવા યોગ્ય રહેશે.

વિચારીએ તો મનુષ્યમાં વ્યક્તિત્વ અને જવાબદારી બંને અલગ વિષયો છે. સમાજ સેવા માટે પોતાનું વ્યક્તિત્વ બદલવા થોડા સમયનો ભોગ આપવો પડે છે. ચૂંટણીના પરિણામો પર નજર નાખતા જણાશે કે સમાજમાં સતત હાજરી આપી પોતાના કામોમાં વફાદાર રહેનાર હાંસિયામાં ધકેલાઈ ગયા. આ સાથે વિનંતી કે ચૂંટાયેલા સભ્યો પોતાની આવડત તથા કુનેહ બતાવી સમાજના કામોને આગળ ધપાવે તેવી સમજણ કેળવી પોતાની જાતને સાર્થક કરે.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

★

## 'મંગલ મંદિર' પ્રતિભાવ

આ મેગેઝિનથી હજુ થોડા સમય પહેલાં જ પરિચયમાં આવી છું. સાથે સાથે જોડાઈ પણ છું. મારી કોલમ 'ગેમ્સ ગેલેરી'ના નામ એવા ગુણ સાથે...

આ મેગેઝિનના નામ એવા જ ગુણ છે. બધી જ માહિતી, રસપ્રદ લેખો, વાંચન સામગ્રી, નાના-મોટા બહેનોને ઉપયોગી અંક, જ્ઞાનવર્ધક વાતો, અલગ અલગ પ્રકારની ગેમ્સ દ્વારા વિદ્યાર્થીઓને નવું શિક્ષણ પૂરું પાડે છે. એટલું જ નહીં, પરંતુ વિદેશમાં વસતા આપના સમાજના લોકોને રસપ્રદ અને ઉપયોગી થાય એવી બધી જ માહિતી આ મેગેઝિન હાલે પૂરી પાડે છે. 'મંગલ મંદિર' મેગેઝિન માટે મારી મંગલ કામના...

*કૉલમિસ્ટ ભાવના અશોક ઝવેરી - ભુજ*

★

## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટર તથા તેના ફીઝિયોથેરાપી વિભાગની ઉમદા કામગીરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી સ્થિત મેડિકલ સેન્ટરના ફીઝિયોથેરાપી વિભાગનો મારો અંગત અનુભવ ઘણો જ સારો છે, કદાચ ઉત્તમ છે. તે વિભાગના ભાઈ-બહેનો પૂરી નિષ્ઠા અને લાગણીભર્યા સંબંધોથી કામકાજ કરે છે. તેમાં પણ વડીલો પ્રત્યેનો તેમનો વ્યવહાર ખૂબ વિનયી હોય છે.

આ વિભાગમાં ઘણા બધા પેશન્ટ્સ આવતા હોય છે. કયા પેશન્ટને કઇ થેરપી આપવાની છે, તે ત્યાંનો સ્ટાફવર્ગ સારી રીતે જાણતો હોય છે. એક પણ મિનિટ ગુમાવ્યા વિના તેઓ તેમનું કામકાજ શરૂ કરતા હોય છે, જે ત્યાં આવતા દર્દીઓને પ્રભાવિત કરે છે.

અંતમાં, આપનો સમાજ તથા ત્યાં કાર્યરત મેડિકલ સેન્ટર અને તેનો ફીઝિયોથેરાપી વિભાગ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી પ્રાર્થના છે. સમગ્ર સ્ટાફવર્ગને ખૂબ ખૂબ અભિનંદન.

*શ્રીમતી હર્ષિદા રમેશચંદ્ર શેઠ - અમદાવાદ*
*મો. ૯૪૦૮૦ ૫૭૨૭૭*

# પરિચયની એક ઝલક



## CA શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની પરંપરા અનુસાર પ્રતિવર્ષ સ્વાતંત્ર્ય દિન / પ્રજાસત્તાક દિન જેવા રાષ્ટ્રીય પર્વોના દિવસે રાષ્ટ્રભાવના પ્રગટ કરવા ધ્વજવંદન વગેરે કાર્યક્રમોનું આયોજન કરીને શાનદાર રીતે ઉજવણી કરે છે. આગામી તા. ૧૫-૦૮-૨૦૧૯ના રોજ અમદાવાદ સ્થિત જાણીતા તત્ત્વચિંતક સી.એ. શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવાનું નક્કી થયું છે. તેઓશ્રીના પરિચયની એક ઝલક અત્રે પ્રસ્તુત છે....

જાણીતા તત્ત્વચિંતક શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેઓ ભવન્સ કૉલેજમાં પ્રોફેસર હતા. પરંતુ ૫૦ વર્ષની ઉંમરે જ આત્માની કમાણી કરવા માતબર આવકની પ્રોફેસર તરીકેની નોકરી છોડી દીધી.

તેઓના જીવનની વિશિષ્ટતા એ છે કે પ્રવચન પોતાની જાત ઉપર ઉતારે છે એટલે કે સ્વનું અધ્યયન કરે છે. તેમણે દેશમાં તથા અમેરિકા જેવા ઘણાં રાષ્ટ્રોમાં જૈન ફિલોસોફી ઉપર પ્રવચન આપેલા છે. તેઓ પોતાની જાતના દોષો સુધારી પોતાનું આત્મકલ્યાણ કરતા રહ્યા છે. આજે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા છતાં શક્ય તેટલું શ્રાવક જીવન જીવવાનો પ્રયત્ન કરે છે. રોજ ત્રિકાળપૂજા, રોજ બે થી વધારે સામાયિક, શક્ય હોય ત્યાં સુધી બ્યાસણા, એકાસણા, આયંબિલ કરે છે. તેઓએ સળંગ નવપદની ૧૪મી આયંબિલ ઓળી કરેલ છે.

તેઓએ "ચેરિટેબલ ટ્રસ્ટોને માર્ગદર્શન" એવું સુંદર પુસ્તક જૈન સંસ્થાનના નેજા હેઠળ લખેલ છે અને તે પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયેલ છે. હાલે તેઓ ઘણા ટ્રસ્ટોમાં ટ્રસ્ટી તરીકે કામગીરી બજાવે છે. તેઓ ચેરિટી ટ્રસ્ટના કામમાં ખૂબ જ નિષ્ણાત છે. તેઓશ્રીનું ખૂબ જ લોકપ્રિય અન્ય એક આધ્યાત્મિક પુસ્તક "મનને શાંત રાખો" છે. જે અમેરિકાના સિટીઝન દ્વારા સ્પોન્સર થયેલ છે. તે પુસ્તકનું વિમોચન ગવર્નરશ્રી દ્વારા થયેલ હતું.

તેઓશ્રીએ પોતાનું એક શિખરબંધી દેરાસર તથા નાની પૌષધશાળા પણ બનાવેલ છે. લોકો અવારનવાર છાપાઓમાં તથા 'જનકલ્યાણ' જેવા માતબર મેગેઝિનોમાં તેમના ધાર્મિક માર્મિક લખાણો વાંચતા હોય છે.

ઉપરાંત ટી.વી.ની પણ અનેક ચેનલોમાં તેઓ ધાર્મિક વિષયો ઉપર માર્મિક છણાવટ કરે છે.

તેઓના ભક્તિ સ્તવનો તથા પ્રવચનોની સી.ડી. અમેરિકા જેવા દેશોમાં પણ ખૂબ લોકપ્રિય છે.

અમેરિકાના જૈના કન્વેન્શનમાં પણ તેઓએ ખૂબ માર્મિક પ્રવચનો આપેલા છે. તે ઉપરાંત તેઓશ્રી સાધુ સમુદાય સાથે ખૂબ ઘનિષ્ઠ અને આત્મીય સંબંધ ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તેમની વ્યવસાયિક ફર્મ નૌતમ આર. વકીલ એન્ડ કં઼ાં. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઓડિટર્સ તરીકેની કામગીરી સાથે સંકળાયેલ છે.

---

***સમુદ્રનાં કિનારા તરફ આવી રહેલું મોજું પોતે કંઈક છે એવો ઘૂઘવાટ કરતું આગળ ધસે છે પણ એને ભાન નથી કે એની પાછળ આવી રહેલું બીજું મોજું એના કરતાં પણ વધુ પ્રબળ છે. એવી રીતે પોતાના વ્યક્તિત્વનાં નગારા વગાડતાં આ બધાં મોજાઓની તાકાત કિનારા તોડી નાખે છે. સાગર ભલે ગમે એવો તોફાની હોય પણ રેતીના વિશાળ કિનારા ઉપર તો એનાં તોફાની મોજાંઓની તાકાત તદ્દન ખલાસ થઈ જાય છે.***

ગેમ્સ ગેલેરી

# કહેવતોની દુનિયામાં ડોકિયું



ભાવના એ. ઝવેરી

***નોંધ** : પહેલા સંયુક્ત કુટુંબજીવન હતું ત્યારે બહોળા પરિવારમાં વહુ દીકરીઓ, બાળકો કે વડીલોને સમય ક્યાં પસાર થઈ જતો તેની ખબર પડતી ન હતી. બધાને એકબીજાની હૂંફ અને સાનિધ્ય મળતા હતા. બદલાતા જમાના સાથે કુટુંબ પ્રથા વિભક્ત થઈ અને જીવન જીવવાની રીત - મૂલ્યો બદલાતા ગયા. શાંતિ - રાહત છીનવાઈ ગયા. તેની સાથે એકલતા, સ્ટ્રેસ, વ્યસ્તતા, ટેન્શન, ભાગદોડ, કોમ્પિટિશન.... આ બધું મળ્યું.*

*આ બધાની વચ્ચે કંઈક નવું... કંઈક અલગ અને ફ્રેશ થવા માટે થોડી મોકળાશ જોઈએ.*

*હાલના સંજોગોમાં વડીલોને 'દાદા-દાદી' પાર્કમાં જવું પડે છે. બહેનોને કિટી પાર્ટી અને મંડળોમાં જોઈન્ટ થવું પડે છે. બાળકો તો જાણે મશીન જ જોઈ લ્યો... સ્કૂલથી ટ્યુશન અને ત્યાંથી અલગ અલગ એક્ટિવિટીના ક્લાસમાં જવાનું...*

*આ ગેમની કોલમ આપવા પાછળનો ઉદ્દેશ પણ કંઈક આવો જ છે. આ ગેમ નાના-મોટા, વડીલો, બાળકો, લેડિઝ ગ્રુપ બધા રમી શકે એવી ગેમનો ખજાનો, આ કોલમ હેઠળ પ્રકાશિત થતો રહેશે. આશા છે કે ગેમ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન મળશે અને પરસ્પર સ્વસ્થ વર્તનની એક ટેવ કેળવાશે. ગેમનો આ ખજાનો લઈને આવી રહ્યા છે – ભુજના ભાવના એ. ઝવેરી. 'કચ્છમિત્ર' અખબારની મંગળવારની "જેડલ-તેજસ્વિની" પૂર્તિમાં તેમની કોલમ "અક્ષરની અષ્ટોપગડિ"ના નામે ચાર વર્ષથી પ્રસારિત થાય છે. તેમજ અન્ય એક મેગેઝિનમાં દોઢ વર્ષથી "શબ્દોની સંતાકૂકડી"ના નામે પ્રસારિત થાય છે અને વાચક વર્ગનો બહોળો પ્રતિસાદ પણ મળેલ છે. પાઠ્યપુસ્તક બહારના શિક્ષણ અને કેળવણી માટે આવી રમતો ખૂબ ઉપયોગી નીવડે છે.*

*તેમના **Facebook Page : Bhavna's Official Game Zone** પર તેમની ગેમ્સ અપલોડ કરવામાં આવે છે.*

*અત્યારના યુગમાં જે ટ્રેન્ડ ચાલે છે તે પ્રમાણે કોઈપણ સ્થળે અને પ્રસંગે આવી રમતો દ્વારા જ્ઞાનવૃધ્ધિ થાય છે તેમજ એક પ્રકારની તાજગીનો અનુભવ થાય છે. આ કોલમનો એક મણકો અત્રે પ્રસ્તુત છે.*


***– તંત્રી મંડળ***


---


*સૌની સાથે સદાય રમતો શબ્દ સંતાકૂકડી*
*અને મુઠ્ઠીમાં બાંધીને લોકો કરતાં અફરાતફરી*
*હૈયું બુધ્ધિ એકબીજામાં કરતા પકડા પકડી*
*આવો, કશુંક પામવા રમીએ શબ્દોની ગેમ્સ ગેલેરી.*


## ચિત્ર જોઈને તેની સામે કહેવત લખો


*(સમય : ૫ મિનિટ)*














*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

# વિજ્ઞાન જગત

## કેટલીક વસ્તુઓ શા માટે તરે છે?






પાણીથી હલકી કોઈપણ વસ્તુ પાણી ઉપર તરે છે, જ્યારે ભારે વસ્તુ પાણીમાં ડૂબીને તળિયે બેસે છે. હલકી વસ્તુ પોતાના વજન જેટલું પાણી ખસેડે છે અને પછી ડૂબતી રોકાઈ જાય છે. ભારે વસ્તુ તેના કદ જેટલું પાણી ખસેડી તળિયે બેસે છે.

બૂચ હલકું હોઈ સૌથી સહેલાઈથી પાણી ઉપર તરે છે. એટલે જ તેનો ઉપયોગ સેફ્ટી જૅકેટ અને લાઈફ બેલ્ટ બનાવવામાં થાય છે.

## આગ ગરમ શા માટે છે?



વસ્તુ બળતાં તેનું તત્ત્વ હવામાંના ઑક્સિજન સાથે મળી બીજા પદાર્થોમાં રૂપાંતરિત થાય છે. દા.ત. કોલસામાં તે કાર્બન ઑક્સિજન સાથે જોડાય છે. રૂપાંતર દરમિયાન રાસાયણિક ક્રિયાથી તેનામાં રહેલી શક્તિ છૂટે છે, જે ગરમી છે. તે મોજાંરૂપે છૂટે છે. તે જોઈ શકાતી નથી પણ અનુભવી શકાય છે. ગરમી ત્રણ રૂપે આપણા સુધી પહોંચે છે : ઉષ્ણતાનયન, ઉષ્ણતાગમન અને ઉષ્ણતાવહન.

ઉષ્ણતાનયનમાં આગ નજીકની હવા ગરમ થઈ રૂમમાં ફેલાય છે.

ઉષ્ણતાગમનમાં વસ્તુમાંની ગરમી પોતાની શક્તિથી ફેલાય છે.

## હિંમતવાન પત્ની



પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઈ ગયો.

પતિ : હું કાંઈ તારાથી ડરતો નથી.

પત્ની : ડરતા શેના નથી? મને જોવા આવ્યા ત્યારે ૫-૬ જણને લઈને આવ્યા હતા અને લગ્ન વખતે તો ૨૫૦ જણને લઈને આવ્યા હતા. બોલો, લાવ્યા હતા કે નહીં?

પતિ : હા.

પત્ની : તો પછી, હું જુઓ કેવી હિંમતવાળી! લગ્ન પછી એકલી જ આવી હતી અને તમારી સાથે એકલી જ રહું છું. ને પછી વટ કરો છો?!

★ એક ચકલીએ મધમાખીને પૂછ્યું કે, 'તું આવડી મહેનતથી મધ બનાવે છે અને માણસ આવીને તેને ચોરી લે છે. તને ખરાબ નથી લાગતું?' મધમાખીએ બહુ જ સુંદર જવાબ આપ્યો : **'માણસ ફક્ત મારું મધ ચોરી શકે છે પણ મારી મધ બનાવવાની કળા નહીં!'**

*કોઈ પણ તમારું ક્રિએશન ચોરી શકે છે પરંતુ તમારી ટેલેન્ટ નહીં.*

# અંગ્રેજી ભાષાનું વળગણ

દેશ વિભાજિત થતાં રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક સ્તરે વિવિધ પ્રકારે અને વિવિધ ક્ષેત્રમાં બદલાવ આવ્યા. ખાસ કરીને એક દેશ અથવા તો પ્રદેશમાંથી બીજા દેશ કે પ્રદેશમાં પ્રજાએ કરેલ સ્થળાંતર (demographical)ના કારણે વિશ્વનો વ્યાપ સીમિત થયો. અન્ય રાષ્ટ્ર અને પ્રદેશ વચ્ચેના સીમાડાઓ નજીક આવતા, પ્રજા વચ્ચેના અરસપરસના સંપર્ક ભાષાકીય રીતે સરળ બન્યા. અલગ અલગ ભાષાઓના આદાન-પ્રદાન કરવા માટેનો અવકાશ ખુલ્લો થયો. અલગ અલગ ભાષાઓ નજીક આવી, જેમાં જે ભાષાનો દૈનિક વ્યવહારમાં વધારે ઉપયોગ - વપરાશ થવા લાગ્યો એ ભાષા દૈનિક વ્યવહારમાં પ્રભાવશાળી ભાષા તરીકે ઘૂસી ગઈ. માત્ર તેના વિસ્તરીકરણના વ્યાપને અનુભવી શકાયું. આ ભાષાની સ્વાભાવિક પ્રક્રિયાથી આ સમયમાં સૌથી મોટી ભાષાકીય ક્રાંતિ આવી. દૈનિક વ્યવહારમાં સ્થાનિક ભાષા સાથે મોભો ધરાવતી ભાષાનું અનુસંધાન થાય તે માટે બંને ભાષાઓનો વારાફરતી ઉપયોગ થવા લાગ્યો. પરિણામે વૈભાષીયતા અને બહુભાષીયતાનો જન્મ થયો.

આજ સમયમાં વૈશ્વિક સ્તરે ગ્લોબલાઈઝેશનને કારણે આંતરરાષ્ટ્રીય ભાષાની પોલિસી અને નિયમો પણ સરળ અને સુલભ થતાં સીમા - સંધિની મર્યાદામાં મોકળાશ થતા આંતરરાષ્ટ્રીય ભાષા સાથેના સંપર્ક વધતા વિશ્વસ્તરે પ્રભુત્વ ધરાવતી ભાષાઓની સાથે એકબીજા દેશના વ્યવહાર માટે કોમન ભાષાના ઉપયોગથી અભિવ્યક્તિ સરળ બની. પરિણામે અભ્યાસ અને આર્થિક ઉપાર્જન માટેની નવી તક ઊભી થવા પામી. આવા કારણોને ધ્યાનમાં લઈ પ્રભુત્વ ધરાવતી (અંગ્રેજી) કોમન ભાષાએ 'વળગણ' નથી પણ ભવિષ્યમાં આવનાર પરિસ્થિતિના પડછાયાને સમજપૂર્વક સ્વીકારવા માટેનું સમાધાન છે. આનું ઉત્તમ ઉદાહરણ ચીન પૂરૂં પાડે છે. પોતાનો દેશ અને તેની ઉન્નતિ તથા વિકાસ માટે વિશ્વની પ્રભાવશાળી અંગ્રેજી ભાષાનો સ્વીકાર કરી અને ચીનના દરેક નાગરિક અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરી શકે તે માટે ચીનની સરકારે અંગ્રેજી ભાષા ફરજિયાત શીખવાના આદેશ કર્યા અને અંગ્રેજી શીખવા માટે સરકારે અનુદાન આપવાની જોગવાઈ પણ કરી કારણકે પડોશી રાજ્યો અને પડોશી દેશો સાથે વિકાસની સ્પર્ધામાં ઊભા રહેવા માટે 'ભાષા' બાધક ન બને. આ પગલું પરિસ્થિતિ સાથે સમજપૂર્વકનું સમાધાન છે. ભાષાનું પ્રભુત્વ ભાષા બોલનાર ભાષકની સંખ્યા પર આધારિત છે, નહીં કે ભાષાની પ્રાચીનતા કે ભાષાકીય સમૃધ્ધિ પર.

*મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ*
*મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*

# હોસ્પિટલ દર્દીને બંધક ન બનાવી શકે

***હોસ્પિટલોમાં મોટાભાગે ઈમરજન્સીમાં દાખલ કરવા, સારવાર અથવા બીલની ચૂકવણી મુદ્દે વિવાદ થાય છે. દર્દીઓના કેટલાક એવા અધિકારો છે, જે તેમને જાણવા જરૂરી છે.***

★ **ઇમરજન્સીમાં સારવારનો ઇન્કાર ન કરી શકે :** જો કોઈ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં પહોંચે છે તો હોસ્પિટલોના તબીબોની આ જવાબદારી છે કે તેને તરત જ જરૂરી સારવાર આપવામાં આવે. યોગ્ય સારવાર અને જીવ બચાવવાનો શક્ય તેટલા પ્રયાસો બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવે. દર્દીની સમસ્યાઓ દૂર કરવા માટે પૂરી પ્રક્રિયા બાદ જ હોસ્પિટલ પૈસા માંગી શકે છે અથવા તો પોલીસને જાણકારી આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે.

★ **ભેદભાવ વિના પૂરી માવજત :** કોઈપણ હોસ્પિટલમાં દર્દી સાથે જાતિ, વર્ણ, પદ, ધર્મ અથવા વયના આધારે ભેદભાવ ન કરી શકાય.

★ **મેડિકલ રિપોર્ટસ, રેકોર્ડસ :** હોસ્પિટલ દર્દીઓને તેના મેડિકલ રેકોર્ડ કે રિપોર્ટ આપવાનો ઇન્કાર ન કરી શકે. દર્દી અથવા તેના પરિવારજનોને અધિકાર છે કે દર્દીના રિપોર્ટસ અને રેકોર્ડસની ફોટોકોપી લઈ શકે છે.

★ **ખર્ચની જાણકારી :** દર્દી અથવા તેના પરિવારજનોને હોસ્પિટલ દ્વારા જાણકારી અપાવી જોઈએ કે શું બીમારી છે, સારવારનું શું પરિણામ આવશે. ખર્ચ, ફાયદો, નુકસાન અને વિકલ્પો વિશે પણ જણાવવું જોઈએ.

★ **અન્ય ડૉક્ટરની સલાહ લેવાનો અધિકાર :** અગર કોઈ ડૉક્ટરની રીત કે સારવારથી ખુશ નથી તો અન્ય તબીબની સલાહ લઈ શકે છે. તેવા કિસ્સામાં મેડિકલ અને નિદાન રિપોર્ટ દર્દીને ઉપલબ્ધ કરાવવાના રહેશે.

★ **ઓપરેશન પહેલા જાણકારીનો અધિકાર :** કોઈપણ મોટી સર્જરી પહેલા દર્દીને તે વિશે પૂરી જાણકારી મેળવવાનો અધિકાર છે. ડૉક્ટરે દર્દી અથવા તેના પરિવારજનોને આ પૂછવું જરૂરી છે કે તેઓ સર્જરી કરાવવા માંગે છે કે નહીં? તે બાદ જ સહમતિ પત્ર પર સહી કરાવાય.

★ **ડિસ્ચાર્જનો અધિકાર :** ઘણીવાર હોસ્પિટલો પૂરું બીલ નહીં ચૂકવવાની સ્થિતિમાં દર્દીને ડિસ્ચાર્જ નથી કરતા. ઘણીવાર તો દર્દીના નિધન બાદ મૃતદેહ પણ નથી લઈ જવા દેતા. ડૉ. અરુણ ગદરે અને ડૉ. અભય શુક્લે પુસ્તક 'ડિસેન્ટિંગ ડાયગ્નોસિસ'માં લખ્યું છે કે આરોગ્ય સેવાઓ આપવી સામાન વેચવા જેવી બાબત નથી. ડૉક્ટર-દર્દી વચ્ચે ખાસ સંબંધ હોય છે, જ્યાં ડૉક્ટર દર્દી વતી ઘણાં નિર્ણયો લેતા હોય છે.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છી નૂતન વર્ષની ઉજવણી થઇ

અમદાવાદ ખાતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અષાઢી બીજના દિવસે કચ્છી નૂતન વર્ષની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી. તે સાથે સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ પૈકી પરબતભાઈ પટેલે કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની ખૂબ સરાહના કરી હતી. છેલ્લા ૩૨ વર્ષથી અવિરતપણે પ્રકાશિત થતા સમાજના મુખપત્ર "કચ્છશ્રુતિ"ના કચ્છી નૂતન વર્ષ નિમિત્તે માસ જુલાઈ-૨૦૧૯નો વિશેષાંક વૈજ્ઞાનિક માહિતીના થીમ હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. આ વિશેષાંકનું વિમોચન અતિથિ વિશેષ શાંતિલાલભાઈ ગાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિશેષાંકને વિશિષ્ટ થીમ હેઠળ તૈયાર કરવાની વિશેષ જવાબદારી અદા કરનાર દિનેશ આર. મહેતાની કામગીરીની ખાસ નોંધ લેવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૧થી ઉચ્ચ શિક્ષણમાં સફળતા હાંસલ કરનાર ૮૦થી વધુ છાત્રોનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું.

તે સાથે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે સમાજના જ યુવાવર્ગ તેમજ બાળ કલાકારો દ્વારા મનોરંજનનો કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમની ઉપસ્થિત સૌ પરિવારજનોએ ખૂબ પ્રશંસા કરી હતી. સાંજે અંદાજે ૭૫૦ જેટલા સભ્યોએ કચ્છી ભોજનનો લાભ લીધો હતો. સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં દીપકભાઈ ચૌહાણ, સંજયભાઈ રાઠોડ તથા ડૉ. મૂકેશભાઈએ; જ્યારે મનોરંજન કાર્યક્રમમાં ભરતભાઈ ઓઝાએ તેમજ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં મનુભાઈ કોટડિયા અને દિનેશ આર. મહેતાએ પોતાની સેવાનું યોગદાન આપ્યું હતું.

## કચ્છનાં દૈનિક "કચ્છમિત્ર"નું ૭૩મા વર્ષમાં પદાર્પણ

### *સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન દામજીભાઈ એન્કરવાલાએ સંઘ ભાવનાને બિરદાવી*

અખબારી ક્ષેત્રે હંમેશાં કંઈક નાવિન્ય સાથે અનોખી ભાત ઉપસાવીને વાંચન સામગ્રી પીરસવામાં કચ્છના દૈનિક "કચ્છમિત્ર" સહિતના જન્મભૂમિ જૂથનાં અખબારોએ સંસ્કારી વારસા સાથે વાચકવર્ગનો વિશ્વાસ સંપાદન કરવામાં તેમની લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચો રાખ્યો છે. તા. ૨૦-૭-૨૦૧૯ના રોજ ૭૨ વર્ષની અખબારી ક્ષેત્રની મંજિલ કાપીને ૭૩મા વર્ષમાં પ્રવેશતાં દૈનિક "કચ્છમિત્ર"ના જન્મદિને ભુજમાં આયોજિત કચ્છમિત્ર કાર્યાલય પરિવાર સાથેના મિલનમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન અને કચ્છના જાણીતા દાનવીર ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાલાએ સૌને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

જન્મભૂમિ જૂથના સી.ઈ.ઓ. અને મુખ્યતંત્રી કુંદનભાઈ વ્યાસની ઉપસ્થિતિમાં ૭૩મા વર્ષમાં પ્રવેશના અવસરે ૭૨ પાનાની વૈવિધ્યસભર સામગ્રી સાથેનો દળદાર અંક આપનાર કચ્છમિત્ર પરિવારની સફળતાને શ્રી એન્કરવાલાએ બિરદાવી હતી. તેમણે કચ્છમાં ખેંચાઈ રહેલા વરસાદના કારણે જીવદયા ક્ષેત્રની પોતાની ચિંતા વ્યક્ત કરી હતી.

કચ્છમિત્રના તંત્રી શ્રી દીપકભાઈ માંકડ, મેનેજર શૈલેષભાઈ કંસારા તથા તમામ કર્મચારીઓની ઉપસ્થિતિમાં કેક કાપીને ૭૩ વર્ષના પદાર્પણને તાળીઓથી વધાવાયું હતું. આ પ્રસંગે કચ્છમિત્રના મદદનીશ તંત્રી નિખિલભાઈ પંડ્યા સહિત વિવિધ વિભાગોના અગ્રિમ અધિકારીઓ, સ્ટાફવર્ગ તથા પૂર્વતંત્રી કીર્તિભાઈ ખત્રી ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

### સોનગઢ રત્નાશ્રમ દ્વારા અમદાવાદ ખાતે કોલેજ હોસ્ટેલની શરૂઆત

સોનગઢ રત્નાશ્રમની વિનામૂલ્યે સંસ્કાર યુક્ત શિક્ષણ આપવાની યોજના ઘણા સમયથી અમલમાં છે અને સમગ્ર સમાજ અવિરતપણે તે યોજનાનો લાભ લઈ રહ્યો છે. આજના માહોલમાં શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધ્યો છે એટલે રત્નાશ્રમ દ્વારા હવે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પોતાની પાંખ વિસ્તારવામાં આવી છે. તેના પ્રથમ પ્રયાસ સ્વરૂપે તેના તરફથી અમદાવાદ ખાતે અષાઢી બીજ, તા. ૪-૭-૨૦૧૯ના રોજ કૉલેજ હોસ્ટેલની શુભ શરૂઆત કરવામાં આવી છે. સોનગઢ ખાતે અભ્યાસ પૂરો કરીને ત્યાંના છાત્રો અમદાવાદમાં વિવિધ ફેકલ્ટીઝમાં ઉચ્ચ અભ્યાસ કરીને આગળ વધી શકે તે માટે તેમને રહેવાની સગવડ અમદાવાદમાં મહાલક્ષ્મી જેવા કેન્દ્રિય વિસ્તાર સ્થિત આ હોસ્ટેલમાં કરવામાં આવી છે. આ પ્રકારની સંપૂર્ણ વ્યવસ્થા ઊભી કરવામાં સંસ્થાના અમદાવાદ સ્થિત ટ્રસ્ટી શ્રી શાંતિલાલ ગાલા (નવનીત પ્રકાશન પરિવાર), વિજય દેઢિયા, પૂજન સાવલા, હાર્દિક બાબરીયા વગેરેએ મહત્ત્વનો ભાગ ભજવ્યો

છે. માત્ર ૧૩ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ સોનગઢ રત્નાશ્રમ આજે ૪૦૮ વિદ્યાર્થીઓ સાથેનું વટવૃક્ષ બની ચૂક્યું છે અને તેનાં જ ફળ સ્વરૂપે અમદાવાદ ખાતે વિદ્યાર્થીગૃહનું નિર્માણ થયું છે.

*વિદ્યાર્થીગૃહનું સ્થળ :* ૩-બી, વિવેકાનંદ સોસાયટી, સુશ્રુત હૉસ્પિટલની પાછળ, સમ્યક એપાર્ટમેન્ટની સામે, જૈન મર્ચન્ટ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## કચ્છ અસ્મિતા મંચના મિલન કાર્યક્રમમાં એલાન... કચ્છને સિંચાઈ માટે નર્મદાના પાણી મળવા જોઈએ..

કચ્છને વર્ષોથી અન્યાય થઈ રહ્યો છે પરંતુ કચ્છી પ્રજા ક્યારેય અવાજ ઉઠાવી ઉહાપોહ નથી કરતી ત્યારે ખમીરવંતી પ્રજાએ કચ્છની ખેતીને સિંચાઈ માટે નર્મદાના પાણી મળે તે માટે કચ્છીઓએ પોતાનું પાણી બતાવી લડત કરવી જ પડશે તેવું આહ્વાન રાજયના માજી નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહે અષાઢી બીજના કચ્છ અસ્મિતા મંચના મિલન કાર્યક્રમમાં કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે મોડકુબા સુધી નર્મદાના પાણી પહોંચે તે માટે ત્રણ પમ્પિંગ સ્ટેશનો બની ચૂક્યા છે પરંતુ તેનો ઉપયોગ નથી થતો. આ ઉપરાંત હાલના જ બજેટમાં નર્મદાના સિંચાઈના પાણી માટે 'સૌની' એટલે સૌરાષ્ટ્રની યોજના માટે રૂા. ૧૮૦૦ કરોડ ફાળવાયા છે જ્યારે કચ્છ માટે માત્ર રૂા. ૮ કરોડ!

કચ્છમાં કેનાલ માટે જમીન સંપાદન ન થઈ હોવાનું બહાનું આગળ ધરી દેવાયું છે. જો ધોરીમાર્ગ કે મેટ્રો ટ્રેન માટે ઝડપભેર જમીન સંપાદિત થઈ શકતી હોય તો કચ્છમાં સિંચાઇના પાણી માટે આટલી બધી રાહ કોની જોવાઈ રહી છે તેવા સવાલો મંચમાં થયા હતા.

આમ, કચ્છના પ્રશ્નો માટે કચ્છીઓએ જાગૃતિ બતાવી આંદોલનાત્મક ઉપરાંત ન્યાય મંદિરના દરવાજા ખટખટાવી લડવું જ પડશે. જયાં સુધી અવાજ બુલંદ નહીં કરીએ ત્યાં સુધી દરકાર લેવાશે નહીં. કચ્છના હિસ્સાનું પાણી ક્યાં જાય છે તેની વિગતો નર્મદા નિગમ પાસેથી મંગાઈ હતી પરંતુ જવાબ મળ્યો નથી. આમ, આ અંગે કાયદાકીય આગળ વધવા મંચે તૈયારી કરી હોવાનું શ્રી શાહે કહ્યું હતું.

શશીકાંતભાઈ ઠક્કરે પણ જણાવ્યું કે, મેં લેખો દ્વારા કચ્છને થતા અન્યાય વિશે ઘણું લખ્યું છે. પરંતુ પ્રજાએ તેનો પ્રતિઘોષ કરવાની તાતી જરૂરિયાત છે. આજ વાતમાં સૂર પુરાવતા દીપક એમ. મહેતાએ કહ્યું કે, લોકોએ 'પાંકે કુરો, મુંજો કુરો'ની માનસિકતામાંથી બહાર આવી કચ્છને વર્ષોથી થતા અન્યાય માટે લડત અતિ જરૂરી લેખાવી હતી. અમીરઅલી લોઢિયા અને રત્નાકરભાઈ ધોળકિયા, મધુકરભાઈ ઠક્કર, કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ સાવજસિંહ જાડેજા વગેરેએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને લોકો કચ્છને થતા અન્યાય બાબત જાગૃત થાય તેના પર ભાર મૂક્યો હતો.

## શ્રી રામભાઈ સુંદરજી ગડા – જૈનરત્ન ઍવોર્ડથી વિભૂષિત

કચ્છ જિલ્લામાં મૂળ બાડા ગામના અને સોનગઢ રત્નાશ્રમ સંસ્થામાં ઘડતર પામીને હાલે અમેરિકા સ્થિત શ્રી રામભાઈ સુંદરજી ગડાને અમેરિકાની જૈન સંસ્થા 'જૈના'એ વર્ષ ૨૦૧૯ માટે "જૈન રત્ન" ઍવોર્ડ અર્પણ કર્યો છે. અમેરિકામાં રહીને પણ જૈનત્વનો પ્રચાર અને પ્રસારણ કરવા સાથે માનવતાના મૂલ્યો માટે શ્રી ગડાએ પોતાનો અંગત નોંધપાત્ર હિસ્સો પ્રદાન કર્યો છે. આ ઉપરાંત, શ્રી ગડા છેલ્લા પાંચ દાયકાથી વિવિધ પ્રકારની સામાજિક કામગીરીના ક્ષેત્રે કાર્યરત છે. આ કારણે તેમને ઉપરોક્ત ઍવોર્ડથી તાજેતરમાં વિભૂષિત કરવામાં આવ્યા છે, એમ શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘની એક યાદીમાં જણાવાયું છે.

## ભચાઉ ખાતે કનકસૂરિ અહિંસાધામનું ઉદ્‌ઘાટન

કચ્છના પ્રવેશદ્વાર અને વાગડના પાટનગર એવા ભચાઉમાં તાજેતરમાં રૂા. પાંચ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલા કનકસૂરિ અહિંસાધામનું ઉદ્‌ઘાટન વાજતે ગાજતે દાતાઓના હસ્તે થયું હતું. આ અવસરે જીવદયા મંડળ - ભચાઉ સંચાલિત વિશાળ સંકુલના નિભાવ માટે વિવિધ દાતાઓ તરફથી રૂા. દોઢ કરોડના દાનની જાહેરાત કરાઈ હતી.

દૂર વસતા જૈન શ્રેષ્ઠીઓ, જીવદયા પ્રેમીઓની વિશાળ હાજરીમાં ૨૩ મુખ્ય દાતાઓ અને ૫૪ હજારથી લઈ ૨ લાખ ૭૦ હજાર સુધીના ૩૯૬ દાતા પરિવારોના સમૂહના હસ્તે વિવિધ સંકુલનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

આ પ્રસંગે કલ્પેશભાઈ શાહ (સર સેનાધિપતિ, શ્રી જૈન એલર્ટ ગ્રૂપ ઓફ ઇન્ડિયા)એ આ સંકુલના નિભાવ ખર્ચ માટે અમદાવાદ જૈન પાંજરાપોળ સંસ્થા વતી ૧ કરોડ ૮ લાખના કાર્યના પ્રારંભે ટોકન રૂપે જાહેરાત કરી ૨૭ લાખનો ચેક અર્પણ કર્યો હતો અને પોતાના તરફથી રૂા. ૧ લાખ ૮ હજારના પાંચ નામ તથા વસા પરિવારે ૧ લાખ ૮ હજારના દાન સાથે કાર્યક્રમ દરમિયાન યોજાયેલ ગીતાબેન રબારીના લોકડાયરામાં રૂા. ૧૫ લાખ ઘોર ઉપરાંત કુલ દોઢ કરોડના દાનની જાહેરાત કરાઈ હતી.

આ અવસરે કલ્પેશભાઈએ કહ્યું કે, જીવદયા એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. તેમણે એવી ટકોર પણ કરી હતી કે, છેલ્લા કેટલાય વર્ષોથી ભારતમાં થતી પશુઓની કતલથી ૩૦ ટકા

જેટલુંય પશુધન બચ્યું નથી. તેવા સમયે પાંજરાપોળમાં પશુ દાખલ કરવા આવનારનું સન્માન થવું ઘટે અને રૂા. ૧ હજારનું કવર એને બક્ષીસ રૂપે આપવું કારણકે એણે પશુને કતલખાને જતા બચાવ્યા છે અને આવી ભેટ આપવાની તૈયારી પણ દર્શાવી હતી.

મુખ્ય અતિથિ ધારાસભ્ય વીરેન્દ્રસિંહ બી. જાડેજા જેમના મારફતે આ અહિંસાધામ દ્વારા રૂા. ૧ કરોડનું ઘાસ દુષ્કાળમાં પશુને અપાયું હતું તેમનું અને તમામ અતિથિગણોનું પૂજન કરી બહુમાન કરાયું હતું.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ સંસ્થાને રૂા. ૧૦ લાખની પશુ એમ્બ્યુલન્સ માટે તેમની ગ્રાન્ટમાંથી પાંચ લાખ અને અન્ય ગ્રાન્ટમાંથી બાકીની રકમ આપવાની જાહેરાત કરી હતી. ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ પણ જીવદયાના ઉમદા કાર્ય માટે પોતાની ગ્રાન્ટમાંથી સહાયની જાહેરાત કરી હતી. જંગી મેકણ દાદાના અખાડાના મહંત વેલજી ડાડાએ સન્માનના પ્રત્યુત્તરમાં રૂા. ૧૧ હજારનું દાન આપ્યું હતું. તો ભચાઉના મુંબઈ સ્થિત આ સંકુલના દાતા જગશી સામત ગાલાએ પણ પોતાનું દાન જાહેર કર્યું. જ્યારે અતિથિ વિશેષ મેઘરાજસિંહ એન. ઝાલાએ અતિથિપદેથી રૂા. ૧ લાખ ૮ હજારનું દાન અને વનરાજસિંહ રણજિતસિંહ જાડેજાએ રૂા. ૧૧ હજારનું દાન જાહેર કર્યું. અન્ય અતિથિઓમાં કમલનયન એ.ડી. મહેતા (ભુજ), ધીરજલાલ વી. કુબડિયા (દાદર), સુરેશભાઈ એસ. વારૈયા (ગાંધીધામ), લહેરચંદ એન. મહેતા (સુરત), અશોક વેલજી મણિયાર (સુરત), ચંપાલાલ જી. પારેખ (ગાંધીધામ), મનુભાઈ કોરડિયા (ફતેહગઢ - અમદાવાદ), હસમુખલાલ ગઢેચા (ફતેહગઢ - અમદાવાદ), હિતેશ ચી. શાહ (ગાંધીધામ), પ્રાધ્યાપક નવીનભાઈ કુબડિયા (લાકડિયા - દાદર), કમલેશ એમ. વોરા (ગાંધીધામ), નસા પબા વેરા (ભચાઉ), વનરાજસિંહ ડી. ઝાલા અને ભચાઉ ન.પા.ના પ્રમુખ કુલદીપસિંહ વીરેન્દ્રસિંહ જાડેજાએ સંસ્થાને આઠ લાખના ટ્રેક્ટર ટ્રોલી આપવાની જાહેરાત સાથે સંસ્થાની બાજુમાં આવેલા તળાવને રૂા. ૩૫ લાખના જંગી ખર્ચે નયનરમ્ય બનાવાશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે અતિથિઓનું બહુમાન કરાયું હતું.

સમારોહમાં ઉપસ્થિત કુમારપાળભાઈ વી. શાહ અનેક સૂરિરાજના કૃપાપાત્ર શાલરત્ન સહિત હાજર રહ્યા હતા.

આ કાર્યમાં શ્રીમદ્ વિજયકનકસૂરિશ્વરજી મ.સા., શ્રીમદ્ દેવેન્દ્ર સૂરિશ્વરજી મ.સા., શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સૂરિશ્વરજી મ.સા. અને શ્રીમદ્ વિજયકલાપ્રભ સૂરિશ્વરજી મ.સા., શ્રીમદ્ વિજય કલ્પતરુ સૂરિશ્વરજી મ.સા. અને પાવન નિશ્રા પુષ્પગુણાશ્રીજી મ.સા., પૂર્ણકલાશ્રીજી મ.સા., હંસકીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણાના આશિષ - નિશ્રા સાંપડ્યા હતા.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજની ઉજવણી કરવામાં આવી

ભાવનગર કચ્છ સમાજે સંસ્થાની સામાન્ય સભા તથા સ્નેહમિલન સાથે અષાઢી બીજની ઉજવણી ઉલ્લાસમય રીતે ભાવનગર ખાતે કરી હતી. સવારે આશાપુરા મંદિરની ધજા બદલાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંધ્યા સમયે સામાન્ય સભા તથા સ્નેહ મિલન અને સરસ્વતી સન્માન સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પાટીદાર સમાજના શામજીભાઈ પટેલ બિરાજમાન હતા. કાર્યક્રમ દરમિયાન વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ માટે નવી કારોબારીના સભ્યોના નામોની ઘોષણા થતાં સામાન્ય સભાએ હર્ષભેર વધાવી લીધા હતા. સંસ્થાના પ્રમુખશ્રીએ કચ્છી નવું વર્ષ - અષાઢી બીજના અવસરે સૌને શુભકામના આપી હતી.

## મુંબઈમાં કચ્છ શક્તિ સંસ્થા દ્વારા વિવિધ ક્ષેત્રે એવોર્ડનું વિતરણ થયું

'કચ્છ શક્તિ' સંસ્થા દ્વારા કચ્છી નવા વર્ષ - અષાઢી બીજની ઉજવણી નિમિત્તે મુંબઈ ખાતે યોજાયેલા સમારોહમાં કચ્છી અસ્મિતાની આગવી ઓળખ સમા ૨૦ જેટલા કચ્છ શક્તિ નેશનલ એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કચ્છના સાંસદે જણાવ્યું હતું કે કચ્છ હવે પછાત નથી. દરેક રીતે પ્રગતિની હરણફાળ ભરી છે અને કચ્છ હવે વિકસિત પ્રદેશ થવા જઈ રહ્યો છે. સંસ્થાના મુખ્ય સંચાલક હેમરાજ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે કચ્છથી બહાર સ્થિત કચ્છીઓની નવી પેઢી કચ્છથી વિમુખ ન થાય તે માટે નવી પેઢીએ વર્ષમાં એકવાર વતનમાં અચૂક જવું જોઈએ. જેથી કચ્છની સંસ્કૃતિ અને ત્યાંની પરંપરાથી તેઓ વાકેફ રહી શકે.

## બોલીવૂડ હિંદી ચલચિત્રના મુખ્ય કલાકારોનું કચ્છમાં કાઠડા - માંડવી ગામમાં શૂટિંગ માટે આગમન

ભારત - પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધની કથા પર આધારિત બોલીવૂડ હિંદી ચલચિત્ર 'ભુજ ધ પ્રાઇડ ઑફ ઇન્ડિયા'ના શૂટિંગ માટે અજય દેવગણ, સોનાક્ષી સિંહા સહિતના કલાકારોનું તાજેતરમાં માંડવી તાલુકાના કાઠડા ખાતે આગમન થયું હતું. કચ્છ જિલ્લાના વિસ્તારની કથા પર આધારિત આ ફિલ્મનું શૂટિંગ કચ્છના કેટલાક ચોક્કસ સ્થળોએ થઈ રહ્યું છે. તેથી પ્રવાસન અને ફિલ્મીક્ષેત્રે આ વિસ્તારનો વિકાસ થશે, એમ ફિલ્મના કો-ઓર્ડિનેટર શ્રી યોગેશભાઈ બોક્ષાએ જણાવ્યું હતું.

## હાણેં વરસી પો...

સીમમેં ઝાડ વાટ નેંરીયેતા
ડેલીતે મોર વાટ નેંરીયેતા,

વથાણમેં ગાયો વાટ નેંરેતી,
અંગણમેં છોકરા, વરસાદમેં રમેજી વાટ નેંરીયેતા.
કુધરત તું બેફામ વરસ 'કચ્છી' માડુ વધાયેજી વાટ નેંરીયેતા

અચ અંગણ કર ભીનો **ભુજવારા** વાટ નેંરીયેતા
હાણે કેંજી વાટ નેરેતો, વરસી પો **કચ્છતેં**

કચ્છી માડુ બેફામ હાણેં વાટ નેંરીયેતા
ચોપે-પંખી સામુ નેરી દયા કરી અચી વિન.

*વિપુલ બી. જોશી "કચ્છી ફામ" - ભુજ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

## પ્રેમ

દુઃખ દર્દ હશે કોઈ પ્રેમની સ્મૃતિમાં,
જબકે યાદ પૂર્વ જન્મ તણી હવે યાદમાં,

જીવન તણો ભાર હળવો કરવા પ્રેમ છે,
મુંઝવણભરી જિંદગી ઉલેચવા પ્રેમ છે.

જિંદગી નાવ પાર કરવા જોઈએ પ્રેમને,
અરસ પરસ સુખ, દુઃખની વાત પ્રેમ છે.

**કોઈ વેદના ભૂલવાનો માર્ગ પ્રેમ છે,**
**કોઈ દુઃખ હળવું કરવા જોઈએ પ્રેમને,**

મન આનંદિત, હળવું કરવા જોઈએ પ્રેમને,
ને કોઈની યાદ ભૂલાવે સદા પ્રેમ હવે.

## પાળિયા

યુગોના સ્મરણની યાદ પૂરે પાળિયા,
યુગોથી ધૂળ મહીં નાહતા સદા પાળિયા.

તોય સ્મરણોના ઈતિહાસરૂપ પાળિયા,
તોય સૌંદર્યના પ્રતિક રહે પાળિયા.

સૂરના સુશોભિત ઈતિહાસ રૂપ પાળિયા,
ને વિરહ તણા અશ્રુથી છલકે પાળિયા.

કાળ પંજા મહીં ખપ્પર થઈ હોમાતા પાળિયા,
શહાદત 'દિલકશ'નો સંદેશ સદા પાળિયા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ન્યારી ગિન...

કડેં ડિસાજે પ્યાર મોભત અખિએમેં,
કડે જિગર ઈકરાર ડિસાજે અખિએમેં

કડેક ઝેર ડિસાજે તો અખિએમેં
કડેક વૃંધાવન ડિસાજે અખિએમેં

કડેક અનોખો રૂપ ડિસાજે અખિએમેં
કડેક લાગણી ડિસાજે અખિએમેં

કડેક મોભત ડિસાજેતી અખિએમેં
ને 'દિલકશ' જિંધગી આધાર અખિએમેં

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ભૂલી ગયો

*પ્રભુને મળવા ગયો, ને*
*રસ્તો ભૂલી ગયો. માણસ તો બનવા ગયો,*
*પણ... પ્રેમ ભૂલી ગયો.*
*પરિવારને પામવા ગયો ત્યાં*
*ખુદને ભૂલી ગયો, પૈસાને પામવા ગયો,*
*તો... પરિવારને ભૂલી ગયો.*
***જિંદગીની દોડમાં હું ઉંમર ભૂલી ગયો,***
***અને ઉંમર યાદ આવી ત્યારે,***
***હું જીવન ભૂલી ગયો.***

## આ શું?

નહોતી વળી સુગંધ જીવનમાં, ઉછીની પુષ્પસુગંધે શું?
નહોતો તેજ-તિખારો કાંઈએ, ધૂપસળીથી દીધે શું?
નહોતી કોઈને રાહત બક્ષી, ગ્લાનિકેરા મુખમહોરે શું?
નહોતો કોઈ ગુણોનો ખજાનો, અવિરત ગુણગાનોથી શું?

મોત મને આંબી ગયું તેમાં
પુષ્પોતણા અકાળ ખુરદાથી શું?
ધૂપસળીએ વળતી ખાખથી શું?
સોગિયા મુખમહોરાઓથી શું?
ગુણોકેરા મિથ્યા પ્રલાપોથી શું?

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : ૨૭૪૩૮૧૬૩*

*તમામ સદ્‌ગુણોનું ઉત્પત્તિ સ્થાન હૃદય છે.*

## એ જિંદગી...

એ જિંદગી તું તો હતી મને ખૂબ જ પ્યારી
જીવનના દરેક મોડ ઉપર લાગતી હતી ન્યારી.
મેઘધનુષ્યના રંગો જેવી અનેક રંગે રંગાણી
જાણે ખૂબસુરત રંગીન એવી આભની અટારી.

જિંદગી તું તો જાણે ઉત્સવોની ઉજાણી,
ખોબે ખોબે, પણ ધરાઈને તને માણી
આજકાલ કરતાં કેટલા બધા દિવસોમાં સમાણી
સમયનું વહેણ જાણે કે પોતાની સાથે જાય છે તાણી.

**પણ જિંદગી તું તો મને ક્યારે પણ ના સમજાણી,**
**કોણ જાણે કેટલીય પહેલીઓ તારામાં સમાણી.**
જ્યારે સુખના દરિયાની ભરતી આવતી મેં જાણી,
ત્યારે એમાં ડૂબકી લગાવીને જિંદગીની મોજ માણી.

અને અચાનક જ દુઃખના મોજાએ મને તાણી,
વગર અવાજે કેટલા જોરથી થપ્પડ તેં મને મારી.
તારા આ રૂપથી તો હુંય હતી સાવ અજાણી,
સ્તબ્ધ થઈ ગઈ હું, શું થઈ ગયું એ વાત મને ન સમજાણી.

એ જિંદગી તારા પર ભરોસો કરીને હું તો લૂંટાણી,
**દુઃખની આવી ધારદાર તલવાર તેં મારા ઉપર જ કેમ તાણી.**
અને આગળ વધતી જાય છે મારા દુઃખથી જાણે સાવ અજાણી,
જિંદગીના દરેક પાસાની ભાષા હવે મને ઉંડાણથી સમજાણી.

*સુનિતા એ. શાહ - અમદાવાદ*
**મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩**

## લાગણીશૂન્ય કે તટસ્થ્ય?

સીમા વટાવી જ્યાં દુઃખની
સુખ સામે આવી મળ્યું,

ને હદ વટાવી જ્યાં સુખની,
દુઃખ વળી સાથે થયું.

સુખમાં રહ્યો અતિશય જ્યાં
મન એવું તો ઊબી ગયું,

દુઃખમાં રહ્યો અધિકતર જ્યાં,
મન નઠોરજો થઈ ગયું.

એવું તો ન થાય કેમ
મન વળી વિચારી રહ્યું,

'આરસી' સમ સુખે કે દુઃખે
તટસ્થ શાને ન બની રહું.

## હાઈકુ

રંગ ભીના છે
માનવી ને, મન તો
કોરુંધાકોર.

કાગડો બેઠો
ખુરશી પર, નેતા
મન મૂંઝાય.

આવ રચીએ,
આપણા મિલનનું
એક હાઈકુ.

કાળજા કેરો
કટકો બેટી, કેવા
દે કન્યાદાન!

સંગી તારું છે
આત્મબળ, ચાલશું?
દૂર મંઝિલે

**અરુણોદય,**
**જિંદગીનો અચૂક**
**ઘટનાક્રમ.**

પંથ કપરો
જાવું જરૂર, સાથ
કોણ આપશે?

ચાંદની રાત,
ઢળતી વાત, પ્રેમ
રૂપેરી રંગે.

સૂર્ય છૂપાય
વાદળ મહીં, તારે
મુખે લાલિમા.

ઊંઘે વિદ્યાર્થી,
વાતો આઝાદી કેરી
પૂરી થૈ? પૂછે.

*અરુણા અરુણ ઠક્કર - ભુજ*

## માઇક્રો ફિક્શન : અકથ્ય ઓછપ

"લ્યો માજી પાંચ હજાર રૂપિયા. તમારા દીકરાએ મોકલ્યા છે. કરો જલસા." ટપાલીએ રૂપિયા અને મની ઓર્ડર ફોર્મ માજીને સહી કરવા આપતાં કહ્યું.

"કાંઈ કાગળ પતર?" આંખમાં અમીટ આશા આંજીને માજીએ પૂછ્યું.

ટપાલીએ નકારમાં માથું ધુણાવ્યું.

....અને એક અકથ્ય ઓછપ સાથે માજીએ રૂપિયા લીધા.

*શંકર ન. ઠક્કર (નિવૃત્ત નાયબ કલેક્ટર)*
**મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫**

*ધાર્યું નહીં, પણ સારું કરવાનો આગ્રહ રાખવો.*



# બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મુંજી બાજુમેં વઠો આય સે કાકો ચાલુ પિક્ચરમેં કડુણો નીચે વરેને કીંક ગોતેતો... બ વાર તા મુંજા પગ પકડે ગેણે... ઈન્ટરવલમેં તડેં પૂછજ તા અનજો કુરો વેને ર્યો આય?

બચુડો : કાકાકે પૂછે તડેં કાકા ચ્યાં છોરા, મુંજે મોં મંજા ચોકલેટ છણે પઇ આય સે આંઉ ગોતીયાં તો... તડે આંઉ ચ્યોં હેડી ધૂળવારી ચોકલેટ હાણે ખાધેજો કીં અરથ નાય... અતરે કાકા ચ્યાં તોકે અનજો અરથ નાય પણ મુંજો ત ચાર દંધજો ચોકઠો અન ચોકલેટ ભેરો ચોંટો વ્યો આય તેંલા કે આંઉ ચોકલેટ ગોતીયાં તો....

## ખિલજા મ ભલા

સંજુ : (વર્દીમાં ઊભેલા ભાઈને) જા, મારા માટે ટેક્ષી લઈ આવ.

વર્દીધારી : જોતો નથી ડફોળ, હું જમાદાર નથી પણ પાઇલોટ છું.

સંજુ : એમાં આટલો બધો નારાજ શા માટે થાય છે? જા, જઇને વિમાન લઇ આવ....!!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : રાજુ, આંખો વિશે બે-ચાર વાક્ય બોલી બતાવ.

રાજુ : બે આંખો વચ્ચે જબરો સંબંધ રહેલો છે. બે આંખો એક સાથે જુએ છે, બે આંખો એક સાથે રડે છે, બેં આંખો એક સાથે પટપટે છે, બે આંખો એક સાથે જ સુએ છે!!

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : બેટા ધનિયા, આમ જમતા જમતા કેમ ઊભો થઈ ગયો?

ધનિયો : હવે આ રોટલી ન ખવાય. જો ને એના પરથી ઉંદર દોડીને જતો રહ્યો.

મમ્મી : એમાં શું? એણે ક્યાં પગમાં ચંપલ પહેર્યા હતા?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : મારી જીભમાં ચાંદા પડી ગયા છે.

પતિ : એ તો થવાનું જ હતું. ક્યારેક જીભને આરામ આપતી જા!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : મોબાઇલ નવો લેવો પડશે.

પતિ : કેમ, આ મોબાઈલમાં શું થયું?

પત્ની : જુઓને, આ ફોટા પર ક્યારથી આંગળા ઘસ ઘસ કરું છું તો પણ ફોટો મોટો નથી થતો.

પતિ : નવો મોબાઇલ નહીં મળે... ક્યારની આ પાસપોર્ટ સાઇઝનો ફોટો પકડીને મોટો કરવાની મથામણ કરે છે. ફોટો મૂક, મોબાઇલ પકડ!!

☺ ☺ ☺ ☺ ☺

પ્રેમિકા : ડિયર જાનુ... નવી કારમાં બેસાડીને તું મને ક્યાં લઇ જાય છે?

પ્રેમી : લોંગ ડ્રાઇવ પર...

પ્રેમિકા : મને પહેલેથી કહેવું હતું ને... તો હું એ પ્રમાણે વ્યવસ્થિત રીતે તૈયાર થઇને આવત.

પ્રેમી : પણ મને હમણાં જ ખબર પડી.

પ્રેમિકા : કેમ અચાનક... એકાએક?

પ્રેમી : આ તો હમણાં જ બ્રેક ફેઇલ થઈ એટલે ખબર પડી.

☺ ☺ ☺ ☺ ☺

ટિકિટ ચેકર : ટિકિટ બતાવો...

મનિયો : ખિસ્સામાંથી ભૂંગળીની જેમ વળેલી ટિકિટ સીધી કરી આપીને કહ્યું, લ્યો આ ટિકિટ...

ટિકિટ ચેકર : આ તો જૂની ટિકિટ છે!

મનિયો : તો શું થઈ ગયું? બસ પણ જૂની જ છે ને! હમણાં જ શો રૂમમાંથી લઇને આવ્યા છો શું?

☺ ☺ ☺ ☺ ☺

રવિ : (પત્નીને) જો મકાનમાલીક ભાડાની ઉઘરાણી માટે આવ્યો લાગે છે. તું જઇને કહી દે કે હું ઘરમાં નથી.

રમીલા : પણ તમે તો કદી જૂઠું નથી બોલતા.

રવિ : એટલે તો હું તને મોકલું છું.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આ રોજ રોજ હું તારી આંખોમાં આંસુ નથી જોઈ શકતો...

પત્ની : ઠીક છે. આવતીકાલથી તમે ડુંગળી સમારજો...

☺ ☺ ☺ ☺ ☺

પતિ : પુરુષના જીવનમાં બે વાર એવી સ્થિતિ આવે છે જ્યારે એ સ્ત્રીને સમજી શકતો નથી.

પત્ની : ક્યારે ક્યારે આવે છે આવી સ્થિતિ?

પતિ : એકવાર લગ્ન પહેલા અને બીજીવાર લગ્ન પછી.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમે બહુ ભોળા છો.

પતિ : કેમ એમ કહે છે?


પત્ની : તમને કોઈ પણ સરળતાથી ફસાવી લે છે.

પતિ : શરૂઆત તો તારા પપ્પાએ જ કરી હતી ને?!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine® શબ્દ રમત-૧૫૪

*સંકલન : રજનીકાંત પારેખ*




શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૮-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ખણખોદ, નિંદા, બદબોઇ (૩)
૩. સાહસ કરનારું (૪)
૬. ધાર્મિક પૂજામાં વપરાતી સફેદ ભૂકી, _____ ગુલાલ (૩)
૮. સીતાજીના ભરથાર (૨)
૯. ત્યજવાની ક્રિયા, છોડી દેવું તે (૨)
૧૦. કપાળ, ભાલ, _____ના લેખ કદી મિથ્યા થાય નહીં (૩)
૧૨. ધોબી, કપડાં ધોનારો (૩)
૧૪. ઝીણા દાણાના ચોખા (૩)
૧૬. જમીન કે હવામાં ભીનાશ પ્રસરવી (૨)
૧૭. રમત, તમાશો, ભવાઈ, લીલા (૨)
૧૮. ફાડ્યા વિનાનું સળંગ કાપડ, થાન (૨)
૨૦. પાંડવોના પિતા (૨)
૨૧. _____ વિના વેલો ન ચડે (૨)
૨૨. એક ઊંચું વૃક્ષ જેમાંથી તાડી બને છે (૨)
૨૩. રસોઇ કરનાર પુરુષ (૪)
૨૫. ધરાવાપણું, સંતોષ (૪)
૨૭. ખુશ, સંમત (૨)
૨૮. મંદોદરીનો પતિ (૩)
૩૦. તીજ, પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૩૨. મધ્યાહ્ન, બળબળતા જામ્યા _____ (૩)
૩૩. આવતા વરસે (૨)
૩૪. લક્ષ્મી (૧)
૩૬. ચલ, અસ્થિર, ખુજલી, ખંજવાળ (૨)
૩૭. બે (૧)
૩૯. સુખડીના પ્રસાદ માટે જાણીતું જૈન તીર્થ (૩)
૪૧. ખાંડના પાસાદાર ગાંગડા (૩)
૪૨. હાથ, વેરો, જકાત (૨)
૪૪. પૃથ્વીની ધરી, આંખ (૨)
૪૫. હોંકારો, બૂમ (૨)
૪૬. દર્શન, દિદાર, પ્રદર્શન (૩)
૪૭. ધારણા, ખ્યાલ, તરંગ (૩)
૪૮. વહેતા પાણીમાં થતું કુંડાળું, ભમરો (૩)
૪૯. પરલોકવાસી, મરણ પામેલું (૪)
૫૦. ગયેલું, ભૂતકાળનું, મરી ગયેલું (૨)

### ઊભી ચાવીઓ

૧. ખાવાનો પદાર્થ (૩)
૨. શ્વાસનો એક રોગ, _____ મારો _____ (૨)
૩. દરિયો ખેડનાર, સાગરની મુસાફરી કરનાર (૫)
૪. ખર્ચ જતા બાકી વધેલી રકમ (૩)
૫. હુન્નર, કસબ, આર્ટ (૨)
૭. ડરપોક, બી જાય તેવું (૩)
૧૦. નસીબ (ઈં) (૨)
૧૧. મક્કા-મદીનાની યાત્રા (૨)
૧૩. પાણી, વારિ, _____ એ જીવન છે (૨)
૧૫. કાદવ (૩)
૧૭. ખેડૂત, ખેડનારો (૨)
૧૮. વરસાદમાં રક્ષણ કરે એવી શણની એક મોદ, પ્લાસ્ટિકનું શીટ (૪)
૧૯. ખુશબો, મહેક, સુગંધ (૪)
૨૦. અશક્ત અને ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદા સ્થાન (૫)
૨૧. અઠવાડિયાનો દરેક દિવસ, વખત, સમય, ઢીલ, વિલંબ (૨)
૨૨. તાંબુ (૨)
૨૪. હજ કરી આવેલો મુસલમાન (૨)
૨૫. ગાયોનું ટોળું (૨)
૨૬. જાણકાર, વિદ્વાન (૩)
૨૯. ઉત્તમ, વરરાજા, પતિ (૨)
૩૧. સંગીતના સપ્તકમાંનો પ્રથમ સ્વર (૧)
૩૨. છોકરા છૈયાવાળું, વસ્તારી (૫)
૩૫. જુલમ, દોર (૪)
૩૮. તરફેણ, બાજુ, પક્ષપાત, પાંખ (૨)
૩૯. હાથીને હાંકનારો (૪)
૪૦. આજ્ઞા, ફરમાન (૩)
૪૧. વરઘોડા સાથે રહેતા લોકોનું મંડળ, _____ મહાજન (૩)
૪૨. _____ આજ ઔર _____ (૨)
૪૩. ઓસ, તુષાર (૩)
૪૪. આદિ રહિત, પહેલા નહીં એવું (૩)
૪૬. માણસ, જણ, જનતા (૨)
૪૭. અટકળ, સમજ (૨)

*ખરતા પાંદડાં એ દુનિયાનું સૌથી મોટું ઉદાહરણ છે કે, બોજ બન્યા તો તમારા પોતાના જ તમને પાડી દેશે.*

## NanoNine® શબ્દ રમત-૧૫૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્ના | ત | ક | ■ | ચો | વ | ટ | ■ | પા | ડો | શ | ણ |
| ન | ક | લ | ■ | ફે | ર | ■ | લ | ટ | ક | ણ | ■ |
| ■ | રા | હ | ગી | ર | ■ | પા | વ | ન | ■ | ગા | ડી |
| વે | ર | ■ | ચો | ■ | ધો | લ | ■ | ગ | બ્બ | ર | ■ |
| પા | ■ | સ | ગી | ર | ■ | વ | ખા | ર | ■ | ■ | આ |
| રી | સ | ■ | ચ | ક | લું | ■ | લી | ■ | આ | ડ | શ |
| ■ | ભા | ■ | ■ | મ | ■ | અ | પી | લ | ■ | ■ | ■ |
| કા | પ | ડિ | યા | ■ | ■ | ■ | લી | લા | લ | હે | ર |
| કા | તિ | લ | ■ | સુ | વા | સ | ■ | ટ | ■ | મ | જા |
| કૌ | ■ | ■ | મા | ધા | પ | ર | ■ | ■ | ર | ખે | ■ |
| વો | ક | ળો | ■ | ક | સ | ક | સ | તું | ■ | મ | તા |
| ■ | ર્ક | ■ | ક્ષા | ર | ■ | સ | જા | ગ | ■ | ■ | ત |

*માસ જૂન-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. જ્યોતિ ગડા – અમદાવાદ
૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૫. રંજન શાહ – અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૭. સરોજ શાહ – અમદાવાદ
૮. દિશા પટેલ – અમદાવાદ
૯. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૦. રેખા સંઘવી – અમદાવાદ
૧૧. જયસુખ સંઘવી – અમદાવાદ
૧૨. મુકેશ મૈશેરી – અમદાવાદ
૧૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૪. શેનાલ્ડ સુર્વાતિક – અમદાવાદ
૧૫. શીતલ શાહ – અમદાવાદ
૧૬. વર્ષા પારેખ – અમદાવાદ
૧૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૮. સ્મિતા શાહ – અમદાવાદ
૧૯. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૦. હર્ષિલ મહેતા – અમદાવાદ
૨૧. કશિશ શાહ – અમદાવાદ
૨૨. દીપા પરીખ – અમદાવાદ
૨૩. ભૌમિક વોરા – અમદાવાદ
૨૪. નીના ગોરજી – અમદાવાદ
૨૫. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૨૬. રશ્મિ મોમાયા – અમદાવાદ
૨૭. કુસુમ ત્રેવાડિયા – અમદાવાદ
૨૮. હીના દોશી – અમદાવાદ
૨૯. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૩૦. રાજકુમારી શાહ – અમદાવાદ
૩૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૩૨. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૩૩. શીત મહેતા – અમદાવાદ
૩૪. પ્રતિમા શાહ – અમદાવાદ
૩૫. હીરજી વોરા – મુંબઈ
૩૬. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૩૭. કેતન શાહ – ભુજ
૩૮. કંચનબેન મોરબિયા – ભુજ
૩૯. નવલ નીસર – સુરત
૪૦. સરોજ ચંદુરા – સુરત
૪૧. ગુણવંતી ખંડોર – મુંદ્રા
૪૨. હસમુખ દેઢિયા – અડાલજ
૪૩. તારાબેન શાહ – નાગપુર
૪૪. નગીન શાહ – નાગપુર
૪૫. ચેતના મહેશ્વરી – આદિપુર
૪૬. નેહલ મહેતા – ગાંધીધામ
૪૭. છબીલ જૈન – સતના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**૧. દિશા પટેલ – અમદાવાદ**
**૨. મુકેશ મૈશેરી – અમદાવાદ**
**૩. શેનાલ્ડ સુર્વાતિક – અમદાવાદ**

## NanoNine *Sudoku*

*જૂન-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. અવંતી દંડ – અમદાવાદ
૨. મિતેશ દેઢિયા – અમદાવાદ
૩. કુંજલ ગોસર – અમદાવાદ
૪. જ્યોતિ ગડા – અમદાવાદ
૫. રેખા સંઘવી – અમદાવાદ
૬. જયસુખ સંઘવી – અમદાવાદ
૭. સરોજ શાહ – અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૯. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૦. સ્મિતા શાહ – અમદાવાદ
૧૧. ઉષ્મા શાહ – અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૩. પ્રિયંકા શાહ – અમદાવાદ
૧૪. દીપા પરીખ – અમદાવાદ
૧૫. કશિશ શાહ – અમદાવાદ
૧૬. પ્રભા મોરબિયા – અમદાવાદ
૧૭. ભૌમિક વોરા – અમદાવાદ
૧૮. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૧૯. નીના ગોરજી – અમદાવાદ
૨૦. ભરત ત્રેવાડિયા – અમદાવાદ
૨૧. કૃણાલ શાહ – અમદાવાદ
૨૨. પ્રતિમા શાહ – અમદાવાદ
૨૩. નયના ગોગરી – અમદાવાદ
૨૪. બિનોય ગોગરી – અમદાવાદ
૨૫. નીરવ જાદવ – અમદાવાદ
૨૬. રોનક શેખ – અમદાવાદ
૨૭. પ્રવીણ ખંડોર – મુંદ્રા
૨૮. હેમલતા દેઢિયા – અડાલજ
૨૯. ખુશ્બુ વિકમાની – મુંબઈ
૩૦. સરોજ ચંદુરા – સુરત
૩૧. સોનલ શાહ – નાગપુર
૩૨. નગીન શાહ – નાગપુર
૩૩. ચેતના શાહ – આદિપુર
૩૪. હર્ષા મહેતા – ગાંધીધામ
૩૫. રવિલાલ જૈન – સતના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**<u>વિજેતાઓ</u> :**

(૧) રવિલાલ જૈન – સતના
(૨) નીરવ જાદવ – અમદાવાદ
(૩) રોનક શેખ – અમદાવાદ

## NanoNine® Sudoku

**જૂન-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે** **જુઓ : પાના નંબર-૬૪**

## પથદર્શિકા

- ★ જરૂરિયાતો તો ભિખારીનીય પૂરી થઈ જાય છે, જયારે ઈચ્છાઓ તો કરોડપતિનીય અધૂરી જ રહે છે.
- ★ ઈંટ અને ચૂનાથી તો માત્ર મકાન જ ઊભું થાય છે, ઘર તો બને છે સહુ વચ્ચેના સ્નેહ સંબંધોથી.
- ★ એક કલાકમાં ૫૦ ગાથા ગોખી રાખવી સહેલી છે પણ ૫૦ દિવસ પહેલા કોઈએ દીધેલી ગાળ ભૂલી જવી મુશ્કેલ છે.
- ★ સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા અને જો સંબંધો સાચા હોય તો એને સાચવવા નથી પડતા.
- ★ ઢગલાબંધ અનુકૂળતાઓ આપણી પાસે કદાચ નથી એ વાત જો સાચી છે તો સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે ઢગલાબંધ પ્રતિકૂળતાઓ પણ આપણા લમણે ઝીંકાઈ નથી.
- ★ જીવનમાં એટલી બધી ભૂલો ના કરવી કે પેન્સિલ પહેલા રબ્બર ઘસાઈ જાય.
- ★ દુઃખની તાકાત એના અસ્વીકારમાં છે. જયાં એનો સ્વીકાર થાય છે ત્યાં એની તાકાત તૂટી જાય છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૧૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૮-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓક્ટોબર-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | | | | | 9 | | |
| 7 | | | 6 | | 3 | | 1 | |
| | 9 | | | 8 | | | | 7 |
| 4 | 2 | | | | 9 | | 3 | |
| | | 8 | 3 | 6 | 2 | 4 | | |
| | 6 | | 7 | | | | 2 | 5 |
| 9 | | | | 1 | | | 5 | |
| | 7 | | 5 | | 4 | | | 1 |
| | | 5 | | | | | 6 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | | 4 | 8 | | 9 | | |
| 1 | 8 | | | | | 4 | | |
| | | | | | 1 | | 2 | 7 |
| | | | 1 | | | | 7 | 4 |
| | | 1 | 3 | 2 | 6 | 5 | | |
| | | | | | 5 | | | |
| 4 | 1 | | 8 | | | | | |
| | | 6 | | | | | 8 | 3 |
| | | 9 | | 1 | 3 | | 4 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | | 8 | | | | 3 | 1 |
| | | 1 | 3 | | 9 | | | 5 |
| | | 5 | | | | 4 | 7 | |
| | | 6 | | 9 | 2 | | 5 | |
| 9 | | | | 3 | | | | 2 |
| | 7 | | 1 | 8 | | 3 | | |
| | 6 | 4 | | | | 5 | | |
| 2 | | | 6 | | 8 | 9 | | |
| 7 | 1 | | | | 3 | | 4 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | | | 1 | | | | |
| 3 | 6 | | | | 5 | | 8 | |
| | | 9 | | | 3 | 2 | | 5 |
| | | 1 | | | 8 | 6 | 4 | |
| 8 | | | 6 | | 4 | | | 3 |
| | 4 | 3 | 1 | | | 9 | | |
| 9 | | 8 | 2 | | | 5 | | |
| | 3 | | 7 | | | | 9 | 4 |
| | | | | 5 | | | 2 | 7 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 2 | 7 | 6 | 4 | 9 | 5 | 8 |
| 9 | 4 | 5 | 1 | 3 | 8 | 2 | 7 | 6 |
| 8 | 6 | 7 | 5 | 2 | 9 | 3 | 4 | 1 |
| 4 | 7 | 8 | 2 | 9 | 1 | 6 | 3 | 5 |
| 5 | 2 | 1 | 6 | 7 | 3 | 4 | 8 | 9 |
| 6 | 9 | 3 | 8 | 4 | 5 | 7 | 1 | 2 |
| 1 | 3 | 4 | 9 | 8 | 6 | 5 | 2 | 7 |
| 7 | 8 | 6 | 4 | 5 | 2 | 1 | 9 | 3 |
| 2 | 5 | 9 | 3 | 1 | 7 | 8 | 6 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 1 | 6 | 9 | 2 | 4 | 5 | 3 |
| 3 | 9 | 4 | 8 | 7 | 5 | 1 | 2 | 6 |
| 2 | 5 | 6 | 3 | 4 | 1 | 8 | 7 | 9 |
| 9 | 4 | 8 | 2 | 6 | 3 | 5 | 1 | 7 |
| 1 | 6 | 5 | 7 | 8 | 4 | 9 | 3 | 2 |
| 7 | 3 | 2 | 5 | 1 | 9 | 6 | 4 | 8 |
| 5 | 8 | 7 | 4 | 3 | 6 | 2 | 9 | 1 |
| 6 | 2 | 9 | 1 | 5 | 7 | 3 | 8 | 4 |
| 4 | 1 | 3 | 9 | 2 | 8 | 7 | 6 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 3 | 4 | 9 | 5 | 1 | 7 | 6 |
| 1 | 9 | 6 | 8 | 3 | 7 | 5 | 2 | 4 |
| 5 | 7 | 4 | 2 | 1 | 6 | 3 | 9 | 8 |
| 8 | 3 | 5 | 7 | 2 | 4 | 9 | 6 | 1 |
| 9 | 6 | 2 | 5 | 8 | 1 | 7 | 4 | 3 |
| 4 | 1 | 7 | 9 | 6 | 3 | 8 | 5 | 2 |
| 7 | 5 | 8 | 3 | 4 | 2 | 6 | 1 | 9 |
| 3 | 2 | 1 | 6 | 5 | 9 | 4 | 8 | 7 |
| 6 | 4 | 9 | 1 | 7 | 8 | 2 | 3 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 2 | 9 | 6 | 7 | 1 | 5 | 8 |
| 6 | 7 | 5 | 1 | 4 | 8 | 3 | 9 | 2 |
| 8 | 9 | 1 | 3 | 2 | 5 | 4 | 6 | 7 |
| 3 | 6 | 8 | 2 | 1 | 9 | 7 | 4 | 5 |
| 1 | 5 | 7 | 4 | 8 | 6 | 2 | 3 | 9 |
| 9 | 2 | 4 | 7 | 5 | 3 | 6 | 8 | 1 |
| 5 | 8 | 3 | 6 | 7 | 1 | 9 | 2 | 4 |
| 2 | 1 | 6 | 5 | 9 | 4 | 8 | 7 | 3 |
| 7 | 4 | 9 | 8 | 3 | 2 | 5 | 1 | 6 |



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **જયા રિહેબ સેન્ટર - બિદડાની સિદ્ધિ :** અંજારના પાંચ વર્ષના કાવ્ય સોરઠિયાને જન્મથી શારીરિક તકલીફ – ચાલવા, બેસવા કે ઉભવામાં હતી. જે અંગે જયા રિહેબ સેન્ટરમાં સારવાર અંગે આવતાં દોઢ વર્ષમાં જ આ બાળક એકલો પડખા ફરીને બેસતો થયો હતો. ઓર્થોસીસ પહેરીને એકલો ઊભો રહેતો થયો અને ત્રણ વર્ષની વયે ઘરની બહારની દુનિયામાં ચાલતો થયો હતો.

★ **રેલવે - કચ્છને ઇલેકટ્રિકલ એન્જિનની સગવડ :** ૨૦૨૨ સુધી દેશભરમાં રેલવે ટ્રેકનું ઈલેકટ્રિફિકેશન કરવાનું ધ્યેય રેલવે પ્રશાસન દ્વારા રાખવામાં આવ્યું છે. આના અનુસંધાનમાં અમદાવાદથી ગાંધીધામ રેલવે ટ્રેકના વિદ્યુતિકરણના કામનો ધમધમાટ કચ્છ સુધી આવી પહોંચ્યો છે અને સામખિયાળી પાસે કામ શરૂ પણ થઈ ગયું છે.

★ **કચ્છના ઝરપરા ગામના યુવાનની સિધ્ધિ :** ઝરપરાના અલ્પશિક્ષિત યુવાન શ્યામ ગઢવી જુલાઇ મહિનામાં એક માસ માટે વિશ્વમાં અગ્રીમ સ્થાન ધરાવતી ફીનલેન્ડની હેલસિંકી યુનિવર્સિટીમાં એન્થ્રોપોલોજીના વિષય પર એક માસ માટે કચ્છના માલધારી લોકો, રબારી લોકો, કચ્છ બન્નીમાં રહેતા લોકોની રોજબરોજની જીવનશૈલી ઉપર વ્યાખ્યાન આપશે. શ્રી ગઢવી હેલસિંકી યુનિ.ના કુ. સરજા ઝોહરા સાથે વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ સુધી કચ્છના રબારી અને માલધારી લોકોના જીવન પરના સંશોધનમાં મદદનીશ તરીકે જોડાયા હતા.

★ **બન્નીમાં મીઠું પાણી :** કચ્છના બન્ની જેવા ખારાપટના પ્રદેશમાં 'ઝીલ નેસ'ના કૂવામાંથી ત્યાંના લોકો એકદમ શુધ્ધ, ૨૨૦ જેટલા ટી.ડી.એસ. ધરાવતું તેમજ પીધા પછી વજન નહીં ધરાવતું પાણી પીવે છે. લોકો કહે છે કે આ પાણી પીવાથી મોટી ઉંમરે પણ હાડકાંના રોગો થતા નથી તેમજ દાંત-વાળ સલામત રહે છે.

★ **એકસોથી વધુ ઊંટ ચારા માટે ભટકે છે :** દુષ્કાળના કારણે ભુજ તાલુકાના એકસોથી વધુ ઊંટના માલિકો પોતાના માલ સાથે વન વગડામાં ભટકે છે. પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહે છે કે ઊંટડીના દૂધની માન્યતા મળી હોવા છતાં સરકાર દૂધાળા પશુને મળતી ચારા પાણી જેવી સવલત ઊંટ માટે આપતી નથી. અમોને તેના માટે વન વગડે ભટકવું પડે છે. ઉદ્યોગો અને પવનચક્કીના કારણે વગડામાં ઝાડી કપાતા વસમો કાળ આવ્યો છે.

★ **કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ નર્મદા પ્રશ્ને લડાયક મુડમાં :** કચ્છમાં નર્મદાના પીવાના પાણી, સિંચાઈ માટેના પાણી તથા વધારાના પાણી અંગેની એક બેઠક તા. ૨૫-૬ના રોજ ભુજ ખાતે મળી હતી. જેમાં નિયમિત પાણી માટે ટપ્પર ડેમથી માંડવીના મોડકુવા લાઇન તેમજ વધારાના પાણી માટેના કામો સરકારે હજુ સુધી પૂરા કર્યા નથી તેવી રજૂઆત કરવામાં આવી હતી. તે ઉપરાંત કચ્છના વધારાના પાણી અંગેના કામ માટે સરકાર પર દબાણ લાવવા કચ્છની પ્રજા તેમજ ખેડૂત વર્ગે સંગઠિત થવું પડશે તેવો સૂર આ બેઠકમાં અગ્રણીઓ દ્વારા વ્યક્ત થયો હતો.

★ **ચોબારીમાં ખારેકનો પાક સફળ :** ચોબારીના ખેડૂતોએ છ વર્ષ પહેલા ઇઝરાયેલી ખારેકના ૩૭૫ રોપાનું વાવેતર કરેલ. તેની પાછળ સખત મહેનત અને માવજત દ્વારા છ વર્ષે ખેડૂતોને બમણું વળતર મળવાની આશાથી આનંદ ફેલાયો છે.

★ **કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કારો :** કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭ માટેના કચ્છી ભાષાના વિવિધ પ્રકારના શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં લોક સાહિત્ય, સંશોધન, નિબંધ, કવિતા વગેરે શ્રેણી હેઠળના પુસ્તકોના લેખકશ્રીઓને પુરસ્કારો આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

★ **સુરખાબની મહેમાનગતિ :** કચ્છના અંજારના મીઠી રોહર ખાતે ખારા-મીઠા પાણીના એક કિ.મી.માં ફેલાયેલ નાળામાં આશરે દસ હજાર જેટલા સુરખાબ મહેમાનગતિ માણી રહ્યા છે. આ નાળામાં સુરખાબ સિવાય બીજી કોઈ જાતના પક્ષીની હાજરી નથી. આમ, કંડલા બંદરના પરિસરમાં મીઠી રોહરની નાળામાં ભરાયેલા ખારા-મીઠા પાણીના નાળામાં સુરખાબની હાજરી દર્શનિય બની રહી છે.

★ **દક્ષિણ આફ્રિકામાં કચ્છી ચિત્રકારની કૃતિ પ્રદર્શિત :** દક્ષિણ આફ્રિકામાં કેપટાઉન ખાતે પહેલું આંતરરાષ્ટ્રીય વોટર મીડિયા કલર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભુજના ચિત્રકાર લાલજીભાઈ નથુભાઈ જોશીની ચિત્રકૃતિ 'રબારી' પસંદગી પામી છે.

★ **કચ્છી દિગ્દર્શકની ફિલ્મની અમેરિકામાં રજૂઆત :** કચ્છ યુનિ.ના પ્રાધ્યાપક અને તેમની ટીમ દ્વારા તૈયાર થયેલી તેમજ આંતરરાષ્ટ્રીય ગુજરાત ફિલ્મ ફેસ્ટિવલમાં

પસંદ પામેલી શોર્ટ ફિલ્મ 'રીબુટિંગ મહાત્મા' લોસ એન્જેલસ ખાતે તાજેતરમાં યોજાયેલા મહોત્સવમાં દર્શાવવામાં આવી હતી.

★ **ધમડકાના યુવાને પૂનામાં ગ્રેજ્યુએટોને કોમ્પ્યુટર તાલીમ આપી :** માત્ર સાત ચોપડી ભણેલા ઝરપરાના હઝલા યાકુબ ખત્રીએ પૂના સ્થિત સ્કૂલ ઑફ ફેશન ટેકનોલોજીમાં ગ્રેજ્યુએશન થયેલા વિદ્યાર્થીઓને હાઈટેક કોમ્પ્યુટરમાં ડિઝાઇન ડ્રોઇંગની તાલીમ આપીને આશ્ચર્ય સર્જ્યું હતું. આ રીતે તેમણે કચ્છ અને કચ્છીઓનું નામ રોશન કર્યું છે.

★ **કચ્છમાં પાણી પ્રશ્ને મુખ્યમંત્રી ચિંતિત :** છેલ્લા બે વર્ષથી કચ્છમાં પાણીની હાલત બગડી ગઈ છે. પેયજળના પણ વાંધા પડે છે. ભૂતળમાંથી ઉલેચાતા પાણી બંધ કરવાનું સૂચન મુખ્યમંત્રીશ્રીએ, તાજેતરની તેમની કચ્છની મુલાકાતના સમયે કર્યું હતું. ડી-સેલિનેશન પ્લાન્ટની જાહેરાત અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે ટેન્ડર પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે.

★ **શિક્ષણ માટે અનેરી સેવા :** ગરીબ પરિવારના ઉગેડી (તા. નખત્રાણા) ગામના દરજી કારીગર હેમરાજભાઈ જીવણભાઈ ગરવા ઉગેડી તેમજ મેરાય ગામના વિદ્યાર્થીઓને સ્કૂલ ગણવેશની છેલ્લા સાત વર્ષથી નિઃશુલ્ક સિલાઈ કરી આપે છે.

★ **૨૦ દર્દીની શસ્ત્રક્રિયા :** ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેક-અપ સેન્ટરમાં અમદાવાદની હોસ્પિટલના સ્પાઈન સર્જન તથા હાડકાંના રોગના સુપર નિષ્ણાતના યોજાયેલ નિઃશુલ્ક કેમ્પમાં કચ્છના રાપર તાલુકાના ખારોઇથી કરીને લખપત તાલુકાના કોરિયાણી સુધીના ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાંથી ૨૦ દર્દીઓને અમદાવાદની હોસ્પિટલમાં ઑપરેશનની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

★ **રોગન કલાથી સજાવેલ પોષાકોનું આકર્ષણ :** દિલ્હીની જાણીતી સંસ્થા જે.ડી. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા યોજાયેલ બે દિવસના ફેશન શો માં દુનિયાના દેશોમાં જાણીતા અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા કસબ રોગનની કલાથી કંડારેલા જાકીટ, શર્ટ અને પેન્ટ આકર્ષણરૂપ રહ્યા હતા.

★ **વિથોણે ૪૦૦ વર્ષની પરંપરા મુજબ કચ્છી નવું વર્ષ ઉજવ્યું :** નખત્રાણા તાલુકાના વિથોણ ગામે કચ્છી નવા વર્ષ અષાઢી બીજના દિવસે ૪૦૦ વર્ષની પરંપરા મુજબ પૂ. ખેતાબાપાના મંદિરે ૧૦ હજારથી વધુ શ્રીફળ અર્પણ કરાયા હતા.

★ **નર્મદાના પાણી માટે કચ્છીઓ આગળ આવે :** કચ્છને વર્ષોથી થતા અન્યાય માટે કચ્છીઓએ એકઠા થઇ લડત લડવી પડશે તેવું આહ્વાન રાજ્યના માજી નાણાં પ્રધાન બાબુભાઈ મેઘજી શાહે તાજેતરમાં મળેલ કચ્છ અસ્મિતા મંચના મિલન કાર્યક્રમ દરમિયાન આપેલ હતું.

★ **કચ્છના ખારેકનો દેશ દુનિયામાં ડંકો :** ખારેક ખરા અર્થમાં કચ્છના કિસાનોનું કલ્પવૃક્ષ બની રહેશે તેવો સૂર કૃષિ ચિંતકો દ્વારા તાજેતરમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો.

★ **કચ્છમાં કૂપોષિત બાળકો :** તાજેતરમાં વિધાનસભામાં કૂપોષિત બાળકો સંબંધી માહિતી આપવામાં આવી હતી. જેમાં કુલ ૧.૪૨ લાખ બાળકોમાંથી કચ્છના કૂપોષિત બાળકોનો આંકડો ૨૪૧૪ બતાવવામાં આવેલ.

★ **યુવાનોએ રાખી કચ્છની રંગભૂમિને ધબકતી :** કચ્છી નવા વરસે ભુજ શહેરના ટાઉન હોલ ખાતે કચ્છી રંગભૂમિને ધબકતી રાખવાના પ્રયાસરૂપે કચ્છી નાટક 'ખલ ખલમેં ખટી વ્યાંસી'નું શ્રી ગણેશ નાટ્ય ગ્રુપ દ્વારા આયોજન કરાયું હતું.

★ **દૂધ મંડળને રૂા. ૪૫.૮૫ લાખનું બોનસ :** કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરી દ્વારા ચોબારી ગામની મોમાયમોરા દૂધ સહકારી મંડળીએ વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સૌથી વધુ દૂધ ભરાવી પ્રથમ ક્રમાંક મેળવતા રૂા. ૪૫.૮૫ લાખનું બોનસ આપવામાં આવ્યું છે.

★ **ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમ :** થોડા દિવસો પહેલાં જ ૧૮ વર્ષથી બંધ રૂટ નલિયા - સોમનાથ પુનઃ ચાલુ કરાતા લોકોમાં આનંદ ફેલાયો હતો. બીજી તરફ નલિયા - ભાવનગર બસને પણ એસ.ટી. નિગમે લીલી ઝંડી બતાવી છે.

★ **જળ અભિયાન માટે કચ્છની પસંદગી :** ભારત સરકાર દ્વારા કરાયેલ જળ અભિયાનની ઝુંબેશ માટે ભારતના ૨૫૭ જિલ્લાઓને પસંદ કરવામાં આવ્યા છે. જેમાં કચ્છનો પણ સમાવેશ થાય છે. આ અંગે કચ્છ કલેક્ટરે જણાવ્યું કે વરસાદી પાણી રોકીને જમીનની અંદર ઉતારવા અંગે જળ અભિયાન તા. ૧લી જુલાઈથી ચાલુ કરી દેવાયું છે. જે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી ચાલશે.

★ **ખનિજ તેલ સંશોધન :** અનેકવિધ કુદરતી ખનિજોથી ધરબાયેલી કચ્છની ધરતીના પેટાળમાં કુદરતી ગેસ-તેલની શક્યતા તપાસવા છેલ્લા નવ માસથી ઓ.એન.જી.સી. દ્વારા કચ્છના સરહદી તાલુકાના વિસ્તારમાં ધમધમી રહ્યો છે. કચ્છનો આખો સરહદી તથા કાંઠાળ વિસ્તાર આ સંશોધન કાર્ય માટે આવરી લેવાયો છે. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

*તા. ૧૩-૭-૨૦૧૯ના રોજ સમિતિ તરફથી યોજાયેલ રંગારંગ કાર્યક્રમની તસવીરી ઝલક*









## કહી દઇશ...

એક પિતા બે પુત્રોને લઇ રેલવે સ્ટેશન પર આવ્યા. ટ્રેનમાં બેસતા જ બાળકોએ આઇસ્ક્રીમ માંગ્યો. પિતાએ લાવી આપ્યો. થોડાક સ્ટેશન જતા બાળકે ફરી વસ્તુ માગી. પિતાએ ના પાડી **તો એક બાળક બોલ્યો, 'અપાવો, નહીં તો કહી દઇશ...'.** એટલે પિતાએ બંને દીકરાઓને અપાવવાને બદલે ફક્ત 'કહી દઈશ' કહીને ધમકી આપનાર બાળકને જ અપાવ્યું. આમ, દરેક વખત બાળક 'કહી દઇશ'ની ધમકી આપી પિતાને દબાવી, વસ્તુઓ મેળવતો રહ્યો. એક બાળક એમનો એમ ચૂપ બેસી રહ્યો કારણ પિતાની પણ મર્યાદા હતી. શક્તિ એટલી ન હતી કે બંનેને સંતોષી શકે. આમ મુસાફરી આગળ વધતી હતી. હવે તો 'કહી દઈશ' કહી દબાવનાર બાળકની દાદાગીરી વધી હતી. તેની સ્વતંત્રતા સ્વચ્છંદતા બની ગઈ હતી. **હવે પિતાને ભાન થયું કે જેટલું બચાવવા માટે બેઇમાની કરી હતી તેના કરતા વધારે તો ખર્ચાઇ ગયું હતું. પણ હવે શું થાય? વાત એમ હતી કે પિતાએ બીજા બાળકની ઉંમર નાની બતાવી હતી. તેની અડધી ટિકિટ લઈ પૈસા બચાવ્યા હતા** અને તે દીકરો પિતાની બેઈમાની જાણી ગયો હતો. એટલે વારંવાર ટિકિટ ચેકરને પોતાની સાચી ઉંમર કહી દઈશ... એવી ધમકી આપી પોતાની મનમાની કરાવતો હતો અને પિતા પણ પોતાના પાપને છુપાવવા તે પુત્રથી દબાઇ જઇને તેને વશ થતા રહ્યા હતા. અને આ પરવશ પિતા એક પુત્રને અન્યાય કરી બીજાને પંપાળી રહ્યા હતા. આ પિતાની મજબૂરી હતી.

આવું જ આપણા જીવનમાં બને છે. **જીવનમાં થોડાક લાભ માટે જાણતા કે અજાણતા થઈ ગયેલ કે કરેલ પાપ કર્મને છુપાવવા આપણે અનેક જૂઠ બોલવું પડે છે,** અસમાનતા કરવી પડે છે અને એ અસમાનતા અસંતોષ ઉત્પન્ન કરે છે અને લાંબા સમયે ખબર પડે છે કે ભૂલ કરીને મેળવેલ થોડાંક લાભ માટે અને કરેલ ભૂલને છુપાવવા કેટલું બધું ગુમાવવું પડ્યું. પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. માટે કોઈ તમને "કહી દઇશ..." કહી દબાવે તે પહેલા **તમારા કર્મને સુધારો અને થયેલ ભૂલનો એકરાર કરી પશ્ચાત્તાપ કરો.**

તો તમને કોઈ "કહી દઇશ" એવી રીતે કોઈ દબાવી શકશે નહીં.

*પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા*
*મો. ૯૧૩૭૬૯૩૦૬૯*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૩મો સ્વાતંત્ર્ય દિન ધ્વજ વંદન કાર્યક્રમ

### ॥ જાહેર આમંત્રણ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૩મા સ્વતંત્રતા દિવસની ઊજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૮-૨૦૧૯ને ગુરુવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **CA શ્રી નૌતમભાઈ રસિકલાલ વકીલ**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

ધ્વજવંદન થયા બાદ અલ્પાહાર રાખવામાં આવેલ છે.


આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પ્રદીપ એસ. મહેતા**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

## અભિનંદન

### *ભાઈ હર્ષિલે જી.પી.એસ.સી.ની પરીક્ષા અગ્ર ક્રમાંકે પાસ કરી*



સમાજના સક્રિય સભ્ય શ્રી રસિકભાઈ ખીમજીભાઈના સુપુત્ર હર્ષિલ એ ૨૦૧૯માં યોજાયેલ જી.પી.એસ.સી. (ગુજરાત જાહેર સેવા આયોગ)ની પરીક્ષા પ્રથમ વરીયતા ક્રમાંકમાં પાસ કરેલ છે. તેમને ગાંધીનગરમાં જી.પી.એસ.સી. વિભાગમાં જ સેક્શન ઑફિસર તરીકે સિનિયર ક્લાસ-૨ ઑફિસર તરીકે પસંદ કરવામાં આવેલ છે.

જી.પી.એસ.સી. પરીક્ષાની રસપ્રદ વિગત જોઈએ તો... કુલ ૨,૯૯,૦૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું. તેમાંથી મેઇન પરીક્ષામાં ૧૨,૦૦૦ જેટલા જ પહોંચ્યા. ૧૨,૦૦૦ માંથી ઈન્ટરવ્યૂ લેવલે માત્ર ૯૦૦ જણની પસંદગી કરવામાં આવી. ઇન્ટરવ્યૂમાં કુલ ૨૯૨ જણને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ હિસાબે સફળતાનો આંક ખૂબ જ નહિવત જેવો રહે છે. હર્ષિલ મહેતાને ૨૯૨માંથી ૬૩મો ક્રમાંક આવેલ છે. કુલ ૨૯૨માં ૮૨ પદ પ્રથમ વર્ગના હતા પરંતુ અનામત નીતિના હિસાબે ૨૫૦મા ક્રમાંકનો વિદ્યાર્થી પ્રથમ વર્ગનો ઑફિસર બની રહ્યો છે જ્યારે હર્ષિલ ૬૩મા ક્રમાંકે હોવા છતાં સિનિયર ક્લાસ-ટુ અધિકારીના સ્થાને નિયુક્ત થયેલ છે. હર્ષિલે આ સફળતા માત્ર ૨૩ વર્ષની ઉંમરે પ્રાપ્ત કરી છે.

શ્રી હર્ષિલને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના ઉચ્ચ ભવિષ્ય માટે મંગલ કામના.

## સાભાર સ્વીકાર

**સ્વ. પ્રમીલાબેન ઉમરશી ફુરુવા**ની પુણ્યતિથિ નિમિત્તે નીચે મુજબ યોગદાન પ્રાપ્ત થયેલ છે :

- રૂા. ૧,૫૦૦/- સાધર્મિક સહાય ખાતે
- રૂા. ૧,૫૦૦/- શૈક્ષણિક સહાય ખાતે
- રૂા. ૧,૦૦૦/- શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે
- રૂા. ૧,૦૦૦/- ડાયાલિસિસ સેન્ટર ખાતે

*સંસ્થા દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ**
**રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯**

*ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ* ***તા. ૧૫-૦૮-૨૦૧૯થી તા. ૦૫-૦૯-૨૦૧૯ સુધીમાં*** *નીચે મુજબના સ્થળોએથી* ***સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીમાં*** *પાસ મેળવી લેવા વિનંતી :*

*(૧) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*
*(૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ.*
*(૩) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ

## નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૬ (છપ્પન)મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ** સવારે ૯.૩૦ કલાકે **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી** ખાતે યોજવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

*વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે.*

- *સવારના ૯.૩૦ થી ૧૦.૩૦* :
  - ❖ આવકાર પ્રવચન અને સંસ્થાનો વાર્ષિક અહેવાલ - પ્રમુખશ્રી
  - ❖ સામૂહિક ક્ષમાપના
  - ❖ વિવિધ મહાનુભાવોનું બહુમાન

***કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રદીપ એસ. મહેતા**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

***ખાસ નોંધ*** : *સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ તા. ૧૫-૦૮-૨૦૧૯થી તા. ૦૫-૦૯-૨૦૧૯ સુધીમાં નીચે મુજબના સ્થળોએથી પાસ મેળવી લેવા વિનંતી : (૧) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, (૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, (૩) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર.*

## સ્થળમાં ફેરફાર

★ *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ ઠાકોરભાઈ દેસાઈ હોલના બદલે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે.*

★ *ફક્ત બાળ વર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ ઉપર મુજબ થશે. ત્યાર પછીના ધોરણના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સાથે સન્માનના કાર્યક્રમની જાહેરાત હવે પછી થશે.*

**વિદ્યાર્થીઓના ઇનામ વિતરણ** — *બાળવર્ગ (K.G.) થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણનો સમય ૧૦.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે. ૧.૦૦ વાગ્યા પહેલા ઈનામો મેળવી લેવા. (પછીથી ક્ષમા).*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજની વિવિધ સમિતિઓની રચના બાબત

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં*
*નીચે મુજબની વિવિધ સમિતિઓ દ્વારા સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.*

### કારોબારી દ્વારા નિયુક્ત સમિતિઓ

૧. ઉચ્ચ શિક્ષણ લોન અને સર્વાંગી વિકાસ સમિતિ
૨. સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ
૩. યુવા વિકાસ સમિતિ
૪. મહિલા ઉત્કર્ષ સમિતિ
૫. અંગદાન સમિતિ
૬. મેરેજ બ્યુરો સમિતિ
૭. તબીબી સેવા સમિતિ
૮. વૈયાવચ્ચ સમિતિ
૯. સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ
૧૦. ભવન સમિતિ / ખરીદ સમિતિ
૧૧. દર્દી સહાય સમિતિ
૧૨. સામાજિક સુરક્ષા તથા બાળ કલ્યાણ સમિતિ
૧૩. શૈક્ષણિક લોન (સહાય) સમિતિ
૧૪. સાધર્મિક સહાય સમિતિ
૧૫. કચ્છ આર્ટ ગેલેરી સમિતિ
૧૬. પર્યાવરણ સમિતિ
૧૭. વયસ્ક સમિતિ
૧૮. કોમ્પ્યુટર સમિતિ
૧૯. લાઈબ્રેરી સમિતિ
૨૦. પ્રચાર - પ્રસાર અને વેબસાઈટ સમિતિ
૨૧. તબીબી સહાય સમિતિ
૨૨. અલ્પ સંખ્યક (માઈનોરીટી) જૈન સમાજ સમિતિ
૨૩. સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ
૨૪. મેડિકલ સેન્ટર ખરીદ સમિતિ
૨૫. ઈલેક્ટ્રીક સાધન ખરીદ સમિતિ

### ટ્રસ્ટ મંડળ દ્વારા નિયુક્ત સમિતિઓ

૧. 'મંગલ મંદિર' સમિતિ
૨. 'મંગલ મંદિર' સલાહકાર સમિતિ
૩. બંધારણ સમિતિ
૪. લીગલ સમિતિ
૫. હિસાબી સમિતિ
૬. મુંબઈ અતિથિ ભવન સમિતિ
૭. નવા પ્રોજેક્ટ સમિતિ
૮. ફંડ રેઈઝિંગ સમિતિ
૯. રિનોવેશન સમિતિ

૧. ઉપરોક્ત સમિતિઓમાં જે સભ્યોને પોતાનો સમય તથા સેવા આપવામાં રસ હોય તેમણે માનદ્ મંત્રીશ્રીના નામે પત્ર લખી સંસ્થાના કાર્યાલય - પાલડી ભવન ઉપર તા. ૨૦-૦૮-૨૦૧૯ સુધી પહોંચાડવો. આ પત્રમાં સભ્યને કઈ સમિતિમાં કાર્ય કરવામાં રસ છે તેનો ખાસ ઉલ્લેખ કરવો અને બીજી કોઈ સમિતિ પણ વિકલ્પમાં લખવી.
૨. દરેક સમિતિના કન્વીનર સાથે પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. પણ જરૂર જણાય ત્યાં અપવાદરૂપ સંજોગોમાં સમિતિની સભ્ય સંખ્યામાં વધારો / ઘટાડો કરી શકાશે.
૩. સંસ્થાના ટ્રસ્ટ બોર્ડ / કારોબારી સમિતિ જે તે સમિતિના કન્વીનર અને સભ્યોની નિમણૂક કરશે.

**પ્રદીપ એસ. મહેતા**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*ઈચ્છા એવી બિલકુલ નથી કે વખાણ બધા જ કરે, પણ પ્રયત્ન એ જરૂર છે કે ખોટો છે એવું કોઈ ના કહે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મહિલા ઉત્કર્ષ સમિતિ

### ● ગત કાર્યક્રમનો અહેવાલ ●

આર્ટ ઑફ લિવિંગનો ત્રિ-દિવસીય હેપ્પીનેસનો પ્રોગ્રામ, શ્રી શ્રી રવિશંકરજીના વાસદ ખાતેના આશ્રમમાં તા. ૧૨/૧૩/૧૪ જુલાઈના ગોઠવાયો હતો. જેમાં આપણા સમાજની થોડી બહેનો અને ભાઈઓ પણ જોડાયા હતા.

જીવનને એક ઉત્સવ બનાવવાના આશયથી આ હેપ્પીનેસનો પ્રોગ્રામ ઘડાયો છે. જે રહસ્યમય અને આધુનિકતાનો સમન્વય છે, જે તમને ધ્યેય, આનંદ અને વિશ્વાસ સભર જીવન બનાવવામાં મદદ કરે છે. જેનો અનુભવ કાર્યક્રમમાં ભાગ લેનાર સૌએ કર્યો હતો.

કાર્યક્રમનો મુખ્ય હાર્દ – સુદર્શન ક્રિયાનું (કુદરતી લયમાં લેવાતી શ્વાસોચ્છવાસની ક્રિયા) મહત્ત્વ ઉંડાણપૂર્વક સમજાવાયું હતું અને ઘરે પણ કેવી રીતે કરી શકાય તે પણ વાસ્તવિક રીતે શીખવવામાં આવ્યું હતું. આ હેપ્પીનેસના કાર્યક્રમને ખરા અર્થમાં હેપ્પી બનાવવા યોગ, ધ્યાન, મેડિટેશન, પ્રાણાયામની સાથે સાથે સંદેશાત્મક રમતો, સંગીત, મસ્તી, રિલેક્સેશનને પણ સાંકળી લેવામાં આવ્યા હતા. જેને કારણે ભારે વિષયોની ચર્ચાઓ પણ હળવી લાગતી હતી.

સાંસારિક જવાબદારીઓ કેવી રીતે ખુશીથી નિભાવી શકાય, દરેક સંબંધોની મીઠાશ કેવી રીતે જાળવી શકાય, અહંકારને કેવી રીતે ઓગાળી શકાય, મિત્રતા કેમ ટકાવી શકાય, આત્મવિશ્વાસ કેમ વધારી શકાય વગેરે વિષયો પર પણ સમજ અપાઈ હતી. મહીસાગર નદીના કિનારે આવેલા આ આશ્રમમાં કુદરતના સાંનિધ્યમાં, સાત્ત્વિક આહાર સાથે, સૌ ભાગ લેનારે આ કાર્યક્રમ દિલથી માણ્યો હતો.







### ● આગામી કાર્યક્રમ ●

## પર્યુષણ પર્વની આરાધના કરતા પહેલા જૈન ધર્મ અને વિજ્ઞાનનો સંબંધ સમજીએ

આપણે સૌ જાણીએ છીએ કે જૈન ધર્મના ઘણા સિધ્ધાંતો વૈજ્ઞાનિક રીતે પણ સાચા પુરવાર સાબિત થયા છે. ધર્મની કેટલીક ક્રિયાઓ, શ્લોકોના ઉચ્ચારણ, આહાર-વિહાર વગેરે વિજ્ઞાન સાથે જોડાયેલા છે.

પરંતુ આ બાબતે આપણું જ્ઞાન ખૂબ જ અધકચરું છે. હજી ઘણું વધારે જાણવાની અને સમજવાની જરૂર છે.

અને એટલા માટે જ આ વિષય પર વિસ્તૃત - સરળ સમજણ આપવા આ જ વિષયના નિષ્ણાતને આમંત્રણ આપેલ છે.

### તો આવો બહેનો...

- ☞ "જૈન ધર્મ અને વિજ્ઞાનનો સંબંધ" વધારે સારી રીતે સમજીએ અને તેનું આચરણ કરીએ
- ☞ તનની શક્તિ અને મનની શાંતિ મેળવીએ.
- ☞ આ વર્ષે, કંઈક નવા અંદાજ સાથે પર્યુષણ પર્વની આરાધના કરીએ...

*તારીખ : મંગળવાર, તા. ૨૦-૦૮-૨૦૧૯*
*સમય : બપોરે ૨.૩૦ વાગ્યાથી*
*કાર્યક્રમ : જૈન ધર્મ અને વિજ્ઞાનનો સંબંધ*

*કાર્યક્રમનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

*રજિસ્ટ્રેશન : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

● **નોંધ :**

૧. **નવીન પ્રથા :** સમાજની બહેનોની આવડતને સમાજ સુધી પહોંચાડવા, આ કાર્યક્રમ દરમિયાન પોતાની પ્રોડક્ટ પ્રદર્શિત કરવા ટેબલની વ્યવસ્થા કરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક બહેનોએ અગાઉથી જાણ કરીને ટેબલ બુક કરાવવાનું રહેશે.

૨. તા. ૧૮-૮-૨૦૧૯ સુધી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી.

3. આ કાર્યક્રમ તદ્દન ફ્રી છે.

***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

*ના હમ તુમેં જાને, ના તુમ હમેં જાનો...*
*મગર લગતા હૈ કુછ ઐસા, મેરા હમદમ મિલ ગયા...*

સમિતિ તરફથી તા. ૧૩-૭-૨૦૧૯ના રોજ એક રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વડીલોના મસ્તક સંગીતના તાલે ઝુમી ઉઠ્યા અને ગીતોના સથવારે દિલ ડોલી ઊઠ્યા.

સૌ વડીલોને કાર્યક્રમમાં આવકારતા કન્વીનર રજનીકાંત પારેખે ખૂબ જ નજીકના ભવિષ્યમાં સમિતિનો એકસોમો કાર્યક્રમ કરવાની વધામણી આપી.

હાર્મોનિકા ક્લબ ઑફ ગુજરાત અને સુરાંજલિ મ્યુઝિક ક્લબના સથવારે ગીત-સંગીતના કાર્યક્રમની અદ્‌ભુત શરૂઆત થઈ. મેરા નામ ચૂં ચૂં ચૂં... ગીતની ધૂન કલાકારોના એક સમૂહ દ્વારા માઉથ ઓર્ગનના માધ્યમથી વગાડવામાં આવી હતી. તે સુરના ગુંજારવ પર કુ. શ્રેયા પોટાએ અદ્‌ભુત ડાન્સ કરીને દરેક પ્રેક્ષકને 'વન્સ મોર' કહેવાની ફરજ પાડી હતી. સુરાંજલિ ક્લબના સ્થાપક અને વિવિધ અવાજમાં ગીતોની રેલમછેલ કરાવનાર ઉમેશકુમાર શર્મા કે જેમને વોઈસ ઑફ હેમંતકુમાર કહેવામાં આવે છે, તેમણે વિવિધ ગાયકોના ફિલ્મી ગીતોની ખૂબ સુંદર રજૂઆત કરી હતી. ખાસ કરીને શોલે ફિલ્મના 'મહેબૂબા ઓ મહેબૂબા...' ગીત દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. યુગલ ગીતમાં તેમને સાથ આપનાર અપર્ણા ભટ્ટ હતા. તેઓ લતા મંગેશકર અને આશા ભોંસલે, એમ બંને ગાયિકાની પ્રતિભા ધરાવે છે. તેમના દ્વારા 'શોલે' ફિલ્મના ગીતની રજૂઆત થઈ ત્યારે પણ પ્રેક્ષકોએ તાળીઓના અવાજથી દાદ આપી હતી. સેક્સોફોન તથા મોરચંગ જેવા અદ્‌ભુત વાદ્યના સહારે પરેશ ભાટીયાએ પ્રેક્ષકોને સંગીતની અલબેલી દુનિયામાં સફર કરાવી હતી. તે સાથે રિકીન ગ્રુપનું ઑરકેસ્ટ્રા પણ ખૂબ જ ઉત્તમ કક્ષાન રહ્યું હતું.

સંગીતના મસ્ત કાર્યક્રમ દરમિયાન કન્વીનર રજનીકાંત પારેખ, ડૉ. હિમાંશુ શાહ, અરવિંદ સંઘવી અને લક્ષ્મીબેન ખત્રીનો જન્મદિવસ કેક કાપીને સંયુક્ત રીતે ઉજવવામાં આવ્યો હતો.

હાર્મોનિકા ક્લબ ઑફ ગુજરાતના મંત્રી સંદીપ પાટણકર, ડૉ. હિમાંશુ શાહ, ડૉ. ખાંડવાલા, શાંતિલાલ શેઠ, હંસાબેન સાવલા તથા દામજીભાઈ નીસરનું બહુમાન સમાજના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

નીચે જણાવેલ સભ્યોએ આ કાર્યક્રમ માટે સ્પોન્સરશિપ જાહેર કરી હતી : ★ ***ડૉ. હિમાંશુ શાહ : રૂા. ૧૫,૦૦૦/- ★ અરવિંદ સંઘવી : રૂા. ૫,૦૦૦/- ★ લક્ષ્મીબેન ખત્રી : રૂા. ૫,૦૦૦/- ★ શાંતિલાલ શેઠ : રૂા. ૫,૦૦૦/- ★ હંસાબેન સાવલા : રૂા. ૫,૦૦૦/- તથા ★ દામજીભાઈ નીસર : રૂા. ૨,૫૦૦/-***

કાર્યક્રમના અંતે ભાવતા ભોજનને ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

### ● આગામી કાર્યક્રમ ●

ગુરુવાર, તા. ૧૯-૯-૨૦૧૯ના રોજ બે દિવસના એક યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નવા તીર્થ રાજગૃહી, શાશ્વત તીર્થ શત્રુંજય - હસ્તગીરી, મહુવા, તળાજા વગેરે સ્થળોનો સમાવેશ છે.

આ કાર્યક્રમના નજરાણા રૂપે શત્રુંજય નદી પર ખૂબ જ સુંદર રીતે બનાવેલ ઘાટ પાસે ગંગા નદીની થતી આરતીની માફક મહા આરતી રહેશે. જે નજારો ખૂબ જ જોવાલાયક અને અનુમોદવા લાયક છે.

સમગ્ર પ્રવાસ ૨ x ૨ એ.સી. બસમાં અને એ.સી. રૂમમાં ઉતરવાની સગવડ સાથે યોજવામાં આવેલ છે.

કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા વડીલોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના કાર્યાલયમાં રૂા. ૧૨૦૦/- ભરીને પોતાના નામ નોંધાવવા વિનંતી છે.

સંજોગ અનુસાર સ્થળ અને કાર્યક્રમમાં ફેરફાર થઇ શકે છે.

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-)*

***કન્વીનર - વયસ્ક સમિતિ***

*શું થશે? – એ ચિંતા અને શું કરી શકાય? – એ ચિંતન.*

# ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વિદ્યાર્થીઓ માટેનું કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે થીન્ક ટેન્ક સમાન વિચારકોનું એક ગ્રૂપ છે કે જે નવી નવી પ્રવૃત્તિઓના આયોજનો વિચારતું રહે છે. હાલે શૈક્ષણિક ક્ષેત્રે ધોરણ-૭ થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને કેરિયર માટે માર્ગદર્શન અને હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓને અભ્યાસની કઈ લાઈનમાં આગળ વધી શકાય તેમ જ કઇ રીતે ઇન્ટરપ્રિન્યોર (ઉદ્યમકાર) બની શકાય તે અંગેનું તાલીમ કેન્દ્ર શરૂ કરવાની વિચારણા ચાલી રહેલ છે. આ વિચારણા અંતર્ગત વર્ષ દરમિયાન દરેક રવિવારે આ ટ્રેઇનિંગ આપવાના આયોજનો પણ વિચારાયેલ છે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને તાજેતરમાં જ વિચારવંત નાગરિકોની એક મીટિંગનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ગોઠવવામાં આવેલ હતું. જેમાં શ્રી નંદક પંડ્યા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી અરુણભાઈ પટેલ, શ્રી રાજુભાઈ ગાલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી હીરેન કે. શાહ, શ્રી દેવેન છેડા વગેરે ઉપસ્થિત રહેલ હતા અને આજનો વિદ્યાર્થી આવતીકાલે ઉદ્યમી બને તેમજ ઝળહળતી કારકિર્દી ધરાવે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબની એક એડવાઇઝરી સમિતિનું ગઠન કરવામાં આવેલ હતું.

- **એડવાઇઝરી સમિતિ :**

૧. શ્રી બસેશ ગાલા, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ, મુંબઈ
૨. શ્રી નંદક પંડ્યા, શિક્ષણવિદ્, અમદાવાદ
૩. શ્રી હિમાંશુ ઠક્કર, શિક્ષણ વિદ્ અને મોટીવેટર, અમદાવાદ
૪. શ્રી અરુણભાઈ પટેલ, એમ.ડી., શાર્પેક્ષ એન્જિ. વર્કસ
૫. શ્રી રાજુભાઈ ગાલા, નવનીત એજ્યુકેશન્સ લિ.
૬. શ્રી પારસ સાવલા, એમ.ડી., દીપ ઇન્ડસ્ટ્રીઝ લિ.
૭. શ્રી પ્રતાપ નારાણજી દંડ, મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ
૮. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, પૂર્વ પ્રમુખ, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ
૯. શ્રી અશોક મહેતા, પૂર્વ પ્રમુખ, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ
૧૦. શ્રી હસમુખ ગઢેચા, ટ્રસ્ટીશ્રી, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ
૧૧. શ્રી હીરેન કે. શાહ, ટ્રસ્ટીશ્રી, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ
૧૨. શ્રી દેવેન મેઘજી છેડા, કન્વીનર, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સરસ્વતી સન્માન

### ધોરણ બાળવર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને ઇનામ વિતરણના કાર્યક્રમની માહિતી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૯ના સમાજ દ્વારા આયોજિત સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી ધોરણ બાળ વર્ગ (K.G.)થી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવશે. ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને ઇનામો આપવાની સાથે તેમને સન્માનિત કરવાનો કાર્યક્રમ અનુકૂળતાએ પાછળથી યોજવામાં આવશે. જેની જાણ સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં કરવામાં આવશે.

***ધોરણ બાળવર્ગથી ધોરણ-૯ સુધીના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને વિનંતી કે તેઓના ઇનામો તા. ૧૫-૦૯-૨૦૧૯ના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ કાર્યક્રમ દરમિયાન મેળવી લેવા. પછીથી ક્ષમા.***

***પંકજ મેઘજી ગોગરી - કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# મેડિકલ સેન્ટર : નિદાન કેમ્પનો અહેવાલ

કિડની રોગ નિદાન માટેનો કેમ્પ તા. ૨૪-૭-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો. તા. ૧૭થી ૨૪ સુધીમાં સોનોગ્રાફી અને કિડનીના રોગો સંબંધી બ્લડ, યુરિન ટેસ્ટ કરાવેલ હોય તેમનું ડૉક્ટરે ફી માં કન્સલ્ટેશન કર્યું હતું. કુલ ૧૧ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. જેમાંથી ૮ દર્દીઓને કિડની સંબંધી વધારે તકલીફો હોવાનું નિદાન થયું હતું.

એક અઠવાડિયા બાદ આ દર્દીઓની વધારે તબીબી સારવાર થશે. નેફ્રોલોજિસ્ટ ડૉ. જય શાહે કેમ્પમાં સેવા આપી હતી.

મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલાએ કેમ્પનું યોગ્ય રીતે સંચાલન કરવા માર્ગદર્શન આપ્યું હતું.

***મેડિકલ સેન્ટરમાં દર બુધવારે બાળ વિભાગની ઓ.પી.ડી.માં સવારે અને સાંજે કન્સલ્ટેશન ફ્રી માં કરવામાં આવે છે.***

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are, but we don't know what we can become!"***

# ઊડતી નજરે....

## માસ જૂન-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**<br>**શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.............................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........................................................<br>જેમાંથી – | ૧૨,૦૪૩ |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................ ૫૨૬ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................ ૭૨ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................. ૦૮ | |
| | ● | સોનોગ્રાફી ......................................................................... ૧,૪૪૩ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ....................................... ૬૯ | |
| | ● | બોડી ચેક-અપ ...................................................................... ૪૪૧ | |
| | ● | અન્ય ................................................................................ ૯૫૦૪ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................... | ૮૧૦ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૧,૮૯૫ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................. ૪૨૩ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... ૪૮૮ | ૨,૮૦૬ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,**<br>**ગીતા મંદિર, અમદાવાદ**<br>લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................................... | ૪૩૯ |
| | | ***માસ જૂન-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...........*** | **૧૬,૦૯૮** |

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |
| | | | | ૧૩. સક્શન મશીન | રૂા.૨૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે.

**(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***પ્રદીપ એસ. મહેતા** - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## જૈન ધર્મનું ગુણવત્તા સભર સાહિત્ય

**પંડિત સુખલાલજી**

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |

**રતિલાલ દી. દેસાઈ**

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |

**આચાર્ય વાત્સલ્યદીપસૂરિ**

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | 350 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |

## જૈન ધર્મનાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| પરમનો સ્પર્શ | કુમારપાળ દેસાઈ | 250 |
| માધુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |
| જૈનધર્મ ગાઓ : જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| જૈન રામાયણ | મુનિ તરુણવિજય | 35 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | અભય દોશી | 500 |
| જૈન રાસવિમર્શ | અભય દોશી | 600 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદી) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |

## વસાવવા જેવાં વૈવિધ્યપૂર્ણ પુસ્તકો




શ્રાવક ધર્મનું શિખર : વૈયાવચ્ચ

કિંમત : 40



મિચ્છા મિ દુક્કડમ્

કિંમત : 50




જૈન સજ્ઝાય અને મર્મ

કિંમત : 70




ભગવાન મહાવીરની આગમવાણી

કિંમત : 40




Jain Dharma

કિંમત : 100




જૈનોપનિષદ

કિંમત : 65

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Odisha
Maharashtra
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી



# માઈક્રોપ્લાસ્ટી

**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી
ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા))
**શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુથીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી નવનીત ભવન (આવાસ યોજના)**
બહેરામપુરા, અમદાવાદ.